॥ नमो नाणस्स ॥

॥ पढमं नाणं तओ दया ॥

# જૈન પાઠાવલી

## JAIN PATHAVALI : PART-1

પુસ્તક - ૧

**શ્રેણી : ૧ થી ૪ : ધાર્મિક અભ્યાસ ક્રમ**


| | | |
|---|---|---|
| પહેલી શ્રેણી | : પાના | ૯ થી ૩૪ |
| બીજી શ્રેણી | : પાના | ૩૫ થી ૬૦ |
| ત્રીજી શ્રેણી | : પાના | ૬૧ થી ૯૦ |
| ચોથી શ્રેણી | : પાના | ૯૧ થી ૧૩૬ |



પ્રાપ્તિસ્થાન અને પ્રકાશક

**શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ**

૫૪૨, જગન્નાથ શંકર રોડ, ચીરા બજાર, ત્રીજે માળે,

દશાશ્રીમાળી કામાણી વાડી કાર્યાલય ઉપર,

મુંબઈ-૪૦૦ ૦૦૨.

ફોન : (૦૨૨) ૨૨૯૧૮૭૮૮, ૨૨૦૧૮૬૨૯

Gram : Care "JAINSANGH"



સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે.


જ્ઞાનાર્થે મૂલ્ય Rs. 20/-

# શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ - મુંબઈ

## પદાધિકારીઓ

**પ્રમુખ - ટ્રસ્ટી**
શ્રી પ્રાણલાલ રામજીભાઈ શેઠ
ફોન : ૨૩૬૨૩૪૧૩

**ઉપપ્રમુખ - ટ્રસ્ટી**
શ્રી શશિકાંત ગોરધનદાસ બદાણી
ફોન : ૨૬૪૩૭૩૮૭

**ઉપપ્રમુખ**
શ્રી દિનેશભાઈ અનોપચંદ ભાયાણી
ફોન : ૨૮૯૮૩૮૦૨

**માનદ્ મંત્રી**
શ્રી મનુભાઈ ડી. તુરખીયા ફોન : ૨૬૪૯૧૦૦૩
શ્રી દિલીપભાઈ જે. રાંભિયા ફોન : ૨૫૯૩૯૧૨૫
શ્રી નિશીતભાઈ પી. તુરખીયા ફોન : ૨૪૧૪૨૧૨૯

**ટ્રસ્ટી**
શ્રી મનહરલાલ ચુનિલાલ શાહ
ફોન : ૨૪૩૮૭૮૦૦
શ્રી મગનલાલ હરિલાલ દોશી
ફોન : ૨૩૫૧૪૬૪૩

**ટ્રસ્ટી**
શ્રી કિશોરભાઈ બી. સંઘવી
ફોન : ૨૬૦૪૫૬૦૧
શ્રી અરૂણભાઈ આર. મહેતા
ફોન : ૬૬૬૫૦૦૦૦
શ્રી જાદવજી લાલજી શાહ
ફોન : ૨૩૬૧૦૪૬૯

**ખજાનચી**
શ્રી જગદીશભાઈ જી. જોંશા
ફોન : ૨૬૭૦૫૬૫૬

## ધાર્મિક શિક્ષણ બોર્ડ પદાધિકારીઓ

| | | |
|---|---|---|
| (૧) શ્રી જશવંતરાય વી. જોબાલીયા | - પ્રમુખ | ૯૦૨૨૦૮૩૨૧૨ |
| (૨) શ્રીમતી પાર્વતીબેન એન. ખિરાણી | - ઉપપ્રમુખ | ૯૮૬૯૭ ૮૭૬૯૨ |
| (૩) શ્રી દિનેશભાઈ એ. ભાયાણી | - માનદ્મંત્રી | ૯૯૬૯૪ ૦૨૧૭૬ |
| (૪) શ્રી કૌશલભાઈ પ્રવિણચંદ્ર કારિયા | - માનદ્મંત્રી | ૯૮૨૦૯ ૬૮૨૦૪ |
| (૫) શ્રી અરવિંદભાઈ વી. જોબાલીયા | - માનદ્મંત્રી | ૯૩૨૪૩ ૨૦૧૪૬ |
| (૬) વિભાબેન કે. શાહ | - માનદ્મંત્રી | ૯૩૨૧૪ ૯૮૧૦૭ |
| (૭) સંગીતાબેન એમ. શાહ | - માનદ્મંત્રી | ૯૮૯૨૦ ૫૦૫૧૩ |

## ધાર્મિક શિક્ષણ બોર્ડના કમીટી મેમ્બર

(૧) શ્રી અરવિંદભાઈ ધરમશીભાઈ લુખી
(૨) શ્રી ખીમજીભાઈ મણશીભાઈ છાડવા
(૩) શ્રી રામજીભાઈ ડાહ્યાલાલ ગાલા
(૪) શ્રી દિપકભાઈ ચંદ્રકાંતભાઈ શાહ
(૫) શ્રી ચિરાગભાઈ કેશવજીભાઈ સંગોઈ
(૬) શ્રી કેતનભાઈ આર. દોશી
(૭) શ્રી યોગેશભાઈ ભુપતરાય બાવીસી
(૮) શ્રીમતી ડો. રતનબેન ખીમજીભાઈ છાડવા
(૯) શ્રીમતી અમૃતાબેન એસ. છેડા
(૧૦) શ્રીમતી છાયાબેન પ્રવરભાઈ કોટીચા
(૧૧) શ્રીમતી મૃદુલાબેન જે. શાહ
(૧૨) શ્રીમતી હંસાબેન જે. ઠક્કર
(૧૩) શ્રીમતી બીનાબેન જે. શાહ
(૧૪) શ્રીમતી પૂર્વીબેન પી. હેમાણી
(૧૫) શ્રીમતી મંજુલાબેન એમ. દોશી

શ્રુત સહયોગી

# ધીરજલાલ પી. દેશાઈ ચેરિટેબલ ટ્રસ્ટ

: સૌજન્ય :

**શ્રી ધીરજલાલ પરમાણંદદાસ દેશાઈ**

ભાંગવાડી, કાલબાદેવી,

મુંબઈ-૨

# જૈન પાઠાવલી

## પુસ્તક : ૧

**શ્રેણી ૧ થી ૪ અભ્યાસક્રમ**

**પ્રકાશન**

પ્રથમ છ આવૃત્તિ

કુલપ્રત - ૧૦૫૦૦

સાતમી આવૃત્તિ પ્રત-૩૦૦૦

વીર સંવત - ૨૫૩૮

વિક્રમ સંવત - ૨૦૬૮

તા. ૧૦-૨-૨૦૧૨

**મુદ્રણ વ્યવસ્થા**

સસ્તું પુસ્તક ભંડાર

ગાંધી રોડ પુલ નીચે,

અમદાવાદ-૩૮૦ ૦૦૧

ફોન : ૨૨૧૧૦૦૬૨

**મૂલ્ય**

પડતર કિંમત

Rs. 20/-

## પ્રકાશકીય...

અનાદિકાળનું પરિભ્રમણ ટાળવાનો એકમાત્ર ઉપાય છે કુદેવ, કુગુરુ અને ધર્મની શ્રદ્ધારૂપ મિથ્યાત્વનો ત્યાગ. તે માટે મનુષ્યભવમાં તીર્થંકરે બતાવેલ મોક્ષમાર્ગમાં અતૂટ શ્રદ્ધા રાખવી. લોકસ્વરૂપ, કર્મસ્વરૂપ, આત્મસ્વરૂપનું ભાન અને જ્ઞાન કરવું.

આવી શ્રદ્ધા સુદૃઢ કરવા તા.૩૦-૭-૧૯૬૧ના રોજ **શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ** દ્વારા **શ્રી બૃહદ્ મુંબઈ વ. સ્થા.જૈન મહાસંઘની** સ્થાપના કરીને સમસ્ત મુંબઈના સ્થાનકવાસીને એકછત્ર નીચે લાવવામાં આવ્યા.

શ્રી મહાસંઘની આગેવાની નીચે **ધાર્મિક શિક્ષણ બોર્ડની** સ્થાપના કરી. **પૂ.સંતબાલજી મ.સા.**ના અવિસ્મરણીય સહકારથી **શ્રેણી ૧ થી ૭ની જૈન પાઠાવલી** તૈયાર કરી. આ ધાર્મિક શિક્ષણ બોર્ડના વર્તમાને ઉદ્દેશો આ પ્રમાણે છે : (૧) મુંબઈની જૈનશાળા તથા મહિલામંડળની ધાર્મિક પરીક્ષાનું આયોજન. (૨) પરીક્ષા માટે જરૂરી **પુસ્તકો** તૈયાર કરવાં. (૩) **શિક્ષકોનાં સંમેલનો** યોજી તેમને અભ્યાસક્રમની સમજણ આપવી. (૪) પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્રમે આવેલ પરીક્ષાર્થીનું માતુશ્રી પુષ્પાબહેન કેશવલાલ મોદી પ્રેરિત **ઈનામી મેળાવડાનું આયોજન.**

જૈનશાળા અને મહિલામંડળમાં જ્ઞાનવિકાસ કરવા આગમપ્રેમી શ્રાવકો શ્રી વજુભાઈ કપૂરચંદ ગાંધી, શ્રી જશવંતલાલ શાંતિલાલ શાહ, શ્રી હીરાલાલ મોહનલાલ તુરખિયા તથા શ્રી અરવિંદભાઈ ધરમશી લુખી વગેરેએ ઈ.સ.૧૯૮૨-૮૩માં **શ્રેણી ૮ થી ૧૨** અને ઈ.સ.૧૯૯૨-૯૩માં **શ્રેણી ૧૩ થી ૧૬**નો અભ્યાસક્રમ ભગીરથ પુરુષાર્થથી તૈયાર કર્યો.

ઈ.સ.૧૯૯૮-૯૯/૨૦૦૬ - **જૈન પાઠાવલી - ૪, શ્રેણી ૧૩થી શ્રેણી ૧૬,**
ઈ. સ. ૧૯૯૮-૯૯ - **શ્રેણી ૧ થી ૧૪ના પાંચ વર્ષના પ્રશ્ન પેપરોની ઉત્તરાવલી.**
ઈ.સ.૨૦૦૩ - **જૈન પાઠાવલી ભાગ-૧, શ્રેણી ૧ થી ૪, નવ્ય સંસ્કરણ**
ઈ.સ. ૨૦૦૫ - **જૈન પાઠાવલી ભાગ - ૨, શ્રેણી ૫ થી ૮ નવ્ય સંસ્કરણ** તૈયાર કર્યું.
ઈ.સ. ૨૦૦૭ - **જૈન પાઠાવલી ભાગ - ૩, શ્રેણી ૯ થી ૧૨ નવ્ય સંસ્કરણ,**
ઈ.સ. ૨૦૦૭ - **જૈન પાઠાવલી ભાગ - ૧, (સચિત્ર હિંદી લિપિ) તૈયાર કર્યા.**

જેમાં પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ શિવલાલ શાહ, શ્રી અરવિંદભાઈ ધરમશી લુખી, શ્રી અતુલભાઈ મુગટલાલ ચુડગર, શ્રીમતી નીતિબહેન અતુલભાઈ ચુડગર વગેરેએ પુસ્તક પ્રકાશનમાં અપૂર્વ સહયોગ આપ્યો. તેઓના કાર્યમાં દરિયાપુરી, ગોંડલ તથા લીંબડી અજરામર સંપ્રદાયના પૂ.સંતોનું માર્ગદર્શન મળ્યું. તે સહુનો હૃદયથી આભાર.

માત્ર ૮ વર્ષમાં જૈન પાઠાવલી ભાગ-૧ની ૧૦,૫૦૦ પ્રત પૂર્ણ થતાં આ સાતમી આવૃત્તિ પ્રકાશન કરતાં શ્રી મહાસંઘ હર્ષ અનુભવે છે.

**શ્રુત સહયોગી : ધીરજલાલ પી. દેસાઈ ચેરિટેબલ ટ્રસ્ટ**

**સૌજન્ય** : શ્રી ધીરજલાલ પરમાણંદદાસ દેસાઈ તરફથી અનુદાન મળ્યું છે તેમનો આભાર.

નિવેદક : માનદ્ મંત્રીઓ : શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ તથા ધાર્મિક શિક્ષણ બોર્ડ

# જૈન પાઠાવલી ભાગ-૧ અને ૨ના મુખપૃષ્ઠના ચિત્રની સમજણ

'શ્રી નંદીસૂત્ર' જ્ઞાનનો આનંદ દેનારું છે. આ સૂત્રના પ્રારંભમાં તીર્થંકર સ્તુતિ, મહાવીર સ્તુતિ અને સંઘ સ્તુતિ કરી છે.

આચાર્ય જ્ઞાન, દર્શન, ચારિત્ર, ગુણમય ચતુર્વિધ જૈન શ્રી સંઘની આઠ ઉપમાઓ દ્વારા સ્તુતિ કરે છે. તે આઠ ઉપમાઓનાં નામ -

૧.નગર, ૨.ચક્ર, ૩.રથ, ૪.કમળ, ૫.ચંદ્ર, ૬.સૂર્ય, ૭.સમુદ્ર, ૮.મેરુ.

**જૈન પાઠાવલી ભાગ ૧**ના મુખપૃષ્ઠ પર ચક્રની ઉપમા ચિત્ર દ્વારા દર્શાવી છે.

**ચક્રનો અર્થ :** સત્તર પ્રકારનો સંયમ એ સંઘરૂપ ચક્રની નાભિ છે. છ પ્રકારના બાહ્ય અને છ આભ્યંતર તપ એ સંયમ ચક્રના બાર આરા છે. સંઘરૂપ ચક્રની પરિધિ સમ્યક્દર્શન છે. એવા ચક્રની ઉપમાયુક્ત સંઘને નમસ્કાર કર્યા છે. આ સંઘ ચક્રનો સદા જય હો. (ગાથા ૫) તેમજ ચૌદરાજલોક બતાવેલ છે.

**જૈન પાઠાવલી ભાગ ૨**ના મુખપૃષ્ઠ પર સૂર્યની ઉપમા ચિત્ર દ્વારા દર્શાવી છે.

**સૂર્યનો અર્થ :** જેમ સૂર્યોદય થતાં જ સર્વ ગ્રહો નિસ્તેજ થઈ જાય છે તેમ સંઘ રૂપ સૂર્યનો ઉદય થતાં જ પરતીર્થિક રૂપ ગ્રહોની પ્રભા નિસ્તેજ થઈ જાય છે. તપ સંયમનાં તેજથી દેદીપ્યમાન, જ્ઞાનરૂપ પ્રકાશ ફેલાવનાર, અજ્ઞાન અંધકાર દૂર કરનાર અને વિષય કષાયરૂપ અવગુણોને દૂર કરનાર સંઘરૂપ સૂર્ય છે. આ સંઘ સૂર્યનું સદા કલ્યાણ થાઓ. (ગાથા ૧૦)

## સ્તુતિ

**આતમને આનંદ આપતો સંયમ જગતમાં શ્રેષ્ઠ છે,**
**ભવોભવના દુઃખને કાપતો સંયમ જગતમાં શ્રેષ્ઠ છે,**
**અરિહંતે માર્ગ બતાવિયો સંયમ વિના સુખ છે નહિ,**
**સંયમ સ્વીકારો હોંશથી સાચો સંયમ બસ એક છે.**

## જૈનશાળામાં શિસ્તપાલનની વ્યવસ્થા સૂચિ તૈયાર કરો.

આદર્શ કુમાર / કુમારિકાઓએ....

(૧) જૈનશાળામાં નિયમિત હાજરી આપવી જોઈએ.

(૨) જૈનશાળામાં જતાં અથવા પાછાં આવતાં ઉપાશ્રયમાં બિરાજમાન સાધુ-સાધ્વીજીનાં દર્શન કરવાં જવું જોઈએ.

(૩) જૈનશાળામાં મુહપત્તિ બાંધીને પાથરણાં પર બેસવું તથા ઉઘાડા મુખે બોલવું નહિ.

(૪) જૈનશાળામાં પ્રવેશ કરતાં તથા ઘેર જતાં શિક્ષકને બે હાથ જોડી માથું નમાવીને 'જય જિનેન્દ્ર' કહેવું જોઈએ.

(૫) પૂ. સાધુ-સાધ્વીજી ન હોય તો ઈશાનખૂણા તરફ મહાવીર સ્વામીને વંદના કરવી.

(૬) સંવર લઈને અથવા સામાયિક બાંધીને બેસવું.

(૭) જૂનાં શીખેલા પાઠોનું વાંચન કરવું, સાથોસાથ નવા પાઠો કંઠસ્થ કરવા તથા પોતાની શ્રેણીનો અભ્યાસ કરવો.

(૮) અંદરોઅંદર વાતો કરવી નહિ.

(૯) લડાઈ, ઝગડા કે ઈર્ષા કરવી નહિ.

(૧૦) મોટા વિદ્યાર્થીઓએ નાના વિદ્યાર્થીઓના પાઠ લેવા.

(૧૧) પોતાનો અભ્યાસ વધારવો.

(૧૨) જૈનશાળાના શિક્ષક કે વડીલ આવે તો ઊભા થઈને 'જય જિનેન્દ્ર' કહેવું.

(૧૩) જૈનશાળામાં સાથે મળીને આંખો બંધ કરી, હાથ જોડીને પ્રાર્થના કરવી.

**આ સિવાય પણ અનેક જૈનશાળાની વ્યવસ્થા સાચવી શકાય છે.**

# અનુક્રમણિકા


## ❖ શ્રેણી-૧ ❖

| | પૃષ્ઠ ક્રમાંક | ગુણ |
|---|---|---|
| સૂત્ર વિભાગ | ૯ થી ૧૪ | ૫૦ |
| સામાન્ય સમજણ વિભાગ | ૧૫ થી ૧૬ | ૧૫ |
| સંસ્કાર વિભાગ | ૧૭ થી ૨૪ | ૧૫ |
| કથા વિભાગ | ૨૫ થી ૩૨ | ૧૦ |
| કાવ્ય વિભાગ | ૩૩ થી ૩૪ | ૧૦ |

## ❖ શ્રેણી-૨ ❖

| | | |
|---|---|---|
| સૂત્ર વિભાગ | ૩૬ થી ૪૩ | ૬૦ |
| તત્ત્વ/સંસ્કાર વિભાગ | ૪૪ થી ૪૯ | ૨૦ |
| કથા વિભાગ | ૫૦ થી ૫૮ | ૧૦ |
| કાવ્ય વિભાગ | ૫૯ થી ૬૦ | ૧૦ |

## ❖ શ્રેણી-૩ ❖

| | | |
|---|---|---|
| સૂત્ર વિભાગ | ૬૨ થી ૬૬ | ૫૫ |
| તત્ત્વ/સંસ્કાર વિભાગ | ૬૭ થી ૭૯ | ૨૩ |
| કથા વિભાગ | ૮૦ થી ૮૭ | ૧૦ |
| કાવ્ય વિભાગ | ૮૮ થી ૯૦ | ૧૨ |

## ❖ શ્રેણી-૪ ❖

| | | |
|---|---|---|
| સૂત્ર વિભાગ | ૯૨ થી ૧૦૬ | ૫૦ |
| તત્ત્વ/સંસ્કાર વિભાગ | ૧૦૭ થી ૧૨૧ | ૩૦ |
| કથા વિભાગ | ૧૨૨ થી ૧૩૩ | ૧૦ |
| કાવ્ય વિભાગ | ૧૩૪ થી ૧૩૬ | ૧૦ |

## ☞ પુસ્તક વાંચવાનું શરૂ કરતાં પહેલાં આટલું જરૂરથી વાંચજો...

જૈન પાઠાવલી ભાગ-૧ થી ૪ના અભ્યાસક્રમ માટે બનાવવામાં આવી છે. તેનું વાંચન શરૂ કરતાં પહેલાં નીચે મુજબની વિગતો જાણી લેશો તો તમને અભ્યાસ કરવામાં સુગમતા રહેશે, મનમાં રહેલી શંકાઓ દૂર થશે.

(૧) આ પુસ્તકમાં અમુક પાનાંઓ પર નીચેના ભાગમાં ફૂટનોટમાં લીટી કરીને સમજણ આપવામાં આવી છે. તે સમજણ વિષયને સરળ બનાવવા અથવા તો તે વિષયને અનુરૂપ આપની જાણકારી વધે તે માટે આપવામાં આવી છે.

(૨) ઉપર પ્રમાણેની સમજણમાં સાથે લખ્યું છે કે 'ફક્ત સમજણ માટે પ્રશ્ન પૂછાશે નહિ.' તેનો અર્થ એમ કે 'તમને તેનો પ્રશ્ન તે શ્રેણીમાં નહિ જ પૂછાય. પરંતુ તે સમજણના આધારે મોટી શ્રેણીમાં, આગળના અભ્યાસમાં પ્રશ્ન પૂછી શકાશે, તેથી આ સમજણ ભલે તે શ્રેણીના અભ્યાસ વખતે કંઠસ્થ ન કરો, પણ ભવિષ્યના અભ્યાસ માટે તે જરૂરી રહેશે જ. (ઉદા. શ્રેણી ૪, પાનું ૧૦૯ પર લીટી દોરીને નીચે આપેલી સમજણ - બોલ ૯ - જ્ઞાનના...તેનો પ્રશ્ન ચોથી શ્રેણીમાં નહિ પૂછાય, પરંતુ તે અભ્યાસ ઉપરની શ્રેણીઓ માટે જરૂરી છે, તો ત્યાં તેનો પ્રશ્ન પૂછી શકાય છે.)

(૩) નીચે ગુજરાતી ભાષાનો કક્કો, બારાખડી, જોડાક્ષરો અંગ્રેજી માધ્યમમાં ભણતાં તેમજ જેનું ગુજરાતી નબળું હોય તેને શીખવા માટે આપેલ છે. માતાપિતાએ તથા જૈનશાળાના શિક્ષકોએ સામાયિક, પ્રતિક્રમણ સૂત્રની અશુદ્ધિ દૂર કરવા ગુજરાતી ભાષાની જાણકારી બાળકોને કરાવવી, જેથી જ્ઞાનની આશાતનાના દોષથી બચી શકાય.

અ આ ઇ ઈ ઉ ઊ ઋ લૃ એ ઐ ઓ ઔ અં અઃ

### ગુજરાતી મૂળાક્ષરો

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | ખ | ગ | ઘ | ઙ | પ | ફ | બ | ભ | મ |
| ચ | છ | જ | ઝ | ઞ | ય | ર | લ | વ | શ |
| ટ | ઠ | ડ | ઢ | ણ | ષ | સ | હ | ળ | ક્ષ |
| ત | થ | દ | ધ | ન | જ્ઞ | ત્ર | | | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | કા | કિ | કી | કુ | કૂ | કે | કૈ | કો | કૌ | કં | કઃ |

દ્વ દ્ધ શ્ર દ્ય હ્ર હ્લ ત્ન હ્મ હૃત હ્ય શ્વ ન્ન

જ્જ ટ્ટ ઠ્ઠ ડ્ડ ઢ્ઢ ટ્ઠ ઘ્મ દ્દ દ્ગ ક્ત ક્લ જ્ય

# અભ્યાસક્રમ : શ્રેણી ૧


| સૂત્ર વિભાગ | ૫૦ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. સામાયિક સંપૂર્ણ વિધિ સહિત (માર્ક-૨૫) | | - |
| ૨. સામાયિકના પ્રથમ ૪ પાઠના અર્થ (માર્ક-૧૫) | | - |
| ૩. સામાયિકના પ્રથમ બે પાઠના પ્રશ્નોત્તર (માર્ક-૧૦) | | ૧૦ |
| **સામાન્ય સમજણ વિભાગ** | **૧૫** | |
| ૧. ૨૪ તીર્થંકરનાં નામ | | ૧૫ |
| ૨. મહાવીર સ્વામીના ૧૧ ગણધરનાં નામ | | ૧૫ |
| ૩. મહાવીર સ્વામીના ૧૦ શ્રાવકોનાં નામ | | ૧૫ |
| ૪. ૧૬ સતીનાં નામ | | ૧૫ |
| ૫. છકાયના ગોત્રનાં નામ | | ૧૬ |
| ૬. ૮ કર્મનાં નામ | | ૧૬ |
| ૭. નવ તત્ત્વ અને ત્રણ તત્ત્વનાં નામ | | ૧૬ |
| **સંસ્કાર વિભાગ** | **૧૫** | |
| ૧. વિનયધર્મ | | ૧૭ |
| ૨. માતા-પિતાને ભૂલશું નહિ | | ૧૮ |
| ૩. વિવેક | | ૧૯ |
| ૪. જૈનશાળા | | ૨૦ |
| ૫. સામાયિકનાં ઉપકરણો | | ૨૧ |
| ૬. જ્ઞાન ગમ્મત | | ૨૪ |
| **કથા વિભાગ** | **૧૦** | |
| ૧. મહાવીર સ્વામી | | ૨૫ |
| ૨. અમરકુમાર | | ૨૭ |
| ૩. અતિમુક્ત કુમાર | | ૩૦ |
| **કાવ્ય વિભાગ** | **૧૦** | |
| ૧. મહાવીરનાં સંતાન... | | ૩૩ |
| ૨. સકલ મંગલ | | ૩૩ |
| ૩. નાનાં નાનાં ભૂલકાં | | ૩૪ |
| **કુલ ગુણ** | **૧૦૦** | |

# સૂત્ર વિભાગ

## પાઠ ૧ : નમસ્કાર સૂત્ર

**પ્ર-૧ : જૈન એટલે શું ?**

**ઉ-૧ :** (૧) જે સાચા દેવ, ગુરુ અને ધર્મનાં સ્વરૂપને જાણે, (૨) તીર્થંકરની આજ્ઞાને યથાશક્તિ આચરણમાં મૂકે, (૩) જે ક્રોધ, માન, માયા, લોભ આ ચાર કષાયોને જીતવાનો પ્રયત્ન કરે, તેને જૈન કહે છે.

**પ્ર-૨: જૈનો 'ભગવાન' કોને કહે છે ?**

**ઉ-૨:** જૈનો 'ભગવાન'ના બે ભેદ પાડે છે - (૧) દેહધારી ભગવાન 'અરિહંત', 'તીર્થંકર' (૨) દેહ છોડી દીધેલા (દેહરહિત) ભગવાન સિદ્ધ છે.

**પ્ર-૩ : અરિહંત અને સિદ્ધમાં મોટા કોણ છે ? શા માટે ?**

**ઉ-૩ :** દેહરહિત સિદ્ધ ભગવાન મોટા કહેવાય છે, કારણ કે તેઓ આઠ કર્મોનો ક્ષય (નાશ) કરી મોક્ષ પામ્યા છે. જ્યારે અરિહંત ભગવાને ૪ ઘાતી કર્મ(જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અંતરાય)નો ક્ષય કર્યો છે અને બાકીનાં ૪ અઘાતી કર્મ(વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર)નો ક્ષય કરીને મોક્ષે જશે. બાકી કેવળજ્ઞાન, કેવળદર્શન આ ગુણમાં બંને સમાન છે.

**પ્ર-૪ : નમસ્કાર મંત્રમાં કોનો કોનો સમાવેશ કરવામાં આવે છે ?**

**ઉ-૪ :** નમસ્કાર મંત્રનાં પાંચ પદમાં મોટા ગુણીજનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેઓ નમસ્કાર કરવા યોગ્ય છે - (૧) અરિહંતો, (૨) સિદ્ધો, (૩) આચાર્યો, (૪) ઉપાધ્યાયો અને (૫) લોકનાં સર્વ સાધુ-સાધ્વીજીઓ કે જે પંચ પરમેષ્ઠિ ભગવાન કહેવાય છે. **તે ભગવાન કેવા છે ? તે ભગવાન પરમ ઉપકારી છે, પરમ હિતકારી છે, પરમ સુખકારી છે.**

**પ્ર-૫ : નમસ્કાર મંત્રમાં પહેલા સિદ્ધને નમસ્કાર કરવાને બદલે અરિહંતને નમસ્કાર કેમ કરવામાં આવે છે ?**

**ઉ-૫ :** નમસ્કાર મંત્રમાં અરિહંત(તીર્થંકર)નું પદ પહેલું છે. કારણ કે તેઓ પોતે (૧) સંસાર તરીને બીજાને સંસાર તરવા માટેનો સાચો માર્ગ બતાવે છે. (૨) સિદ્ધ ભગવાનની ઓળખાણ પણ અરિહંત કરાવે છે, તેથી આપણા પર ઉપકારની દૃષ્ટિએ અરિહંતની મુખ્યતા છે અને ગુણોની દૃષ્ટિએ સિદ્ધ ભગવાનની મુખ્યતા છે.

**પ્ર-૬ : તીર્થંકર એટલે શું ?**

**ઉ-૬ :** તીર્થની સ્થાપના કરનાર પુરુષને 'તીર્થંકર' કહેવાય છે. તેઓ 'અરિહંત' કે 'જિનેશ્વર' પણ કહેવાય છે.

**પ્ર-૭ : તીર્થ એટલે શું ? તે કેટલા છે ? તેમાં કોનો સમાવેશ થાય છે ?**

**ઉ-૭ :** જેની સ્થાપના તીર્થંકર કરે છે તે તીર્થ. તીર્થ ચાર છે. તેમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો સમાવેશ થાય છે. આ ચાર તીર્થનું બીજું નામ **ચતુર્વિધ સંઘ** છે.

**પ્ર-૮ : અત્યારે તીર્થંકરો હાજર નથી તો જૈન ધર્મ કેવી રીતે ચાલે છે ?**

**ઉ-૮ :** તીર્થંકરો હાજર નથી, પણ પૂજ્ય આચાર્ય, ઉપાધ્યાય, સાધુ-સાધ્વીજીઓ અને ભગવાન મહાવીરના ઉપદેશનાં મુખ્ય **૩૨ આગમો** (શાસ્ત્રો - પુસ્તકો) હાજર છે, તેમના આધારે જૈન ધર્મ ચાલે છે.

**પ્ર-૯ : 'આચાર્ય' કોને કહે છે ?**

**ઉ-૯ :** જે સાધુપુરુષ પોતે પાંચ આચાર પાળે, અન્યને પળાવે, પાળવા માટે પ્રેરણા કરે તથા ચતુર્વિધ સંઘનું નેતૃત્વ કરે, તેને **'આચાર્ય'** કહેવાય છે.

**પ્ર-૧૦ : 'ઉપાધ્યાય' કોને કહે છે ?**

**ઉ-૧૦ :** જે સાધુપુરુષ સ્વયં પોતે ૩૨ જૈન આગમ-(શાસ્ત્ર)ને ભણે અને બીજાને ભણાવે, તેને **'ઉપાધ્યાય'** કહે છે.

**પ્ર-૧૧ : સાધુ-સાધ્વીજી કોને કહેવાય ?**

**ઉ-૧૧ :** (૧) જે ભાઈ કે બહેન સંસારનો ત્યાગ કરી સંયમ અંગીકાર કરે, (૨) સમકિત સહિત પાંચ મહાવ્રત ધારે, (૩) જેમનામાં દયા, ક્ષમા, સંતોષ, વિનય, સહનશીલતા વગેરે ગુણો હોય, (૪) જે હિંસા ન કરે, (૫) જૂઠું ન બોલે, (૬) ચોરી ન કરે, (૭) રાત્રિભોજન અને ૧૮ પાપનો ત્યાગ કરે, તેવા પુરુષને સાધુ અને બહેનને સાધ્વીજી કહેવાય છે.

**પ્ર-૧૨ : આપણા ધર્મગુરુ કોણ છે ?**

**ઉ-૧૨ :** સર્વ સાધુઓમાં ઉચ્ચ કરણી કરનાર સ્થાનકવાસી જૈન સાધુ-સાધ્વીજી આપણા ધર્મગુરુ કહેવાય છે : (૧) તેઓ સફેદ વસ્ત્રો પહેરે છે. (૨) હાથમાં રજોહરણ રાખે છે. (૩) મુખે મુહપત્તિ બાંધે છે . (૪) માથાના કેશ (વાળ) હાથે ચૂંટી લોચ કરે છે. (૫) તેઓ ગામોગામ ખુલ્લા પગે પગપાળા ચાલીને, લોકોને ધર્મ તથા નીતિનો ઉપદેશ આપે છે. (૬) સંયમના રક્ષણ માટે તથા જીવન ટકાવવા માટે ઘરે ઘરે ફરી ગોચરી (ભિક્ષા) વહોરવા (લેવા) જાય છે. આપણા ધર્મગુરુ આવા મહાન છે.

**પ્ર-૧૩ : આ ધર્મગુરુઓનાં બીજાં કયાં કયાં નામો છે ?**

**ઉ-૧૩ :** મુનિ, શ્રમણ, અણગાર, નિર્ગ્રંથ જેવાં અનેક નામ છે.

**પ્ર-૧૪ : નમસ્કાર સૂત્રની વિશિષ્ટતા શું છે ? આ સૂત્રનું સ્મરણ ક્યારે કરી શકાય ?**

**ઉ-૧૪ :** વિશિષ્ટતા - (૧) નમસ્કાર સૂત્રમાં કોઈ વ્યક્તિને નમસ્કાર નથી, પરંતુ જેમણે ગુણો પ્રાપ્ત કર્યા છે, તેમને નમસ્કાર છે. (૨) ધર્મનું મૂળ વિનય સમજાવવા માટે પાઠમાં પહેલો જ શબ્દ 'નમો' છે. (૩) નમસ્કાર સૂત્ર શાશ્વતો છે. આ સૂત્ર જૈન ધર્મનો **મહામંત્ર** છે. નમસ્કાર સૂત્રને સૂતાં, ઊઠતાં, જમતાં, બહાર જતાં, કોઈપણ કાર્યની શરૂઆત કરતાં પહેલાં, કોઈપણ ઘડીએ અને કોઈપણ સ્થળે ભાવપૂર્વક સ્મરણ કરી શકાય છે.

**પ્ર-૧૫ : આપણે નમસ્કાર સૂત્ર શા માટે બોલીએ છીએ ? આ ગણવાથી કોને લાભ થયો ?**

**ઉ-૧૫ :** (૧) નમસ્કાર સૂત્ર આપણા ધર્મનો મુખ્ય મંત્ર છે માટે શ્રદ્ધા સાથે બોલવો જોઈએ. (૨) આ પાઠ બોલવાથી ભવોભવનાં પાપ ધોવાય. ગુણોનાં બીજ વવાય. (૩) મન આનંદમાં રહે. (૪) સારી ગતિ મળે. (૫) આ મંત્ર ગણતાં તેમના ઉપકાર અને ગુણો યાદ આવે. તેમનું જીવન અને શક્તિ યાદ આવે. (૬) સંસારનો પાર પમાય. સુદર્શન શેઠ, અમરકુમાર વગેરેને નમસ્કાર સૂત્ર ગણવાથી લાભ થયો હતો.

**પ્ર-૧૬ : નમસ્કાર મંત્રનાં પાંચ પદમાં શ્રી દરેક પદના ગુણ કેટલા ? તેમાં દેવ અને ગુરુ કેટલા ? કોને કેટલાં કર્મ હોય ?**

**ઉ-૧૬ :** નમસ્કાર મંત્રના દરેક પદના મળીને ગુણ કુલ ૧૦૮ છે તેથી માળાના મણકા (પારા) ૧૦૮ છે. તેનાં પાંચે પદના ગુણ, દેવ કે ગુરુ કોણ, કેટલાં કર્મ હોય, તેની સંખ્યા નીચે મુજબ છે :

| પદનું નામ | ગુણ | દેવ કે ગુરુ | કર્મ |
|---|---|---|---|
| ૧. નમો અરિહંતાણ | ૧૨ | દેવ | ૪ |
| ૨. નમો સિદ્ધાણં | ૮ | દેવ | ૦ |
| ૩. નમો આયરિયાણં | ૩૬ | ગુરુ | ૮ |
| ૪. નમો ઉવજ્ઝાયાણં | ૨૫ | ગુરુ | ૮ |
| ૫. નમો લોએ સવ્વ સાહૂણં | ૨૭ | ગુરુ | ૮ |
| **કુલ** | **૧૦૮** | - | - |

**પ્ર-૧૭ : પાંચ પદમાં ઊંઘ કોને આવે, કોને ન આવે ? શરીરસહિત, શરીરરહિત કોણ ? આહાર કોણ કરે, કોણ ન કરે ? કોણ બોલે, કોણ ન બોલે ?**

**ઉ-૧૭ :**

| પદનું નામ | ઊંઘ | શરીર | આહાર | બોલે/ન બોલે |
|---|---|---|---|---|
| ૧. અરિહંત ભગવાન | ન આવે | હોય | કરે | બોલે |
| ૨. સિદ્ધ ભગવાન | ન આવે | ન હોય | ન કરે | ન બોલે |
| ૩. આચાર્યજી | આવે | હોય | કરે | બોલે |
| ૪. ઉપાધ્યાયજી | આવે | હોય | કરે | બોલે |
| ૫. સાધુ-સાધ્વીજી | આવે | હોય | કરે | બોલે |

**પ્ર-૧૮ : શ્રાવક કોને કહે છે ?**

**ઉ-૧૮ :** જે કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ (સાંભળે) કરે અને શક્તિ પ્રમાણે આચરે, તેને શ્રાવક કહે છે. **શ્રદ્ધાપૂર્વક વિનય-વિવેક** સાચવીને જે ક્રિયા કરે તે શ્રાવક.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) અરિહંતને કેટલાં કર્મ બાકી છે ? (૨) પંચ પરમેષ્ઠિમાંથી ઉપાશ્રયમાં કેટલા હોય ? વ્યાખ્યાન કેટલા વાંચે ? (૩) પંચ પરમેષ્ઠિમાં સ્વપ્ન કોણ જુએ ?(૪) તીર્થ કોણ સ્થાપે ? (૫) પંચ પરમેષ્ઠિમાં કેવલજ્ઞાની કેટલા ? (૬) જૈન આગમ કેટલાં ? (૭) પાંચ પદમાંથી હસે, રડે કેટલાં ?

## પાઠ ૨ : તિક્ખુત્તો - ગુરુવંદન સૂત્ર

**પ્ર-૧ : ગુરુવંદના અને પ્રદક્ષિણાની વિધિ બતાવતો પાઠ કયો છે ?**

**ઉ-૧ :** બીજો તિક્ખુત્તોનો પાઠ ગુરુવંદના અને પ્રદક્ષિણાની વિધિનો છે.

**પ્ર-૨ : ગુરુવંદનની વિધિ શું છે ?**

**ઉ-૨ :** સૌ પ્રથમ (૧) સ્થિર ઊભા રહીને, બે હાથ જોડીને પોતાના જમણા કાનથી શરૂ કરીને ફરીથી જમણા કાન સુધી લઈ જવા. આવી રીતે ત્રણ આવર્તન (પ્રદક્ષિણા) કરીને (૨) ઘૂંટણ પર બેસીને 'વંદામિ નમંસામિ' શબ્દ વખતે ઝૂકવું. (૩) ફરી મસ્તક ઉપર કરી આગળનો સંપૂર્ણ પાઠ બોલવો. (૪) પજ્જુવાસામિ વખતે ફરી મસ્તક જમીનને અડાડવું. (૫) મસ્તક, બે હાથ, બે પગ આમ પાંચ અંગ નમાવીને, આ રીતે ત્રણવાર તિક્ખુત્તોના પાઠથી વંદણા કરવી.

**પ્ર-૩ : દેવ અને ગુરુને વંદન કેટલીવાર કરાય ? શા માટે ?**

**ઉ-૩ :** વંદનીય પંચ પરમેષ્ઠિમાં રહેલાં (૧) સમ્યગ્ જ્ઞાન, (૨) સમ્યગ્ દર્શન, (૩) સમ્યક્ ચારિત્ર, આ ત્રણ ગુણોને વંદન - વિનય કરવા માટે તથા આપણામાં પણ તેવા ગુણો પ્રગટ થાય તે માટે ગુરુવંદન ત્રણવાર કરાય છે.

**પ્ર-૪ : ગુરુવંદનના પ્રકાર કયા કયા છે ?**

**ઉ-૪ :** ગુરુવંદનના ત્રણ પ્રકાર છે - (૧) **જઘન્ય વંદના** - રસ્તામાં ચાલતાં સાધુ-સાધ્વીજી મળી જાય તો બે હાથ જોડીને માથું નમાવવું 'મત્થએણ વંદામિ' બોલી નમસ્કાર કરવા. (૨) **મધ્યમ વદના** - પંચાંગ બે હાથ, બે પગ, એક મસ્તક ૩ નમાવીને 'તિક્ખુત્તો'ના પાઠથી ત્રણ વાર કરવી (૩) **ઉત્કૃષ્ટ વંદના** - પ્રતિક્રમણના ત્રીજા પાઠ ગોદોહિકા આસને બેસીને કરાય છે, તે વંદના બે વાર કરાય છે.

**પ્ર-૫ : સત્કાર એટલે શું ?**

**ઉ-૫ :** ગુરુ ભગવંતનો વાણીથી સત્કાર કરવો. આવો, પધારો બોલવું, બે હાથ જોડવા વગેરે સત્કાર છે.

**પ્ર-૬ : સન્માન એટલે શું ?**

**ઉ-૬ :** ગુરુ ભગવંતનું સન્માન કરવું. યોગ્ય આસન આપવું. વસ્ત્ર-પાત્ર-ગોચરી-પાણી વગેરે વહોરાવવા. તે સન્માન છે.

**પ્ર-૭ : વંદણા કરવાથી શું લાભ થાય ?**

**ઉ-૭ :** શુદ્ધભાવે વિધિ સહિત વંદણા કરવાથી (૧) નીચગોત્ર(અશુભ કર્મ)નો ક્ષય થાય છે. (૨) ઉચ્ચ ગોત્ર(શુભ કર્મ)નો બંધ થાય છે. (૩) સૌભાગ્ય અને સુખની પ્રાપ્તિ થાય છે. (૪) ગુરુ પ્રત્યે પોતાનો આદરભાવ પ્રગટ થતાં તેમના વચન અને આજ્ઞાનું પાલન સહેલાઈથી થાય છે. (૫) વિનયગુણ પ્રાપ્ત થાય છે.

**પ્ર-૮ : શુદ્ધ ભાવનાથી વંદન કરવાનું ફળ કોને મળ્યું ?**

**ઉ-૮ :** શુદ્ધ ભાવનાથી વંદન કરવાનું ફળ કૃષ્ણ મહારાજાને મળ્યું.

**પ્ર-૯ : વંદના કરી શું કરવું ?**

**ઉ-૯ :** (૧) ભગવાનને વંદના કરો. ભગવાનની ભક્તિ કરો. (૨) ગુરુજીને વંદના કરો. ગુરુ આજ્ઞા દિલમાં ધરો. (૩) પિતાજીને વંદના કરો. પિતાના ઉપકાર યાદ કરો. (૪) માતાને વંદના કરો. માતાના ઉપકાર યાદ કરો.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) વંદના કરતી વખતે તિક્ખુત્તોનો પાઠ કેટલી વાર બોલાય ? (૨) ગુરુનાં ગુણગ્રામ કરતા શબ્દો કેટલા છે ? કયા કયા ? (૩) ગુરુને કેવા કેવા કહ્યા છે ? (૪) પાંચ અંગ કયાં કયાં છે ? (૫) પ્રદક્ષિણા એટલે શું ?

# સામાન્ય સમજણ વિભાગ

## ❖ ૨૪ તીર્થંકરોનાં નામ ❖

| | |
|---|---|
| ૧. શ્રી ઋષભદેવ સ્વામી | ૧૩. શ્રી વિમલનાથ સ્વામી |
| ૨. શ્રી અજિતનાથ સ્વામી | ૧૪. શ્રી અનંતનાથ સ્વામી |
| ૩. શ્રી સંભવનાથ સ્વામી | ૧૫. શ્રી ધર્મનાથ સ્વામી |
| ૪. શ્રી અભિનંદન સ્વામી | ૧૬. શ્રી શાંતિનાથ સ્વામી |
| ૫. શ્રી સુમતિનાથ સ્વામી | ૧૭. શ્રી કુંથુનાથ સ્વામી |
| ૬. શ્રી પદ્મપ્રભ સ્વામી | ૧૮. શ્રી અરનાથ સ્વામી |
| ૭. શ્રી સુપાર્શ્વનાથ સ્વામી | ૧૯. શ્રી મલ્લિનાથ સ્વામી |
| ૮. શ્રી ચંદ્રપ્રભ સ્વામી | ૨૦. શ્રી મુનિસુવ્રત સ્વામી |
| ૯. શ્રી સુવિધિનાથ સ્વામી | ૨૧. શ્રી નમિનાથ સ્વામી |
| ૧૦. શ્રી શીતલનાથ સ્વામી | ૨૨. શ્રી નેમનાથ સ્વામી |
| ૧૧. શ્રી શ્રેયાંસનાથ સ્વામી | ૨૩. શ્રી પાર્શ્વનાથ સ્વામી |
| ૧૨. શ્રી વાસુપૂજ્ય સ્વામી | ૨૪. શ્રી મહાવીર સ્વામી |

## ❖ શ્રી મહાવીર સ્વામીના ૧૧ ગણધરોનાં નામ ❖

| | | |
|---|---|---|
| ૧. ઈંદ્રભૂતિ | ૫. સુધર્મા સ્વામી | ૯. અચલભ્રાતા |
| ૨. અગ્નિભૂતિ | ૬. મૌર્યપુત્ર | ૧૦. મેતાર્ય |
| ૩. વાયુભૂતિ | ૭. અકંપિતજી | ૧૧. પ્રભાસ |
| ૪. વ્યક્તજી | ૮. મંડિતજી | |

## ❖ શ્રી મહાવીર સ્વામીના ૧૦ શ્રાવકોનાં નામ ❖

| | |
|---|---|
| ૧. આનંદ શ્રાવક | ૬. કુંડકૌલિક શ્રાવક |
| ૨. કામદેવ શ્રાવક | ૭. શકડાલપુત્ર શ્રાવક |
| ૩. ચુલનીપિતા શ્રાવક | ૮. મહાશતક શ્રાવક |
| ૪. સુરાદેવ શ્રાવક | ૯. નંદિનીપિતા શ્રાવક |
| ૫. ચુલ્લણીશતક શ્રાવક | ૧૦. સાલિહીપિતા શ્રાવક |

## ❖ ૧૬ સતીઓનાં નામ ❖

| | | | |
|---|---|---|---|
| ૧. બ્રાહ્મી | ૫. દ્રૌપદી | ૯. સીતા | ૧૩. સુભદ્રા |
| ૨. સુંદરી | ૬. કૌશલ્યા | ૧૦. દમયંતી | ૧૪. પુષ્પચૂલા |
| ૩. ચંદનબાળા | ૭. મૃગાવતી | ૧૧. શિવાદેવી | ૧૫. પ્રભાવતી |
| ૪. રાજેમતિ | ૮. સુલસા | ૧૨. કુંતા | ૧૬. પદ્માવતી |

## ❖ છકાય ગોત્રનાં નામ ❖

| | |
|---|---|
| ૧. પૃથ્વીકાય (માટી) | ૪. વાયુકાય (હવા) |
| ૨. અપ્‌કાય (પાણી) | ૫. વનસ્પતિકાય (ઝાડ, પાન) |
| ૩. તેઉકાય (અગ્નિ) | ૬. ત્રસકાય (હાલતા ચાલતા જીવો) |

## ❖ આઠ કર્મનાં નામ ❖

| | | |
|---|---|---|
| ૧. જ્ઞાનાવરણીય કર્મ | ૪. મોહનીય કર્મ | ૭. ગોત્ર કર્મ |
| ૨. દર્શનાવરણીય કર્મ | ૫. આયુષ્ય કર્મ | ૮. અંતરાય કર્મ |
| ૩. વેદનીય કર્મ | ૬. નામ કર્મ | |

## ❖ નવ તત્ત્વોનાં નામ ❖

| | | |
|---|---|---|
| ૧. જીવ તત્ત્વ | ૪. પાપ તત્ત્વ | ૭. નિર્જરા તત્ત્વ |
| ૨. અજીવ તત્ત્વ | ૫. આશ્રવ તત્ત્વ | ૮. બંધ તત્ત્વ |
| ૩. પુણ્ય તત્ત્વ | ૬. સંવર તત્ત્વ | ૯. મોક્ષ તત્ત્વ |

## ❖ ત્રણ તત્ત્વનાં નામ ❖

| **દેવ તત્ત્વ** | **ગુરુ તત્ત્વ** | **ધર્મ તત્ત્વ** |
|---|---|---|
| અરિહંત દેવ | નિર્ગ્રંથ ગુરુ | કેવલી પ્રરૂપિત ધર્મ |

# સંસ્કાર વિભાગ

## પાઠ ૧ : વિનય ધર્મ

દોહરો

"વિનય થકી વિદ્યા દીપે, વિનય ધર્મનું અંગ
પ્રીતિ પણ તેથી વધે, કરો વિનયનો સંગ"

**પ્ર-૧ : આંબાનું વૃક્ષ આપણને શું શીખવે છે ?**

**ઉ-૧ :** જેમ આંબાનું વૃક્ષ મોટું થાય છે તેમ તે નીચે નમે છે. તે રીતે આપણે પણ જેમ જેમ મોટા થઈએ તેમ વધુ ને વધુ નમ્ર બનવું જોઈએ. સાચાં હૃદયના ભાવથી જે નમે છે. તે સહુને ગમે છે.

**પ્ર-૨ : મોટાઈ કેટલા પ્રકારની છે ? કઈ કઈ ?**

**ઉ-૨ :** મોટાઈ બે પ્રકારની છે - (૧) ઉંમરની અને (૨) ગુણની.

**પ્ર-૩ : ગુણથી મોટા કેમ થવાય ?**

**ઉ-૩ :** સમય સહુને ઉંમરથી મોટા બનાવે છે, પણ ગુણીજનોને નમન કરવાથી ગુણથી મોટા થવાય છે. ગુણીજનોને નમસ્કાર કરવાથી તેમનામાં રહેલાં ગુણો અને ધર્મનાં સંસ્કારો આપણામાં આવે છે.

**પ્ર-૪ : ધર્મ એટલે શું ?**

**ઉ-૪ :** (૧) જેનો વિચાર કરવાથી, આચરણ કરવાથી, જેનું શરણું લેવાથી દુર્ગતિમાં ન જવું પડે, તેને ધર્મ કહેવાય, (૨) જીવને દુર્ગતિમાં પડતાં અટકાવે અને આત્મા ગુણોને પ્રગટાવે તે ધર્મ છે. (૩) ધર્મ એટલે ભલાઈ કરવી અને બુરાઈ છોડવી.

**પ્ર-૫ : ધર્મનું મૂળ શું ?**

**ઉ-૫ :** ધર્મનું મૂળ **વિનય** છે.

**પ્ર-૬ : વિનય એટલે શું ?**

**ઉ-૬ :** વિનય એટલે નમતાં શીખવું/નમવું.

**પ્ર-૭ : વિનય ધર્મની પ્રાપ્તિ કેવી રીતે થાય છે ?**

**ઉ-૭ :** વિનય ધર્મની પ્રાપ્તિ કરવા માટે (૧) વડીલો અને ગુણવાનોને માન આપવું, (૨) તેમની સામે બોલવું નહિ, (૩) દેવ-અરિહંત, ગુરુ-સાધુ-સાધ્વીજી, અહિંસા પ્રધાન ધર્મને નિત્ય વંદન કરવા, (૪) તેમનું બહુમાન જાળવવું, (૫) તેમની આજ્ઞાનું પાલન કરવું જોઈએ.

**પ્ર-૮ : વિનયથી શું લાભ થાય છે ?**

ઉ-૮ : વિનયથી નીચે મુજબ લાભ થાય છે :

(૧) તીર્થંકર ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે.(૨) અભિમાન જતું રહે છે. (૩) સાચા વિચાર આવે છે (૪) વાણીમાં મીઠાશ આવે છે. (૫) હૃદય વિશાળ અને દયાળુ બને છે. (૬) દુશ્મન પણ મિત્ર બને છે. (૭) વિદ્યા, ત્યાગ, વૈરાગ્ય અને વિવેક જેવા ગુણો પણ વિનયથી જ આવે છે.

આમ, વિનયથી આત્માનો વિકાસ થતાં આપણે સુખી થઈએ છીએ.

## પાઠ ૨ : માતાપિતાને ભૂલશું નહિ

(૧) મારા ઉપર સૌથી વધુ ઉપકાર માતાપિતાનો છે, જે હું કદી ભૂલીશ નહિ.

(૨) માતાપિતાએ મને જન્મ આપી, જીવન ઘડતરમાં ધાર્મિક સુસંસ્કારોનું જે સિંચન કર્યું છે, તેનો બદલો આપી શકાય તેમ નથી.

(૩) તેઓએ હું સદા આનંદમાં અને સુખમાં રહું તે માટે મારી ઈચ્છા પૂર્ણ કરવા સદા પ્રયત્નો કર્યા છે.

(૪) હું રોજ સવારે ઊઠીને માતાપિતાને વંદન કરી 'જય જિનેન્દ્ર' કહીશ. તેમના પ્રત્યે વિનય, આદર, બહુમાનના ભાવો રાખી, સદા તેમની ભાવના પ્રમાણે જીવન બનાવવા પ્રયત્ન કરીશ.

(૫) તેમની સામે બોલીશ નહિ. તેમનું દિલ દૂભાય તેવું વર્તન કરીશ નહિ. વસ્તુ લેવા જીદ કરીશ નહિ.

(૬) કુમિત્રોની સોબત કરીશ નહિ અને ખોટાં વ્યસનો, શોખ ઊભા કરી તેમને ખોટાં ખર્ચા કરાવીશ નહિ.

(૭) વૃદ્ધાવસ્થામાં અને બીમારીમાં તેમની સેવા કરીશ. આખી જિંદગી સેવા કરીશ તો પણ તેમના ઉપકારનો બદલો વળે તેમ નથી. તેમને ધર્મ કરવા સર્વ અનુકૂળતા કરી આપીશ. તેમની સદ્‌ગતિ થાય તેવા પ્રયત્નો કરીશ. આથી જ...

### ❖ સહન કરજો ❖

માતા-પિતાનો ઠપકો સહન કરજો... માતાપિતાની સામે ન થશો.
શિક્ષકની શિક્ષા સહન કરજો... શિક્ષકની વિરુદ્ધ ન જશો.
કોઈની ગાળ સહન કરજો... ગાળની સામે ગાળ ન દેશો.
દુ:ખ આવે તો સહન કરજો... દુ:ખમાં રોદણાં (પોતાનું દુ:ખ) ન રોશો.

**સહન કરવામાં સો ગુણ.**

# પાઠ ૩ : વિવેક

વિનય કરવાથી વિવેકનો ગુણ આવે છે. **પોતાના આત્માનું અને જીવનનું હિત ક્યાં છે અને ક્યાં નથી ? તે વિચારીને વર્તન કરવું, તેને વિવેક કહે છે.** જે અવિવેકી છે, તે સૂતેલો છે અને જે વિવેકી છે તે જાગૃત છે.

(૧) વિવેક એક કીંમતી ધનભંડાર છે. (૨) વિવેકથી ધર્મની શોભા વધે છે. (૩) વિવેકથી... સૌને પ્રિય બનાય. (૪) વિવેકથી... મહાપુરુષ બનાય. માટે હું આહાર વિવેક, વાણી વિવેક અને દૃષ્ટિ વિવેક રાખીશ.

## ❖ આહાર - વિવેક ❖

હું જમતી વખતે નીચેની બાબતોનું ધ્યાન રાખીશ તે મારો આહાર વિવેક છે.

(૧) જમતાં પહેલાં હું પાંચવાર **નવકાર મંત્રનું સ્મરણ** કરી **સુપાત્રદાન**ની ભાવના ભાવીશ.

(૨) મારા માટે જુદી વસ્તુ કરવી પડે, ભાવતી વસ્તુ કે સ્વાદવાળું ખાવાનું બનાવવું પડે તેવી **જીદ** કરીશ નહિ. વારંવાર ખા ખા કરીશ નહિ.

(૩) ભોજનમાં સ્વાદ માટે ઉપરથી કાચું મીઠું વગેરે **સચેત વસ્તુ** વાપરીશ નહિ.

(૪) જમતી વખતે આહારની નિંદા કે પ્રશંસા કરીશ નહિ અને **મૌન રાખીશ.** જમ્યા પછી **થાળી ધોઈને પી** જઈશ.

(૫) વગર કારણે પૈસા ખર્ચીને **હોટેલમાં કે રેંકડીની** ઉઘાડી વસ્તુઓ ખાઈશ નહિ.

(૬) આઠમ, પાખી વગેરે **તિથિના દિવસની જાણકારી** રાખી **લીલોતરીનો ત્યાગ** કરીશ અને તે દિવસે **નવકારશી** આદિ નાનું તપ તો જરૂર કરીશ.

(૭) રોજ ભૂખ કરતાં ઓછું ખાવાની ટેવ રાખીશ.

(૮) સૂર્યાસ્ત પછી એટલે **રાત્રે આહારનો ત્યાગ** કરીશ, જેથી (૧) તીર્થંકરની આજ્ઞાનું પાલન થાય. (૨) પૂ. સંતોને વહોરાવવાનો લાભ મળે. (૩) છકાય જીવોની દયા પળાય. આ ત્રણ લાભ થાય છે.

## ❖ વાણી-વિવેક ❖

પોતાને કે બીજાને હિતકારી અને પ્રિયકારી વાણી બોલવી, તેને **વાણી-વિવેક** કહે છે. કોઈને પણ દુઃખ થાય તેવી વાણી બોલવી, તેને વાણી-અવિવેક કહે છે.

(૧) હું અસત્ય ભાષા/જૂઠું બોલીશ નહિ, કોઈ વસ્તુ માટે કજિયો કરીશ નહિ.

(૨) હું કોઈને ડર લાગે, કોઈ સાથે ઝઘડો થાય તેવા કડવા અને ખરાબ શબ્દો બોલીશ નહિ.

(૩) હું ઊંચે અવાજે બોલીશ નહિ, માતાપિતા કે વડીલો સામે જેમતેમ અને અવિનયથી બોલીશ નહિ.

(૪) હું સદા મીઠી અને નમ્ર વાણી બોલીશ. દુઃખી લોકોને આશ્વાસન મળે તેવા શબ્દો બોલીશ.

(૫) ધર્મથી પડતા જીવો પણ મારી વાણીથી સ્થિર થઈ જાય તેવું બોલીશ.

## ❖ દૃષ્ટિ-વિવેક ❖

૧. સિનેમા ન જોવાય.
૨. બીજાના દોષ ન જોવાય.
૩. ખરાબ કામ ન જોવાય.
૪. બીજાનું ધન ન જોવાય.

● સિનેમા જોવાથી-થતાં નુકસાન
૧. આંખ બગડે,
૨. પૈસા બગડે,
૩. મન બગડે,
૪. જીવન બગડે.

● બીજાના દોષ જોવાથી-થતાં નુકસાન
૧. આપણામાં દોષ આવે,
૨. આપણા ગુણો જાય.

● ખરાબ કામ જોવાથી-થતાં નુકસાન
૧. ખરાબ કામ થાય.
૨. ખરાબ ભાવો જાગે.

● બીજાનું ધન જોવાથી-થતાં નુકસાન
૧. ચોરીનું મન થાય.
૨. ધનનો લોભ જાગે.

**આમ, ટી.વી., સિનેમા જોવામાં અમૂલ્ય સમય ન ગુમાવશો.**
**ટેપરેકોર્ડ સાંભળવામાં, કૉમ્પ્યુટર ગેમ રમવામાં સમય ન ગુમાવશો.**

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) જમતાં પહેલાં શું કરવું ? (૨) રાત્રિભોજન ત્યાગવાથી શું લાભ થાય ? (૩) શું ન ખાવું ? (૪) શું ન જોવું ? (૫) સિનેમા જોવાથી શું થાય ? (૬) બીજાના દોષો જોવાથી શું નુકશાન થાય ? (૭) બીજાનું ધન જોવાથી શું થાય ?

# પાઠ ૪ : જૈનશાળા

**પ્ર-૧ : જૈનશાળા એટલે શું ?**

**ઉ-૧ :** જ્યાં જૈન ધર્મનું જ્ઞાન શીખવવામાં આવે છે, તે જૈનશાળા છે.

**પ્ર-૨ : ધર્મનું જ્ઞાન મેળવવાથી શું લાભ થાય ?**

**ઉ-૨ :** ધર્મનું જ્ઞાન મેળવવાથી (૧) આત્મભાન થાય છે. (૨) આપણે કર્તવ્ય (શું કરવું ?) અને અકર્તવ્યને (શું ન કરવું ?) જાણી શકીએ

છીએ. (૩) પ્રામાણિકતા, સાદાઈ, સંતોષ, દયાભાવ વગેરે ગુણોની વૃદ્ધિ થાય છે.

**પ્ર-૩ : જૈનશાળામાં રોજ જવાથી શું લાભ થાય છે ?**

**ઉ-૩ :** જૈનશાળામાં રોજ જવું જોઈએ કારણ કે -

(૧) સાચા દેવ, ગુરુ અને ધર્મની ઓળખાણ થાય છે. (૨) ધાર્મિક સંસ્કારો મળે છે. (૩) વિનય, વિવેક, શિસ્ત અને નમ્રતા શીખવા મળે છે. (૪) જીવ-અજીવની જાણકારી મળવાથી સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ પ્રગટ થાય છે. (૫) માતાપિતા અને વડીલોના ઉપકારની જાણ થાય છે. (૬) સમ્યગ્ - જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનાં આચરણ દ્વારા મોક્ષ મેળવવાનો ઉપાય જાણવા મળે છે. (૭) ધર્મનું જ્ઞાન મેળવીને ભવિષ્યમાં આદર્શ નાગરિક, શ્રાવક, શ્રાવિકા, સાધુ કે સાધ્વી બની શકાય છે.

**પ્ર-૪ : જૈનશાળામાં જઈને સૌ પ્રથમ શું કરવું ?**

**ઉ-૪ :** જૈનશાળામાં જઈને સૌ પ્રથમ વંદના કરી સંવર કે સામાયિક લેવી.
સંવરનાં પચ્ચક્ખાણ નીચે પ્રમાણે છે :

**દ્રવ્ય થકી** ૧૮ પાપ અને પાંચે આશ્રવ સેવવાનાં પચ્ચક્ખાણ,

**ક્ષેત્ર થકી** જૈનશાળા(ઘર, બ્લોક, ટ્રેન)ની તથા બહાર દૃષ્ટિ જાય ત્યાં સુધીનો આગાર (અથવા પોતાની જરૂરિયાત પ્રમાણે આગાર કરવો) તે સિવાય ૧૪ રાજલોકનાં આશ્રવના પચ્ચક્ખાણ, **કાળ થકી** ૧ વાર નમસ્કાર મંત્ર (અથવા 'નમો અરિહંતાણ') ગણીને ન પારું ત્યાં સુધી,

**ભાવ થકી** ઉપયોગ સહિત પચ્ચક્ખાણનું પાલન કરવું. **એગવિહં, તિવિહેણં, નકરેમિ, મણસા, વયસા, કાયસા, તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.**

**સંવર પારવાની વિધિ :** મારો સંવર પૂરો થયો તેમાં દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. ૧ નમસ્કાર મંત્રનો કાઉસ્સગ્ગ કરવો.

## પાઠ ૫ : સામાયિકનાં ઉપકરણો

**પ્ર-૧ : સામાયિક એટલે શું ?**

**ઉ-૧ :** (૧) ૧૮ પાપની વૃત્તિ (ઇચ્છા) અને પ્રવૃત્તિ છોડીને સમભાવ પ્રાપ્ત કરવો તે સામાયિક છે. (૨) બે ઘડી (૪૮ મિનિટ) સુધી શાંતિથી એક સ્થાને બેસીને ભગવાનના તથા નિજ (પોતાના) આત્માના ગુણોનું ચિંતન કરવું (૩) તે ગુણો પોતાનામાં ખીલવવા પ્રયાસ કરવો તે સામાયિક છે.

**પ્ર-૨ : સામાયિકનાં ઉપકરણોની સમજણ આપો.**

**ઉ-૨ :** સામાયિકમાં આરાધના કરવા માટે (૧) આસન, (પાથરણું) (૨) મુહપત્તિ, (૩) ગુચ્છો, (૪) રજોહરણ, (૫) માળા, (૬) પુસ્તક, (૭) ઠવણી, (૮) ખેસ, (૯) ચોલપટ્ટો, (૧૦) આનુપૂર્વી વગેરે ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ. તે ઉપકરણોની સમજણ ટૂંકમાં નીચે આપવામાં આવી છે :

**(૧) આસન :** (૧) સફેદ વસ્ત્રોના (કાંતેલી કે વણેલી ખાદીના, ઊનના) નાના ટુકડાને આસન/પાથરણું કહેવાય છે. (૨) આસન જમીન પર પાથરવાનું હોય છે. (૩) આસન પર બેસી સામાયિક થાય.

**પ્ર-૩ : આસન શા માટે પાથરવું જોઈએ ?**

**ઉ-૩ :** આસન પાથરવાથી જીવજંતુ આપણાં શરીર પર ચડી ન જતાં બાજુથી ચાલ્યાં જાય છે.

**(૨) મુહપત્તિ :** મુહપત્તિ એટલે મુખવસ્ત્રિકા. સફેદ રંગનું આઠ પડનું સુતરાઉ કપડું (Cotton cloth) મુખ પર રાખી કાન સુધી દોરા વડે બાંધવામાં આવે છે.

**પ્ર-૪ : મુહપત્તિ પહેરવાથી શું લાભ થાય ?**

**ઉ-૪ :** (૧) તેનાથી વાયુકાયના જીવોની રક્ષા થાય છે. (૨) બીજા ત્રસ જીવો આવીને મુખમાં પડતા નથી. (૩) તે જૈન ધર્મનું ચિહ્ન છે. (૪) તે પહેરીને બોલવાથી વિવેક સચવાય છે.

**(૩) ગુચ્છો :** (૧) તે ઊનનો બનેલો હોય છે. (૨) તેને પકડવા માટે નાની લાકડાની દાંડી (ભાઈના ગુચ્છામાં) અથવા નાકી (બહેનના ગુચ્છામાં) હોય છે. (૩) કીડી, મંકોડા, કંથવા જેવાં નાનાં જીવજંતુઓ આસન કે શરીર પર ચડી આવે તો ગુચ્છાથી જતનાપૂર્વક (ધ્યાનથી) દૂર કરાય છે.(૪) ગુચ્છાથી તે જીવોને પીડા, કષ્ટ કે દુઃખ થતું નથી.

**(૪) રજોહરણ :** (૧) ઊનનો બનેલો અને ગુચ્છાથી મોટો હોય છે. (૨) મોટી લાકડીથી તેને બાંધવામાં આવે છે. (૩) રાત્રે કે અંધારાંમાં જમીન પર

---

**સમજણ માટે પ્રશ્ન પૂછાશે નહીં (૧) આસન :** આસનનું અંદાજિત માપ ૨ ફૂટ × ૨ ફૂટ (૨) મુહપત્તિ અંદાજે પોતાના હાથના ૧૬ અંગુલ × ૨૧ અંગુલની અથવા ૧૨ ઈંચ × ૯ ઈંચની અથવા ૧૬ ઈંચ × ૨ ઈંચની હોય છે.

(૩) ખેસ અંદાજે સવા બે મીટર × ૩૬ ઈંચનો અને બંને છેડા ખુલ્લાં હોય છે. (૪) ચોલપટ્ટો બે મીટર × ૩૬ ઈંચ અને બંને છેડા પરસ્પર સીવેલા હોય છે.

રહેલા જીવોની રક્ષા કરવા, દયા પાળવા, પૂંજીને ચાલવામાં આવે છે. (૪) ગુચ્છો અને રજોહરણનો ઉપયોગ કરવાથી જીવ હિંસાથી બચી શકાય છે.

**(૫) માળા :** માળાના ૧૦૮ પારા (મણકા) હોય છે. માળા ગણવા ૧ નવકાર બોલીને ૧ પારો મૂકવો. એમ ૧૦૮ નવકાર બોલીને ૧ માળા ગણવી.

**પ્ર. : માળા શા માટે ગણવી ?**

**ઉ. :** માળા ગણવાથી મનને શાંતિ મળે અને કર્મનિર્જરા થાય છે.

**(૬) પુસ્તક :** સમભાવની વૃદ્ધિ અને આત્મજ્ઞાન - ધાર્મિક જ્ઞાનની સમજણ આપે તેવાં પુસ્તકોનું સામાયિકમાં વાંચન કરવું જોઈએ.

**(૭) ઠવણી :** (૧) ઠવણી એ પુસ્તક મૂકવાનું યોગ્ય સાધન છે. (૨) જેનાથી પુસ્તકની જાળવણી થાય છે. (૩) વાંચનમાં અનુકૂળતા રહે છે. (૪) પ્રાયઃ લાકડાની બનેલી હોય છે.

**(૮-૯) ખેસ તથા ચોલપટ્ટો :** સામાયિકમાં ભાઈઓ શર્ટની જગ્યાએ સફેદ ખેસ પહેરે છે અને પેન્ટની જગ્યાએ સફેદ ચોલપટ્ટો પહેરે છે. બહેનોએ પણ સાદાં અને સફેદ વસ્ત્રો પહેરવાં જોઈએ.

**(૧૦) આનુપૂર્વી :** જેમાં ૧, ૪, ૩, ૫, ૨ આમ આડાઅવળા ઊભા આંકડા લખેલા હોય છે, જેથી ધ્યાન બીજે જતું નથી. તેમાં જ્યાં '૧'નો આંક હોય ત્યાં નવકાર મંત્ર પ્રથમ પદ 'નમો અરિહંતાણં, ૨નો આંક હોય ત્યાં 'નમો સિદ્ધાણં', ૩નો આંક હોય ત્યાં 'નમો આયરિયાણં', '૪'નો આંક હોય ત્યાં 'નમો ઉવજ્ઝાયાણં', '૫'નો આંક હોય ત્યાં 'નમો લોએ સવ્વ સાહૂણં', પદ ધ્યાનથી ચિત્તની એકાગ્રતાથી બોલવાનું હોય છે. (અહીં આનુપૂર્વીના ૨૦ કોઠામાંથી ફક્ત ૧ કોઠો સમજવા માટે મૂકેલો છે.)

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૧ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૫ |
| ૩ | ૧ | ૨ | ૪ | ૫ |
| ૨ | ૩ | ૧ | ૪ | ૫ |
| ૩ | ૨ | ૧ | ૪ | ૫ |

# પાઠ ૬ : જ્ઞાન-ગમ્મત

**પ્ર-૧ : હું કોણ છું ?**

**ઉ-૧ :** હું આત્મા છું.

**પ્ર-૨ : મારું સારું કરનાર કોણ ?**

**ઉ-૨ :** હું પોતે જ છું.

**પ્ર-૩ : મારું ખરાબ કરનાર કોણ ?**

**ઉ-૩ :** હું પોતે જ છું.

**પ્ર-૪ : શૂરવીર કોણ ?**

**ઉ-૪ :** મનને જીતે તે.

**પ્ર-૫ : મન કેવી રીતે જીતાય?**

**ઉ-૫ :** જ્ઞાનાભ્યાસ કરી સમજણ કેળવવાથી.

**પ્ર-૬ : ડાહ્યો કોણ ?**

**ઉ-૬ :** સમયને ઓળખે તે.

**પ્ર-૭ : મૂર્ખ કોણ ?**

**ઉ-૭ :** અમૂલ્ય માનવભવ ગુમાવે તે.

**પ્ર-૮ : જગતનો દાસ કોણ ?**

**ઉ-૮ :** જે આશાનો દાસ હોય તે.

**પ્ર-૯ : જગતનો માલિક કોણ ?**

**ઉ-૯ :** આશા જેની દાસી છે તે.

**પ્ર-૧૦ : ઉત્તમ દાન કયા કયા ?**

**ઉ-૧૦ :** અભયદાન, જ્ઞાનદાન, સુપાત્રદાન અને ઉચિત્તદાન.

**પ્ર-૧૧ : શ્રીમંત કોણ ?**

**ઉ-૧૧ :** સંતોષી.

**પ્ર-૧૨ : દરિદ્ર (ગરીબ) કોણ ?**

**ઉ-૧૨ :** તૃષ્ણાવાળો (ઇચ્છાવાળો).

**પ્ર-૧૩ : અત્યારે કોનું શાસન ચાલે છે ?**

**ઉ-૧૩ :** ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનું.

**પ્ર-૧૪ : જય જિનેન્દ્ર એટલે શું ?**

**ઉ-૧૪ :** જય જિનેન્દ્ર એટલે અનંત જિનેશ્વર ભગવંતોનો જય હો.

**પ્ર-૧૫ : 'જય જિનેન્દ્ર' બોલવાથી શું લાભ થાય છે ?**

**ઉ-૧૫ :** (૧) અનંત જિનેશ્વર ભગવંતોનો જય થાય છે. (૨) જૈન ધર્મનું ગૌરવ વધે છે. (૩) જૈનપણાની સ્મૃતિ થાય છે. (૪) જય જિનેન્દ્ર એ જૈનપણાનો સૂચક શબ્દ છે.

# કથા વિભાગ

## કથા ૧ : ભગવાન મહાવીર

ભગવાન મહાવીર સ્વામીનો જન્મ ચૈત્ર સુદ તેરસ(૧૩)ની મધ્યરાત્રિએ માતા ત્રિશલારાણીની કુક્ષિએ થયો હતો. તેઓ ભવિષ્યના તીર્થંકર હોવાથી તેમનો જન્મ અભિષેક ૬૪ ઇન્દ્રો દ્વારા મેરુ પર્વત ઉપર ઉજવવામાં આવ્યો હતો.

તેમના પિતાનું નામ રાજા સિદ્ધાર્થ હતું. ગર્ભથી જ ભગવાન મહાવીર મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન. એ ત્રણ જ્ઞાનના ધારક હતા. ગર્ભમાં તેમના હલનચલનથી માતાને કષ્ટ પડતું હતું, તેથી તેમણે હલનચલન બંધ કરી દીધું. તેમની માતાને તેથી ચિંતા થવા લાગી અને તેઓ શોકમગ્ન થઈ ગયાં. આવી જાણ થતાં જ મહાવીરે તરત ગર્ભમાં હલનચલન શરૂ કર્યું, જેથી માતા ખૂબ જ આનંદિત થઈ ગયાં. આ કારણે ભગવાન મહાવીરે ગર્ભમાં જ માતા-પિતાની હાજરીમાં દીક્ષા ન લેવાની પ્રતિજ્ઞા કરી. આમ ગર્ભમાં હતા ત્યારથી જ તેઓ માતા-પિતાના પરમ ભક્ત હતા.

ભગવાન મહાવીર જ્યારે માતાના ગર્ભમાં હતા ત્યારે પિતાના ઘરે તથા નગરમાં ધન-ધાન્ય આદિની વૃદ્ધિ થઈ હતી, તેથી જન્મ થતાં તેમનું નામ 'વર્ધમાન' પાડવામાં આવ્યું. તેઓ દેવથી પણ વધારે સ્વરૂપવાન હતા.

તેમના મોટા ભાઈ નંદીવર્ધન અને બહેન સુદર્શના હતાં.

તેઓ જ્યારે માત્ર આઠ વર્ષના હતા ત્યારે એક દેવ તેમને ડરાવવા સાપનું રૂપ ધારણ કરીને આવ્યો. સાપને જોઈ બધાં બાળકો ભાગવા લાગ્યાં અને બોલ્યાં, "વર્ધમાન ! તું પણ ભાગી જા, નહિ તો સાપ તને કરડશે." પણ વર્ધમાન હિંમતવાળા અને નીડર હતા. તેમણે કહ્યું , "દોસ્તો ! આપણે સાપનું શું બગાડ્યું છે કે તે આપણને કરડે ?" તેમણે કોઈપણ બીક વિના સાપને ઉપાડીને એક બાજુ મૂકી દીધો.

તે દેવે વર્ધમાનને હરાવવા માટે નવો દાવ અજમાવ્યો. તે એક બાળકનું રૂપ બનાવીને બધા સાથે રમવા માટે આવ્યો, ત્યારે બાળકો 'તિંદુષક' નામે રમત રમતા હતા. જે હારી જાય તેનો દાવ આવે અથવા હારી જાય તે પોતાની પીઠ ઉપર વિજેતા છોકરાને બેસાડે, તેવી આ રમત હતી. પેલો બાળક દેવ જાણી જોઈને હારી ગયો અને તેણે વિજેતા વર્ધમાનને પીઠ પર બેસાડ્યા. જેવા વર્ધમાન તેની પીઠ ઉપર બેઠા કે તરત જ તેણે વિકરાળ પિશાચનું સ્વરૂપ બનાવ્યું અને

તાડ જેટલો ઊંચો થઈ ગયો. વર્ધમાનને ડરાવવા જોરજોરથી ચિચિયારીઓ કરવા લાગ્યો. નાનકડા વર્ધમાને અવધિજ્ઞાનથી જાણી લીધું કે આ તો દેવની માયા છે, આથી તેમણે એક જ મુટ્ઠી મારી દેવને નીચે નમાવી દીધો.

પછી તે દેવે પોતાનું સાચું સ્વરૂપ પ્રગટ કરીને વર્ધમાનને શાબાશી આપી કહ્યું, "આપ ખરેખર ખૂબ જ બળવાન છો, તેથી આપ મહાવીર છો." તેમ કહી તે દેવ પોતાના સ્થાને ચાલ્યો ગયો. આમ દેવ દ્વારા તેમનું નામ 'મહાવીર' પડ્યું.

વર્ધમાનકુમાર યુવાન થતાં ગુણવાન અને સ્વરૂપવાન એવા યશોદા સાથે તેમનાં લગ્ન થયાં. તેમને ત્યાં પ્રિયદર્શના નામે પુત્રીનો જન્મ થયો.

તેઓ જ્યારે ૨૮ વર્ષના હતા ત્યારે તેમનાં માતાપિતાનું દેવલોકગમન થયું. પછી તરત જ મહાવીરે મોટા ભાઈ નંદીવર્ધન પાસે દીક્ષા લેવાની આજ્ઞા માંગી, પણ ભાઈએ તેમને બે વર્ષ સુધી રોકાઈ જવાની વિનંતી કરી.

મોટા ભાઈની લાગણીને માન આપીને તેઓ સંસારમાં નિરાસક્તભાવે રહેવા લાગ્યા. તેમણે બ્રહ્મચર્યનું પાલન, રાત્રિભોજન ત્યાગ, સચેત ભોજન-પાણીત્યાગ અને છકાય જીવોની દયા પાળવાનો સંકલ્પ કર્યો. એક વર્ષ સુધી રોજ ૧ કરોડ ૮ લાખ સુવર્ણમુદ્રાનું દાન કરવા લાગ્યા, જેને 'વર્ષીદાન' કહેવાય છે.

૩૦ વર્ષની યુવાન વયે તેમણે સંસારનો ત્યાગ કરી જૈન દીક્ષા ગ્રહણ કરી. તેઓ ખુલ્લા પગે ચાલતા, ઘરે ઘરે ફરીને માંગીને આહાર-પાણી કરતા. ઘણા દિવસ સુધી ઉપવાસ કરતા. કોઈને દુઃખ દેતા નહિ અને કોઈ અપમાન કરે તો હસતે મોઢે સહન કરી લેતા હતા. તેઓને સંયમજીવન દરમ્યાન દેવ, મનુષ્ય અને તિર્યંચ પ્રાણીઓએ ખૂબ જ હેરાન કર્યા અને તકલીફો આપી.

❑ ❑ ❑

એક વખતની વાત છે, તેઓ જંગલમાં ચાલ્યા જતા હતા. રસ્તામાં લોકોએ કહ્યું, "આપ આ તરફ ન જશો ! ત્યાં એક બહુ ભયંકર અને ઝેરી નાગ રહે છે. તેની નજરના ઝેર માત્રથી મનુષ્ય, પશુ, પક્ષી તરત જ મરી જાય છે."

ભગવાન મહાવીર તો મોતથી ડરતા ન હતા. તેઓ તો તે નાગના રાફડા તરફ ચાલવા લાગ્યા. નાગ તેમને આવતાં જોઈને ખૂબ જ ક્રોધમાં આવી ગયો. તે નાગ ભગવાનના પગ ફરતે વીંટળાઈ ગયો અને તેમને ભીંસ દીધી. ક્રોધથી ફૂંફાડા મારવા લાગ્યો અને પગના અંગૂઠે જોરથી ડંખ માર્યો. પણ ભગવાન તો જરા પણ ન હાલ્યા કે ન ચાલ્યા. તેમના પગમાંથી દૂધની ધારા વહેવા લાગી. તેઓ તો સમતાભાવે ત્યાં અડગ ઊભા રહ્યા.

આ જોઈ નાગ અટકી ગયો અને વિચારવા લાગ્યો, 'આ તો કોઈ દેવ છે કે માણસ ? તેણે ભગવાનની આંખોમાં પોતાની આંખો પરોવીને જોયું તો ભગવાનની આંખમાં તો અમૃત ભરેલું હતું. તેઓ કરુણાસભર આંખે તેને જોઈ રહ્યા હતા. નાગ શાંત બની ગયો, એને થયું કે 'મેં જેના ઉપર ઝેર ફેંક્યું તેઓ તો મારા પર અમૃત વરસાવે છે !'

મહાવીરે હવે તેને શાંત થયેલો જોઈને ઉપદેશ આપ્યો, "ઓ નાગ ! બુજ્ઝ ! બુજ્ઝ ! બોધને પામ. તું પણ અમૃતનો દરિયો છે. તું તારા પૂર્વભવનો વિચાર કર. તેં મનુષ્યના ભવમાં ક્રોધ કર્યો, તેથી તું આજે આ નાગનો જન્મ પામ્યો છે. માટે હવે તું સમજ અને ક્રોધ કરવાનું છોડી દે."

ભગવાનના ઉપદેશની તેના ઉપર જાદુઈ અસર થઈ. નાગને પોતાનો પૂર્વભવ યાદ આવ્યો અને હવે ક્રોધ ન કરવાનો નિર્ણય કર્યો. તેણે કોઈને ડંસ ન માર્યો. ક્રોધ ન કર્યો, કોઈ પથરો મારે તો સહન કરતો. કીડીઓ કરડે તો પણ ક્ષમા ધારણ કરતો. આહાર-પાણીનો ત્યાગ કર્યો અને પોતાનું મોઢું દરમાં રાખીને રહેતો અને મૃત્યુ પામીને દેવ થયો.

ભગવાનનો સંગ થવાથી સાપ પણ પોતાનો ભવ તરી ગયો. જ્યાં માણસને સુધારવો મુશ્કેલ છે, પણ આ તો સાપ સુધરી ગયો ! અહો આશ્ચર્ય !

૭૨ વર્ષની ઉંમરે આસો વદ અમાસ(દિવાળી)ના દિવસે ભગવાન મહાવીર સ્વામી મોક્ષ પધાર્યા. ભગવાન મહાવીરનું શાસન જયવંતુ વર્તો. બોલો ભગવાન મહાવીર સ્વામીની જય હો.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) મહાવીરનું નામ વર્ધમાન શાથી પડ્યું ? (૨) ભગવાન મહાવીરે કેટલામા વર્ષે દીક્ષા લીધી ? (૩) ભગવાન મહાવીરે નાગને શો ઉપદેશ આપ્યો ? (૪) નાગ મૃત્યુ પામીને ક્યાં ઉત્પન્ન થયો ? (૫) અત્યારે કોનું શાસન ચાલે છે ? (૬) બાળ વર્ધમાને દેવને કેવી રીતે નમાવ્યો ? (૭) ભગવાન મહાવીરના મોટાભાઈ, બહેન, પુત્રી અને પત્નીનાં નામ લખો. (૮) નાગે શું વિચાર કર્યો ? (૯) મહાવીર નામ કેવી રીતે પડ્યું ? (૧૦) દેવે વર્ધમાનને ડરાવવા શું કર્યું ?

# કથા ૨ : અમરકુમાર

મગધના રાજા શ્રેણિક ચિત્રશાળા બંધાવતા હતા. તેનો દરવાજો પૂરો ચણાય તે પહેલાં જ તૂટી જતો હતો. કોઈકે રાજાને સલાહ આપી કે 'બત્રીસ લક્ષણવાળા બાળકનું બલિદાન દેવાય તો જ દરવાજો પૂરો ચણી શકાશે.' શ્રેણિક રાજા તે

વખતે ભગવાન મહાવીરના શ્રાવક થયા ન હતા. તેમણે તે વાત માની લીધી. પણ પ્રજા પાસેથી પરાણે બાળક કેમ લેવાય ? તેથી તેમણે ઢંઢેરો પિટાવ્યો કે 'જે કોઈ પોતાનો બત્રીસ લક્ષણો બાળક રાજાને આપશે તેને બાળકના વજન જેટલા સોનૈયા મળશે.'

તેમના જ નગરમાં અમરકુમાર નામે એક ૩૨ લક્ષણો બાળક હતો. તેનું રૂપ ઘણું જ સુંદર અને આકર્ષણ ઉપજાવે તેવું હતું. વાણીમાં મીઠાશ હોવાથી તેના પર વહાલ ઉત્પન્ન થાય તેવું હતું. તેના ગરીબ પિતા ઋષભદત્ત બ્રાહ્મણને તેના ઉપર ઘણો પ્રેમ હતો. 'પિતાજી મારે આ વસ્તુ જોઈએ, તે વસ્તુ જોઈએ' તેવી માગણીઓ અને લાડ અમરકુમાર તેના પિતા પાસે કરતો. પરંતુ તેની માતાને તેના પર ખૂબ અણગમો હતો.

અમરકુમારની માતાએ રાજાનો ઢંઢેરો સાંભળ્યો. જેના ઘરમાં ખાવાના સાંસા હોય અને કોઈ પ્રત્યે અણગમો હોય તેને કુવિચાર ઉત્પન્ન થાય. તેવી રીતે અમરકુમારની માતાને કુવિચાર આવ્યો, 'આ તક સારી છે, અમરકુમારનો કાંટો કાઢી નાંખવાની ! જો તેને રાજાને આપી દઈએ તો ગરીબી અને બલા બંને એક સાથે ટળી જાય !'

ઋષભદત્ત ઘરમાં ખાવાની સામગ્રી ન હોવાથી ભોજનની ચિંતા કરતો બેઠો હતો. તેનું સુકાઈ ગયેલું શરીર તેની ગરીબીની ચાડી ખાતું હતું. તેની પત્નીએ ત્યાં આવીને તેને કહ્યું, "તમે ઢંઢેરો સાંભળ્યો ?" વાતમાં કોઈ રસ ન હોય તેમ તેણે ટૂંકમાં જણાવ્યું, "હા." બ્રાહ્મણી બોલી, "તો પછી કેમ ઊઠતા નથી ? આ ભૂખનું દુઃખ તો કેમેય સહન થતું નથી." ઋષભદત્ત કંટાળા સાથે બોલ્યો, "સોનૈયા તો બત્રીસ લક્ષણા પુત્રના બદલામાં મળવાના છે, ફોગટમાં નહિ." બ્રાહ્મણ સમજ્યા નથી તેમ જણાતાં બ્રાહ્મણીએ પોતાનો પાપી વિચાર પ્રગટ કર્યો, "આપણો અમરિયો છે ને ! તેને આપી દઈએ, બદલામાં સારા પૈસા મળશે." બ્રાહ્મણને સાંભળીને આંચકો લાગ્યો. તે વિચારવા લાગ્યો, 'દીકરા જેવો દીકરો કેમ દઈ દેવાય ?'

ભૂખનાં દુઃખ આગળ તો ભલભલા ઓગળી જાય છે અને આ તો એક ગરીબ બ્રાહ્મણ હતો. તે પણ ભૂખ અને દુઃખથી કંટાળી ગયો હતો. અંતે મન મનાવીને તેણે બ્રાહ્મણીની વાત માની લીધી. ઋષભદત્તે પોતાના વહાલસોયા બાળકને રાજાને સોંપી દીધો અમરકુમાર ખૂબ રડ્યો, કરગર્યો, પણ માતાપિતા માન્યાં નહિ. અમરકુમારના બદલામાં સોનૈયા મેળવ્યા.

લોકો તેમની ટીકા કરવા લાગ્યા : 'આ તે માતાપિતા છે કે જીવતા રાક્ષસ ? ધનની ખાતર કોઈ આવા સુંદર પુત્રની બલિ ચડાવી દે, રાજાને સોંપી

દે ? ધિક્કાર છે તેમને !' ચિત્રશાળામાં અમરકુમારની બલિ દેવાની તૈયારી થઈ રહી હતી. અગ્નિની ભડભડતી જ્વાળાઓ નીકળે છે. લોકો ભેગા થઈને વાતો કરે છે, 'આ તો કેવો અનર્થ છે ? રાજામાં દયા નથી ?' રાજાને કહેવાની કોઈનામાં હિંમત નથી, પણ મનમાં ખૂબ દુઃખી થાય છે. તો વળી કોઈ નિર્દય માણસો માતાપિતાનો પક્ષ લઈને ખુશ થાય છે ! કેવો વિચિત્ર સંસાર ? કોઈને જે વાતનું દુઃખ છે તે જ બીજા માટે ખુશીનું કારણ છે !

રાજસેવકો અમરકુમારને લઈને ચિત્રશાળામાં હાજર થયા. અમરકુમારની આંખો તો રડી રડીને સૂઝી ગઈ હતી. પણ હવે તો તે રડે કે ના રડે બધું સરખું જ હતું. જ્યાં માતાપિતા જ દુશ્મન બની ગયા હતા. ત્યાં બીજું કોણ સહાય કરે ? મરવા સિવાય કોઈ ઉપાય દેખાતો ન હતો.

અમરકુમાર સ્વસ્થ થવાનો પ્રયત્ન કરવા લાગ્યો. વિચાર કરતાં કરતાં અચાનક તેને કોઈ જૈન મુનિએ શિખડાવેલો **નવકાર મંત્ર** યાદ આવ્યો. આ તો જાણે ડૂબતાને નાવડી મળી ! બેસહારાને સહારો મળ્યો ! તેને ભારે આનંદ થઈ ગયો. મનને મજબૂત કરી, એકાગ્રચિત્તે તેણે અતૂટ શ્રદ્ધા અને ભક્તિ સાથે નવકારનું રટણ કર્યું. **'નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહૂણં.'** એમ રટણ કરતાં અમરકુમાર શીતળ અને સુગંધી પાણીના હોજમાં પ્રવેશતો હોય તેમ આગમાં પ્રવેશી ગયો.

અચાનક રાજા શ્રેણિક ચક્કર ખાઈને નીચે જમીન પર બેહોશ પડી ગયા. મંત્રી તેમને શુદ્ધિમાં લાવવા ઉપાય કરવા લાગ્યા. વૈદો પણ આવી ઉપચાર કરવા લાગ્યા, પણ તેથી કાંઈ જ ફરક ન પડ્યો. સૌના મનમાં થયું કે 'નક્કી અમરકુમારને દુઃખ દીધું તેનો બદલો મળ્યો છે.'

અમરકુમાર તો ખડકાયેલી ચિતામાં કોઈ યોગીની જેમ નવકાર ગણતો, ધ્યાન ધરીને બેઠો હતો. સૌને થયું કે 'આ બાળકમાં ઘણી શક્તિ છે.' આ તરફ સળગાવેલી ચિતા શાંત થઈ ગઈ, પણ અમરકુમારને ઊની આંચ પણ ન આવી. સૌ તેનાં ચરણોમાં પડી રાજાને શુદ્ધિમાં લાવવા માટે વિનંતી કરવા લાગ્યા. અમરકુમારે લોકોને કહ્યું, "મને રાજા પર જરા પણ ક્રોધ નથી આવ્યો અને મેં રાજાનું ખરાબ પણ ઈચ્છ્યું નથી. મારાથી બને તો રાજાને સાજા કરવા હું પ્રયત્ન કરું છું.' એમ કહી તેમણે નવકાર બોલીને રાજા પર પાણી છાંટ્યું. રાજાને શુદ્ધિ આવવા માંડી અને તે તરત આળસ મરડીને બેઠો થયો. લોકો અમરકુમારના વખાણ કરવા લાગ્યા. શ્રેણિક રાજાએ તેને વહાલથી છાતી સાથે લગાવ્યો અને કહ્યું, "હે વત્સ ! મને માફ કર. તું માંગે તે હું તને આપીશ."

અમરકુમારે કહ્યું, "હે રાજન્, મારે કાંઈ જોઈતું નથી. મારી પાસે તો મારો નવકાર મંત્ર છે, તે શ્રેષ્ઠ છે. સંસારનાં બધાં દુઃખોનો નાશ કરીને અનંત સુખ આપવાની તેમાં શક્તિ છે." તેને થયું કે 'સંસાર આખો સ્વાર્થનો સગો છે. અરે, ખુદ માતાપિતા પણ !' આવા સંસારની અસારતા જાણી તે અમરકુમારે વૈરાગ્ય સાથે દીક્ષા લીધી અને સર્વ દુઃખોનો અંત કર્યો.

ધન્ય છે અમરકુમારની દઢતાને... ધન્ય છે તેની શ્રદ્ધાને...

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) શ્રેણિક રાજાનો ઢંઢેરો લખો. (૨) અમરકુમાર કયાં કારણોથી જૈન ધર્મના ઈતિહાસમાં અમર થઈ ગયા ? (૩) મૂર્છા વળ્યા પછી રાજાએ અમરકુમારને શું માંગવાનું કહ્યું ? અમરકુમારે શું જવાબ આપ્યો ?

## કથા ૩ : અતિમુક્ત કુમાર

પોલાસપુર નગરના રાજા વિજયસેનને રાણી શ્રીદેવી દ્વારા અતિમુક્ત કુમારનો જન્મ થયો. બાલકુમાર લગભગ સાત વરસના હતા અને બાળકો સાથે રમી રહ્યા હતા. તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પોલાસપુર પધાર્યા અને શ્રીવન ઉદ્યાનમાં બિરાજમાન થયા. તેમના સુશિષ્ય ગણધર શ્રી ગૌતમ સ્વામી છટ્ઠના પારણા માટે ગોચરી લેવા માટે નગરમાં ગયા.

તેઓ જ્યાં રાજકુમાર અતિમુક્ત કુમાર આદિ રમી રહેલ હતા, તે 'ઈન્દ્રસ્થાન' નામે જગ્યા પાસેથી પસાર થયા. અતિમુક્ત કુમારની દૃષ્ટિ ગણધર ગૌતમ પર પડી અને તેમના તરફ આકર્ષિત થયા અને પાસે આવીને પ્રશ્ન પૂછ્યો,

"મહાત્મન્ ! આપ કોણ છો ? અને કયા કારણથી આપ કઈ તરફ જઈ રહ્યા છો ?"

ગૌતમ ગણધરે કહ્યું, "દેવાનુપ્રિય, હું જૈન સાધુ છું. આત્મકલ્યાણ કરવા માટે મેં દીક્ષા ગ્રહણ કરી છે. અહિંસા આદિ પાંચ મહાવ્રત, ત્રણ ગુપ્તિ, રાત્રિભોજન ત્યાગ આદિ નિયમની હું આરાધના કરું છું અને છટ્ઠના પારણે છટ્ઠ (બે ઉપવાસના પારણે બે ઉપવાસ) કરી પારણા કરું છું. આજે મારા છટ્ઠ ઉપવાસનું પારણું છે, તેથી નગરમાં ગોચરી લેવા જાઉં છું."

"ચાલો હું તમને ગોચરી વહોરાવવા આવું છું." કહીને બાળ રાજકુમારે ગણધર ગૌતમની આંગળી પકડી લીધી અને ચાલવા લાગ્યા. ગૌતમ સ્વામીને

લઈને તે રાજમહેલમાં આવ્યા. રાણી શ્રીદેવી ગૌતમ ગણધરને જોઈને આનંદિત થઈ અને આસન પરથી ઊઠીને તેમનું સ્વાગત કર્યું. ગૌતમ ગણધરને વંદન નમસ્કાર કર્યા, આહાર-પાણી વહોરાવ્યા અને આદર સહિત સાત-આઠ ડગલાં તેમની પાછળ ગયાં.

બાળ અતિમુક્તે ગણધર ગૌતમ સ્વામીને પૂછ્યું, "મહાત્મન્ ! આપનું ઘર ક્યાં છે અને આપ ક્યાં રહો છો ?"

"દેવાનુપ્રિય, મારા ધર્મગુરુ ભગવાન મહાવીર સ્વામી આ નગરની બહાર શ્રીવન ઉદ્યાનમાં બિરાજે છે, ત્યાં હું રહું છું." ગૌતમ સ્વામીએ કહ્યું.

"હું પણ આપની સાથે ભગવાનને વંદન કરવા આવું છું."

"જેવી તમારી ઈચ્છા" ગૌતમ સ્વામીએ કહ્યું.

ભગવાન પાસે પહોંચીને અતિમુક્તે વંદન કર્યા. ભગવાને તેમને ધર્મોપદેશ આપ્યો, જેનાથી તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો. અતિમુક્ત કુમારે ભગવાને કહ્યું, "આપનો ઉપદેશ સાંભળીને મને શ્રદ્ધા જાગી અને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે તેથી મારાં માતાપિતાની આજ્ઞા લઈને હું તમારી પાસે દીક્ષા લેવા માંગું છું." ભગવાને તેને દીક્ષા યોગ્ય જાણીને કહ્યું, "તમને જેમ સુખ ઊપજે એમ કરો. આત્મ કલ્યાણ કરવામાં મોડું ન કરો."

રાજકુમાર અતિમુક્ત માતાપિતા પાસે આવીને કહેવા લાગ્યા, "આપની આજ્ઞા હોય તો હું શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે દીક્ષા લઈ તેમના શિષ્ય બની ધર્મની આરાધના કરું."

માતાપિતાએ વિસ્મય પામીને કહ્યું, "અરે પુત્ર, તમે તો હજુ નાના છો ! તમને દીક્ષા અને સંયમ એટલે શું તે ન સમજાય. તમને ધર્મમાં શું સમજાય છે ?"

રાજકુમાર અતિમુક્તે કહ્યું, "માતા ! હું બાળક છું, પરંતુ જે વસ્તુ જાણું છું તે નથી જાણતો અને જે નથી જાણતો તે જાણું છું."

રાજકુમાર અતિમુક્તની ગૂઢ વાત પર આશ્ચર્ય થઈ માતાપિતાએ પૂછ્યું, "શું કહ્યું ? પુત્ર સ્પષ્ટ કરો. અમને તમારી વાત ન સમજાઈ."

રાજકુમાર અતિમુક્તે કહ્યું, "હું એ જાણું છું કે જેણે જન્મ લીધો છે તે અવશ્ય મરશે પરંતુ હું એ નથી જાણતો કે ક્યાં, કેવી રીતે અને ક્યારે મૃત્યુ થશે. હું એ નથી જાણતો કે જીવ કયાં કર્મોથી નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં ઉત્પન્ન થાય છે. પરંતુ એટલું અવશ્ય જાણું છું કે જીવ

પોતાનાં કર્મોથી જ ચાર ગતિમાં ઉત્પન્ન થાય છે.'' પુત્રની આવી બુદ્ધિ અને વૈરાગ્યપૂર્ણ વાત સાંભળીને માતાપિતા આશ્ચર્ય ચકિત થઈ ગયાં.

તેમણે રાજકુમાર અતિમુક્તને સંયમની કઠોર સાધના અને તેમાં આવતાં વિઘ્ન અને પરિષહ આદિનું વર્ણન કર્યું તથા તે કષ્ટો સહન કરવા કઠિન છે તે સમજાવ્યું. લોખંડના ચણા ચાવવા જેવું અઘરું કામ છે. આમ અનેક પ્રકારે સમજાવીને તેને રોકવાનો પ્રયત્ન કર્યો. પરંતુ પુત્રની દૃઢતા સામે તેમનું કાંઈ ન ચાલ્યું અને દીક્ષાની આજ્ઞા આપી. રાજકુમાર અતિમુક્તની તુરંત દીક્ષા થઈ ગઈ.

એકવાર ચોમાસામાં અતિમુક્ત મુનિ સ્થવીર મુનિઓ સાથે શરીરના કામ માટે બહાર ગયા હતા. ત્યારે તેમણે એક નાનકડું પાણીનું ઝરણું વહેતું જોયું. બાળસહજ ચેષ્ટાથી તેમણે માટીની પાળી બાંધી અને પાણીને રોકી લીધું તથા તેમાં પોતાનું પાત્રું પાણીમાં તરતું છોડી દીધું. 'મારી હોડી પાણીમાં તરે છે, મારી હોડી પાણીમાં તરે છે' એમ બોલવા લાગ્યા.

બાળ સાધકનું આ કામ વડીલ સંતોને પસંદ ન પડ્યું. તેઓ ચૂપચાપ પોતાના સ્થાને પાછા આવ્યા અને ભગવાન મહાવીરને પાત્રું પાણીમાં તરાવાની વાત કરી. ભગવાને તે સાધુઓને કહ્યું, "અતિમુક્ત મુનિ આ ભવમાં મોક્ષ જવાના છે. તમે તેમની હિલના, નિંદા તથા ઉપેક્ષા ન કરો. તમે તેમનો સ્વીકાર કરીને તેમને સાચું શિક્ષણ અને ગોચરી-પાણી આપીને સેવા કરો."

ભગવાનની આજ્ઞા સ્વીકાર કરીને વડીલ સાધુઓ અતિમુક્ત મુનિની સેવા કરવા લાગ્યા. અતિમુક્ત અણગારે ત્યારબાદ ૧૧ અંગસૂત્રોનું (શાસ્ત્રોનું) અધ્યયન કર્યું. ગુણરત્ન તપ, સંવત્સર તપ તથા અનેક પ્રકારનાં તપ કર્યાં અને સર્વ કર્મોનો નાશ કરી મોક્ષમાં ગયા.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) ગૌતમ સ્વામીના ગુરુ કોણ હતા ? (૨) અતિમુક્ત કુમારના પિતાનું અને ગામનું નામ લખો. (૩) માતાને બાળકે ધર્મ વિશે પૂછ્યું ત્યારે શું જવાબ આપ્યો ? (૪) અતિમુક્તમુનિએ શું વર્તન કર્યું, જે વડીલોને પસંદ ન આવ્યું ?

# કાવ્ય વિભાગ

## કાવ્ય ૧ : મહાવીરનાં સંતાન

મહાવીરનાં સંતાન છે, ભાઈ મહાવીરના સંતાન છે,
દેવ અમારા અરિહંતોને, ગુરુ અમારા નિર્ગ્રન્થો,
ધર્મ દયા પ્રધાન છે, ભાઈ મહાવીરનાં સંતાન છે...૧

શ્રદ્ધા ભરી છે અંતરમાં ને રંગ લાગ્યો છે રગરગમાં,
નવ તત્ત્વોનું જ્ઞાન છે, ભાઈ મહાવીરનાં સંતાન છે...૨

જન્મ્યા છે તો ધર્મને માટે, જીવવું છે તો ધર્મને માટે,
ધર્મ માટે બલિદાન છે, ભાઈ મહાવીરનાં સંતાન છે...૩

જીવવું છે તો ધર્મને માટે, મરવું છે તો ધર્મને માટે,
તન મન ધન કુરબાન છે, ભાઈ મહાવીરના સંતાન છે...૪

## કાવ્ય ૨ : સકલ મંગલ

સકલ મંગલ મહીં મંગલ, પ્રથમ મંગલ ગણું જેને,
પ્રભુ તે પંચપરમેષ્ઠી, નમું છું ભાવથી તેને... ૧

અરિહંતો જિનેશ્વર જે, જીતીને રાગ દ્વેષોને,
વર્યા છે જ્ઞાન કેવળને, નમું છું ભાવથી તેને... ૨

વળી છે સિદ્ધ પરમાત્મા, કરીને ભસ્મ કર્મોને,
બિરાજે મુક્તિપદમાં જે, નમું છું ભાવથી તેને... ૩

ધરી ચારિત્ર આચાર્યો, ધરાવે ભવ્ય જીવોને,
વિદારે કર્મના મળને, નમું છું ભાવથી તેને... ૪

ભણાવે જે ઉપાધ્યાયો, સકળ સિદ્ધાંત સમજીને,
રમે છે જ્ઞાનના દાને, નમું છું ભાવથી તેને... ૫

અખિલ લોકે મુનિરાજો, જગતના મોહ મારીને,
ગુંથાયા આત્મ શુદ્ધિમાં, નમું છું ભાવથી તેને... ૬

અમારી આત્મ શુદ્ધિનો, વહાલો મંત્ર બોલીને,
હવે લેવા અમરપદને, નમું છું ભાવથી તેને... ૭

## કાવ્ય ૩. નાનાં નાનાં ભૂલકાં

નાનાં નાનાં ભૂલકાં, જાણે ગુલાબ ફૂલડાં,
ચાલો આપણે જઈએ, મહાવીરના શાસનમાં...

આપણે બનવું મહાવીર, આપણે બનવું ગૌતમ,
જંબૂ જેવા થઈએ, મહાવીરનાં શાસનમાં...

ચંદનબાળા બનીએ, મૃગાવતી બનીએ,
સીતા જેવાં થઈએ, મહાવીરનાં શાસનમાં...

જૂઠું નહિ બોલીએ, ચોરી નહિ કરીએ,
ટી.વી.થી. દૂર રહીએ, મહાવીરનાં શાસનમાં...

વહેલા ઊઠી જઈએ, નવકાર મંત્ર ગણીએ,
જય જિનેન્દ્ર બોલીએ, મહાવીરના શાસનમાં...

હસતાં-રમતાં રહીએ, ગુસ્સો નહિ કરીએ,
સંપ સેવા સાધીએ, મહાવીરનાં શાસનમાં...

મોટા જ્યારે થઈએ, શાસનને ઝળકાવીએ,
જલદી મુક્તિ વરીએ, મહાવીરનાં શાસનમાં...

卐

**॥ પહેલી શ્રેણી અભ્યાસક્રમ સમાપ્ત ॥**

# અભ્યાસક્રમ : શ્રેણી ૨


| સૂત્ર વિભાગ | માર્ક-૬૦ | પૃષ્ઠ |
| --- | --- | --- |
| ૧. સામાયિક સંપૂર્ણ વિધિ અર્થ અને ૩૨ દોષ સહિત (માર્ક-૨૦) | | - |
| ૨. સામાયિક પાઠ ૩ થી ૮ના પ્રશ્નોત્તર (માર્ક-૧૫) | | ૩૬ |
| ૩. પ્રતિક્રમણ ૧૨ વ્રત સુધી વિધિ સહિત (માર્ક-૨૫) | | - |
| **સંસ્કાર વિભાગ** | **માર્ક-૨૦** | |
| ૧. પૂ. સાધુ-સાધ્વીજી પાસે આદર્શ વ્યવહાર | | ૪૪ |
| ૨. શું કાયમ ન ટકે ? | | ૪૫ |
| ૩. કોણ શરણ આપે ? | | ૪૫ |
| ૪. મારું કોણ ? | | ૪૬ |
| ૫. રોજ રોજ વિચારો | | ૪૭ |
| ૬. જ્ઞાનવૃદ્ધિના ૧૧ બોલ | | ૪૮ |
| ૭. મારું આત્મ સ્વરૂપ - અરૂપી અને અમર | | ૪૮ |
| **કથા વિભાગ** | **માર્ક-૧૦** | |
| ૧. પાર્શ્વનાથ ભગવાનની અનુકંપા | | ૫૦ |
| ૨. સતી ચંદનબાળા | | ૫૨ |
| ૩. સેવાભાવી નંદીષેણમુનિ | | ૫૫ |
| **કાવ્ય વિભાગ** | **માર્ક-૧૦** | |
| ૧. ઓ પ્રભુ ! તારા ચરણકમલમાં... | | ૫૯ |
| ૨. ઉપકાર કર્યા મુજ પર...! | | ૫૯ |
| ૩. હે પરમાત્મા...! | | ૬૦ |
| ૪. પંચ પરમેષ્ઠી છે સાર...! | | ૬૦ |
| **કુલ ગુણ** | **૧૦૦** | |

# સૂત્ર વિભાગ

## સામાયિકના પાઠ ૩ થી ૮ના પ્રશ્નોત્તર

### પાઠ ૩ : ઇરિયાવહિયં સૂત્ર

**પ્ર-૧ : સામાયિકના ત્રીજા પાઠનું નામ શું છે ?**

ઉ-૧ : ઈરિયાવહિયં સૂત્ર અથવા આલોચના સૂત્ર

**પ્ર-૨ : આ પાઠને આલોચના સૂત્ર શા માટે કહે છે ?**

ઉ-૨ : આ પાઠથી રસ્તામાં જતાં-આવતાં થતી વિરાધનાની માફી માંગવામાં આવે છે, તેથી તે આલોચના સૂત્ર કહેવાય છે.

**પ્ર-૩ : આ પાઠ આપણને શું શીખવે છે ?**

ઉ-૩ : આ પાઠ આપણને નીચે જોઈને ચાલવાનું, જીવોની દયા પાળવાનું શીખવે છે.

**પ્ર-૪ : વિરાધના કોને કહે છે ?**

ઉ-૪ : વિરાધના એટલે જીવોની હિંસા.

**પ્ર-૫ : વિરાધના કયા કયા જીવોની થઈ શકે છે ?**

ઉ-૫ : વિરાધના, એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય એમ પાંચ પ્રકારના જીવોની થઈ શકે છે.

**પ્ર-૬ : વિરાધનાના પ્રકાર કેટલા અને કયા કયા ?**

ઉ-૬ : વિરાધનાના ૧૦ પ્રકાર છે. અભિહયા... થી... જીવિયાઓ વવરોવિયા સુધી આ દસ પ્રકારની ક્રિયા દ્વારા વિરાધના થાય છે.

---

ઈરિયાવહી ક્યારે કરવાની હોય છે ? (પ્રશ્ન પુછાશે નહિ, સમજણ માટે) : (૧) સામાયિક બાંધવાની શરૂઆતમાં (૨) સામાયિક, પૌષધ-આદિ વ્રત દરમિયાન લઘુનીત કે વડીનીત વિ. પરઠ્યા બાદ. (૩) સામાયિક, પૌષધ આદિ વ્રત દરમ્યાન સૂઈને ઊઠ્યા બાદ. (૪) સામાયિક, દશમું વ્રત આદિ વ્રત દરમ્યાન ગોચરી જઈને આવ્યા બાદ. (૫) સામાયિક, પૌષધ આદિ વ્રત દરમ્યાન કપડાં આદિ ઉપધિનું પ્રતિલેખન કર્યા બાદ. (૬) વ્રતમાં એક સ્થાનેથી બીજા સ્થાને જાય ત્યારે. (૭) સામાયિક વ્રત બાંધ્યાને ૨૪ મિનિટ થઈ ગયા પછી, પ્રતિક્રમણ કરવું હોય તે વખતે. (૮) સંવત્સરીને દિવસે આલોચના સાંભળવાનું શરૂઆતમાં ક્ષેત્ર વિશુદ્ધિ કરતી વખતે ઈરિયાવહિયાનો કાઉસ્સગ્ગ કરવામાં આવે છે.

**પ્ર-૭ : વિરાધનાથી કેવી રીતે બચી શકાય છે ?**

**ઉ-૭ :** દરેક કામ જીવહિંસા ન થાય કે ઓછી થાય એવા વિચારથી જતનાપૂર્વક (ધ્યાનથી) કરવાથી જીવોની વિરાધનાથી બચી શકાય છે. છતાં પણ વિરાધના થઈ જાય તો પાપથી બચવા માટે ઈરિયાવહિયા કરવામાં આવે છે.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય એટલે શું ? (૨) તમારે આંખ જોઈએ કે કાન ? શા માટે ? (૩) માખીને કેટલી ઈન્દ્રિય હોય ? કઈ કઈ ? (૪) તમને કેટલી ઈન્દ્રિય છે ? (૫) જેને નાક ન હોય તેને કેટલી ઈન્દ્રિયવાળા કહેવાય ?

# પાઠ ૪ : ઉત્તરીકરણ સૂત્ર

**પ્ર-૧ : સામાયિકનો ચોથો પાઠ શા માટે છે ?**

**ઉ-૧ :** સામાયિકનો ચોથો પાઠ આત્માની વિશેષ શુદ્ધિ કરવા માટે અને કાઉસ્સગ્ગના આગારો જાણવા માટેનો છે.

**પ્ર-૨ : પ્રાયશ્ચિત્ત એટલે શું ?**

**ઉ-૨ :** જેનાથી પાપનો નાશ થાય અથવા ચિત્તની અને વ્રતની વિશુદ્ધિ થાય, તેને પ્રાયશ્ચિત્ત કહે છે.

**પ્ર-૩ : શલ્ય એટલે શું ? તે કેટલાં છે ?**

**ઉ-૩ :** શલ્ય એટલે કાંટો, જેનાથી પીડા (દુઃખ) થાય. તે ત્રણ છે : (૧) માયા (૨) નિદાન (૩) મિથ્યાત્વ

**પ્ર-૪ : આગાર એટલે શું ? કાઉસ્સગ્ગના આગાર કેટલા અને કયા છે ?**

**ઉ-૪ :** આગાર એટલે છૂટ. કાઉસ્સગ્ગના આગાર ૧૨ છે. તે આ પાઠના 'ઊસસિએણં... થી... સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં' સુધીના શબ્દો દ્વારા બતાવેલ છે. (કોઈક ૧૩ આગાર માને છે.)

**પ્ર-૫ : કાઉસ્સગ્ગ એટલે શું ?**

**ઉ-૫ :** કાઉસ્સગ્ગ એટલે શરીરને સ્થિર રાખવું અને શરીરના રાગનો ત્યાગ કરવો.

**પ્ર-૬ : અભગ્ગો એટલે શું ?**

**ઉ-૬ :** અભગ્ગો એટલે આગારોનું સેવન થાય તો પણ કાઉસ્સગ્ગ છૂટી જતો નથી.

**પ્ર-૭ : અવિરાહિઓ એટલે શું ?**

**ઉ-૭ :** અવિરાહિઓ એટલે આગારોનાં સેવનથી ભગવાનની આજ્ઞાની વિરાધના થતી નથી.

**પ્ર-૮ : કાઉસ્સગ્ગ કયો શબ્દ બોલીને પારવામાં આવે છે ?**

**ઉ-૮ :** કાઉસ્સગ્ગ 'નમો અરિહંતાણ' શબ્દ બોલીને પારવામાં આવે છે

**પ્ર-૯ : પાવાણં કમ્માણં એટલે શું ? તે કેટલા છે ?**

**ઉ-૯ :** પાવાણં એટલે પાપ, તે ૧૮ છે. કમ્માણં એટલે કર્મ, તે ૮ છે.

**પ્ર-૧૦ : કાઉસ્સગ્ગની વિધિ તથા ફળ દર્શાવો.**

**ઉ-૧૦ :** કાઉસ્સગ્ગ પલાંઠી વાળીને બેસીને અથવા ઊભા રહીને બે હાથ નીચે રાખી, બંને આંખોને અર્ધખુલ્લી રાખી એક પદાર્થ ઉપર દૃષ્ટિ સ્થિર કરીને કરાય છે.

**કાઉસ્સગ્ગનું ફળ :** (૧) આત્મા પાપકર્મના બોજથી હળવો થાય છે. (૨) શુભ ધ્યાનવાળો થાય છે તથા (૩) સુખ સમાધિમાં રહે છે.

**પ્ર-૧૧ : કાઉસ્સગ્ગ શા માટે કરવામાં આવે છે ?**

**ઉ-૧૧ :** (૧) પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે, (૨) આત્માને વિશેષ શુદ્ધ કરવા માટે, (૩) પાપ-કર્મોનો નાશ કરવા માટે, (૪) શલ્યોથી રહિત થવા માટે કાઉસ્સગ્ગ કરવામાં આવે છે.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) આ પાઠ શેનો નાશ કરવાનું સૂચવે છે ? (૨) આ પાઠ ક્યારે બોલવામાં આવે છે ? (૩) કાઉસ્સગ્ગની સ્થિતિ કેટલી ?

## પાઠ ૫ : લોગસ્સ સૂત્ર

**પ્ર-૧ : આ પાઠનું બીજું નામ શું છે ?**

**ઉ-૧ :** આ પાઠનું બીજું નામ ચતુર્વિંશતિ સ્તવ અથવા ઉત્કીર્તન સૂત્ર છે.

**પ્ર-૨ : 'ચઉવીસત્થો' સ્તવ શા માટે છે ?**

**ઉ-૨ :** ૨૪ તીર્થંકરોની સ્તુતિ કરવામાં આવી હોવાથી લોગસ્સને ચતુર્વિંશતિ સ્તવ અર્થાત્ ચઉવીસત્થો પણ કહે છે.

**પ્ર-૩ : તીર્થંકરો કોઈ ઉપર પ્રસન્ન થાય છે ?**

**ઉ-૩ :** તીર્થંકરો રાગદ્વેષથી રહિત હોય છે, તેથી કોઈ ઉપર પ્રસન્ન થતાં નથી.

**પ્ર-૪ : 'તિત્થયરા મે પસીયંતુ' એવી પ્રાર્થના શા માટે કરવામાં આવે છે ?**

**ઉ-૪ :** તીર્થંકર જેવા ગુણો આપણામાં પ્રગટ થાય, તેમનો ઉપદેશ અંગીકાર કરવાની ભાવના દૃઢ બને અને તેનાથી આપણે મોક્ષની નજીક જઈએ, તેથી આવી પ્રાર્થના કરવામાં આવે છે.

**પ્ર-૫ : 'કિત્તિય' એટલે શું ?**

**ઉ-૫ :** 'કિત્તિય' એટલે વાણીથી સ્તુતિ કરવી.

**પ્ર-૬ : 'વંદિય' એટલે શું ?**

**ઉ-૬ :** 'વંદિય' એટલે કાયાથી પંચાંગ નમસ્કાર કરવા.

**પ્ર-૭ : 'મહિયા' એટલે શું ?**

**ઉ-૭ :** 'મહિયા' એટલે ભાવથી સ્મરણ કરવું.

**પ્ર-૮ : કીર્તન, વંદન અને સ્મરણથી શું લાભ થાય છે ?**

**ઉ-૮ : કીર્તન, વંદન અને સ્મરણથી** (૧) જ્ઞાન વધે છે. (૨) શ્રદ્ધા વધે છે. (૩) નવાં પાપકર્મોનો બંધ થતો નથી. (૪) પુણ્યનો બંધ થાય છે. (૫) જૂનાં પાપકર્મોનો નાશ થાય છે.

**પ્ર-૯ : તીર્થંકરને શેની ઉપમા આપવામાં આવી છે ?**

**ઉ-૯ :** તીર્થંકરને ચંદ્ર, સૂર્ય અને સાગરની એમ ત્રણ ઉપમા આપવામાં આવી છે.

**પ્ર-૧૦ : તીર્થંકરો સૂર્યથી પણ અધિક પ્રકાશ કરનારા કઈ રીતે ?**

**ઉ-૧૦ :** સૂર્ય તો મર્યાદિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે, જ્યારે તીર્થંકરો પોતાનાં કેવળજ્ઞાનથી બધાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને પ્રકાશિત કરે છે, તેથી તીર્થંકરો સૂર્યથી પણ અધિક પ્રકાશ કરનારા કહેવાય છે.

**પ્ર-૧૧ : લોગસ્સનો પાઠ શાશ્વત (સદા રહે તેવો) છે કે અશાશ્વત ?**

**ઉ-૧૧ :** લોગસ્સનો પાઠ શાશ્વત છે, પરંતુ જે સમયમાં જેટલા તીર્થંકરો થાય તેટલા તીર્થંકરોનાં નામ બદલાય છે.

**પ્ર-૧૨ : લોગસ્સમાં કેટલા તીર્થંકરોનાં બે નામ બતાવવામાં આવ્યાં છે ? કયાં કયાં ?**

**ઉ-૧૨ :** લોગસ્સમાં એક તીર્થંકરનાં બે નામ બતાવ્યાં છે. નવમા શ્રી સુવિધિનાથ સ્વામીનું બીજું નામ પુષ્પદંતપ્રભુ બતાવવામાં આવેલ છે.

**પ્ર-૧૩ : લોગસ્સ દ્વારા ભગવાન પાસે શું માંગવામાં આવે છે ?**

**ઉ-૧૩ :** લોગસ્સ દ્વારા ભગવાન પાસે **(૧) આરુગ્ગ** - આરોગ્ય, આત્મિક શાંતિ, **(૨) બોહિલાભં** - બોધિલાભ - સમકિત, **(૩) સમાહિવર મુત્તમં** - શ્રેષ્ઠ સમાધિભાવ આ ત્રણ વસ્તુ માંગવામાં આવે છે.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) આ પાઠમાં નેમનાથ ભગવાન માટે કયું નામ આપ્યું છે ? (૨) તીર્થંકર શેની સ્થાપના કરે ? (૩) અત્યારે કોઈ તીર્થંકર આપણી પાસે હાજર છે ? (૪) સામાયિકના કયા પાઠથી તીર્થંકર સ્તુતિ થાય છે ?

# પાઠ ૬ : કરેમિ ભંતે ! સૂત્ર

**પ્ર-૧ : સામાયિક કોને કહે છે ?**

**ઉ-૧ :** ૧૮ પાપની વૃત્તિ અને પ્રવૃત્તિ છોડી સમભાવ પ્રાપ્ત કરવો તે સામાયિક છે. બે ઘડી સુધી શાંતિથી એક સ્થાને બેસીને ભગવાનના તથા પોતાના આત્માના ગુણોનું ચિંતન કરવું તથા તે ગુણો પોતાનામાં ખીલવવા પ્રયાસ કરવો તે સામાયિક છે.

**પ્ર-૨: સામાયિકમાં શેનો ત્યાગ કરવામાં આવે છે ?**

**ઉ-૨ :** સામાયિકમાં સાવદ્યયોગનો ત્યાગ કરવામાં આવે છે.

**પ્ર-૩ : સાવદ્યયોગ કોને કહે છે ?**

**ઉ-૩ : ૧૮** પાપની પ્રવૃત્તિને સાવદ્યયોગ કહે છે.

**પ્ર-૪ : બે ઘડી (મુહૂર્ત) કોને કહે છે ?**

**ઉ-૪ :** ૧ ઘડી = ૨૪ મિનિટ. બે ઘડી = ૪૮ મિનિટ = ૧ મુહૂર્ત.

**પ્ર-૫ : કરણ કોને કહે છે ?**

**ઉ-૫ :** કરણ એટલે ક્રિયાનું સાધન અથવા હેતુ. કરણ ત્રણ છે - કરવું, કરાવવું અને અનુમોદવું.

**પ્ર-૬ : યોગ કોને કહે છે ?**

**ઉ-૬ :** યોગ એટલે મન, વચન,અને કાયાનો વ્યાપાર અથવા પ્રવૃત્તિ.

**પ્ર-૭ : કોટિ કોને કહે છે ? તે કેટલી છે ?**

**ઉ-૭ :** કોટિ એટલે પ્રકાર કે મર્યાદા કે છેડો. કરણ અને યોગના ગુણાકારથી કોટિની સંખ્યા મળે છે. જેમ કે ૩ કરણ × ૩ યોગ = ૯ કોટિ થાય છે.

**પ્ર-૮ : સામાયિકનો ઓછામાં ઓછો સમય કેટલો ?**

**ઉ-૮ :** સામાયિકનો ઓછામાં ઓછો સમય બે ઘડીનો છે.

**પ્ર-૯ : સામાયિકમાં કેટલી ઘડી ઉમેરીને વધારે સામાયિક કરી શકાય ?***

**ઉ-૯ :** સામાયિક બે ઘડીની હોય છે, તેમાં બીજી ૨, ૪, ૬, ૮ આદિ ઘડી ઉમેરી શકાય.

**પ્ર-૧૦ : શ્રાવકને કેટલી કોટિએ સામાયિકના પચ્ચક્ખાણ હોય ?**

**ઉ-૧૦** : શ્રાવકને ૬ અથવા ૮ કોટિએ સામાયિકનાં પચ્ચક્ખાણ હોય.

**પ્ર-૧૧ : નિંદામિ અને ગરિહામિ વચ્ચે શું તફાવત છે ?**

**ઉ-૧૧ :** 'નિંદામિ' એટલે આત્મસાક્ષીએ દોષોની આલોચના. 'ગરિહામિ' એટલે ગુરુસાક્ષીએ દોષોની આલોચના.

**પ્ર-૧૨ : સામાયિક કરવાથી શું લાભ થાય છે ?**

**ઉ-૧૨ :** (૧) સાવદ્યયોગોનો ત્યાગ થાય છે. (૨) સમભાવની પ્રાપ્તિ થાય છે. (૩) સર્વ જીવોને અભયદાન મળે છે. (૪) કર્મનિર્જરા થાય છે. શુભ કર્મનો બંધ થાય છે. (૫) સારી ગતિનું આયુષ્ય બંધાય અને અનુક્રમે મોક્ષની પ્રાપ્તિ થાય છે. (૬) બે ઘડી સાધુ જેવું જીવન જીવાય છે અને ધર્મનું વાંચન કરવાનો અવસર પ્રાપ્ત થાય છે.

**પ્ર-૧૩ : સામાયિકમાં કેવી પ્રવૃત્તિ ન કરવી જોઈએ ?**

**ઉ-૧૩ :** (૧) સામાયિકમાં બહેનોએ ભાઈઓને અને ભાઈઓએ બહેનોને અડવું નહિ. (૨) કોઈપણ જીવને દુઃખ થાય તેવું ન કરવું. (૩) સામાયિકના ૩૨ દોષ ટાળીને સામાયિક કરવી. (૫) સામાયિકમાં ખુલ્લે મોઢે બોલવું નહિ. (૬) ઈલેક્ટ્રિક સાધનો કે સ્વિચોને અડવું નહિ કે વાપરવા નહિ, તેમ જ તે ચાલુ - બંધ કરવા માટે કોઈને કહેવું નહિ. આમ સામાયિકમાં કોઈપણ હિંસા થાય તેવી પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ.

**પ્ર-૧૪ : સામાયિકમાં કેવી પ્રવૃત્તિ કરવી જોઈએ ?**

**ઉ-૧૪ :** (૧) ધાર્મિક પુસ્તકોનું વાંચન કરવું. (૨) નવો નવો અભ્યાસ કંઠસ્થ કરવો. (૩) વ્યાખ્યાન સાંભળવું, પ્રાર્થના કરવી, જાપ કરવા, વાંચણી સાંભળવી, ધ્યાન ધરવું, કાઉસ્સગ્ગ કરવો. (૪) આત્મગુણોનું તથા બાર ભાવનાનું ચિંતન કરવું.

---

* (સમજણ માટે - પ્રશ્ન પુછાશે નહિ) બે ઘડીની સામાયિક કરી હોય તેમાં બીજી બે ઘડીની સામાયિક ઉમેરવાની વિધિ શું છે ?

ઉ. (૧) પ્રથમ ત્રણ વંદના તિક્ખુત્તોનો પાઠ બોલીને કરવી. (૨) પછી સામાયિકનો છઠ્ઠો પાઠ બોલવો. તેમા 'કાળ થકી બે ઘડી ઉપરાંત ન પારું ત્યાં સુધી' તે શબ્દોને બદલે 'કાળ થકી ગયો કાળ ભેળવીને બે ઘડીનાં પચ્ચક્ખાણ કર્યાં હતાં તેમા બે ઘડી ઉમેરી કુલ ૪ ઘડી ઉપરાંત ન પારું ત્યાં સુધીના પચ્ચક્ખાણ'. આ પ્રમાણે બોલવું. (૩) ત્રણ નમોત્થુણં બોલી ૩ નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

**પ્ર-૧૫ : સામાયિકમાં સાધુને ગોચરી વહોરાવાય ?**

**ઉ-૧૫ :** જેણે સામાયિક ન કરી હોય તેમની આજ્ઞા લઈને ગોચરી વહોરાવી શકાય.

**પ્ર-૧૬ : સામાયિકમાં સાધુને ગોચરીના ઘર બતાવવા જવાય ?**

**ઉ-૧૬ :** હાથમાં ગુચ્છો લઈને, નીચે જોઈને, ચાલીને પૂ. સંત-સતીજીની સાથે ગોચરીનાં ઘર બતાવવા જઈ શકાય છે. પાછાં આવીને ઈરિયાવહિયાનો કાઉસ્સગ્ગ કરવો જોઈએ.

**પ્ર-૧૭ : જૈન સાધુની સામાયિકને શું કહેવાય ?**

**ઉ-૧૭ :** જૈન સાધુની સામાયિકને **'દીક્ષા'** કહેવાય.

**પ્ર-૧૮ : સામાયિક કરતાં પહેલાં સ્નાન કરવું જરૂરી છે ?**

**ઉ-૧૮ :** કોઈપણ ધાર્મિક ક્રિયા કરતાં પહેલાં સ્નાન કરવું જરૂરી નથી, પરંતુ આત્મ શુદ્ધિ જરૂરી છે.

## પાઠ ૭ : નમોત્થુણં સૂત્ર

**પ્ર-૧ : આ પાઠના કયાં કયાં નામ છે ?**

**ઉ-૧ :** નમોત્થુણંનાં નામ - (૧) શક્રસ્તવ અને (૨) પ્રણિપાત સૂત્ર.

**પ્ર-૨ : શક્રસ્તવ અને પ્રણિપાત સૂત્ર એટલે શું ?**

**ઉ-૨ : શક્રસ્તવ** - શક્રેન્દ્ર આદિ ઈન્દ્રો જિનેશ્વર દેવની સ્તુતિ કરે ત્યારે આ પાઠ બોલે છે, માટે તેને શક્રસ્તવ કહે છે. **પ્રણિપાત સૂત્ર** - પ્રણિપાત એટલે વિશેષ નમસ્કાર.

**પ્ર-૩ : લોગસ્સ અને નમોત્થુણંમાં શું તફાવત છે ?**

**ઉ-૩ :** (૧) લોગસ્સમાં તીર્થંકરોની નામ સ્તુતિ છે, જ્યારે નમોત્થુણંમાં અરિહંત, સિદ્ધની ગુણ સ્તુતિ અને ગુણ સ્મરણ છે. (૨) લોગસ્સ કાવ્યમય (પદ્ય) છે, જ્યારે નમોત્થુણં પાઠમય (ગદ્ય) છે.

**પ્ર-૪ : પહેલું નમોત્થુણં સિદ્ધને શા માટે કરવામાં આવે છે ?**

**ઉ-૪ :** પહેલું નમોત્થુણં સિદ્ધને કરવામાં આવે છે, કારણ કે અરિહંત કરતા સિદ્ધ ભગવાન મોટા છે. સિદ્ધ ભગવાને ૮ કર્મક્ષય કર્યા છે, જ્યારે અરિહંત ભગવાને ૪ ઘાતીકર્મ ક્ષય કર્યા છે અને ૪ અઘાતી કર્મ ક્ષય કરવાના બાકી છે.

**પ્ર-૫ : આ પાઠમાં મોક્ષની વિશેષતા બતાવતા શબ્દો કયા છે ?**

**ઉ-૫ :** 'સિવ, મયલ, મરૂય, મણંત, મક્ખય, મવ્વાબાહ અને મપુણરાવિત્તિ' એ ૭ શબ્દો દ્વારા મોક્ષની વિશેષતા બતાવેલ છે.

**પ્ર-૬ : આપણને તીર્થંકર ભગવાન શું દેનારા છે ?**

**ઉ-૬ :** તીર્થંકર ભગવાન આપણને આઠ દાનના દેનારા છે : (૧) અભયદાન. (૨) જ્ઞાનરૂપી ચક્ષુ, (૩) મોક્ષ માર્ગ, (૪) સર્વ જીવોને શરણ, (૫) સંયમરૂપી જીવન. (૬) બોધિ=સમકિત, (૭) ચારિત્ર ધર્મનું દાન, (૮) ધર્મનો ઉપદેશ.

(જો પ્રશ્નમાં પાઠના શબ્દો પૂછે તો અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, જીવ દયાણં, બોહિ દયાણં ધમ્મ દયાણં અને ધમ્મદેસયાણં આ ૮ શબ્દો લખવા.)

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) નમોત્થુણંમાં તીર્થંકરને કેટલી અને કઈ કઈ ઉપમાઓ આપવામાં આવી છે ? (૨) નમોત્થુણંમાં એકેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવની ઉપમા બતાવતા શબ્દ કયા કયા ? (૩) સિદ્ધની સ્તુતિ કયા પાઠથી થાય ?

## પાઠ ૮ : અતિચાર નિવૃત્તિ સૂત્ર

**પ્ર-૧ : સામાયિકનો આઠમો પાઠ શેના વિશેનો છે ?**

**ઉ-૧ :** સામાયિકમાં જાણતાં કે અજાણતાં લાગેલા દોષોની આલોચના કરી માફી માંગવા વિશેનો છે.

**પ્ર-૨ : પાપનાં પગથિયાં કેટલાં ? કયા કયા ?**

**ઉ-૨ :** પાપનાં પગથિયાં ચાર છે : અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર.

**પ્ર-૩ : અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર એટલે શું ?**

**ઉ-૩ : અતિક્રમ** - લીધેલા વ્રતને તોડવાની ઈચ્છા કરવી.

**વ્યતિક્રમ** - વ્રતની મર્યાદા તોડવાની સામગ્રી એકઠી કરવી.

**અતિચાર** - વ્રતભંગ માટે તૈયાર થવું/અંશે વ્રત તૂટે તેવા દોષોનું સેવન કરવું.

**અણાચાર** - વ્રતની મર્યાદાને તોડી સર્વથા વ્રત ભંગ કરવો.

**પ્ર-૪ : સામાયિકના અતિચાર કેટલા ?**

**ઉ-૪ :** સામાયિકના પાંચ અતિચાર છે : (૧) મણ દુપ્પણિહાણે, (૨) વય દુપ્પણિહાણે, (૩) કાય દુપ્પણિહાણે, (૪) સામાઈયસ્સ સઈ અકરણયા (૫) સામાઈયસ્સ અણવટ્ઠિયસ્સ કરણયા.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) સામાયિક ક્યાં કરવી જોઈએ ? (૨) સામાયિકમાં કેવો વેશ પહેરવો જોઈએ ? (૩) સામાયિકનાં ઉપકરણો કયાં કયાં છે ? (૪) શુદ્ધ સામાયિક કેવી રીતે થઈ શકે ? (૫) સામાયિકમાં અંગ મરોડાય કે મેલ ઉતારાય ? (૬) સામાયિકમાં કેટલી કઈ સંજ્ઞાની દૂર રહેવું જોઈએ ? (૭) સામાયિકમાં કઈ કઈ વિકથા ન કરાય ? (૮) સામાયિકના કેટલા દોષ ?

## પાઠ ૧ : પૂ. સાધુ-સાધ્વીજી સાથે આદર્શ વ્યવહાર

૧. પૂ. સાધુ-સાધ્વીજી પાસે જઈશ ત્યારે **પાંચ અભિગમ** સાચવીશ. **અભિગમ એટલે પૂ. સાધુ સાધ્વીજી પાસે જતાં અથવા રસ્તામાં મળે ત્યારે પાળવા યોગ્ય નિયમો. અભિગમ પાંચ છે તે નીચે પ્રમાણે છે :**

(૧) **સચેતનો ત્યાગ :** જેમાં જીવ હોય તેને **સચેત** કહે છે તેવા સચેત પાણી, સચેત લીલોતરી, મુખમાં પાન, માથામાં ફૂલ વગેરેનો ત્યાગ કરી પૂ. સાધુ-સાધ્વીજી પાસે જવું.

(૨) **અચેતનો વિવેક :** જેવા જીવ ન હોય તેને **અચેત** કહે છે, તેવા છત્રી, લાકડી, ચંપલ આદિ અચેતનો ત્યાગ કરી ગુરુ પાસે જવું.

(૩) **અંજલિકરણ :** પૂ. સાધુ-સાધ્વીજીનાં દર્શન થતાં બે હાથ જોડી મસ્તક નમાવવું. (મત્થએણ વંદામિ કહેવું)

(૪) **ઉત્તરાસંગ :** મોઢે મુહપત્તિ બાંધવી કે રૂમાલ રાખવો, ખુલ્લાં મોઢે બોલવું નહિ.

(૫) **મનની એકાગ્રતા :** મનની એકાગ્રતાથી વ્યાખ્યાન, વાંચણી સાંભળવા અને સ્વાધ્યાય કરવો.

૨. હું તેઓનાં **દર્શન - વંદન** કરવા નિયમિત દરરોજ જઈશ.
તેઓને રોજ તિક્ખુત્તોનો પાઠ બોલી ત્રણ વંદના કરીશ.
નવું જ્ઞાન શીખતી વખતે પણ ત્રણ વંદના કરીશ.

૩. દરરોજ જમતાં પહેલાં હું પૂ. સાધુ-સાધ્વીજીઓને **વહોરાવવાની ભાવના ભાવીશ.**

૪. તેઓ ઘરે ગોચરી માટે પધારે ત્યારે **'પધારો, પધારો'** કહી અને સાત- આઠ ડગલાં આગળ જઈશ. તેઓને **ગોચરીનાં ઘર બતાવવાં** જઈશ.

૫. તેઓને મારા જીવનના કેન્દ્રમાં રાખી તેમનો **આદર, બહુમાન, ભક્તિભાવ** રાખીશ.

૬. તેઓ કર્મબંધનને તોડવાનો **ઉપદેશ** આપે તે **રોજ સાંભળવા જઈશ.**

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) અભિગમ એટલે શું ? (૨) પૂ. સાધુ-સાધ્વીજી રસ્તામાં મળે ત્યારે શું કરવું ? (૩) સચેત એટલે શું ? (૪) અચેત એટલે શું ? (૫) પૂ. સાધુ-સાધ્વીજી કેવો ઉપદેશ આપે છે ? (૬) વંદના કેવી રીતે કરવી ?

## પાઠ ૨ : શું કાયમ ન ટકે ?

**જે કાયમ ના ટકવાનું હોય.**
તેના પર **રાગ** ના કરવાનો હોય.
તેના પર **દ્વેષ** ના કરવાનો હોય.
તેના માટે **પાપ** ના કરવાના હોય.

શું શું કાયમ ન ટકે ? **આરોગ્ય** કાયમ ના ટકે.
**સંબંધો** કામય ના ટકે. **શરીર** કાયમ ના ટકે.
**સંપત્તિ** કાયમ ના ટકે. **યુવાની** કાયમ ના ટકે.
સુખ ક્ષણિક (Tempoary) છે. દુઃખ ક્ષણિક (Tempoary) છે.

આ બધું **પાણીના પરપોટા** (Dew Drop) જેવું નાશવંત છે.
આ બધું **સંધ્યાના રંગ** જેવું નાશવંત છે.

**સુખથી ફૂલી ના જવું. દુઃખથી ડરી ના જવું.**

અનિત્ય... ક્ષણિક... નાશવંત વસ્તુઓ જાણી લઈ તેના પર મમત્વ (મારાપણું) ના કરવું.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) શું શું કાયમ ના ટકે ? (૨) સુખદુઃખ કોના જેવું નાશવંત છે ? (૩) જે કાયમ ટકવાનું ના હોય તેના પર શું ન કરાય ?

## પાઠ ૩ : કોણ શરણ આપે ?

દુઃખથી કોણ બચાવે
અશાંતિથી કોણ બચાવે ?
જે પોતે દુઃખી હોય તે બીજાને દુઃખથી બચાવી શકે ?
જે પોતે અશાંત હોય તે બીજાને શાંતિ આપી શકે ?
ના રે ના !
આ દુનિયા **દુઃખ, રોગ, ક્લેશ અશાંતિથી** ભરેલી છે.
ઘણી ઘણી **ચિંતાઓ** અને **ઉપાધિઓથી** ભરેલી છે.
**દુનિયામાં આપણા આત્માને કોણ બચાવે ?**
કોઈ ના બચાવે, કોઈ ના બચાવે.
શત્રુઓથી **સૈનિકો** બચાવે ને ?
રોગોથી **ડૉક્ટરો** બચાવે ને ? તકલીફમાં **સગાઓ** બચાવે ને ?

હા... બચાવે ખરા, કાયમ માટે નહિ !
રક્ષણ કરે ખરાં પણ કાયમ માટે નહિ.
શત્રુઓથી પણ ઘણાં મરે છે, રોગોથી પણ ઘણાં મરે છે.
તકલીફમાં પણ ઘણાં મરે છે.
મરવાથી કોઈ બચાવે ખરા ? ના...

**દરેક સમયે અરિહંત જ શરણ આપે, સિદ્ધ જ શરણ આપે, સાધુ જ શરણ આપે, ધર્મ જ શરણ આપે.**

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) આ દુનિયા શાનાથી ભરેલી છે ? (૨) સાચું શરણ કોણ આપે ? (૩) દુનિયામાં આત્માને કોણ બચાવે ?

# પાઠ ૪ : મારું કોણ ?

હું દુનિયામાં જન્મ્યો છું,
હું દુનિયામાં જીવું છું,
માટે હું કહું છું કે...
**માતા** મારી છે
**પિતા** મારા છે
**શરીર** મારું છે
**ધન** મારું છે
બધાં આવું કહે છે
માટે હું કહું છું.

મેં બધાંને મારાં માન્યાં,
માટે......મને **રાગ** થાય છે
અથવા **દ્વેષ** થાય છે...
તેમના માટે હું પાપ કરું છું...
તેથી હું કર્મ બાંધું છું.

પણ ભગવાન કહે છે કે...

**દુનિયામાં મારું કાંઈ નથી !**

**દુનિયામાં મારું કોઈ નથી !**

**હું દુનિયામાં કોઈનો નથી...**

માટે... મારો **આત્મા જ મારો છે** અને

**ધર્મ** જ મારો છે.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) હું શું કહું છું ? (૨) બધાંને મારા માનવાથી શું થાય છે ? (૩) દુનિયામાં મારું કોણ છે ? (૪) દુનિયામાં મારું શું નથી ?

## પાઠ ૫ : રોજ રોજ વિચારો...

**નંદીષેણ** મુનિ જેવી **સેવા** ક્યારે કરીશ ?
**મહાવીર**ની જેમ કષ્ટ ક્યારે **સહન** કરીશ ?
**શાલિભદ્ર** જેવ **ત્યાગ** ક્યારે કરીશ ?
**ધન્નાઅણગાર** જેવું **તપ** ક્યારે કરીશ ?

બાલ **અમરકુમાર** જેવો **શ્રદ્ધાવાન** ક્યારે બનીશ ?
**આનંદ શ્રાવક**ની જેમ **બાર વ્રતો** ક્યારે પાળીશ ?
**પુણિયા** જેવી **સામાયિક** ક્યારે કરીશ ?
**ગૌતમ** જેવ **વિનય** ક્યારે કરીશ ?

આ બધાએ પણ અમારા જેવા
નાનામાંથી મોટા થઈને મહાન કાર્યો કર્યાં હતાં !

અમે પણ મોટા થઈને એમના જેવાં
મહાન કામો કરીશું, કરીશું, કરીશું !
મહાન થઈશું ભાઈ મહાન થઈશું !
મહાન થઈ આત્મઉદ્ધાર કરીશું !
સારા ય જગતનું કલ્યાણ કરીશું !

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) સેવા માટે કોને યાદ કરીશું ? (૨) ત્યાગ, તપ માટે કોને યાદ કરીશું ? (૩) શ્રદ્ધા, અને વ્રત માટે કોને યાદ કરીશું ?

## પાઠ ૬ : જ્ઞાનવૃદ્ધિના ૧૧ બોલ

સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ અને વૃદ્ધિને માટે હું નીચેના બોલનું ધ્યાન રાખીશ :

(૧) જ્ઞાન શીખવા માટે **ઉદ્યમ** કરવાથી જ્ઞાન વધે છે.

(૨) **ઊંઘ ઘટાડીને** અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.

(૩) ભૂખ કરતાં **ઓછું ખાઈને** અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.

(૪) **મૌન** રાખીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.

(૫) **જ્ઞાની પાસે અભ્યાસ** કરવાથી જ્ઞાન વધે છે.

(૬) **ગુરુનો વિનય** કરીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.

(૭) **સંસારના વૈરાગ્ય** સાથે જ્ઞાન શીખવાથી જ્ઞાન વધે છે.

(૮) શીખેલું જ્ઞાન **વારંવાર ફેરવવાથી** જ્ઞાન વધે છે.

(૯) **પાંચ ઈન્દ્રિયોને વશ** કરીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.

(૧૦) **બ્રહ્મચર્યનું પાલન** કરીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.

(૧૧) **કપટરહિત તપ** કરવાથી જ્ઞાન વધે છે.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) જ્ઞાનવૃદ્ધિના બોલ કેટલા છે ? (૨) શું વશ કરવાથી જ્ઞાન વધે ? (૩) શેનું પાલન કરવાથી જ્ઞાન વધે ? (૪) ઊંઘ અને ભૂખ ઘટાડવાનો બોલ કયો છે ?

## પાઠ ૭ : મારું આત્મસ્વરૂપ : અરૂપી અને અમર

### અરૂપી

આત્માનું કોઈ રૂપ નથી,

આત્માને **ભાર કે વજન નથી,**

આત્મામાં સુગંધ નથી, દુર્ગંધ નથી.

આત્મામાં રસ નથી, **સ્વાદ નથી.**

આત્મામાં ગરમ કે ઠંડો **સ્પર્શ નથી.**

આત્માને મુલાયમ કે ખરબચડો સ્પર્શ નથી.

આત્માને યશ નથી, અપયશ નથી.

આત્મા જાડો નથી, પાતળો નથી.
આત્મા મોટો નથી, નાનો નથી.
આત્મામાં વર્ણ, ગંધ, રસ કે સ્પર્શ નથી તેથી આત્મા અરૂપી છે
માટે **અરૂપી આત્મા આંખ દ્વારા દેખાતો નથી.**
**અરિહંત** અને **સિદ્ધ** ભગવાન આત્માને જોઈ શકે છે.

## અમર

**જન્મ લેવાનો આત્માનો સ્વભાવ નથી,**
**મરણ એ આત્માનો સ્વભાવ નથી,**
કારણકે આત્મા અમર છે.

પરંતુ... આત્માને કર્મને કારણે જન્મ લેવો પડે છે,
મરવું પડે છે, પરંતુ
સિદ્ધ ભગવાન બનેલા કર્મરહિત આત્માને
જન્મ લેવાનું દુઃખ નથી,
મૃત્યુની પીડા નથી.

**જ્યાં જન્મ અને મૃત્યુ નથી તેને મોક્ષ કહે છે,**
મોક્ષમાં કોઈ જ પ્રકારનું દુઃખ નથી.
મોક્ષમાં **આનંદ જ આનંદ** હોય છે.
મોક્ષમાં આત્મા અમર બની જાય છે.
ધર્મથી આત્મા અમર બની જાય છે.
ધર્મથી આપણે પણ મોક્ષમાં જઈ શકીએ છીએ.
આપણે પણ અમર થઈ શકીએ છીએ.
મોક્ષમાં આત્માને **અરૂપી** અને **અમર** કહેવાય.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) આત્માનું વજન કેટલું ? સ્વાદ કેવો ? સ્પર્શ કેવો ? (૨) આત્માને કોણ જોઈ શકે ? (૩) મોક્ષમાં આત્માને શું કહેવાય ? (૪) આત્મા કેમ દેખાતો નથી ? (૫) મોક્ષ એટલે શું ? (૬) જન્મ મરણ એ કોનો સ્વભાવ નથી ? (૭) મોક્ષમાં શું હોય છે ?

# કથા વિભાગ

## કથા ૧ : શ્રી પાર્શ્વનાથ ભગવાનની અનુકંપા

**તાપસનું ગામ બહાર આગમન** - ગામને પાદરે ઘણાં બધાં લોકો જતાં હતાં. સૌને કુતૂહલ ઉત્પન્ન થયું હતું. વાત એમ બની હતી કે ગામને પાદરે **'કમઠ'** નામનો તાપસ ધૂણી ધખાવીને બેઠો હતો.

તેના માથે જટા ધારેલી હતી અને અંગે રાખ ચોળેલી હતી. ચારે બાજુ સળગતી ધૂણીઓ વચ્ચે માત્ર એક લંગોટ પહેરીને તે બેઠો હતો અને અગ્નિની આતાપના લેતો હતો. લોકો તેને જોવા જતા હતા. ત્યાં આવેલા માણસો તેને જોઈને નમન કરતા હતા. તાપસ પણ હાથ ઊંચા કરી સૌને આશીર્વાદ આપતો હતો.

**બાળ પાર્શ્વકુમારે નાગને બચાવ્યો** - તે સમયે ભગવાન **પાર્શ્વનાથ** પોતાની બાલ્ય અવસ્થામાં હતા. તેઓ જન્મથી જ **મતિ, શ્રુત અને અવધિ** એમ ત્રણ જ્ઞાનના ધણી હતા. અવધિજ્ઞાન દ્વારા ત્યાં જવામાં ઉપકારનું કારણ જાણીને તે પણ ત્યાં ગયા હતા. બાળ પાર્શ્વનાથનું હૃદય આ અજ્ઞાની તાપસના તપથી દુઃખી હતું, કારણ કે ધગધગતી ધૂણીમાં જે લાકડાં હોમાયાં હતા, તેના પોલાણમાં એક નાગ જીવતો બળી રહ્યો હતો. બાળ પાર્શ્વકુમારે અવધિ જ્ઞાન દ્વારા આ અનર્થ જોયો. તેમના હૃદયમાં અનુકંપાનો ધોધ વહેવા લાગ્યો.

ભગવાને તે તાપસ પાસે જઈને કહ્યું, 'અરે તાપસ ! તમે આ શું કરો છો ? આ તમારી ધૂણીમાં લાકડું નાખ્યું છે, તેમાં જીવતો નાગ બળે છે. આ તો ઘોર હિંસા છે ! આ તપશ્ચર્યા સાચી તપશ્ચર્યા નથી. તેનાથી તો લાભને બદલે હાનિ જ થાય છે.''

પાર્શ્વકુમારનું કહેવું સાંભળીને અને પોતાનું માનભંગ થતું જોઈને તાપસ ગુસ્સે થઈને તાડૂક્યો : ''અરે છોકરા ! તું કેવો બકવાટ કરે છે ? તું આમાં શું સમજે ? નાને મોઢે મોટી વાતો કરતાં તું ક્યાંથી શીખ્યો ?''

પાર્શ્વકુમારે તેની વાત ઉપર કોઈ ધ્યાન ન આપ્યું અને પોતાના સેવકો દ્વારા ધૂણીમાંથી લાકડું કઢાવીને ચીરાવ્યું. તે લાકડામાં અગ્નિને કારણે બળીને તરફડતો નાગ નીકળ્યો. એ જોઈને તાપસનું મોઢું ફિક્કું પડી ગયું અને ગુસ્સાના આવેશમાં તથા અપમાનનો બદલો લેવાની ભાવના સાથે તે ત્યાંથી ભાગી છૂટ્યો.

પાર્શ્વકુમારે દાઝેલાં નાગની પાસે જઈ નવકારનો પાઠ સંભળાવ્યો. આમ તેનું ધ્યાન નવકાર સાંભળવામાં તલ્લીન બન્યું તથા મનોમન તેણે પાર્શ્વકુમારનો ઉપકાર માન્યો. મૃત્યુ સમયે તેનું ચિત્ત સમતા અને ધર્મધ્યાનમાં રહેવાથી, નાગ મૃત્યુ પામીને ભવનપતિ નામના દેવોના ઇન્દ્ર 'ધરણેન્દ્ર' તરીકે ઉત્પન્ન થયો.

પેલો કમઠ તાપસ આયુષ્યને અંતે, મરણ પામી 'મેઘમાળી' નામે દેવ થયો.

પાર્શ્વકુમાર મોટા થયા એટલે તેમના પિતાશ્રીએ તેમને રાજ્ય સોંપ્યું, પણ તેમણે તે સ્વીકાર્યું નહિ, પણ એક વર્ષ સુધી દાન આપી દીક્ષા અંગીકાર કરી. આ દાનને 'વરસીદાન' કહે છે.

એકવાર પાર્શ્વનાથ ભગવાન કાઉસ્સગ્ગ કરી ધ્યાનમાં ઊભા હતા. તે વખતે પેલા મેઘમાળી દેવે (પૂર્વભવનો તાપસ) તેમના ઉપર પૂર્વનું વેર યાદ કરીને દ્વેષ લાવી અનેક જાતની તકલીફો તથા કષ્ટો આપવાનાં શરૂ કર્યાં.

આકાશમાં વીજળી અને ભયાનક ગર્જનાઓ સાથે મુશળધાર વરસાદ વરસાવ્યો. તેને કારણે જમીન ઉપર ખૂબ જોશથી પાણી વહેવા માંડ્યું. તે પાણી થોડીવારમાં તો ભગવાનના કાન સુધી પહોંચી ગયું. પણ ભગવાન ધ્યાનમાંથી સહેજ પણ ચલિત ન થયા. તેમનું ધ્યાન અવિચળ અને એકાગ્રતાપૂર્ણ હતું. તેટલામાં ધરણેન્દ્ર દેવનું આસન ચલાયમાન (શરીરનું કોઈ અંગ ફરકવું) થયું અને તેણે અવધિજ્ઞાન વડે મેઘમાળીને ભગવાનને તકલીફ આપતો જોયો.

ધરણેન્દ્ર શીઘ્ર ગતિથી ત્યાં આવ્યા અને વૈક્રિય રૂપ ધારણ કરીને ધ્યાનસ્થ ભગવાનના માથા ઉપર છત્ર કર્યું. અને ભગવાનના પગ નીચે લાંબી દાંડીવાળું કમળ રચી દીધું, જેથી ભગવાનને પાણી અડે જ નહિ. આવા બનાવો બનવા છતાં પણ ભગવાન તો કોઈના પર પણ રાગ કે દ્વેષ કર્યા વિના પોતાના ધ્યાનમાં લીન રહ્યા.

ધરણેન્દ્રે મેઘમાળી દેવને કઠોર શબ્દોમાં ઠપકો આપતાં કહ્યું, "અરે ! ઓ દુષ્ટ ! તું આ શું કરે છે ? આ ત્રણે લોકના નાથને કષ્ટ આપીને શા માટે તું પાપ કર્મોથી ભારે બની રહ્યો છે ? તું તારી માયા જલદી સંકેલી લે !"

મેઘમાળી દેવને ધરણેન્દ્રનો ભય લાગ્યો. તેણે તરત જ બધું પાણી લઈ લીધું અને માયા સંકેલી લીધી તથા ભગવાનની માફી માગી, ત્યાંથી ચાલ્યો ગયો.

શ્રી પાર્શ્વનાથ ભગવાન વર્તમાન ચોવીશીમાં ત્રેવીશમા તીર્થંકર થયા હતા. ભગવાન મહાવીર સ્વામીનાં માતાપિતા ત્રિશલાદેવી-સિદ્ધાર્થરાજા ભગવાન પાર્શ્વનાથના જ અનુયાયી હતા.

બોલો ભગવાન પાર્શ્વનાથનો જય હો.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) ધૂણી ધખાવીને કોણ બેઠું હતું ? તેનું નામ શું હતું ? (૨) ભગવાન પાર્શ્વનાથ બાળક હતા ત્યારે કેટલાં જ્ઞાન હતાં ? (૩) તાપસનું નામ શું હતું ? (૪) પાર્શ્વનાથ ભગવાને કોને બચાવ્યો ? (૫) પાર્શ્વનાથ ભગવાને નાગને શું સંભળાવ્યું ? (૬) તાપસ મરીને ક્યાં ઉત્પન્ન થયો ? (૭) નાગ મૃત્યુ પામીને ક્યાં ઉત્પન્ન થયો ? (૮) મેઘમાળીને ધરણેન્દ્રનો ભય કેમ લાગ્યો ? (૯) ભગવાન મહાવીરનાં માતાપિતા કોના અનુયાયી હતાં ?

## કથા ૨ : સતી ચંદનબાળા

**ચંપાપુરી** નગરીનો રાજા **દધિવાહન** હતો. તેની પત્નીનું નામ **ધારિણી** અને પુત્રીનું નામ **વસુમતી** હતું. માતાપિતાએ તેને વિદ્યા અને કળામાં કુશળ અને ઉત્તમ સંસ્કારી બનાવી હતી.

કૌશાંબી નગરીનો રાજા **શતાનીક** હતો. તે **મૃગાવતીને** પરણ્યો હતો. મૃગાવતી અને ધારિણી બે બહેનો હતી. કોઈ અકળ કારણસર બંને રાજા વચ્ચે વેરનાં બીજ રોપાતાં શતાનીકે દધિવાહન રાજાને યુદ્ધ કરી ખત્મ કરી નાખ્યો.

શત્રુ રાજાના હાથમાં પકડાઈ જવાની બીકે ધારિણી અને વસુમતી ત્યાંથી નાસી ગયાં. પરંતુ કૌશાંબીના એક સારથિએ તે બંનેને રક્ષણ આપ્યું પણ રસ્તામાં ધારિણી રાણીનું સ્વરૂપ જોઈ તેની દાનત બગડી, પોતાના શીલનું રક્ષણ કરવા ધારિણી મોતને ભેટી ગયા. માત્ર બાર વરસની નાની વસુમતી નિરાધાર બની ગઈ.

ધારિણીનું અકાળ મૃત્યુ થવાથી સારથી જરા ઢીલો પડી ગયો. બાળકુમારી વસુમતીને કૌશાંબીના બજારમાં વેચી દેવાનું તેણે નક્કી કર્યું. કર્મની ગતિ તો જુઓ ! એક વખતની રાજકુમારી આજે ભર બજારમાં વેચાતી હતી ! સદ્‌ભાગ્યે તે જ નગરના **ધનાવહ** શ્રેષ્ઠિ એ જ માર્ગથી નીકળ્યા. તેમણે વસુમતીને જોઈ અને વિચાર્યું કે : 'આ કન્યા કોઈ ઉચ્ચ ખાનદાનની છે, નકામી કોઈ લંપટના હાથમાં જશે તેના કરતાં મારી પત્ની **મૂળાને** એ કામમાં આવશે.' તેથી તેમણે વસુમતીને ખરીદી લીધી અને ઘરે લઈ આવ્યા.

ધનાવહ શેઠે ઘરે આવીને મૂળા શેઠાણીને કહ્યું, "આને આપણી દીકરી ગણીને રાખજે." આ બાળા ગુણવંતી છે, આપણે તેને **ચંદનબાળા** કહીને બોલાવીશું." શેઠાણી ખુશ થયાં અને તેઓ વસુમતીને વહાલ કરવા લાગ્યાં.

ચંદનબાળા ધીરે ધીરે મોટી થવા લાગી અને યૌવન તેણીના અંગેઅંગમાં પ્રગટી રહ્યું હતું. મૂળા શેઠાણીને થયું, શેઠ આને દીકરીની જેમ રાખે છે, પણ

વખત જતાં તેના યૌવનમાં લપટાઈને તેને પરણી બેસશે તો ? મારું તો જીવતર ધૂળધાણી થઈ જશે !' આવી નકામી અને ખોટી ચિંતામાં શેઠાણી ફસાઈ ગયાં.

એકવાર, શેઠાણી પાડોશીને ઘેર ગયા હતા ત્યારે કોઈ કામથી પરવારીને શેઠ ઘરે આવ્યા. ચંદનબાળા વિનયપૂર્વક તેમનાં ચરણ ધોવા લાગી. તે વખતે તેનો ચોટલો છૂટો પડી ગયો. શેઠે પોતાની લાકડીથી તેના વાળ ઊંચા કર્યા અને સ્નેહથી તેનો ચોટલો વાળી દીધો.

સંજોગોવશાત્ તે જ વખતે મૂળા શેઠાણી ઘરમાં આવ્યાં અને આ દૃશ્ય જોયું, તેથી તે વધારે દુઃખી થયાં અને તેમનો વહેમ પાકો થઈ ગયો કે 'હવે શેઠ આને જરૂર પરણી જશે.' ચંદના હવે શેઠાણીને ખૂંચવા લાગી. તેને થયું કે વેલને તો વધે તે પહેલાં જ મૂળમાંથી ઊખેડી નાખવી જોઈએ, માટે તે યોગ્ય સમયની રાહ જોવા લાગી.

થોડા દિવસ પછી ધનાવહ શેઠ ત્રણ-ચાર દિવસ માટે બહારગામ ગયા. ત્યારે મૂળ શેઠાણીએ ચંદનબાળાને બોલાવી કડવાં વચનો કહ્યાં. તેના માથાના વાળ મૂંડાવી નાખ્યા, પગમાં બેડી નાખી અને ઘરનાં ભોંયરામાં ગુપ્ત રીતે પૂરીને તાળું દઈ દીધું.

આ તરફ ચંદનબાળા વિચાર કરે છે, 'મારા કર્મ જ એવાં છે, રસ્તામાં માતાનું મૃત્યું થયું, પિતાનું ઘર છૂટી ગયું, ઢોરની જેમ બજારમાં વેચાણી ! પણ સદ્નસીબે શેઠના હાથમાં આવી જવાથી બચી ગઈ છું. આજે બહુ સારું થયું કે મને એકાંત મળ્યું. હવે અહીં હું ધર્મધ્યાન કરીશ.' આમ વિચારતી મનમાં પણ મૂળા શેઠાણી ઉપર દ્વેષ ન કર્યો.

ત્રણ દિવસ પછી બહારગામથી શેઠ ઘરે આવ્યા. ચંદનબાળા ન દેખાતા તેની તપાસ કરી. અનેક જગ્યાએ શોધ કર્યા બાદ ચંદનબાળા ભોંયરામાંથી મળી આવી. તેની આવી દયાજનક હાલત જોઈને શેઠને દુઃખ થયું. ત્રણ દિવસ વીત્યા પણ ચંદનબાળાને અન્ન કે પાણી મળ્યાં નહોતાં. તેનું ગળું અને શરીર શોષાઈને કૃશ થઈ ગયું હતું મૃત્યુ જાણે ડોકિયાં કરતું હોય તેવું લાગતું હતું. છતાં તે તો નવકાર મંત્રનું સ્મરણ કરવામાં લીન હતી.

'આ બધું કારસ્તાન મૂળા શેઠાણીનું છે' તેવી શેઠને ખબર પડી ગઈ. શેઠે તરત જ તેને માટે ખાવાનું શોધ્યું, પણ મૂળા શેઠાણી રસોઈગૃહને તાળું મારીને બહાર ચાલ્યાં ગયાં હતાં. દાસી માટે બનેલા અડદના બાકુળા એક સૂપડામાં મૂકીને શેઠે તેને ખાવા આપ્યા. તેને ઘરના ઊંબરે બેસાડી તેની બેડીઓ કાપવા માટે શેઠ લુહારને બોલાવવા ગયા. આવી વિકટ પરિસ્થિતિમાં પણ ચંદનબાળા વિચારે છે કે 'મારે આંગણે કોઈ સંત પધારે તો તેને ભોજન આપીને પછી મારું પારણું કરું.'

કૌશાંબી નગરીમાં તે વખતે ભગવાન મહાવીર સ્વામી બિરાજી રહ્યા હતા. તેમણે કોઈ વિકટ અભિગ્રહ ધારણ કર્યો હતો. નગરજનો, ભાવિક શ્રાવક અને શ્રાવિકાઓએ ભગવાનનો અભિગ્રહ પૂરો થાય તેવો પ્રયત્ન કરવામાં કોઈ કચાશ રાખી નહોતી, છતાં પણ કેમેય કરીને તેમનો અભિગ્રહ શું છે તે જણાતું નહોતું અને તેઓ પારણું કરતા નહોતા ! રાજ્યમાં રાજા, રાણી અને નગરજનો સહુ કોઈ તેમના પારણાની ચિંતામાં રહેતાં હતાં. કોણ જાણે ક્યારે પારણું થશે ? આમને આમ પાંચ મહિના ઉપર પચ્ચીસ દિવસ આજે પૂરા થયા હતા. 'જો કોઈ સ્ત્રી ઉંબરા પર બેઠી હોય, તેનો એક પગ ઘરના ઉંબરાની અંદર ને બીજો પગ ઉંબરાની બહાર હોય, કુંવારી રાજકુમારી હોય, પણ દાસીપણું પામી હોય, પગમાં બેડી હોય, માથે મુંડન હોય, રુદન કરતી હોય, તેં મને ભિક્ષા વહોરાવે તો પારણું કરું.' તેવો દુષ્કર અભિગ્રહ તેમનો હતો.

તે ભગવાન મહાવીર આજે પારણા અર્થે ફરતાં ફરતાં યોગાનુયોગ ચંદનબાળાના ઊંબરે જઈ ચડ્યા. ચંદનબાળા અતિ હર્ષ પામીને તેમને વહોરાવવા આગળ વધી, પણ... ત્યાં તો ભગવાન પાછા ફર્યા. 'ઓહ ! હું કેવી અભાગી ? આંગણે આવેલા સંત પાછા જાય ?' આવો વિચાર થતાં તે જોરથી રડી પડી. તેના રુદનનો અવાજ સાંભળીને ભગવાને પાછળ જોયું અને પોતાનો અભિગ્રહ પૂરો થયો જાણી ભિક્ષા માટે પોતાના હાથ ફેલાવ્યા. ચંદનબાળાએ અતિ ઉમંગ અને ભક્તિભાવ સાથે બાકુળા તેમને વહોરાવ્યા.

તે જ ક્ષણે દેવતાઓએ સાડા બાર ક્રોડ સોનામહોરની વર્ષા કરી. ચંદન-બાળાની બેડીઓ તૂટી ગઈ અને તેનાં આભૂષણો સુવર્ણના થઈ ગયાં. આકાશમાં દેવદુંદુભિ વાગી. મૂળા શેઠાણી પાછાં આવ્યાં. તેમને પોતાના કૃત્ય માટે પસ્તાવો થયો તેણે ચંદનબાળાની ક્ષમા માંગી. વિશાળહૃદયી ચંદનબાળાએ કહ્યું, "બા ! જો આમ ન થયું હોત તો ભગવાનને આહાર વહોરવવાનું સૌભાગ્ય મને કેવી રીતે પ્રાપ્ત થાત ? તમે તો મારા પર અનંતો ઉપકાર કર્યો." આવા વચનોથી ચંદનબાળાએ મૂળા શેઠાણીનો ક્ષોભ આનંદમાં ફેરવી દીધો. ધનાવહ શેઠ પાછા આવ્યા, તે પણ આ દૃશ્ય જોઈને અતિ હર્ષ પામ્યા.

નગરમાં સહુને ભગવાનના પારણાની ખબર પડી ગઈ. કૌશાંબીના રાજા શતાનીક અને રાણી મૃગાવતી ત્યાં આવ્યાં. રાણી તો ચંદનબાળાને જોતાં જ બોલી ઊઠ્યાં, "અરે, આ તો મારી ભાણેજ (બહેનની દીકરી) વસુમતી" કહી તેને હેતથી ભેટી પડ્યાં, ધનાવહ શેઠની સંમતિ લઈને તેઓ ચંદનબાળાને રાજમહેલે લઈ ગયાં.

ચંદનબાળા પાછી રાજમહેલમાં ગઈ, પણ ધનાવહ શેઠનો ઉપકાર ભૂલી નહિ. આટલો વૈભવ હોવા છતાં પણ એનું મન તો ધર્મમાં જ લાગેલું રહેતું.

સમય જતાં ભગવાન મહાવીરને કેવળજ્ઞાન થયું. ચંદનબાળાને આ વાતની જાણ થતાં અતિ હર્ષ પામી. તેણે ભગવાનની પાસે જઈ ચારિત્ર ગ્રહણ કર્યું. તેઓ ભગવાનની સર્વ સાધ્વીઓમાં પ્રથમ સાધ્વી થયાં અને ૩૬,૦૦૦ સાધ્વીઓનાં અગ્રણી થયાં. સાધ્વી તરીકે આદર્શ જીવન જીવીને તેઓ સર્વ કર્મ ખપાવી મોક્ષ પામ્યાં.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) કેવી પરિસ્થિતિમાં સતી ચંદનબાળાએ પ્રભુ મહાવીર સ્વામીને ભિક્ષા આપી અને પછી શું બન્યું તે ટૂંકમાં લખો. (૨) સતી ચંદનબાળાના માતાપિતાનું શું નામ હતું ? (૩) ચંદનબાળાની માતાએ શીલ બચાવવા શું કર્યું ? (૪) ભગવાન મહાવીરનો અભિગ્રહ શું હતો ? (૫) મૂળા શેઠાણીએ ચંદનબાળાને શું દુઃખ આપ્યા ? (૬) ચંદનબાળા કેટલા સાધ્વીના ગુરુણી બન્યા ? (૭) વસુમતીને બજારમાં વેંચાતી જોઈને ધનાવહ શેઠે શું વિચાર્યું ? (૮) યુવાન વસુમતીને જોઈને મૂળા શેઠાણીના મનમાં શું વિચાર આવ્યો ? (૯) ભોંયરામાં બેઠેલી ચંદનબાળા શું વિચારે છે ? (૧૦) ચંદનબાળાનું જીવન શું બોધપાઠ આપે છે ?

## કથા ૩ : સેવાભાવી નંદીષેણ મુનિ

એક છોકરો એકાંતમાં ઊભો છે અને વિચારો કરે છે, 'કોઈ મને જોતું નથી ને ?' કોઈ જોતું નથી તે નક્કી થયા બાદ તે ગળે ફાંસો ખાવા જાય છે. તેવામાં એક સંત મુનિરાજ ત્યાં આવી ચડ્યા અને તેને અટકાવતાં બોલ્યા, "અરે ભાઈ ! તું આ શું કરે છે ?" છોકરાએ કહ્યું, "મરવાનો ઉપાય કરું છું." મુનિરાજે પૂછ્યું, "કેમ ભાઈ ? તારા પર એવું તે કયું સંકટ આવી ગયું કે તારે આવો મરવાનો ઉપાય વિચારવો પડ્યો ?" છોકરાએ કહ્યું, "હું બહુ દુઃખી છું, નાનપણમાં મારાં માતાપિતાનું મૃત્યુ થયું છે. મારા મામા દયા લાવીને મને તેમના ઘરે લઈ ગયા, પણ મારાં મામીને મારી અદેખાઈ આવી. હું કદરૂપો હતો, તેથી મને કોઈ બોલાવતું નહિ અને સૌ મને તિરસ્કારની નજરે જોતું. આ સ્થિતિમાં મારે માટે મરી જવું જ સારું છે."

મુનિરાજે તે દુઃખી બાળકને પ્રેમપૂર્વક સમજાવ્યો. તેમણે કહ્યું, "આ બધાં તો તારા પૂર્વભવનાં પાપો છે, તેથી તું દુઃખી થાય છે અને તે દુઃખો તો તારે ભોગવવાં જ પડશે. આપઘાત કરવાથી તારાં પાપો તો છૂટશે નહિ, ઉપરથી દુઃખમાં વધારો થશે. એના કરતાં તું તારાં બાંધેલાં કર્મોને શાંતિથી અને હસતાં મુખે સહન કરીશ, તો તારું ભલું થશે."

છોકરો તો મુનિનાં આવાં લાગણીસભર વચનોથી આશ્વાસન પામ્યો અને તેમના ચરણે પડીને વિનંતી કરતો બોલ્યો, "મને આ સંસારમાં કોઈ રસ નથી, માટે મને સંસારનાં આવાં દુઃખોમાંથી છૂટવાનો કોઈ માર્ગ બતાવો." મુનિએ કહ્યું, "ભાઈ ! આ જગતમાં કેટલાય દુઃખી જીવો છે તેમની પ્રેમથી સેવા કર, સેવા કરવામાં તારું દુઃખ ભુલાઈ જશે. સેવા સંસારમાં રહીને પણ કરી શકાય અને સાચી છકાય જીવોની દયારૂપ આત્માની સેવા સાધુ થઈને પણ કરી શકાય ! આ બંનેમાં સાધુ થઈને સેવા કરવી એ ઉત્તમ માર્ગ છે. તારી ભાવના અને શક્તિ હોય તો સાધુજીવનમાં રહીને સેવા કરજે."

મુનિનાં વચનોની તે બાળક ઉપર સુંદર અને ધારી અસર થઈ. તેણે તે જ વખતે સાધુ બની જવાનો નિર્ણય કર્યો. થોડા જ સમયમાં દીક્ષા અંગીકાર કરી તેણે મુનિવ્રત સ્વીકાર્યું.

હવે તો બાળક મુનિ નંદીષેણ સાધુ થઈ ગયા અને તે પણ સેવા કરવી જ જેમનો ધર્મ બની ગયો ઘરડાં, અપંગ કે રોગિષ્ઠ કોઈપણ મુનિ હોય તો તેમની સેવા કરવા તેઓ આનંદથી અને ઉમંગથી દોડી જતા. સર્વને પોતાના માની તેઓ સેવાના કાર્યમાં લાગી જતા. ધીમે ધીમે તેમની સેવાભાવની કીર્તિ ચોમેર પ્રસરી ગઈ અને દેવલોકના ઇન્દ્ર પણ તેમની સેવાના વખાણ કરવા લાગ્યા. તેમના વખાણ સાંભળીને બે દેવોને તેમની સેવાની પરીક્ષા કરવાનું મન થયું.

તે બંને દેવો જ્યાં મુનિ નંદીષેણ હતા તે ગામની બહાર આવ્યા. એક દેવ ઘરડા સાધુ અને બીજા રોગી સાધુ બની ત્યાં રહેવા લાગ્યા.

એક દિવસ નંદીષેણ મુનિ બે ઉપવાસનું (છઠ્ઠનું) પારણું કરવાની તૈયારીમાં હતા, તે જ સમયે પેલા ઘરડા સાધુ ત્યાં આવ્યા અને બોલ્યા, "જોયો મોટો સેવાભાવી સાધુ થયો છે તે ! આને લોકો સેવાભાવી કહે છે, ગામની બહાર એક વૃદ્ધ, અશક્ત અને રોગી મુનિ પીડાઈ રહ્યાં છે અને આ તો અહીં માલ પાણી ઉડાવવાની તૈયારીમાં લાગ્યો છે. પેલા મુનિરાજે તો કેટલાય દિવસથી ખાધું નથી, કેવા અશક્ત થઈ ગયા છે. જા જઈને તેમની સેવા કર."

આવાં વચનો સાંભળતાં જ તેમણે એક પણ અન્નનો કોળિયો મુખમાં નાખ્યા વગર પાત્રાને વ્યવસ્થિત મૂક્યાં. આવેલા સાધુને કહ્યું, "જલ્દી મને પેલા રોગી અને અશક્ત સાધુ પાસે લઈ જાઓ, હું યથાશક્ય તેમની સેવા ચોક્કસ કરીશ."

બંને સાધુ ગામના બહાર આવ્યા. મુનિ નંદીષેણે તે સાધુને નમસ્કાર કર્યા. ત્યાં તો પેલા સાધુ ગુસ્સામાં બોલ્યા, "કેટલીયે વારથી હું દુ:ખી થાઉં છું, તને ક્યારનો સંદેશો મોકલાવ્યો છે અને તું કેટલો મોડો આવ્યો ? જોઈ તારી સેવા ભાવના !" મુનિ નંદીષેણે વિવેકપૂર્વક કહ્યું, "માફ કરો મુનિરાજ! મને આવતાં જરા મોડું થઈ ગયું છે, પણ ચાલો, હું તમને ગામના ઉપાશ્રયે લઈ જાઉં." બીમાર સાધુ આવું સાંભળીને ક્રોધથી ભભૂકી ઊઠ્યા : "અરે મૂર્ખ ! હું સહેજે પણ હરીફરી શકતો નથી, ત્યાં તું મને ચાલીને જવાની વાત કરે છે ! આવું કહેતાં તને શરમ નથી આવતી ?'

"પ્રભુ ! મારી ભૂલ થઈ ગઈ, આપ ચિંતા ન કરો, હું આપને મારા ખભા ઉપર બેસાડીને લઈ જઈશ." એમ કહી તેમણે રોગી મુનિને ટેકો આપી બેસાડીને, હળવેથી ઉપાડીને પોતાના ખભા ઉપર બેસાડી અને ગામ તરફ ચાલવા લાગ્યા.

અચાનક તે રોગી મુનિનું વજન ભારે ને ભારે થવા લાગ્યું. તપસ્યા કરનાર મુનિ નંદીષેણનું શરીર અશક્ત થઈ ગયેલું હતું, તેથી ઉપર બેઠેલા સાધુને ઉપાડીને તેઓ મહામહેનતે ચાલતા હતા. "અરે ! યુવાન થઈને તને ચાલતાં પણ નથી આવડતું ? ચાલતાં ચાલતાં આમ લથડિયાં કેમ ખાય છે ? ધ્રૂજે છે કેમ ?" સાથે ચાલતાં સાધુ કઠોરતાથી બોલ્યા.

આટલું ઓછું હોય તેમ ખભા ઉપર બેઠેલા સંત બરાડ્યા, "અલ્યા તેં તો મારું શરીર સાવ ખોંખરું કરી નાખ્યું ! ચાલવામાં જરાક તો ભાન રાખ, આવી રીતે સેવા કરાતી હશે ?" અપમાન અને ક્રૂરતાભર્યાં આવાં વચનો સાંભળવાં છતાં નદીષેણ મુનિ શાંતિથી બોલ્યા, "મુનિરાજ ! મારી ભૂલ માટે ક્ષમા માંગું છું, હવે હું વધારે સાચવીને ચાલીશ." રોગી મુનિને આટલાથી સંતોષ ન થયો, તેથી તેમણે કહ્યું, "મારે કુદરતી હાજતે જાવું છે, માટે મને નીચે ઉતાર." મુનિ નંદીષેણ તેમને નીચે ઉતારવા જાય છે, ત્યાં તો વૃદ્ધ મુનિએ ઝાડો કરી નાખ્યો. મુનિ નંદીષેણનાં કપડાં મળમૂત્રવાળાં

થઈ ગયાં. તેમનું શરીર પણ ગંદું થઈ ગયું. ચારે બાજુ ખરાબ વાસ આવવા માંડી. છતાં પણ તેમને મનથી પણ પેલા રોગી મુનિ પર દ્વેષભાવ ન કર્યો. પરંતુ તેમને મનમાં ચિંતન થયું કે 'આ રોગી મુનિને કેટલું કષ્ટ થતું હશે ? એમને હું જલ્દીથી ઉપાશ્રય લઈ જઉં અને એવી સારવાર કરું કે તેઓ જલ્દી સારા અને નીરોગી થઈ જાય.'

થોડીવારમાં ચાલતાં ચાલતાં તેઓ ઉપાશ્રયે પહોંચ્યા. રોગી મુનિને નીચે ઉતારી મુનિ નંદીષેણ મળમૂત્ર સાફ કરવાની તૈયારી માટે ઓરડીમાં ગયા. થોડીવારે બહાર આવી જોયું તો ન હતા રોગી મુનિ કે ન હતા વૃદ્ધ મુનિ ! તેમની નજરમાં બે દેવ આવ્યા.

તે દેવોએ કહ્યું, "ધન્ય છે તમને મુનિ નંદીષેણ ! તમારી સેવા ખરેખર અદ્ભુત અને અનન્ય છે. અમે જેવું જાણ્યું હતું, તેનાથી પણ વિશેષ ભક્તિભાવથી તમે સેવા કરો છો. તમારી પ્રશંસા અમે ઇન્દ્ર મહારાજના મુખેથી જાણી હતી, તેથી અમે મુનિવેશે તમારી પરીક્ષા કરવા આવ્યા. તમને અપમાનજનક, ગુસ્સાભરેલા અને કડવાં વચનો કહ્યાં, તમારું શરીર અશુચિથી ગંદુ કર્યું, છતાં પણ તમે શ્રદ્ધા અને કરુણાથી સેવા કરવામાં લીન રહ્યાં. તમે અમારી કસોટીમાંથી પાર ઊતર્યા છો."

મુનિ નંદીષેણે કહ્યું, "હે દેવ ! આ જગતમાં વીતરાગનો ધર્મ અને તેના સંતો સિવાય બીજું શું મહાન છે ? હું તો માત્ર મારો ધર્મ, મારી ફરજ બજાવું છું, તે સિવાય કાંઈ નથી કરતો. એમ કરવામાં હું કોઈના ઉપર ઉપકાર પણ નથી કરતો. મને સેવાના કામથી ખૂબ જ આનંદ અને સંતોષ પ્રાપ્ત થાય છે." આ વાત કરીને બંને દેવો તેમને વંદન કરીને, પ્રસન્ન થઈને પાછા ચાલ્યા ગયા.

ધન્ય છે સેવાપરાયણ મુનિ નંદીષેણને... ! યુવાનો તમે પણ આવી રીતે માતાપિતા તથા વડીલોની ખૂબ પ્રેમથી સેવા કરજો.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) દુઃખથી પીડિત, આપઘાત કરવા તૈયાર થયેલ છોકરાને મુનિએ શું સમજાવ્યું ? (૨) દીક્ષા લીધા બાદ નંદીષેણ મુનિના વખાણ કોણ કરવા લાગ્યું ? તેમની પરીક્ષા કરવા કોણ આવ્યું ? (૩) નંદીષેણ મુનિ બે ઉપવાસનું પારણું કરવા બેસતા હતા ત્યારે કોણ આવ્યું ? તેણે તેમને શું કહ્યું ? (૪) દેવોએ નંદીષેણ મુનિની કેવી રીતે પરીક્ષા કરી ? (૫) દેવોએ નંદીષેણ મુનિની શું પ્રશંસા કરી ? (૬) નંદીષેણ મુનિના જીવન પરથી આપણે શું બોધપાઠ લેવો જોઈએ ? (૭) મુનિ નંદીષેણે દેવોને શું જવાબ આપ્યો ?

# કાવ્ય વિભાગ

## ૧. ઓ પ્રભુ ! તારા ચરણકમલમાં...

(રાગ : અમી ભરેલી નજરું રાખો)

ઓ પ્રભુ ! તારા ચરણકમલમાં, મુજ જીવન કુરબાન છે
મારા તનને મનથી ઝંખુ, સદા તમારું ધ્યાન છે...
મારા જીવનની નૌકા કેરું, તુજ હાથે સુકાન છે
ચાહે ડુબાડે કે તું તારે, પરવશ મારા પ્રાણ છે...
લોકો કહેતા આગળ ના વધશો, સાગરમાં તુફાન છે
પણ મુજને તું સાચવનારો, જગનો તાત મહાન છે...
આંધી આવે તુફાન આવે, મારું તો તુજમાં ધ્યાન છે
જ્યાં લઈ જા ત્યાં જાવું મારે, તું મારું નિશાન છે...
મોક્ષ અભિલાષી આ જીવડો, વિનવે તુજને આજ રે
શરણે આવ્યાં તારા અમે સહુ, તારામાં વિશ્વાસ છે...

## ૨. ઉપકાર કર્યા મુજ પર...!

(રાગ : સંસાર હૈ ઈક નદીયાં)

ઉપકાર કર્યા મુજ પર, એના ગુણ હું વિસારું છું.
કેવો બદલો મેં વાળ્યો, હું એ જ વિચારું છું... ઉપકાર
પરમાત્મા ઉપકારી, મને મંઝીલ દર્શાવી;
મારા દુર્ગુણ ના દેખ્યા, બસ કરુણા વર્ષાવી (૨)
એની આજ્ઞા ધરવામાં, હું હીણપત માનું છું... કેવો...૧
સંતોએ સમજાવ્યા, ઈશ્વરના આદેશો;
ઉદ્ધાર કરે એવા, મને આપ્યા ઉપદેશો (૨)
એના મોંઘા વચનોની, હું હાંસી ઉડાવું છું... કેવો...૨
મને વિદ્યા દેનારા ગુરુને મેં શું આપ્યું;
દક્ષિણા દેવાનું, મેં યાદ નથી રાખ્યું (૨)
કદી ભેટો થઈ જાતાં, હું મોં સંતાડું છું... કેવો...૩
મા-બાપ મને ખૂંચે, મને જન્મ દીધો જેણે;
મારા પાલન પોષણમાં, ઘણો ભોગ દીધો જેણે (૨)
એની વૃદ્ધાવસ્થામાં, મારું ઘર હું છોડાવું છું... કેવો...૪

## ૩. હે પરમાત્મા !

(રાગ : હમ ના રહેંગે તુમ ના રહોગે, યે પ્યાર હમારા...)

હે ! પરમાત્મા તમે જે દીધી છે તે, આજ્ઞા હંમેશા અમે પાળવાના
જીવન આખું તમોએ કહેલાં, વિચારો પ્રમાણે અમે ગાળવાના
હે પરમાત્મા...

દુઃખ પહોંચેના કોઈના દિલને, વર્તન એવું રહેશે અમારું
મૈત્રી કરીશું સર્વ જીવોની, ઈચ્છીશું સૌનું દિલથી સારું
વેર ભભૂકે (૨) અમારા જો દિલમાં, તો પ્રેમથી એને અમે ખાળવાના
હે પરમાત્મા... (૧)

જે સુખ પામ્યા કર્મ પ્રતાપે, ઝાઝુ ગણીને રહીશું સુખેથી
યત્ન કરીશું પણ ના ફળે તો, માંગણી કોઈ ના કરીશું મુખેથી
લઈ લેવાની (૨) જો દાનત જાગે, તો દાનવૃત્તિમાં અમે વાળવાના
હે પરમાત્મા... (૨)

દેહ મળ્યો છે ભવ તરવાને, ધર્મ કરીશું એના સહારે
ખાવાપીવાના શોખ ભૂલીશું, ફરવા જઈશું તો દ્વાર તમારે
કષ્ટ દઈને (૨) તનને તપાવી, કચરો કરમનો અમે બાળવાના
હે પરમાત્મા...(૩)

## ૪. પંચ પરમેષ્ઠી છે સાર...

પંચ પરમેષ્ઠી છે સાર, બીજું બધું અસાર છે,
અરિહંત દેવો સર્વ જાણે છે, રાગ-દ્વેષના જિતનાર... બીજું...
સિદ્ધ પરમાત્મા મોક્ષમાં બિરાજે, તેમનું સુખ છે અપાર... બીજું...
આચાર્ય દેવો નેતા સમાન છે, પાળે પળાવે આચાર... બીજું...
ઉપાધ્યાયજી ભણે ભણાવે, જ્ઞાન બગીચે રમનાર... બીજું...
સાધુઓ સત્તાવીશ ગુણોથી શોભતા, સદ્‌ગુણોના ભંડાર... બીજું...
સંસારનાં સુખો સર્વ ક્ષણિક છે, ધર્મમાં શાંતિ અપાર... બીજું...
નમસ્કાર હો એવા પ્રભુને, તેમના વિના નહિ ઉદ્ધાર... બીજું...

卐

॥ બીજી શ્રેણી અભ્યાસક્રમ સમાપ્ત ॥

# અભ્યાસક્રમ : શ્રેણી ૩

| સૂત્ર વિભાગ ૫૫ | પૃષ્ઠ |
|---|---|
| ૧. સામાયિક, પ્રતિક્રમણ પાંચ શ્રમણસૂત્ર સુધી વિધિ સહિત (માર્ક-૨૫) | - |
| ૨. પ્રતિક્રમણ ૧,૨,૩ પાઠનાં અર્થ, ૯૯ અતિચારના અર્થ અને સામાયિકના અર્થનું પુનરાવર્તન (માર્ક-૨૩) | - |
| ૩. પ્રતિક્રમણ પ્રારંભિક પ્રશ્નોત્તર ૧,૨,૩ પાઠના પ્રશ્નોત્તર (માર્ક-૭) | ૬૨ |
| **તત્ત્વ વિભાગ/સંસ્કાર વિભાગ ૨૫** | |
| ૧. છકાયના બોલ સંપૂર્ણ તથા છકાયની દયા તથા છકાયનો કોઠો | ૬૭ |
| ૨. કંદમૂળના ત્યાગથી થતા લાભો | ૭૬ |
| ૩. જૈન ધાર્મિક પર્વતિથિઓ | ૭૬ |
| ૪. મારું આત્મસ્વરૂપ | ૭૭ |
| ૫. રાગનું સ્વરૂપ (લોભ, માયા) | ૭૮ |
| **કથા વિભાગ ૧૦** | |
| ૧ નેમ-રાજુલ | ૮૦ |
| ૨. ગજસુકુમાલ મુનિ | ૮૩ |
| ૩. આનંદ શ્રાવક | ૮૫ |
| **કાવ્ય વિભાગ ૧૦** | |
| ૧. રત્નાકર પચ્ચીસી (૧ થી ૧૨ કડી) | ૮૮ |
| ૨. મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું | ૯૦ |
| ૩. દયા તે સુખની વેલડી | ૯૦ |
| **કુલ ગુણ ૧૦૦** | |

## પ્રતિક્રમણ પ્રશ્નોત્તર

રોજ ઘરમાંથી કચરો ન કાઢો તો ?
ઘર મલીન બની જાય.
આત્માને લાગેલો પાપનો કચરો રોજ કાઢો.
આત્માને રોજરોજ ઉજળો કરવા પ્રતિક્રમણ કરો.
પાપને ધોવાની ક્રિયા 'પ્રતિક્રમણ' કહેવાય.
રોજ આત્માને પાપ લાગે છે માટે
રોજ પ્રતિક્રમણ કરવું જોઈએ.
રાત્રે પાપ લાગે છે માટે સવારે પ્રતિક્રમણ કરવાનું.
દિવસે પાપ લાગે છે માટે સાંજે પ્રતિક્રમણ કરવાનું.
પ્રતિક્રમણ કરવામાં કંટાળવું નહિ.
નહિતર આત્મા ખરાબ થઈ જશે.

**પ્ર-૧ : પ્રતિક્રમણ કોને કહેવાય છે ?**

**ઉ-૧ :** પ્રતિક્રમણ એટલે પાપોથી પાછા ફરવું, પાપોની આલોચના કરવી, અને વ્રતોમાં લાગેલા અતિચારોથી પાછા ફરીને આચારમાં આવવું, તેને પ્રતિક્રમણ કહે છે.

**પ્ર-૨ : પ્રતિક્રમણનું બીજું નામ શું છે ?**

**ઉ-૨ :** પ્રતિક્રમણનું બીજું નામ આવશ્યક સૂત્ર છે.

**પ્ર-૩ : આવશ્યક સૂત્ર કોને કહે છે ?**

**ઉ-૩ :** જે સૂત્ર ચતુર્વિધ સંઘને માટે સૌથી પહેલાં જાણવું અને (ઉભયકાળ) = સવાર - સાંજ કરવું જરૂરી હોય છે, તેને આવશ્યક સૂત્ર કહે છે.

**પ્ર-૪ : આ આવશ્યક સૂત્રના કેટલા આવશ્યક છે ?**

**ઉ-૪ :** આ આવશ્યક સૂત્રના છ આવશ્યક (અધ્યયન) છે. (૧) સામાયિક (૨) ચઉવીસત્થો (૩) વંદના (૪) પ્રતિક્રમણ (૫) કાઉસ્સગ્ગ (૬) પચ્ચક્ખાણ.

**પ્ર-૫ : પ્રતિક્રમણ (આવશ્યક) ક્યારે કરવામાં આવે છે ?**

**ઉ-૫ :** નિયમિત રૂપે સૂર્યાસ્ત પછી બે ઘડી સુધીમાં અને સવારે સૂર્યદય પહેલાં બે ઘડીની અંદર એમ બે વખત પ્રતિક્રમણ કરવાની ભગવાનની આજ્ઞા છે.

**પ્ર-૬ : દરરોજ બે વખત પ્રતિક્રમણ (આવશ્યક) કરવાથી શું લાભ થાય ?**

**ઉ-૬ :** વ્રતોમાં લાગેલા દોષોનું નિવારણ થાય છે અને વ્રતોની શુદ્ધિ થાય છે. ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરે છે.

**પ્ર-૭ : કાળની અપેક્ષાએ પ્રતિક્રમણ કેટલા પ્રકારના છે ? કયા કયા ?**

**ઉ-૭ :** કાળની અપેક્ષાએ પ્રતિક્રમણના પાંચ ભેદ છે :

(૧) **દેવસિય પ્રતિક્રમણ** - દિવસ દરમ્યાન લાગેલાં પાપોની આલોચના કરવા માટે દરરોજ સાંજે સૂર્યાસ્ત પછી બે ઘડી સુધીમાં કરાય છે.

(૨) **રાઈય પ્રતિક્રમણ** - રાત્રી દરમ્યાન લાગેલાં પાપોની આલોચના કરવા માટે રાત્રીના અંતિમ ભાગમાં સૂર્યોદય પહેલાં બે ઘડીની અંદર કરાય છે.

(૩) **પક્ખિય પ્રતિક્રમણ** - ૧૫ દિવસમાં લાગેલાં પાપોની આલોચના કરવા માટે મહિનામાં બે વાર સાંજે, પાક્ખી (અમાસ અને પૂનમ) પર્વના દિવસે કરાય છે.

(૪) **ચઉમ્માસિય પ્રતિક્રમણ** - ચાર મહિનામાં લાગેલાં પાપોની આલોચના કરવા માટે કારતક પૂર્ણિમા, ફાગણ પૂર્ણિમા, તથા અષાઢ મહિનાની પૂર્ણિમાના દિવસે સાંજે કરાય છે.

(૫) **સંવચ્છરિય પ્રતિક્રમણ** - વર્ષ દરમિયાન લાગેલાં પાપોની આલોચના કરવા માટે દર વર્ષે ભાદરવા સુદ પાંચમ - સંવત્સરીને દિવસે કરાય છે.

**પ્ર-૮ : પ્રતિક્રમણ શેનું કરવામાં આવે છે ?**

**ઉ-૮ :** મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભયોગનું પ્રતિક્રમણ કરવામાં આવે છે.

**પ્ર-૯ : રોજ સવાર સાંજ પ્રતિક્રમણ કરવામાં આવતું હોવા છતાં પાક્ખી આદિ પ્રતિક્રમણનું મહત્ત્વ શા માટે ?**

**ઉ-૯ :** જે રીતે આપણે આપણા ઘરમાં દરરોજ સફાઈ કરીએ છીએ, તો પણ તહેવારો તથા ખાસ પ્રસંગોના સમયે વધારે ધ્યાનથી સફાઈ કરીએ છીએ. તેમ નિયમિત બંને સમય પ્રતિક્રમણ કરવા છતાં પણ પર્વના દિવસોમાં આત્માની શુદ્ધિ માટે પાક્ખી, ચોમાસી કે સંવત્સરી વગેરે પ્રતિક્રમણ કરવામાં આવે છે.

## પાઠ ૧ : ઇચ્છામિણં ભંતે ! (પ્રતિક્રમણ પ્રતિજ્ઞા)

**પ્ર-૧ : પ્રતિક્રમણની આજ્ઞા લેવાનો પાઠ કયો છે ?**

**ઉ-૧ : 'ઇચ્છામિણં ભંતે !'**નો પાઠ એ પ્રતિક્રમણની આજ્ઞા લેવાનો પાઠ છે.

**પ્ર-૨ : આ પાઠમાં શેની આજ્ઞા લેવામાં આવે છે ?**

**ઉ-૨ :** આ પાઠમાં પ્રતિક્રમણ કરવાની અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપમાં લાગેલા અતિચારોનું ચિંતન કરવા માટે કાઉસ્સગ્ગ કરવાની આજ્ઞા લેવામાં આવે છે.

**પ્ર-૩ : 'જ્ઞાન' એટલે શું ?**

**ઉ-૩ : 'જ્ઞાન'** એટલે વસ્તુને વિશેષ સ્વરૂપે જાણવું તે.

**પ્ર-૪ : 'દર્શન' એટલે શું ?**

**ઉ-૪ : 'દર્શન'** એટલે નવતત્ત્વ પર શ્રદ્ધા રાખવી. અથવા દર્શન એટલે વસ્તુનો સામાન્ય બોધ. (આ કાંઈક છે એટલી જ જાણકારી)એ દર્શન.

**પ્ર-૫ : 'ચરિત્તાચરિત્તે'નો અર્થ શું છે ?**

**ઉ-૫ :** પાપોનો સર્વથા ત્યાગ કરવો, તેને **ચારિત્ર** કહે છે. પરંતુ શ્રાવક મિથ્યાત્વનો સંપૂર્ણપણે અને બાકીનાં પાપોનો આંશિક (શક્તિ પ્રમાણે) ત્યાગ કરે, તેથી શ્રાવકનાં વ્રતોને **'ચરિત્તાચરિત્તે'** કહે છે.

**પ્ર-૬ : 'તપ' કોને કહે છે ?**

**ઉ-૬ :** જે ક્રિયાથી આત્મા સાથે જોડાયેલાં કર્મ નાશ થાય છે, તેને **તપ** કહે છે. જેમ અગ્નિમાં તપવાથી સોનું સ્વચ્છ થાય છે, તેમ તપ કરવાથી કર્મ બળવાથી આત્મા શુદ્ધ થાય છે.

**પ્ર-૭ : અતિચાર કોને કહે છે ?**

**ઉ-૭ :** વ્રતોમાં લાગવાવાળા દોષોને **અતિચાર** કહે છે.

**પ્ર-૮ : અતિચાર અને અનાચારમાં શું ફરક છે ?**

**ઉ-૮ :** વ્રતને ભંગ **કરવાની તૈયારી તે અતિચાર** અને એકાંશે કે સર્વાંશે ભંગ **અનાચાર** કહેવાય છે. એટલે કે પચ્ચક્ખાણ ભૂલી જવાથી કે તેમાં શંકા ઉત્પન્ન થવાથી વ્રતમાં જે દોષ લાગે છે, તે અતિચાર છે અને વ્રતને તોડવું તે અનાચાર છે.

## પાઠ ૨ : 'ઇચ્છામિ ઠામિ'નો પાઠ

**પ્ર-૧ : પ્રતિક્રમણનો ટૂંકમાં સાર બતાવતો પાઠ કયો છે ?**

**ઉ-૧ :** પ્રતિક્રમણનો સાર બતાવતો પાઠ **'ઈચ્છામિ ઠામિ'**નો પાઠ છે.

**પ્ર-૨ : 'ઈચ્છામિ ઠામિ'ને સાર - પાઠ શા માટે કહેવામાં આવે છે ?**

**ઉ-૨ :** તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની પ્રાપ્તિ માટે ચાર કષાયોનો ત્યાગ તથા પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રતરૂપી શ્રાવકધર્મમાં લાગેલ અતિચારોનું મિચ્છામિ દુક્કડં દેવામાં આવે છે, માટે તે સાર - પાઠ છે.

**પ્ર-૩ : અણુવ્રત કોને કહે છે ? તે કેટલાં છે ? કયા કયા ?**

**ઉ-૩ :** જે વ્રતોમાં હિંસા આદિ પાપોનો મર્યાદિત (આંશિક) ત્યાગ કરાય છે, તેને **અણુવ્રત** કહે છે. મહાવ્રતની અપેક્ષાએ નાના હોવાથી પણ અણુવ્રત કહેવાય છે. તે અણુવ્રત પાંચ છે :

(૧) સ્થૂલ હિંસાનો ત્યાગ (૨) સ્થૂલ જૂઠનો ત્યાગ (૩) સ્થૂલ ચોરીનો ત્યાગ (૪) સ્વસ્ત્રી સંતોષ અને પરસ્ત્રી સેવનનો ત્યાગ (૫) સ્થૂલ પરિગ્રહની મર્યાદા કરવી. (૧ થી ૫ વ્રત).

**પ્ર-૪ : મહાવ્રત એટલે શું ?**

**ઉ-૪ : મહાવ્રત** એટલે જેમાં હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ વિ. પાપોનો સંપૂર્ણ ત્યાગ કરવામાં આવે છે.

**પ્ર-૫ : અણુવ્રત અને મહાવ્રતનું પાલન જીવનમાં કોણ કરે છે ?**

**ઉ-૫ : અણુવ્રતનું** પાલન **શ્રાવક** અને **મહાવ્રતનું** પાલન જૈન **સાધુ** કરે છે.

**પ્ર-૬ : ગુણવ્રત કોને કહે છે ? તે કેટલાં છે ? કયા કયા ?**

**ઉ-૬ :** જે અણુવ્રતોના ગુણોમાં વધારો કરનાર છે, તેવા વ્રતને **ગુણવ્રત** કહે છે. ગુણવ્રત ત્રણ છે : (૧) દિશા પરિમાણ વ્રત (૨) ઉપભોગ પરિભોગ પરિમાણ વ્રત (૩) અનર્થદંડ વિરમણ વ્રત. (૬-૭-૮મું વ્રત)

**પ્ર-૭ : શિક્ષાવ્રત કોને કહે છે ? તે કેટલાં છે ? કયા કયા ?**

**ઉ-૭ :** મોક્ષપ્રાપ્તિ માટે કર્મક્ષયનો નિયમિત અભ્યાસ કરાવતી ક્રિયાઓનું શિક્ષણ આપનાર વ્રતોને **શિક્ષાવ્રત** કહે છે. શિક્ષાવ્રત ચાર છે : (૧) સામાયિક વ્રત (૨) દેશાવગાસિક વ્રત (૩) પૌષધ વ્રત (૪) અતિથિ સંવિભાગ વ્રત. (૯ થી ૧૨ વ્રત)

**પ્ર-૮ : અકલ્પનીય અને અકરણીયમાં શો ફેર છે ?**

**ઉ-૮ :** પોતે ધારેલા નિયમથી વિરુદ્ધ આચરણ કરવું તે **'અકલ્પનીય'** છે. અયોગ્ય પાપકારી આચરણ કરવું તે **'અકરણીય'** છે.

**પ્ર-૯ : ખંડિયં અને વિરાહિયં માં શો ફરક છે ?**

**ઉ-૯ :** વ્રતનો એકાંશે ભંગ એટલે **ખંડિયં** અને સર્વાંશે ભંગ એટલે **વિરાહિયં** છે.

**પ્ર-૧૦ : આ પાઠમાં સૌથી મોટું એક પાપ છુપાયું છે તે કયું ?**

**ઉ-૧૦ : 'ઉસ્સુત્તો'** = સૂત્ર વિરુદ્ધ કર્યું હોય.

## પાઠ ૩ : 'ઇચ્છામિ ખમાસમણો'નો પાઠ

**પ્ર-૧ : 'ઈચ્છામિ ખમાસમણો'નો પાઠ શા માટે બોલવામાં આવે છે ?**

**ઉ-૧ :** ગુરુને **વંદન કરવા** માટે આ પાઠ બોલાય છે.

**પ્ર-૨ : આ પાઠનું બીજું નામ શું છે ?**

**ઉ-૨ :** ઉત્કૃષ્ટ વંદનાનો પાઠ અથવા **દ્વાદશાવર્ત્ત** (બાર આવર્ત્ત) ગુરુવંદનનો પાઠ.

**પ્ર-૩ : બાર આવર્ત્તન કયા કયા છે ?**

**ઉ-૩ :** અહો, કાયં, કાય, જત્તાભે, જવણિ, જ્જંચભે આ છ આવર્ત્તન અને બીજી વખત આ પાઠ બોલાય ત્યારે છ આવર્ત્તન. એમ ૧૨ આવર્ત્તન થાય.

**પ્ર-૪ : આ પાઠ કયાં આસને બેસીને બોલાય છે ?**

**ઉ-૪ : ઉકડુ કે ગોદુહ** આસને બેસીને બોલાય છે.

**પ્ર-૫ : ખમાસમણો એટલે શું ?**

**ઉ-૫ :** ખમાસમણો એટલે **ક્ષમાશ્રમણ.** જે ક્ષમાપૂર્વક તપ કરે તે.

**પ્ર-૬ : સર્વકાળની આશાતના શબ્દનો અર્થ શું છે ?**

**ઉ-૬ :** સર્વકાળની આશાતના એટલે ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ, એમ **ત્રણે કાળની** બધી **આશાતનાઓ.**

**પ્ર-૭ : 'સવ્વધમ્માઇક્કમણાએ'નો અર્થ શું છે ?**

**ઉ-૭ :** 'સવ્વધમ્માઇક્કમણાએ' એટલે બધાં જ ધર્મ અનુષ્ઠાનોનું/નિયમોનું ઉલ્લંઘન કે વિરાધનારૂપ આશાતના.

**પ્ર-૮ : આ પાઠથી કરાતી વંદનાને શા માટે ઉત્કૃષ્ટ વંદના કહે છે ?**

**ઉ-૮ :** આ પાઠથી કરવામાં આવતી વંદના **શબ્દ** અને **ક્રિયા બંનેમાં** ચડિયાતી છે માટે.

# તત્ત્વ-સંસ્કાર વિભાગ

આ જગતમાં મુખ્ય બે તત્ત્વો છે : જીવ અને અજીવ.

જે સુખદુઃખનો અનુભવ કરી શકે, જેનામાં જાણવાની અને જોવાની શક્તિ હોય, તેને **જીવ** કહેવાય છે.

જેમાં સુખદુઃખનો અનુભવ કરવાની શક્તિ નથી, જેનામાં જાણવાની અને જોવાની શક્તિ નથી, તેને **અજીવ** કહે છે. ઘડિયાળ, છત્રી, બૂટ, ચપ્પુ, તડકો, છાંયો, અંધારું વગેરે **અજીવ** છે.

જીવના મુખ્ય બે વિભાગ છે : ત્રસ અને સ્થાવર.

**ત્રસ** એટલે જે પોતાની મેળે હાલી - ચાલી શકે. જે જીવ તડકેથી છાંયે જાય ને છાંયેથી તડકે જાય. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિયના જીવો ત્રસ છે.

**સ્થાવર** એટલે જે જીવો પોતાની મેળે હલનચલન ન કરી શકે. પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય એ પાંચ એકેન્દ્રિયના જીવો સ્થાવર છે.

## છ કાયના બોલ

**છ કાયનાં નામ :** ૧. ઈંદિ સ્થાવર કાય*, ૨. બંભી સ્થાવર કાય, ૩. સપ્પિ સ્થાવર કાય, ૪. સુમતિ સ્થાવર કાય, ૫. પયાવચ્ચ સ્થાવર કાય, ૬. જંગમ કાય.

**છકાયના ગોત્ર :** ૧. પૃથ્વીકાય, ૨. અપ્‌કાય, ૩.તેઉકાય, ૪.વાઉકાય, ૫.વનસ્પતિકાય, ૬.ત્રસકાય.

---

* **કાય** એટલે સમૂહ અથવા શરીર. એક જ પ્રકારના જીવોના સમૂહને **કાય** કહે છે.

૧. **ઈંદિ સ્થાવર કાય** - જેના અધિપતિ (માલિક) **ઈન્દ્ર** છે તે પૃથ્વી.

૨. **બંભી સ્થાવર કાય** - જેમાં પ્રતિબિંબ પડે છે તે પાણી. જેના માલિક **બ્રહ્મા** નામના દેવ છે.

૩. **સપ્પિ સ્થાવર કાય** - જેમાં ઘી (સપ્પિ) પ્રમુખ ઓગળી જાય તે અગ્નિ. જેના માલિક શિલ્પ નામના દેવ છે.

૪. **સુમતિ સ્થાવર કાય** - જેના વાવાથી મતિ સારી થાય તે વાયુ. જેના માલિક **સુમતિ** નામના દેવ છે.

૫. પયાવચ્ચ સ્થાવર કાય - જેમાંથી દૂધ (પય) રસ નીકળે છે તે વનસ્પતિ. જેના માલિક **પ્રજાપતિ** નામના દેવ છે.

૬. **જંગમ કાય** - જે પોતાની મેળે હાલે ચાલે તેને ત્રસ જીવો કહે છે. જેના માલિક **જંગમ** નામના દેવ છે.

## ❖ પ્રથમ પૃથ્વીકાયનો વિસ્તાર ❖

**પૃથ્વીકાયના બે ભેદ :** (૧) સૂક્ષ્મ, (૨) બાદર. તે બંનેના (૧) અપર્યપ્તા અને (૨) પર્યાપ્તા એમ કુલ ચાર ભેદ.

(સૂક્ષ્મ તે આખા લોકમાં ભર્યા છે. હણ્યા હણાય નહિ, માર્યા મરે નહિ, અગ્નિમાં બળે નહિ, પાણીમાં ડૂબે નહિ, નજરે દેખાય નહિ, બે ભાગ થાય નહિ, ફક્ત જ્ઞાની જ જાણે અને દેખે, તેને **સૂક્ષ્મ** કહીએ.)

(બાદર તે લોકના દેશ (અમુક) ભાગમાં ભર્યા છે. હણ્યા હણાય, માર્યા મરે, અગ્નિમાં બળે, પાણીમાં ડૂબે, નજરે દેખાય અથવા ન પણ દેખાય, બે ભાગ થાય, તેને **બાદર** કહીએ.)

**બાદર પૃથ્વીનાં નામ :** (૧) કાળી, પીળી, લાલ વગેરે રંગની માટી, (૨) મીઠું, (૩) રૂપા, સોનાની ખાણ, (૪) અબરખ, લોઢું, હીરાની ખાણ, (૫) પારો, (૬) પથ્થર, શિલા, (૭) ગેરુ, ચંદન, સ્ફટિક આદિ રત્ન ઈત્યાદિ ઘણી જાતની પૃથ્વીકાય છે. તે પૃથ્વીકાયના એક કટકામાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે. (અસત્ કલ્પનાથી) તે પૃથ્વીકાયમાંથી જુવાર તથા પીલું જેટલી પૃથ્વીકાય લઈએ અને તેમાંથી એક એક જીવ નીકળી પારેવા જેવડી કાયા કરે, તો એક લાખ યોજનનો જંબૂદ્વીપ છે, તેમાં તે જીવો સમાય નહિ. એક પર્યાપ્તાની નેશ્રાએ અસંખ્યાતા* જીવો અપર્યાપ્ત છે. પૃથ્વીકાયનું **(પૃથ્વીકાયના એક જીવનું) આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટ ૨૨,૦૦૦ વર્ષનું છે. કુળ ૧૨ લાખ ક્રોડ છે. તેનું સંસ્થાન (આકાર) મસૂરની દાળ જેવું છે.** વર્ણ પીળો છે. તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતા સુખ પામીએ.

## ❖ બીજો અપ્કાયનો વિસ્તાર ❖

અપ્કાય(પાણી)ના બે ભેદ - સૂક્ષ્મ અને બાદર. તે બંનેના (૧) અપર્યાપ્તા અને (૨) પર્યાપ્તા એમ કુલ ચાર ભેદ.

**બાદર પાણીનાં નામ :** (૧) વરસાદ અને કરાનાં પાણી, (૨) ઝાકળ અને ધુમ્મસનાં પાણી, (૩) કૂવા, નદી અને તળાવનાં પાણી, (૪) દરિયા અને ઝરણાંનાં પાણી, (૫) ખારાં અને ખાટાં પાણી, (૬) મીઠાં અને મોળાં પાણી ઈત્યાદિ ઘણી જાતનાં પાણી છે. તેના એક એક બિંદુમાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે. તેમાંથી એક એક જીવ નીકળીને સરસવના દાણા જેવડી કાયા

---

* એક જીવ પર્યાપ્તો થાય ત્યારે ત્યાં જ બીજા સાથે ઉત્પન્ન થયેલા અસંખ્યાતા જીવ અપર્યાપ્ત અવસ્થામાં જ મરે.

કરે તો એક લાખ યોજનનો જમ્બૂદ્વીપ છે, તેમાં તે જીવો સમાય નહિ. એક પર્યાપ્તાની નેશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્તા છે. તેનું આયુષ્ય **જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ ૭૦૦૦ વર્ષનું છે. તેનાં કુળ ૭ લાખ ક્રોડ છે. તેનું સંસ્થાન (આકાર) પાણીના પરપોટા જેવું છે.** વર્ણ લાલ (રાતો) છે. તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતા સુખ પામીએ.

## ❖ ત્રીજો તેઉકાયનો વિસ્તાર ❖

**તેઉકાય(અગ્નિ)ના બે ભેદ** - સૂક્ષ્મ અને બાદર. તે બંનેનાં (૧) અપર્યાપ્તા અને (૨) પર્યાપ્તા એમ કુલ ચાર ભેદ. બાદર તેઉકાય ફક્ત **અઢી દ્વીપ**માં છે.

**બાદર અગ્નિનાં નામ :** (૧) ચૂલા અને ભઠ્ઠીનો અગ્નિ, (૨) ધુમાડી અને તાપણીનો અગ્નિ, (૩) ચકમક અને વીજળીનો અગ્નિ, (૪) દીવા અને ઉમાડાનો અગ્નિ, (૫) ધગધગતા લોઢાનો અગ્નિ અને અરણીનો અગ્નિ, (૬) દાવાનળ અને નીંભાડાનો અગ્નિ તે ઉપરાંત અગ્નિના ઘણા ભેદ છે. ને અગ્નિના એક તણખામાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે. તેમાંથી એકેકા જીવ નીકળીને ખસખસના દાણા જેવડી કાયા કરે તો એક લાખ યોજનનો જંબૂદ્વીપ છે તેમાં પણ તે જીવો સમાય નહિ. એક પર્યાપ્તની નેશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્તા છે. **તેનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્રિનું છે. તેના કુળ ૩ લાખ ક્રોડ છે. તેનું સંસ્થાન (આકાર) સોયના ભારા જેવું છે. વર્ણ સફેદ છે.** તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતા સુખ પામીએ.

## ❖ ચોથો વાઉકાયનો વિસ્તાર ❖

**વાઉકાયના બે ભેદ** - સૂક્ષ્મ અને બાદર. તે બંનેના (૧) અપર્યાપ્તા અને (૨) પર્યાપ્તા એમ કુલ ચાર ભેદ.

**બાદર વાયરાનાં નામ :** (૧) પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ દિશાનો વાયરો, (૨) ઊંચી, નીચી અને તિર્ચ્છી દિશાનો વાયરો, (૩) પૂર્વનો અને પશ્ચિમનો વાયરો, (૪) વંટોળિયો અને મંડલિયો વાયરો, (૫) ઘન (જાડો) અને તન (પાતળો) વાયરો, (૬) ગુંજ અને શુદ્ધ વાયરો. એ ઉપરાંત વાયુકાયના ઘણા ભેદ છે. તે વાયુકાયના એક વખત ફરકવામાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યાં છે. તેમાંથી એક એક જીવ નીકળીને વડના બીજ જેવડી કાયા કરે તો એક

---

**(સમજણ માટે અર્થ - (૧) અરણીનો અગ્નિ** - અરણી નામનું લાકડું ઘસવાથી ઉત્પન્ન થતો અગ્નિ, **(૨) દાવાનળ** - જંગલમાં ઝાડ ઘસાવાથી ઉત્પન્ન થતો અગ્નિ. **(૩) નીંભાડાનો અગ્નિ** - જ્યાં કુંભાર માટલાંને પકાવવા અગ્નિ કરે તે.)

લાખ યોજનનો જંબૂદ્વીપ છે, તેમાં તે જીવો સમાય નહિ. એક પર્યાપ્તાની નેશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્તા છે.

**તે બાદર વાયરો શા થકી હણાય છે ?** ઉઘાડે મોઢે બોલવાથી, ચપટી વગાડવાથી, સૂપડું કે કપડું ઝાટકવાથી, રેંટિયો કાંતવાથી, વીંઝણે (હાથ પંખો), વીંઝવાથી તાળી વગાડવાથી, પંખાની હવાથી, હિંચકે હિંચકવાથી, વાજિંત્ર વગાડવાથી, ફૂંક મારવાથી એ આદિ લઈને ઘણી જાતનાં શસ્ત્રે કરી વાયરો હણાય છે. એકવાર **ઉઘાડે મોઢે બોલવાથી વાયરાના અસંખ્યાતા** જીવ હણાય છે.

**તેનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત્તનું, ઉત્કૃષ્ટ ૩૦૦૦ વર્ષનું છે. તેનાં કુળ ૭ લાખ ક્રોડ છે.** તેનું સંસ્થાન ધ્વજા પતાકા જેવું છે. વર્ણ નીલો છે. તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતા સુખ પામીએ.

## ❖ પાંચમો વનસ્પતિકાયનો વિસ્તાર ❖

**વનસ્પતિકાયના બે ભેદ સૂક્ષ્મ અને બાદર.** તેમાં બાદર વનસ્પતિના બે ભેદ પ્રત્યેક અને સાધારણ. સૂક્ષ્મ, પ્રત્યેક અને સાધારણ એ ત્રણેનાં અપર્યાપ્તા અને પર્યાપ્તા મળી વનસ્પતિકાયના ૬ ભેદ.

જે વનસ્પતિમાં એક શરીરે એક જીવ હોય, તેને **પ્રત્યેક** વનસ્પતિ કહેવાય છે. **પ્રત્યેક વનસ્પતિનાં નામ :** (૧) આમળા, કેરી (આંબો) અને જાંબુ વગેરે એક બીજવાળા, તથા જામફળ, સીતાફળ, દાડમ વગેરે ઘણાં બીજવાળા, (૨) રીંગણા, તુલસી વગેરે નીચા ગોળ ઝાડ, (૩) ગુલાબ, જૂઈ, કેતકી વગેરે ફૂલ, (૪) અશોકલતા અને પદ્મલતા વગેરે લતા, (૫) દૂધી, તૂરિયા, કારેલા વગેરેના વેલા, (૬) શેરડી, નેતર, વાંસ વગેરે ગાંઠવાળાં ઝાડ, (૭) કડવાણી વગેરેનાં ઘાસ, (૮) સોપારી, ખારેક, નાળિયેરી, કેળાં વગેરે ઊંચાં ગોળ ઝાડ, (૯) મેથી, તાંદળજો, સુવા વગેરેની ભાજી , (૧૦) ઘઉં, જુવાર, બાજરી વગેરે ધાન્ય (અનાજ) તથા મગ, મઠ, ચણા વગેરે કઠોળ, (૧૧) શિંગોડા, કમળકાકડી, કમળ વગેરે જલવૃક્ષ, (૧૨) બિલાડીના ટોપ એ આદિ લઈને ઘણી જાતની પ્રત્યેક વનસ્પતિ છે.

**સાધારણ** એટલે જે વનસ્પતિમાં એક શરીરે અનંતા જીવ હોય તે.

**સાધારણ વનસ્પતિનાં નામ :** (૧) ડુંગળી, (૨) લસણ, (૩) બટેટા, (૪) આદુ, (૫) લીલી હળદર, (૬) ગાજર, (૭) મૂળા, (૮)શક્કરિયા, (૯) સૂરણ, (૧૦) બીટ, (૧૧) ગરમર. એ આદિ સાધારણ વનસ્પતિના ઘણા ભેદ છે. એક કંદમૂળના કટકામાં શ્રી ભગવંતે અનંતા જીવ કહ્યા છે.

**પ્રત્યેક વનસ્પતિનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત્તનું, ઉત્કૃષ્ટ ૧૦,૦૦૦ વર્ષનું છે. સાધારણ વનસ્પતિનું આયુષ્ય જ. અંતર્મુહૂર્ત્તનું, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્તનું છે. વનસ્પતિકાયનાં કુળ ૨૮ લાખ ક્રોડ છે. તેનું સંસ્થાન વિવિધ પ્રકારનું છે. વર્ણ વિવિધ છે.** તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંતા સુખ પામીએ.

પ્રત્યેક વનસ્પતિનાં વૃક્ષ ૧૦ બોલે કરી શોભે છે. (૧) મૂળ, (૨) કંદ, (૩) સ્કંધ (થડ), (૪) ત્વચા (છાલ), (૫) શાખા (ડાળી), (૬) પ્રવાલ (કુણું પાંદડું-કુંપળ), (૭) પત્ર (પાંદડાં), (૮) ફૂલ, (૯) ફળ, (૧૦) બીજ. તે દશેમાં પોતપોતાનો એક જીવ હોય છે અને તેને આશ્રયે ત્રણ પ્રકારના જીવ ભગવાને કહ્યા છે. સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા. **તે પ્રત્યેક વનસ્પતિના ઊગતા, કૂણાં અંકુરામાં (૧) ચક્ર પડે (૨) તેમાં જેનું શરીર ભાંગતાં સમાન ભંગ થાય તે (૩) જેમાં તાંતણાં કે રેસા ન હોય, કાચું, જ્યાં જ્યાં લીલાશ છે તેમાં (કોથમીરનાં પાન, ફણસી આદિ શાકની છાલ વગેરે) તથા સાધારણ વનસ્પતિમાં પણ અનંતા જીવ હોય છે.**

પાકી વનસ્પતિમાં સંખ્યાતા જીવ હોય છે. જેનું શરીર ભાંગતાં સમાન ભંગ ન થાય તથા જેમાં તાંતણા કે રેસા હોય તે પ્રત્યેક વનસ્પતિ છે, તેમાં સંખ્યાતા કે અસંખ્યાતા જીવ હોય છે.

## ❖ છઠ્ઠો ત્રસકાયનો વિસ્તાર ❖

**ત્રસકાય :** તેના ચાર ભેદ છે : ૧. બેઈન્દ્રિય, ૨. તેઈન્દ્રિય, ૩. ચૌરેન્દ્રિય, ૪. પંચેન્દ્રિય.

**૧. બેઈન્દ્રિય :** તેના બે ભેદ - અપર્યાપ્તા અને પર્યાપ્તા.

**બેઈન્દ્રિય કોને કહીએ ?** જેને સ્પર્શનેન્દ્રિય (કાયા) અને રસનેન્દ્રિય (જીભ) હોય, તેને બેઈન્દ્રિય કહીએ. તેનાં નામ : (૧) જળો, (૨) કીડા, (૩) પોરા, (૪) કરમિયાં, (૫) સરમિયાં, (૬) મામણમુંડા, (૭) અળસિયાં, (૮) વાંતરાં, (૯) શંખ, (૧૦) છીપ, (૧૧) કોડાં, (૧૨) ઈયળ એ આદિ લઈને ઘણી જાતના બેઈન્દ્રિય જીવ છે. તેનું **આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત્તનું, ઉત્કૃષ્ટ બાર વર્ષનું. તેનાં કુળ સાત લાખ ક્રોડ.** તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંત સુખ પામીએ.

**૨. તેઈન્દ્રિય :** તેના બે ભેદ - અપર્યાપ્તા અને પર્યાપ્તા.

**તેઈન્દ્રિય કોને કહીએ ?** જેને સ્પર્શનેન્દ્રિય (કાયા), રસનેન્દ્રિય (જીભ), ઘ્રાણેન્દ્રિય (નાક) હોય, તેને તેઈન્દ્રિય કહીએ. તેના નામ : (૧) જૂ, (૨) લીખ, (૩) ચાંચડ, (૪) માંકડ, (૫) કીડી, (૬) કંથવા, (૭) માટલાં, (૮) ધનેડાં, (૯) જુવા, (૧૦) ઈતરડી, (૧૧) કાનખજૂરા, (૧૨) ઘીમેલ,

(૧૩) ગધૈયા, (૧૪) મંકોડા, (૧૫) ઉધઈ એ આદિ ઘણી જાતના તેઈન્દ્રિય જીવ છે. તેનું **આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ ૪૯ દિવસનું છે. તેનાં કુળ આઠ લાખ ક્રોડ છે.** તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંત સુખ પામીએ.

**૩. ચૌરેન્દ્રિય :** તેના બે ભેદ - અપર્યાપ્તા અને પર્યાપ્તા.

**ચૌરેન્દ્રિય કોને કહીએ ?** જેને સ્પર્શનેન્દ્રિય (કાયા), રસનેન્દ્રિય (જીભ), ઘ્રાણેન્દ્રિય (નાક), ચક્ષુરિન્દ્રિય (આંખ) હોય, તેને ચૌરેન્દ્રિય કહીએ. તેનાં નામ : (૧) માખી, (૨) મસલાં, (૩) ડાંસ, (૪) મચ્છર, (૫) ભમરા, (૬) તીડ, (૭) પતંગ, (૮) કરોળિયાં, (૯) કંસારી, (૧૦) ખડમાંકડી, (૧૧) વીંછી, (૧૨) બગાં, (૧૩) ફુદા એ આદિ ઘણી જાતના ચૌરેન્દ્રિય જીવ છે. **તેનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ છ માસનું.** તેનાં કુળ નવ લાખ ક્રોડ છે. તેની દયા પાળીએ તો મોક્ષનાં અનંત સુખ પામીએ.

**૪. પંચેન્દ્રિય :** તેના ચાર ભેદ - ૧. નારકી, ૨. તિર્યંચ પંચેન્દ્રિય, ૩. મનુષ્ય, ૪. દેવ.

**પંચેન્દ્રિય કોને કહીએ ?** જેને સ્પર્શનેન્દ્રિય (કાયા), રસનેન્દ્રિય (જીભ), ઘ્રાણેન્દ્રિય (નાક), ચક્ષુરિન્દ્રિય (આંખ), શ્રોત્રેન્દ્રિય (કાન) હોય, તેને પંચેન્દ્રિય કહીએ.

**૧. નારકી :** નારકીના સાત ભેદ. **તે સાત નરકનાં** નામ-(૧) ઘમા, (૨) વંશા, (૩) શિલા, (૪) અંજના, (૫) રિષ્ટા, (૬) મઘા, (૭) માઘવતી.

**સાત નરકનાં ગોત્ર.** (૧) રત્નપ્રભા, (૨) શર્કરાપ્રભા, (૩) વાલુકાપ્રભા, (૪) પંકપ્રભા, (૫) ધૂમપ્રભા, (૬) તમસ્પ્રભા, (૭) તમઃતમસ્પ્રભા. એ સાત નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળીને નારકીના કુલ ૧૪ ભેદ થાય. **નારકીની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષની, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની. તેનાં કુળ પચ્ચીસ લાખ ક્રોડ.**

**૨. તિર્યંચ :** તિર્યંચ પંચેન્દ્રિયના ૨૦ ભેદ. (૧) જળચર, (૨) સ્થળચર, (૩) ઉરપરિસર્પ, (૪) ભુજપરિસર્પ, (૫) ખેચર. તે પાંચેના બે બે ભેદ છે. ૧. ગર્ભજ,* ૨.સંમૂર્ચ્છિમ, એમ કુલ ૧૦ ભેદ. તે ૧૦ના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળી કુલ ૨૦ ભેદ.

**(૧) જળચર :** જે જળમાં (પાણીમાં) ચાલે તેને જળચર કહે છે. તે મગરમચ્છ, કાચબા, દેડકા વગેરે જળચરના ઘણા ભેદ છે.

---

* **ગર્ભજ** એટલે જે જીવો સ્ત્રી-પુરુષના સંયોગ વડે ગર્ભમાં ઉત્પન્ન થાય છે, તેને પાંચ ઈન્દ્રિયો અને મન હોય છે. મન હોય તે જીવોને **સંજ્ઞી** જીવ કહે છે. **સંમૂર્ચ્છિમ** એટલે જે જીવો સ્ત્રી-પુરુષોના સંયોગ વગર, સ્વયં પોતાની મેળે જ ઉત્પન્ન થાય છે, તે જીવોને મન હોતું નથી, તેથી તેઓ **અસંજ્ઞી** કહેવાય છે.

**(૨) સ્થળચર :** જમીન પર ચાલે, તેને સ્થળચર કહે છે. તે ઘોડાં, ગધેડાં, ગાય, ભેંસ, હાથી, ગેંડા, વાઘ, સિંહ વગેરે સ્થળચરના ઘણા ભેદ છે.

**(૩) ઉરપરિસર્પ :** જે હૈયાભર ચાલે, પેટે ચાલે, તેને ઉરપરિસર્પ કહે છે. તે સાપ, અજગર, અશાલિયો વગેરે ઘણા ભેદ છે.

**(૪) ભુજપરિસર્પ :** જે ભુજાએ કરી ચાલે, તેને ભુજપરિસર્પ કહે છે. તે ઉંદર, ખિસકોલી, ગરોળી વગેરે ઘણા ભેદ છે.

**(૫) ખેચર :** જે જીવ આકાશે ઊડે, તેને ખેચર કહે છે. તે ચામાચીડિયાં, મોર, કબુતર, ચકલાં, સમુદ્ગ પંખી, વીતત પંખી વગેરે ઘણા ભેદ છે.

**ગર્ભજ તિર્યંચની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની. સંમૂર્ચ્છિમ તિર્યંચની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની. ઉત્કૃષ્ટ પૂર્વ ક્રોડ વર્ષની, તિર્યંચના કુળ ૫૩ાા (સાડા ત્રેપન) લાખ ક્રોડ છે.**

**૩. મનુષ્ય :** તેના બે ભેદ. (૧) ગર્ભજ, (૨) સંમૂર્ચ્છિમ.

(૧) ગર્ભજ મનુષ્યના ૨૦૨ ભેદ તે (૧) ૧૫ કર્મભૂમિના મનુષ્ય, (૨) ૩૦ અકર્મભૂમિના મનુષ્ય, (૩) ૫૬ અંતરદ્વીપના મનુષ્ય એમ ૧૦૧ ભેદ. તેના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળી કુલ ૨૦૨ ભેદ.

**(૨) સંમૂર્ચ્છિમ મનુષ્ય** - ઉપરના ૧૦૧ મનુષ્યના ક્ષેત્રમાં મનુષ્યની ૧૪ પ્રકારની અશુચિમાં ઉત્પન્ન થાય તે ૧૦૧ સંમુર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા. એમ કુલ ૩૦૩ ભેદ થાય.

**ગર્ભજ મનુષ્યની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની. સંમૂર્ચ્છિમ મનુષ્યની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની. મનુષ્યનાં કુળ બાર લાખ ક્રોડ. (સંમૂર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્ત અવસ્થામાં જ મૃત્યુ પામે છે)**

**૪. દેવના મુખ્ય ચાર ભેદ** - (૧) ભવનપતિ, (૨) વાણવ્યંતર, (૩) જ્યોતિષી, (૪) વૈમાનિક. તેમાં ભવનપતિનાં ૨૫, વાણવ્યંતરના ૨૬, જ્યોતિષીના ૧૦, વૈમાનિકના ૩૮ ભેદ એમ ૯૯ ભેદ છે. તે ૯૯ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ કુલ દેવના ૧૯૮ ભેદ થાય. **દેવની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષની, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની. તેનાં કુળ ૨૬ લાખ ક્રોડ છે.**

છકાયના જીવોની દયા પાળીએ તો આ ભવ અને પરભવને વિશે પરમસુખને પામીએ.

છકાય બોલના આધારે નારકીના ૧૪, તિર્યંચના ૪૮, મનુષ્યના ૩૦૩ અને દેવતાના ૧૯૮ એમ કુલમળીને ૫૬૩ ભેદ થાય છે. તેનો વિસ્તાર નીચે કોઠા દ્વારા બતાવવામાં આવ્યો છે.

| | |
|---|---|
| **૧. નરક ગતિ : ૭ નરકના અપર્યાપ્તા ને પર્યાપ્તા એમ કુલ** | **૧૪** |
| **૨. તિર્યંચના કુલ ભેદ ૨૨+૬+૨૦ =** | **૪૮** |
| **તિર્યંચ ગતિ : એકેન્દ્રિય (સ્થાવર) તિર્યંચના ૨૨ ભેદ** | |
| ૧. પૃથ્વીકાયના સૂક્ષ્મ, બાદર, તેના અપર્યાપ્તા, પર્યાપ્તા | ૪ |
| ૨. અપકાયના સૂક્ષ્મ, બાદર, તેના અપર્યાપ્તા, પર્યાપ્તા | + ૪ |
| ૩. તેઉકાયના સૂક્ષ્મ, બાદર, તેના અપર્યાપ્તા, પર્યાપ્તા | + ૪ |
| ૪. વાઉકાયના સૂક્ષ્મ, બાદર, તેના અપર્યાપ્તા, પર્યાપ્તા | + ૪ |
| ૫. વનસ્પતિકાયના સૂક્ષ્મ, પ્રત્યેક, સાધારણ એ ત્રણેના અપર્યાપ્તા, પર્યાપ્તા | + ૬ |
| **વિકલેન્દ્રિય તિર્યંચના ૬ ભેદ** | |
| ૧. બેઈન્દ્રિય, ૨. તેઈન્દ્રિય, ૩. ચૌરેન્દ્રિય એ ત્રણેના અપર્યાપ્તા, પર્યાપ્તા મળીને વિકલેન્દ્રિય તિર્યંચના ૩ x ૨ ભેદ | ૬ |
| **તિર્યંચ પંચેન્દ્રિયના ૨૦ ભેદ** | |
| ૧. જળચરના ગર્ભજ, સંમૂર્ચ્છિમ તેના અપર્યાપ્તા, પર્યાપ્તા | + ૪ |
| ૨. સ્થળચરના ગર્ભજ, સંમૂર્ચ્છિમ તેના અપર્યાપ્તા, પર્યાપ્તા | + ૪ |
| ૩. ઉરપરિસર્પના ગર્ભજ, સંમૂર્ચ્છિમ તેના અપર્યાપ્તા, પર્યાપ્તા | + ૪ |
| ૪. ભૂજપરિસર્પના ગર્ભજ, સંમૂર્ચ્છિમ તેના અપર્યાપ્તા, પર્યાપ્તા | + ૪ |
| ૫. ખેચરના ગર્ભજ, સંમૂર્ચ્છિમ તેના અપર્યાપ્તા, પર્યાપ્તા | + ૪ |
| **૩. મનુષ્ય ગતિ : મનુષ્યના કુલ ૩૦૩ ભેદ** | **૩૦૩** |
| ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ, ૫૬ અંતરદ્વીપ તે ૧૦૧ ક્ષેત્રના ગર્ભજ-અપર્યાપ્તા મનુષ્ય= | + ૧૦૧ |
| ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ, ૫૬ અંતરદ્વીપ તે ૧૦૧ ક્ષેત્રના ગર્ભજ - પર્યાપ્તા મનુષ્ય= | + ૧૦૧ |
| તે ૧૦૧ ક્ષેત્રના સંમૂર્ચ્છિમ અપર્યાપ્તા મનુષ્ય | + ૧૦૧ |
| **૪. દેવગતિ : દેવના કુલ ૧૯૮ ભેદ** | **૧૯૮** |
| ૧.ભવનપતિ - ૨૫ના અપર્યાપ્તા, પર્યાપ્તા | ૫૦ |
| ૨.વાણવ્યંતર - ૨૬ના અપર્યાપ્તા, પર્યાપ્તા | + ૫૨ |
| ૩.જ્યોતિષી - ૧૦ના અપર્યાપ્તા, પર્યાપ્તા | + ૨૦ |
| ૪.વૈમાનિક - ૩૮ના અપર્યાપ્તા, પર્યાપ્તા | + ૭૬ |
| **જીવના કુલ ભેદ ૧૪+૪૮+૩૦૩+૧૯૮=** | **૫૬૩** |

## પાઠ ૧ : છ કાયની દયા

છ કાયના જીવોની વ્યાવહારિક જીવનમાં નીચે પ્રમાણે દયા પાળી શકાય છે.

**પૃથ્વીકાયની દયા :** (૧) રસ્તામાં ખોદકામ થયું હોય ત્યાં ખોદેલી માટી ઉપર ચાલવું નહિ. (૨) રમત રમવા કે ઝાડપાન વાવવા જમીન ખોદવી નહિ. (૩) ભોજનમાં ઉપરથી કાચું મીઠું લેવું નહિ.

**અપ્કાયની દયા :** (૧) વરસાદમાં નાહવું નહિ. (૨) હોળી, ધૂળેટી રમવી નહિ તથા કાચાં પાણી ભરેલા ફુગ્ગા ફોડવા નહિ. (૩) પર્વતિથિએ નાહવાના પાણીની મર્યાદા કરવી. (૪) અણગણ કે કાચું પાણી પીવું નહિ. (૫) નદી, તળાવ કે તરણહોજ(સ્વિમિંગ પુલ)માં નાહવું નહિ.

**તેઉકાયની દયા :** (૧) ઠંડીથી બચવા લાકડાં કે કાગળ બાળવા નહિ. (૨) ગૅસ, સ્ટવ, ચૂલા વગર કારણે બાળવા નહિ. (૩) વગર કારણે ઈલેક્ટ્રિક સ્વિચો ચાલુ-બંધ કરવી નહિ. (૪) દીવા, દિવેટ, કોડિયાં પેટાવવાં નહિ. (૫) હોળી પ્રગટાવવી નહિ, જોવા જવું નહિ. (૬) ગરમ વસ્તુઓ ખાવાનો આગ્રહ રાખવો નહિ. (૭) ટી.વી. જોવું નહિ. (૮) ફટાકડા ફોડવા નહિ.

**વાઉકાયની દયા :** (૧) ઉઘાડે મુખે બોલવું નહિ. સાધુસંતો સાથે જતના રાખીને વાતચીત કરવી. (૨) તાળી પાડવી નહિ. (૩) હિંચકા ખાવા નહિ. (૪) દાંડિયા, રાસ, ગરબા રમવા નહિ. (૫) કપડાં જોર જોરથી ઝાપટવાં નહિ.

**વનસ્પતિકાયની દયા :** (૧) લીલાં ઘાસ, પાંદડાં વગેરે પર બેસવું, ચાલવું કે દોડવું નહિ. (૨) ઝાડ પરથી ફળ, ફૂલ કે પાંદડાં તોડવાં નહિ. (૩) ગજરા, વેણી, ફૂલ માથામાં નાંખવાં નહિ. (૪) કાચાં શાકભાજી ખાવાં નહિ (૫) કંદમૂળ ત્યાગ કરવો તથા પર્વતિથિએ લીલોતરીનો ત્યાગ કરવો. (૬) પાન ખાવા નહિ.

**ત્રસકાયની દયા :** (૧) ઘરમાં કરોળિયાનાં જાળાં, વાંદા, માંકડ, મંકોડા થાય નહિ તેવી સ્વચ્છતા જાળવવી અને જો થાય તો જતનાપૂર્વક ઘરમાંથી દૂર કરવા. (૨) ગૅસ, ચૂલા જોઈને, પૂંજીને ચાલુ કરવા. (૩) નીચે જોઈને ચાલવું, બેસવું, દોડાદોડી ન કરવી. (૪) ગરમ વસ્તુ ખુલ્લી મૂકવી નહિ તેમ જ સીધી જમીન પર ન મૂકતાં સ્ટૅન્ડ પર મૂકવી. (૫) જંતુનાશક દવા વાપરવી નહિ.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) છકાયનાં આયુષ્ય, કુળ લખો. (૨) તેઉકાયનો વિસ્તાર લખો. (૩) ૭ નરકનાં કુળ ગોત્ર લખો. (૪) એકેન્દ્રિય, બેઈ., પંચે.ના ભેદ કેટલા ? (૫) ગર્ભજ મનુષ્યના ભેદ કેટલા ? (૬) વનસ્પતિકાયની દયા તમારા વ્યાવહારિક જીવનમાં કેવી રીતે પાળશો ? (૭) વાયરો કેવી રીતે હણાય છે ?

## પાઠ ૨ : કંદમૂળના ત્યાગથી થતા લાભો

સોયના અગ્રભાગ પર રહે તેટલાં કંદમૂળમાં શ્રી ભગવંતે અનંતા જીવો કહ્યા છે. જિંદગી સુધી કોઈ વ્યક્તિ **લીલાં શાકભાજી ખાય અને પાપ લાગે તેનાં કરતાં પણ એક વખત એક કંદમૂળનો ટુકડો ખાય તેનું પાપ વધી જાય છે.** માટે મોક્ષની અભિલાષાવાળાએ કંદમૂળનો ત્યાગ કરવો જોઈએ.

(૧) કંદમૂળ ન ખાવાથી **અનંતા જીવોની દયા**નું પાલન થાય છે.

(૨) અરિહંત **ભગવાનની આજ્ઞાનું પાલન** થાય છે.

(૩) **સ્વભાવ તામસી** કે **ઉગ્ર ન થાય,** ઠંડો રહે છે.

(૪) શાંતિ, શીતળતા, સભ્યતા, સહિષ્ણુતા વધે છે.

(૫) **રસનેન્દ્રિય** ઉપર **વિજય** થાય છે.

(૬) જે કંદમૂળ ખાય તેને **ભવિષ્યમાં કંદમૂળમાં જન્મીને અનંત કાળ રહેવું પડે** છે. ત્યાં વારંવાર છેદાય, ભેદાય, વિંધાય, શેકાય, તળાય અને વારંવાર કંદમૂળમાં જ જન્મમરણ થાય. કંદમૂળ છોડે તો તેવાં દુઃખોથી બચી શકાય છે.

(૭) **સદ્ગતિ**માં જવાય છે.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) કંદમૂળમાં કેટલા જીવો હોય છે ? (૨) કંદમૂળ ન ખાવાથી કોની આજ્ઞાનું પાલન થાય ? (૩) કંદમૂળ ખાનાર ક્યાં જાય ? કેવું દુઃખ ભોગવે ? (૪) કંદમૂળ ખાવાથી અને ન ખાવાથી સ્વભાવ કેવો થાય છે ?

## પાઠ ૩ : ધાર્મિક પર્વ તિથિઓ

**(૧) જૈન ધર્મ એ લોકોત્તર ધર્મ છે. આ ધર્મના તહેવારો પર્વ કહેવાય છે.**

અજ્ઞાની જીવો પર્વના દિવસનું મહત્ત્વ ન સમજતાં હોવાથી ખાવું, પીવું, હરવું, ફરવું વગેરે કાર્યો કરી પોતાનો સમય વેડફે છે. પરંતુ આપણે ધાર્મિક પર્વના દિવસો દરમિયાન આરંભ પરિગ્રહ, મોજશોખ ઘટાડીને તપ, ત્યાગ, જ્ઞાન, ધ્યાનની આરાધના કરવી જોઈએ. કારણે કે પ્રાયઃ કરીને તિથિના દિવસે મનુષ્ય, તિર્યંચના જીવોના પરભવનાં આયુષ્યનો બંધ પડે છે.

આપણાં મુખ્ય પર્વનાં નામ તથા તિથિઓ નીચે પ્રમાણે છે :

| પર્વનું નામ | તિથિ |
|---|---|
| ૧. ચાતુર્માસ પ્રારંભ | અષાડ સુદ પૂનમ (૧૫) |
| ૨. પર્યુષણ પર્વ પ્રારંભ | શ્રાવણ વદ ૧૩ (તેરસ) |
| ૩. સંવત્સરી મહાપર્વ | ભાદરવા સુદ પાંચમ |
| ૪. આસો આયંબિલ ઓળી | આસો સુદ સાતમથી પૂનમ |

| | |
|---|---|
| ૫. મહાવીર નિર્વાણ (દિવાળી) | આસો વદ અમાસ |
| ૬. ચાતુર્માસ પૂર્ણાહુતિ | કારતક સુદ પૂનમ |
| ૭. ચૈત્રી આયંબિલ ઓળી | ચૈત્ર સુદ સાતમથી પૂનમ |
| ૮. મહાવીર જન્મ કલ્યાણક | ચૈત્ર સુદ તેરસ |
| ૯. અખાત્રીજ (વરસીતપ પારણા) | વૈશાખ સુદ ત્રીજ |
| ૧૦. ચૌમાસી (પાખી) | ૧. અષાઢ સુદ પૂનમ<br>૨. કારતક સુદ પૂનમ<br>૩. ફાગણ સુદ પૂનમ |

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) પર્યુષણ કઈ તિથિએ શરૂ થાય ? (૨) આસો વદ અમાસે કયું પર્વ આવે ? (૩) તિથિના દિવસે શા માટે ધર્મ આરાધના કરવી જોઈએ ? (૪) ચોમાસી પાખી કેટલી છે ? કઈ કઈ ?

## પાઠ ૪ : મારું આત્મ સ્વરૂપ

(૧) હું **આત્મા** છું, શરીરથી જુદો છું.

(૨) **જ્ઞાન** અને **દર્શન** (જોવું અને જાણવું) એ મારો સ્વભાવ છે.

(૩) હું નિત્ય છું. અનાદિકાળથી હતો, અનંતકાળ સુધી રહીશ, મને બનાવનાર કોઈ નથી, કર્મનો કર્તા હું જ છું.

(૪) રાગ અને દ્વેષ એ બે કર્મબંધનાં મુખ્ય કારણ છે. મારાં બાંધેલાં કર્મો મારે એકલાએ જ સુખ અને દુઃખ રૂપે ભોગવવાં પડે છે, તેથી હું જ કર્મનો ભોક્તા છું.

(૫) વિવિધ કર્મના બંધ અને ઉદયને કારણે આ સંસારમાં હું જન્મ-મરણ પામું છું.

(૬) શાશ્વતા સુખનું સ્થાન મોક્ષ છે. મોક્ષમાં અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે, તેમને કર્મ હોતાં નથી. તે આત્માનું શુદ્ધ સ્વરૂપ છે.

(૭) **સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર અને સમ્યગ્તપ** એ મોક્ષ પ્રાપ્તિનો ઉપાય છે.

(૮) જન્મ-મરણનાં દુઃખોમાંથી છૂટવા હું પણ મોક્ષમાર્ગની આરાધના કરી મોક્ષ પ્રાપ્ત કરીશ એ મારું જીવન લક્ષ્ય છે.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) મારો સ્વભાવ કેવો છે ? (૨) મોક્ષપ્રાપ્તિનો શું ઉપાય છે ? (૩) 'મારું આત્મ સ્વરૂપ' કોઈપણ ત્રણ મુદ્દા જણાવો. (૪) મારું જીવન લક્ષ્ય શું છે?

## પાઠ ૫ : રાગનું સ્વરૂપ - ૧. લોભ, ૨. માયા

**જેનાથી સંસાર (નો લાભ) વધે છે તે કષાય.** (**કષ્**=સંસાર, **આય**=લાભ) તે ચાર છે : ક્રોધ-માન-માયા-લોભ.

**લોભ એટલે લાલચ, અસંતોષ.**

લોભી લાલચને લીધે પોતાનું સ્વમાન ગુમાવે છે.

લોભી પોતાનો સ્વાર્થ સાધવા ખુશામત કરતો ફરે છે.

મોટા ભાગના પાપનું મૂળ લોભમાં હોય છે.

- ❒ તમને કોઈ ચીજ-વસ્તુ-સંજોગો ગમતા હોય અને તે પ્રામાણિક રીતે મહેનત કરીને મેળવો તે યોગ્ય છે.
- ❒ પુણ્યનો સમય ચાલતો હોય ત્યારે તમારા પ્રયત્નમાં તમને સફળતા મળે છે, તેથી મનગમતી ચીજ-વસ્તુ-સંજોગો તમને મળે છે.
- ❒ પરંતુ પાપનો સમય ચાલતો હોય ત્યારે મહેનત કરવા છતાં તમને મનગમતી ચીજ-વસ્તુ-સંજોગો મળતા નથી.
- ❒ જ્યારે પાપનો સમય પૂરો થઈ જશે અને પુણ્યનો સમય આવશે, ત્યારે તે મનગમતી ચીજ-વસ્તુ-સંજોગો તમને અવશ્ય મળશે જ.
- ❒ લાલચ જરૂર ના હોય છતાંય ચીજ-વસ્તુઓનો સંગ્રહ કરાવે છે.
- ❒ આ લાલચ જ તમને પાપ કરાવે છે.
- ❒ માટે લાલચ ન થઈ જાય તે માટે સંતોષ રાખીને હું લોભનો નાશ કરીશ.
- ❒ લાલચને કાબૂમાં રાખવાથી પાપની શરૂઆત થતી જ તમે રોકી શકાય છે.
- ❒ **પાપ થઈ જાય તેનાં કરતાં થઈ જતાં પાપને રોકવા તે જ ડહાપણનું કામ છે.**
- ❒ **સંતોષ રાખીને ધીરજથી પ્રામાણિક રીતે મહેનત કરતા રહીએ તો જ આવા 'લોભ'થી બચી શકાય છે. કહેવત છે કે 'સંતોષી નર સદા સુખી.'**

- **માયા**

માયા એટલે કપટ, છેતરપિંડી. અંદર જુદું બહાર જુદું કપટી કપટ કરીને લોકોમાં પોતાની આબરૂ ગુમાવે છે. છેતરપિંડી કરનારનો કોઈ વિશ્વાસ કરતું નથી. કપટી એક જૂઠ છૂપાવવા સો જૂઠ બોલતો હોય છે. તેથી કપટીથી લોકો દૂર ભાગે છે.

- જ્યારે પ્રામાણિક રીતે પ્રયત્ન કરવા છતાંય મનગમતી ચીજ-વસ્તુઓ-સંજોગો ન મળે ત્યારે, આ વસ્તુઓ જલદીથી મળી જાય તેવી લાલચ થઈ જાય છે.
- આવી લાલચ થાય ત્યારે જૂઠું બોલી, ચોરી કરી, છેતરપિંડી-કપટ કરીને ટૂંકા રસ્તે મનપસંદ ચીજ-વસ્તુ-સંજોગો મેળવવાનું મન થઈ જાય છે.
- આવા ટૂંકા રસ્તે મનપસંદ ચીજ-વસ્તુ મેળવવાની લાલચ પાપ કરાવે છે.
- લાલચથી જ પાપની શરૂઆત થાય છે. અને છેતરપિંડી વગેરેથી પાપ વધતાં જાય છે.
- ક્યારેક પુણ્યનો સમય ચાલતો હોય ત્યારે આવા ટૂંકા રસ્તે પણ મનપસંદ ચીજ-વસ્તુ મળી જાય છે.
- સાથે સાથે નવાં પાપ પણ બંધાતાં જાય છે.
- આપણે બાંધેલાં પાપ આપણે જ ભોગવવાં પડે છે.
- આ પાપનો સમય આવે ત્યારે આવેલી મનપસંદ ચીજ-વસ્તુ-સંજોગો ચાલ્યા જાય છે, અને ના ગમે તેવા સંજોગો આવે છે.
- આ છેતરપિંડીને જ ધર્મની ભાષામાં 'માયા' પણ કહે છે.
- લાલચ અને છેતરપિંડી એટલે કે **'લોભ' અને 'માયા' બંને 'રાગ'થી થાય છે.**
- **સત્ય બોલવું, ચોરી-છેતરપિંડી કરવી તે સરળતા છે.**
- સરળતા રાખવાથી જૂઠ, ચોરી-છેતરપિંડી, કપટથી થતાં 'માયા'નાં પાપથી બચી શકાય છે.
- **તેથી 'સરળતા' રાખી હું 'માયા'નો નાશ કરીશ.**

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) લોભ એટલે શું ? (૨) માયા એટલે શું ? (૩) લોભનો નાશ કેવી રીતે થાય ? (૪) માયાનો નાશ કેવી રીતે થાય ? (૫) લોભથી બચવા શું કરવું ? (૬) કષાય એટલે શું ? (૭) રાગના બે ભાગ કયા કયા ? (૮) કપટીથી લોકો કેમ દૂર ભાગે છે ? (૯) ડહાપણ શેમાં છે ?

# કથા વિભાગ

## કથા ૧ : નેમ-રાજુલ

બાવીશમા **તીર્થંકર શ્રી નેમનાથ** ભગવાન **શૌર્યપુર** નગરના મહાન ઋદ્ધિવાળા **સમુદ્રવિજય રાજાના** મહાયશસ્વી, બળવાન, તેજસ્વી પુત્ર હતા. તેમની **માતા શિવાદેવી** અને **નાના ભાઈ રહનેમિ** હતા.

સમુદ્રવિજય રાજાને તેમનાથી નાના બીજા ૯ (નવ) ભાઈઓ હતા, તેમાં સૌથી નાના ભાઈનું નામ **વસુદેવ** હતું. વસુદેવ રાજાને બે પત્નીઓ હતી. તેમાં **રોહિણીના પુત્ર બળદેવ** અને **દેવકીના પુત્ર શ્રીકૃષ્ણ વાસુદેવ હતા.** આ રીતે **શ્રીકૃષ્ણ અને નેમનાથ બંને કાકાભાઈના દીકરાઓ ભાઈ થાય.**

એકવાર નેમકુમારે શ્રીકૃષ્ણ વાસુદેવના પંચજન્ય શંખનો નાદ કર્યો. લોકો તથા સ્વયં શ્રીકૃષ્ણ વિચારમાં પડી ગયા કે આ શંખનાદ કોણે કર્યો ? આ શંખ તો શ્રીકૃષ્ણ સિવાય કોઈ ઉઠાવી પણ ન શકે, ત્યાં વગાડવાની તો વાત જ ક્યાં? પરંતુ શંખરક્ષકે સમાચાર આપ્યા કે 'આ તો નેમકુમારે શંખ વગાડ્યો!' નેમકુમારને મન તો આ રમત વાત હતી ! કારણ કે તેઓ તીર્થંકર હતા. નેમનાથના બળની આથી ઠેર ઠેર પ્રશંસા થવા માંડી. જેવા તે બળવાન હતા તેવા જ તે સુંદર હતા.

નેમકુમાર હજુ કુંવારા હતા. યુવાન નેમકુમાર સંસારમાં વૈરાગ્ય ભાવ સાથે રહેતા. તેમનાં માતા-પિતાને તેમને પરણાવવાની બહુ જ ઈચ્છા હતી. શ્રીકૃષ્ણ વાસુદેવે શૌર્યપુર નગરમાં જ વસતા **ઉગ્રસેન રાજાની કુંવરી રાજેમતિ** (રાજુલ) સાથે નેમકુમારનું લગ્ન નક્કી કર્યું.

રાજેમતિની સુંદરતાનું વર્ણન કરતાં તો સરસ્વતી પણ થાકી જાય. સ્ત્રીઓના સર્વ શુભ લક્ષણોથી સંપન્ન, સુંદર દૃષ્ટિવાળી, ઉત્તમ જીવન જીવવાવાળી, ધાર્મિક સંસ્કારોવાળી કન્યા એટલે રાજેમતિ.

લગ્ન માટે શુભ મુહૂર્ત જોવામાં આવ્યું અને તે દિવસ પણ આવી ગયો. શૌર્યપુર નગરમાં આનંદ આનંદ છવાઈ ગયો હતો. નેમકુમારને લઈને લગ્નની જાન ઉગ્રસેન રાજાના નગરમાં મહેલ પાસે વિશાળ મંડપ બનાવવામાં આવ્યો હતો, તે તરફ ચાલવા લાગી. રથમાં બેસીને આવતા નેમકુમાર સોહામણા લાગતા હતા. જાન મહેલ પાસે આવી પહોંચી. રાજેમતિ સોળે શણગાર સજીને બેઠી હતી.

લગ્ન મંડપમાં પહોંચતાં જ અચાનક નેમકુમારે વાડામાં બાંધેલાં પશુઓ અને પિંજરામાં પુરાયેલાં પક્ષીઓને જોયાં. નેમકુમારે પોતાના રથના સારથિને પૂછ્યું, "આ સર્વ પશુ-પક્ષીઓને શા માટે અહીં લાવવામાં આવ્યા છે ?' સારથિ બોલ્યો, "માંસભક્ષણ કરવાવાળા જાનૈયાઓ માટે તેમને અહીં લાવ્યાં છે." નેમકુમારે વિચાર્યું કે 'આટલા બધા જીવોની હિંસા મારા લગ્ન નિમિત્તે

થાય તો તે પરલોકમાં અહિતકર અને અકલ્યાણકારી છે. આવા લગ્નથી મને શો ફાયદો થશે ? જેમાં જીવોની હિંસા હોય !' તેમણે તેમના સારથિ દ્વારા તે સર્વ પશુ-પંખીઓને મુક્ત કરાવ્યા અને તેમની મુક્તિનો આનંદ જોતાં તેઓ ચિંતન કરવા લાગ્યા :

'મારી શક્તિનો ઉપયોગ આત્મકલ્યાણ માટે કરવો જોઈએ. સંસારનાં કામો માટે મારી શક્તિ વાપરવા કરતાં દીક્ષા લઈને સાધના કરું એ જ પરમ હિતકારી છે !' આ પ્રમાણે ચિંતન કરી તેમણે સારથિને રથ પોતાના નગર તરફ પાછો વાળવા કહ્યું. નેમકુમાર રાજુલના પતિ થવાને બદલે દીક્ષા લેવા તૈયાર થઈ ગયા!

અચાનક...નેમકુમારનો રથ પાછો ફર્યો અને રંગમાં ભંગ પડ્યો. રાજુલ અને સખીઓ વિચારમાં પડી ગયાં કે 'શું થયું ?' વહેતી વહેતી વાત આવી કે 'નેમકુમાર પશુઓનો પોકાર સાંભળીને તેમને પાંજરામાંથી છોડાવી પાછા ફર્યા, હવે તેઓ નહિ પરણે !'

રાજુલ તો આ સમાચાર સાંભળીને હાસ્યરહિત, આનંદરહિત થઈને શોકગ્રસ્ત બની ગઈ. રાજેમતિ પોતે વિચાર કરવા લાગી, 'ખરેખર ધિક્કાર છે મને કે નેમકુમાર દ્વારા હું ત્યાગી દેવામાં આવી ! પણ આ ભવમાં મારે હવે બીજો વર ન જોઈએ. હવે મારા માટે પણ શ્રેષ્ઠ એ છે કે હું પણ તેમના પગલે ચાલીને દીક્ષા લઉં.' આમ વિચારીને તેઓ કુંવારા રહ્યાં અને યોગ્ય સમયે દીક્ષા લેવા માટે તત્પર થયાં. ધન્ય છે તેમની સમજણને ! તેમના વૈરાગ્યને !

ત્યારબાદ નેમકુમાર એક વર્ષ સુધી વરસીદાન આપે છે, પછી દીક્ષા લઈને જૈન સાધુ બને છે. દ્વારકા નગરી પાસેના રૈવતક (ગિરનાર) પર્વત પર તેઓ ચાલ્યા જાય છે. ઉઘાડા પગે ચાલે છે. લૂખું - સૂકું ગોચરીમાં જે ભોજન મળે, તેનાથી ચલાવે છે. જગતના સર્વ જીવોને પોતાના આત્મા સમાન ગણે છે. સત્ય બોલે છે, બ્રહ્મચર્ય પાળે છે, ધ્યાનમાં લીન રહે છે. આમ, આદર્શ સાધુપણું પાળતા તેમને ૫૪ દિવસ પછી કેવળજ્ઞાન થાય છે. તેઓ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ ચાર તીર્થની સ્થાપના કરીને તીર્થંકર બને છે.

આ તરફ...રાજુલ પણ તેમનો જ માર્ગ સ્વીકારી ભગવાન નેમનાથ પાસે દીક્ષા લે છે. શ્રીકૃષ્ણ વાસુદેવ, બળદેવ, સમુદ્રવિજય રાજા વગેરે તેને આશીર્વાદ આપે છે કે 'તમે શીઘ્ર આ સંસારસાગરને પાર કરીને મોક્ષસુખને મેળવો.' રાજેમતિ સાથે દ્વારકા નગરીમાં ઘણાં બહેનો પણ દીક્ષા લેવા તૈયાર બની.

❒

એકવાર રાજુલ સાધ્વી અનેક સાધ્વીજીઓ સાથે ભગવાન નેમનાથનાં દર્શન કરવા ગિરનાર પર્વત જાય છે. તેવામાં વરસાદ વરસે છે અને તેઓ સાથી સાધ્વીઓથી છૂટાં પડી જાય છે. તેમનાં ભીંજાયેલાં વસ્ત્રને કોરાં કરવા એક ગુફાનો આશ્રય લે છે. ત્યાં તેમનાં વસ્ત્રો સૂકવવાં મૂકે છે.

સંયોગોવશાત્ તે જ ગુફામાં નેમનાથના નાના ભાઈ રહનેમિ મુનિ ધ્યાનમાં બેઠા હતા. ગુફામાં રહેલા અંધકારને કારણે સાધ્વી રાજુલ તેમને જોઈ શક્યાં નહિ, પણ રહનેમિ રાજેમતિનાં રૂપ, લાવણ્યને જોઈ મોહિત થઈ ગયા અને બોલ્યા, "રાજેમતિ ! શા માટે તમે યુવાની વેડફી રહ્યાં છો ? મનુષ્યનો ભવ મળવો ઘણો જ દુર્લભ છે, માટે આવો પહેલાં આપણે ભોગ ભોગવીએ, પછી જિનેન્દ્ર ભગવાનના માર્ગનું અનુસરણ કરીશું."

રાજેમતિ સાધ્વી પોતાના વ્રત, નિયમ પાલનમાં સ્થિર હતાં. શીલની રક્ષા કરતાં તેમણે જવાબ આપ્યો, "તમે જો દેવ જેવા અથવા ઈન્દ્ર જેવા સ્વરૂપવાન હો, તો પણ હું તમને ઈચ્છતી નથી. તમે તો નેમનાથ ભગવાનના નાના ભાઈ છો અને હું તેમના દ્વારા ત્યાગી દેવાયેલી રાજેમતિ છું. તમે તમારા ભાઈનું વમેલું શા માટે ભોગવવા ઈચ્છો છો ? તમને ધિક્કાર છે કે જે અસંયમરૂપ જીવન જીવવાની ઈચ્છા કરો છો ! આના કરતાં તો તમારા માટે મૃત્યુ શ્રેષ્ઠ છે."

આગળ વધતા તેમણે કહ્યું, "હે રહનેમિ, આપણું બંનેનું કુળ, ખાનદાન ખૂબ ઊંચું છે. આપણને આવું વિચારવું પણ ન શોભે ! આ કાયામાં મળ, મૂત્ર અને દુર્ગંધ ભરેલા છે, આપણે તો આત્મ વૈભવને મેળવવા સંત બન્યાં છીએ. મુનિરાજ ! આવો ઝેરી વિચાર અને વચનો તમારા પવિત્ર મગજમાં ક્યાંથી આવ્યા ? તમે સંયમમાં સ્થિર થાઓ."

રાજેમતિનાં આવાં મર્મવેધી વચનોથી રહનેમિ જાગૃત થયા. તેઓ પતનના માર્ગે જતા બચ્યા. પોતાની ભૂલ માટે રાજેમતિ સાધ્વી પાસે લજ્જાપૂર્વક, અંતરના ભાવથી માફી માંગી. રાજેમતિનો ઉપકાર માનતાં બોલ્યા, "ધન્ય છે તમને ! તમે મને સાચા માર્ગે લાવીને ઉગારી લીધો."

સંયમ, તપ અને ત્યાગને માર્ગે આદર્શ જીવન જીવી ભગવાન નેમનાથ, મુનિ રહનેમિ અને સાધ્વી રાજેમતિ આ ત્રણે મહાન આત્મા મોક્ષ પામ્યા.

ધન્ય છે નેમનાથ ભગવાનને...

ધન્ય છે રાજુલને...!

## ❖ અંપેક્ષિત પ્રશ્નો ❖

(૧) મુનિ રહનેમિ, સતી રાજુલ પાસે શેની માગણી કરે છે ? સતી રાજુલ શો ઉત્તર આપે છે ? (૨) નેમ-રાજુલ વાર્તાનો ટૂંક સાર લખો. (૩) નેમકુમાર ભગવાનનાં માતાપિતા, ભાઈનું નામ લખો. (૪) નેમકુમાર અને સારથિ વચ્ચે શું વાર્તાલાપ થયો ? (૫) નેમકુમાર જીવદયા-પ્રેમી હતા, તે બતાવતો પ્રસંગ વર્ણવો. (૬) નેમકુમારે દીક્ષા લઈ લેતા રાજેમતિએ શું વિચાર કર્યો ? (૭) રાજેમતિને કોણે કોણે અને શું આશીર્વાદ આપ્યા ? (૮) રાજેમતિએ રહનેમિને કઈ રીતે સંયમમાં સ્થિર કર્યા ? વર્ણન કરો. (૯) નેમનાથ દીક્ષા લઈને કેવું જીવન જીવે છે ? (૧૦) આ કથા પરથી તમને શું બોધપાઠ મળે છે ?

## કથા ૨ : ગજસુકુમાલ મુનિ

**દ્વારિકા** નગરીના રાજા **શ્રીકૃષ્ણ વાસુદેવ** હતા. તેમની માતાનું નામ **દેવકી** અને પિતાનું નામ **વસુદેવ** હતું તેમના સૌથી નાના અને લાડીલા ભાઈનું નામ હતું **ગજસુકુમાલ.** તેમનું શરીર હાથીના તાળવા જેવું સુકોમળ હતું, તેથી તેમનું નામ 'ગજસુકુમાલ' પાડવામાં આવ્યું હતું. માતાના લાલન-પાલનમાં રહીને ગજસુકુમાલ ધીમે ધીમે યૌવન અવસ્થાને પ્રાપ્ત થયા.

એકવાર, ભગવાન નેમિનાથ (બાવીસમા અરિષ્ટનેમિ) વિચરણ કરતાં કરતાં દ્વારિકા નગરીની બહાર ઉદ્યાનમાં પધાર્યા. શ્રીકૃષ્ણ વાસુદેવ તેમનાં દર્શન કરવા નગરમાંથી બહાર નીકળતા હતા, ત્યારે તેમણે દ્વારિકા નગરીના માર્ગ ઉપર એક સુંદર કન્યા **'સોમા'**ને જોઈ.

સોમાનું રૂપ અને લાવણ્ય એટલું સુંદર હતું કે શ્રીકૃષ્ણને તે ગજસુકુમાલ સાથે વિવાહ કરવા યોગ્ય લાગી. આથી શ્રીકૃષ્ણે સોમશ્રીના પિતા સોમિલ બ્રાહ્મણની આજ્ઞા લઈને સોમાને રાણીઓના મહેલમાં અંગરક્ષકો સાથે મોકલી દીધી. શ્રીકૃષ્ણ મહારાજા, રાણીઓ, ગજસુકુમાલ તથા બીજા અનેક નગરજનો નેમનાથ ભગવાનનાં દર્શન કરવાં અને તેમની વાણી સાંભળવા માટે આવ્યાં હતાં.

ભગવાનનો ઉપદેશ સાંભળીને ગજસુકુમાલને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તેણે ભગવાનને કહ્યું, "હું મારાં માતાપિતાની આજ્ઞા મેળવીને પાછો આવીને આપની પાસે દીક્ષા લઈશ." ગજસુકુમાલને તેમનાં માતાપિતા તથા શ્રીકૃષ્ણે અનેક રીતે સંસારમાં રોકાઈ જવા સમજાવ્યા, પણ તેમનો વૈરાગ્ય અનેરો હતો. તેમને આ રીતે દુઃખમય સંસારમાં હવે રોકાવું ન હતું. વડીલોના અત્યંત આગ્રહને કારણે બીજા દિવસે સવારે તેમનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. તેમના રાજા બનવા પર તેમને પૂછ્યું કે "હે રાજન્ ! આપ શું ઈચ્છો છો ?" ત્યારે તેમણે જવાબ આપ્યો, "મારે દીક્ષા લેવી છે !" માતાપિતાની અનુમતિ મેળવીને તે જ દિવસે બપોરે માથે મુંડન કરીને ભગવાન નેમિનાથ પાસે દીક્ષા અંગીકાર કરી.

તે જ દિવસે સાંજે તેઓએ ભગવાનને સવિનય વંદન નમસ્કાર કરીને કહ્યું, "ભગવાન ! આપની આજ્ઞા હોય તો, મારી એવી ઈચ્છા છે કે મહાકાલ સ્મશાનમાં જઈને હું એક રાત્રિની ભિક્ષુ પ્રતિમા સ્વીકાર કરું અર્થાત્ સંપૂર્ણ

રાત્રિ ધ્યાન કરીને ઊભો રહું.'' ભગવાને તેમને પ્રેમપૂર્વક કહ્યું, ''આત્મધ્યાનમાં લીન રહેવા હું તમને આજ્ઞા આપું છું, પણ તમને ગમે તેટલાં દુઃખો, કષ્ટો આવે તો પણ તમે પર્વતની જેમ અડગ અને સ્થિર ઊભા રહેજો.''

ભગવાનની આજ્ઞા મેળવીને ગજસુકુમાલ મહાકાળ સ્મશાનમાં આવ્યા. ત્યાં નિર્દોષ ભૂમિ જોઈને તેઓ એક પુદ્‌ગલ પર દૃષ્ટિ કરીને એક રાત્રિની મહાપ્રતિમા સ્વીકારીને ધ્યાનમાં ઊભા રહી ગયા.

તે જ દિવસે સોમિલ બ્રાહ્મણ હવન માટે લાકડાં, ઘાસ આદિ સામાન લેવા દ્વારિકા નગરીની બહાર ગયો હતો. તે પોતાને જરૂરી સામાન લઈને સાંજે ઘરે પાછો ફરી રહ્યો હતો. મહાકાળ સ્મશાનમાં કાઉસ્સગ્ગ કરીને ધ્યાનમાં ઊભેલા ગજસુકુમાલ મુનિને તેણે જોયા.

તેમને જોતાં જ તેના હૃદયમાં પૂર્વભવનું વેર જાગૃત થયું. તે સ્વગત બોલ્યો, 'અરે ! આ તો પેલો નિર્લજ્જ, મૃત્યુને ઈચ્છવાવાળો ગજસુકુમાલ છે. તે પુણ્યહીન અને દુર્લક્ષણ યુક્ત છે. મારી નિર્દોષ દીકરી સોમા જે યુવાન છે, તેને વિના કારણે જ છોડીને આ સાધુ બની ગયો છે.'

આથી સોમિલ બ્રાહ્મણે વિચાર્યું કે 'મારા વેરનો બદલો લઉં.' તેણે ચારે દિશામાં જોયું કે કોઈ આવતું-જતું તો નથી ને ? (કારણ પાપનાં કાર્યો પ્રાયઃ એકાંતમાં અથવા અંધારામાં જ કરવામાં આવે છે) અંધારું થઈ ગયું હોવાથી લોકોની અવરજવર નહોતી. નજીકમાં રહેલા તળાવમાંથી તેણે ભીની માટી લીધી અને ગજસુકુમાલના માથા પર પાળી બાંધી દીધી. સ્મશાનમાં બળી રહેલી એક ચિતામાંથી બળી ગયેલા લાકડાનાં અંગારા લઈને તેણે એક તૂટેલા વાસણમાં ભર્યા. તે બળબળતાં અંગારા તેણે ગજસુકુમાલ મુનિના માથા પર મૂકી દીધા. પછી તેને કોઈ જોઈ ન જાય તેવા ભયથી તે ત્યાંથી ભાગી ગયો.

ગજસુકુમાલ મુનિની શરીરમાં અસહ્ય મહાવેદના ઉત્પન્ન થઈ. તે વેદના અત્યંત દુઃખમય, ભયંકર અને અસહ્ય હતી. એક તો સુકુમાર શરીર અને તાજો લોચ કરેલો એટલે વાળ વગરનું માથું. ચામડી તડતડ તૂટી અને ખોપરી ફાટી, વેદનાનો પાર ન રહ્યો. છતાં પણ ગજસુકુમાલ મુનિ સોમિલ બ્રાહ્મણ પર લેશમાત્ર પણ દ્વેષ ન કરતાં સમભાવપૂર્વક વેદના સહન કરવા લાગ્યા.

'આત્મા નિત્ય છે અને શરીર અનિત્ય છે, ક્ષમા એ આત્માનો ગુણ છે અને ક્રોધ કરવો તે વિભાવ છે. મારાં અશુભ કર્મોનું ફળ હું ભોગવી રહ્યો છું.' તેવું ચિંતન તેઓ કરતા રહ્યા. તેમના શુભ પરિણામ તથા શુભ

અધ્યવસાયોથી આત્માના ગુણોનો ઘાત કરવાવાળાં કર્મોનો નાશ થવાથી તેમને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયું. ત્યારબાદ સર્વ કર્મ ક્ષય થઈ જવાને કારણે તેઓ મોક્ષ પામ્યા.

ધન્ય છે ગજસુકુમાલને, તેમની ક્ષમાને, ધ્યાનને અને તેમના વૈરાગ્યને.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) ગજસુકુમાલનાં માતાપિતા અને ભાઈનું નામ શું હતું ? તેઓનું નામ ગજસુકુમાલ કેમ પડ્યું ? (૨) ગજસુકુમાલ જ્યારે માતાપિતા પાસે દીક્ષાની આજ્ઞા લેવા ગયા ત્યારે શું થયું ? (૩) ગજસુકુમાલના વિવાહ કોણે કોની સાથે નક્કી કર્યા હતા ? (૪) ગજસુકુમાલના ગુરુ કોણ હતા ? તેમણે ગજસુકુમાલને શું શિખામણ આપી ? (૫) દીક્ષા લઈને ગજસુકુમાલે ભગવાન પાસે શેની આજ્ઞા માંગી ? (૬) ગજસુકુમાલે ધ્યાનમાં ઊભા રહેતાં પહેલાં શું કર્યું ? (૭) સોમિલે ગજસુકુમાલને શેનો ઉપસર્ગ આપ્યો ? (૮) સોમિલ બ્રાહ્મણ મુનિ ગજસુકુમાલ પાસે આવે છે ત્યારની બંનેની સ્થિતિનું ટૂંકમાં વર્ણન કરો. (૯) ગજસુકુમાલ આયુષ્ય પૂર્ણ કરી ક્યાં ગયા ? (૧૦) આ વાર્તા પરથી શું બોધપાઠ મળે છે ?

# કથા 3 : આનંદ શ્રાવક

**વાણિજ્ય ગ્રામ** નગરમાં **'જિતશત્રુ'** નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં આનંદ નામે એક મહાન ઋદ્ધિવાન ગૃહસ્થ રહેતા હતા. તેમની પત્નીનું નામ **'શિવાનન્દા'** હતું. જે સ્વરૂપવાન અને ગુણસંપન્ન હતી.

**આનંદ શ્રાવકની ઋદ્ધિ :**

**આનંદ શ્રાવકની** પાસે **ચાર કરોડ સુવર્ણમુદ્રા**નો ભંડાર હતો, **ચાર કરોડ સુવર્ણમુદ્રા વેપારમાં** લગાડેલી હતી અને **ચાર કરોડ સુવર્ણમુદ્રા ધન તથા ઘરની વસ્તુઓમાં** વાપરેલી હતી. તેની પાસે **૪૦,૦૦૦ ગાયોના ચાર ગોકુળ** હતા. પાંચસો ગાડીઓ તો વેપારની વસ્તુઓ લાવવામાં તથા **પાંચસો ગાડીઓ** ગોકુળનું ઘાસ તથા અન્ય સામાન ફેરવવામાં વપરાતી હતી. **ચાર જહાજ** વિદેશોમાં વ્યાપારના કામમાં આવતાં હતાં.

જેવા તે વૈભવશાળી હતા તેવા જ તે બુદ્ધિમાન, ઉદાર અને લોકોમાં વિશ્વાસપાત્ર હતા. રાજા, પ્રધાન સેનાપતિ, ઠાકુર, જાગીરદાર અને સામાન્ય લોકોનાં મહત્ત્વપૂર્ણ કાર્યોમાં, લોકોની તકલીફોમાં અને ગુપ્ત મંત્રણાઓમાં પણ તેમની સલાહ લેવામાં આવતી હતી. તે સહુને સાચી સલાહ આપતા, સર્વનો તેમના પર વિશ્વાસ હતો.

**આનંદ શ્રાવકને સમકિત પ્રાપ્તિ :**

એકવાર ભગવાન મહાવીર વાણિજ્ય ગ્રામ નગરના **દ્યુતિપલાશ** ઉદ્યાનમાં પધાર્યા. રાજા આદિની જેમ આનંદ પણ તેમનાં દર્શન અને વંદન કરવા ગયા. ભગવાનનો વૈરાગ્યસભર ઉપદેશ સાંભળીને તેમને સમકિત (સાચી સમજણ) પ્રાપ્ત થયું અને તેમણે શ્રાવકનાં ૧૨ વ્રત ધાર્યાં. તેમણે પચ્ચક્ખાણ કર્યાં, **'હું જૈન સિવાયના અન્ય ધર્મીઓને કે દેવને વંદન નહિ કરું, તેમની સાથે વાત નહિ કરું, તેમનો સંપર્ક નહિ રાખું, તેમને ધર્મ બુદ્ધિથી આહાર-પાણી નહિ આપું, કારણ કે સાચા જૈન શ્રાવકે તેવું ન કરવું જોઈએ. હું જૈન સાધુસંતોને ભક્તિભાવથી આહાર આદિ વહોરાવીને ધન્ય બનીશ.'**

**આનંદ અને શિવાનંદા બન્ને બન્યા ૧૨ વ્રતધારી :**

આનંદ શ્રાવક ભગવાનને વંદન કરી ઘર તરફ ચાલ્યા. આજે તેમને સાચી સમજણ પ્રાપ્ત થઈ, તેથી તેઓ આનંદમાં હતા. તેઓ પોતાને ધન્ય માનતા અને આવા મહાલાભથી પત્નીને પણ ધર્મ પમાડવા ઘરે પહોંચી ગયા. ઘરે જઈ પત્નીને કહ્યું, 'આજનો દિવસ આપણા માટે પરમ કલ્યાણકારી છે, આવો લાભ ફરી નહિ મળે. આપણા નગર બહાર ભગવાન મહાવીર પધાર્યા છે. તેમની પાવન વાણીથી પ્રેરણા પામીને મેં શ્રાવકનાં ૧૨ વ્રત ધારણ કર્યાં છે. તમે પણ ત્યાં જઈ ભગવાનને વંદન નમસ્કાર કરીને વ્રત ધારી, શ્રાવિકા બની, માનવજન્મને સફળ કરી લો.'' શિવાનંદા પત્ની આનંદ શ્રાવકનાં વચનો સાંભળી આનંદિત થયાં. તેઓ પણ પ્રભુ પાસે જઈ ૧૨ વ્રતધારી શ્રાવિકા બની ગયાં.

**આનંદ શ્રાવકે ધારી ૧૧ પડિમા :**

આનંદ શ્રાવકે ૧૨ વ્રત ધારણ કર્યાં પછી ૧૫મું વરસ ચાલતું હતું. તેઓ પોતાના મોટા પુત્રને સર્વ કારોબાર સોંપી અને ધર્મધ્યાનમાં લાગી ગયા હતા. તેઓ **કોલ્લાક સન્નિવેશની પૌષધશાળામાં** શ્રાવકની ૧૧ પડિમા- (વિશેષ નિયમો)ને ધારીને રહેવા લાગ્યા. આ ૧૧ પડિમાની આરાધના કરતા તેમને પાંચ વર્ષ લાગ્યાં. તેમનું શરીર તપ-ત્યાગને કારણે દુર્બળ અને લોહીમાંસ વિના સૂકું થઈ ગયું. તેમનાં શરીરમાંથી હાડકાં અને નસો દેખાવા લાગી તથા તેમનાથી ઊઠવું-બેસવું થતું નહિ.

**આનંદ શ્રાવકનો સંથારો :**

એક રાતે ધર્મચિંતન કરતાં તેમને વિચાર આવ્યો કે 'હું હવે ઘણો દુર્બળ થઈ ગયો છું, પણ મારા આત્મામાં અને શરીરમાં હજી શક્તિ છે, તો જ્યાં સુધી મારા ધર્મગુરુ, ધર્માચાર્ય મહાવીર પ્રભુ સદેહે પૃથ્વી પર વિચરી રહ્યા છે, ત્યાં સુધી હું મારી અંતિમ સાધના કરી લઉં.' તેમણે સંથારો લઈને આહાર-પાણીનો સર્વથા ત્યાગ કરી લીધો અને આત્માના શુભ ભાવોમાં રહેવા લાગ્યા. શુભભાવ, સુંદર પરિણામ તથા લેશ્યાની શુદ્ધિથી તેમને અવધિજ્ઞાન (વિશિષ્ટ જ્ઞાન) ઉત્પન્ન થયું.

**ગૌતમ ગણધરનું આગમન :**

તે સમયે ભગવાન મહાવીર સ્વામી તેમના નગરમાં પધાર્યા. ગણધર ગૌતમ છઠ્ઠના પારણા માટે પ્રભુની આજ્ઞા લઈ નગરમાં ગયા. ત્યાં લોકો આનંદ શ્રાવકના સંથારાની વાતો કરતા હતા, તે સાંભળીને તેમને આનંદ શ્રાવકને જોવાની ભાવના થઈ. તેઓ આનંદ શ્રાવકની પૌષધશાળા પાસે ગયા. તેમને જોતાં જ આનંદ શ્રાવકે આનંદિત થઈ સૂતાં સૂતાં જ તેમને વંદન નમસ્કાર કર્યા અને કહ્યું. "આપ મારી પાસે આવો. હું આપના ચરણમાં વંદન કરું. કારણ મારામાં એટલી શક્તિ નથી કે હું તમારી પાસે આવું."

ગૌતમ ગણધર પાસે આવતાં જ આનંદ શ્રાવકે વંદન નમસ્કાર કરીને પૂછ્યું, "શું શ્રાવકને અવધિજ્ઞાન થઈ શકે ?" ગૌતમ ગણધરે હા કહી. આનંદ શ્રાવકે કહ્યું, "મને અવધિજ્ઞાન થયું છે અને **હું લવણસમુદ્રમાં ૫૦૦ યોજન** સુધી અને નીચે **પહેલી નરકના 'લોલુપ્યાચુત' નરકાવાસ** સુધી જોઈ શકું છું."

ગૌતમ સ્વામીએ કહ્યું કે, "શ્રાવકને આટલું વિશાળ અવધિજ્ઞાન થાય નહિ. માટે તમે ખોટું બોલ્યા છો, તેની આલોચના કરો." આનંદ શ્રાવકે વિસ્મય પામી કહ્યું, "શું સાચું બોલવાવાળાએ આલોચના કરવી પડે ? આલોચના આપ કરો."

ગણધર ગૌતમ આનંદ શ્રાવકની વાત સાંભળીને ભગવાન મહાવીર પાસે આવ્યા. ઈરિયાવહિયા તથા બીજા શ્રમણ સૂત્રનો કાઉસ્સગ્ગ કર્યો. ભગવાનને વંદન નમસ્કાર કર્યા અને આનંદ શ્રાવકે આલોચના કરવી કે પોતે તે પૂછી લીધું. ભગવાને કહ્યું, "આનંદ શ્રાવક સાચું બોલે છે, માટે તમે તેમની પાસે જઈને માફી માંગી લો." ગૌતમ સ્વામી તરત પાછા નગરમાં જઈ આનંદ શ્રાવકને ખમાવી આવ્યા. ચાર જ્ઞાનના ધારક, ભગવાનના પ્રથમ શિષ્યનો વિનય કેવો છે...તેમના વિનયને ધન્ય ધન્ય હો...!

આનંદ શ્રાવકે ૨૦ વર્ષ સુધી **શ્રાવકધર્મની** આરાધના કરી, એક મહિનાનો સંથારો કરી મૃત્યુ પામી **પહેલા દેવલોકમાં** દેવ તરીકે જન્મ લીધો. ત્યાંથી આયુષ્ય પૂરું કરી મનુષ્ય થઈ, દીક્ષા લઈ મોક્ષને પ્રાપ્ત કરશે.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) આનંદ પાસે કેટલી સંપત્તિ હતી ? (૨) આનંદ શ્રાવકે ભગવાન પાસે શું પચ્ચક્ખાણ કર્યા ? (૩) આનંદ શ્રાવકને શું વિચાર આવ્યો ? (૪) આનંદ શ્રાવકને કેટલું અવધિજ્ઞાન થયું હતું ? (૫) આનંદ શ્રાવકે કેટલા વર્ષ શ્રાવકધર્મની આરાધના કરી ?

# કાવ્ય વિભાગ

## ૧. રત્નાકર પચ્ચીસી (કડી ૧ થી ૧૨)

(રાગ : હરિગીત)

મંદિર છો મુક્તિતણાં, માંગલ્ય ક્રીડાના પ્રભુ !
ને ઈન્દ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ !
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના
ઘણું જીવ તું ! ઘણું જીવ તું ! ભંડાર જ્ઞાન કળા તણા... ૧

ત્રણ જગતના આધાર ને, અવતાર હે ! કરુણા તણા
વળી વૈદ્ય હે ! દુર્વાર આ, સંસારનાં દુઃખો તણાં,
વીતરાગ વલ્લભ વિશ્વનાં, તુજ પાસ અરજી ઉચ્ચરું
જાણો છતાં પણ કહી અને, આ હૃદય હું ખાલી કરું... ૨

શું બાળકો માબાપ પાસે, બાળ ક્રીડા નવ કરે ?
ને મુખમાંથી જેમ આવે, તેમ શું નવ ઉચ્ચરે ?
તેમ જ તમારી પાસ તારક ! આજ ભોળા ભાવથી
જેવું બન્યું તેવું કહું, તેમાં કશું ખોટું નથી... ૩

મેં દાન તો દીધું નહિ ને, શિયળ પણ પાળ્યું નહિ
તપથી દમી કાયા નહિ, શુભ ભાવ પણ ભાવ્યો નહિ,
એ ચાર ભેદે ધર્મમાંથી, કાંઈ પણ પ્રભુ ન કર્યું
મારું ભ્રમણ ભવસાગરે, નિષ્ફળ ગયું ! નિષ્ફળ ગયું !... ૪

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને ?
મન મારું માયા જાળમાં, મોહન ! મહા મૂંઝાય છે
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે... ૫

મેં પરભવે કે આ ભવે, પણ હિત કાંઈ કર્યું નહિ
તેથી કરી સંસારમાં, સુખ અલ્પ પણ પામ્યો નહિ,
જન્મો અમારા જિનજી ! ભવ પૂર્ણ કરવાને થયા
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા... ૬

અમૃત ઝરે તુજ મુખરૂપી, ચંદ્રથી તો પણ પ્રભુ
ભીંજાય નહિ મુજ મન અરે રે ! શું કરું હું તો વિભુ ?
પથ્થર થકી પણ કઠણ મારું મન ખરે ક્યાંથી દ્રવે ?
મર્કટ સમા આ મન થકી, હું તો પ્રભુ હાર્યો હવે... ૭

ભમતાં મહા ભવસાગરે, પામ્યો પસાયે આપનાં
જે જ્ઞાન દર્શન ચરણરૂપી, રત્નત્રય દુષ્કર ઘણાં,
તે પણ ગયા પ્રમાદના વશથી પ્રભુ ! કહું છું ખરું
કોની કને કિરતાર ! આ પોકાર જઈને હું કરું... ૮

ઠગવા વિભુ ! આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા
ને ધર્મનો ઉપદેશ રંજન લોકને કરવા કર્યા,
વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું
સાધુ થઈને બહારથી દાંભિક અંદરથી રહું... ૯

મેં મુખને મેલું કર્યું દોષો પરાયા ગાઈને
ને નેત્રને નિંદીત કર્યાં પરનારીમાં લપટાઈને,
વળી ચિત્તને દોષિત કર્યું ચિંતવી નઠારું પર તણું
હે નાથ ! મારું શું થશે ? ચાલાક થઈ ચૂક્યો ઘણું... ૧૦

કરે કાળજાને કતલ પીડા કામની બિહામણી
એ વિષયમાં બની અંધ હું વિટંબણા પામ્યો ઘણી,
તે પણ પ્રકાશ્યું આજ લાવી લાજ આપ તણી કને
જાણો સહુ તેથી કહું કર માફ મારા વાંકને... ૧૧

નવકાર મંત્ર વિનાશ કીધો અન્ય મંત્રો જાણીને
કુશાસ્ત્રોનાં વાક્યો વડે હણી આગમોની વાણીને,
કુદેવની સંગત થકી કર્મો નઠારાં આચર્યાં
મતિ ભ્રમ થકી રત્નો ગુમાવી કાચ કટકાં મેં ગ્રહ્યાં... ૧૨

**રત્નાકર પચ્ચીસી કડી ૧ થી ૧૨ પૂર્ણ...કાવ્ય અપૂર્ણ...**

## ૨. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું

મૈત્રીભાવનું ઝરણું, મુજ હૈયામાં વહ્યાં કરે,
શુભ થાઓ આ સકળ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે. ૧
ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણકમળમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે. ૨
દીન, ક્રૂર ને ધર્મવિહોણા, દેખી દિલમાં દર્દ રહે,
કરુણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે. ૩
માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તો યે સમતા ચિત્ત ધરું. ૪
'ચંદ્રપ્રભ'ની ધર્મભાવના, હૈયે સહુ માનવ લાવે,
વેરઝેરનાં પાપ તજીને, મંગલ ગીતો એ ગાવે. ૫

## ૩. દયા તે સુખની વેલડી

દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ,
અનંતા જીવ મોક્ષે ગયા, દયા તણાં ફળ જાણ. ૧
હિંસા દુઃખની વેલડી, હિંસા દુઃખની ખાણ,
અનંતા જીવ નરકે ગયા, હિંસા તણાં ફળ જાણ. ૨
જીવડા જીવનું જતન કરજે, ઓળખજે આચાર,
દોહ્યલી વેળાએ જાણજે, ધર્મ સખાયો થાય. ૩
ધર્મ વાડીએ ન નીપજે, ધર્મ હાટે ન વેંચાય,
ધર્મ વિવેકે નીપજે, જો કરીએ તો થાય. ૪
રાત્રિ ગુમાવી સૂઈને, દિવસ ગુમાવ્યો ખાય,
હીરા જેવો મનુષ્ય ભવ, કોડી બદલે જાય. ૫
દાન, શિયળ, તપ, ભાવના, ધર્મના ચાર પ્રકાર,
કરો આરાધો ભાવથી, તો પામો ભવપાર. ૬
કરો દલાલી ધર્મની, દીપે અધિકી જ્યોત,
કૃષ્ણ વાસુદેવ જાણવા, જેણે બાંધ્યું તીર્થંકર ગોત્ર. ૭

**॥ શ્રેણી ૩ અભ્યાસક્રમ સમાપ્ત ॥**

# અભ્યાસક્રમ : શ્રેણી ૪

| સૂત્ર વિભાગ (૫૦) | પૃષ્ઠ |
|---|---|
| ૧. સંપૂર્ણ સામાયિક, પ્રતિક્રમણ સૂત્ર વિધિ સહિત (માર્ક-૨૦) | - |
| ૨. પ્રતિક્રમણ પાઠ ૪થી ૧૨ વ્રતના અર્થ તથા શ્રેણી ૧, ૨, ૩ માં શીખેલા અર્થનું પુનરાવર્તન (માર્ક-૧૫) | - |
| ૩. પ્રતિક્રમણ પાઠ ૪ થી ૧૨ વ્રતના પ્રશ્નોત્તર (માર્ક-૧૦) | ૯૦ |
| ૪. ધર્મધ્યાનનો કાઉસ્સગ્ગ (માર્ક-૫) | - |
| **તત્ત્વ વિભાગ/સંસ્કાર વિભાગ (૩૦)** | |
| ૧. ૩૫ બોલનો થોકડો સમજણ સાથે | ૧૦૭ |
| ૨. ફટાકડા - સમય અને શક્તિનો વ્યય | ૧૧૫ |
| ૩. ટી.વી. એક દૂષણ | ૧૧૬ |
| ૪. જૈન ધર્મ એ જ શ્રેષ્ઠ ધર્મ | ૧૧૭ |
| ૫. દ્વેષનું સ્વરૂપ (ક્રોધ, માન) | ૧૧૮ |
| **કથા વિભાગ (૧૦)** | |
| ૧. મહારાજા મેઘરથ | ૧૨૨ |
| ૨. રોહિણેય ચોર | ૧૨૪ |
| ૩. શાલિભદ્ર | ૧૨૮ |
| ૪. ધર્મરુચિ અણગાર | ૧૩૧ |
| **કાવ્ય વિભાગ (૧૦)** | |
| ૧. રત્નાકર પચ્ચીસી કડી ૧૩ થી ૨૫ | ૧૩૪ |
| ૨. સાધુ વંદણા (૧ થી ૧૫ કડી) | ૧૩૬ |
| **કુલ ગુણ (૧૦૦)** | |

# સૂત્ર વિભાગ

## (પ્રતિક્રમણ પાઠ ૪ થી ૧૨મા વ્રત સુધીના પ્રશ્નોત્તર)

## પ્રતિક્રમણ પાઠ ૪ : જ્ઞાનાતિચાર સૂત્ર

**પ્ર-૧ : આગમ (સિદ્ધાંત) કોને કહે છે ?**

**ઉ-૧ :** જેનાથી તીર્થંકરે પ્રરૂપેલ છ દ્રવ્ય, જીવાદિ નવ તત્ત્વોમાં છોડવા યોગ્ય, જાણવા યોગ્ય અને આદરવા યોગ્ય તત્ત્વોનું **સમ્યગ્જ્ઞાન** થાય, તેને આગમ કહે છે.

**પ્ર-૨ : આગમ કેટલા પ્રકારના જ્ઞાનના પાઠમાં બતાવ્યા છે ? કયા કયા ?**

**ઉ-૨ :** આગમના ત્રણ પ્રકાર છે : (૧) **સુત્તાગમે** - સૂત્રરૂપ આગમ, (૨) **અત્થાગમે** - અર્થરૂપ આગમ અને (૩) **તદુભયાગમે** - સૂત્ર અને અર્થરૂપ આગમ.

**પ્ર-૩ : સૂત્ર આગમ કોને કહે છે ?**

**ઉ-૩ :** તીર્થંકરોના મુખેથી સાંભળેલી વાણીને ગણધર વગેરેએ જે આચારાંગ આદિ આગમોને ગૂંથીને જેની સૂત્ર રૂપે રચના કરી છે, તેને સૂત્ર આગમ કહે છે.

**પ્ર-૪ : અર્થ આગમ કોને કહે છે ?**

**ઉ-૪:** તીર્થંકરોએ પોતાના શ્રી મુખે જે ભાવ પ્રગટ કર્યા છે, તે અર્થરૂપ આગમોને, અર્થ આગમ કહે છે. સૂત્રોના અનુવાદ - ભાષાંતરને પણ અર્થ આગમ કહે છે.

**પ્ર-૫ : ઉચ્ચાર શુદ્ધિ માટે કઈ વાતોનું ધ્યાન રાખવું જોઈએ ?**

**ઉ-૫ :** પાઠનો કાનો, માત્રા, મીંડું, પદ, અક્ષર વગેરે ધ્યાનથી વાંચવું, બોલવું જોઈએ. જેમ કે 'ચેઈયં' શબ્દની જગ્યાએ 'ચેવયં' શબ્દ બોલે, તો દોષ લાગે છે. શુદ્ધિ જાળવવા માટે નિયમિત પાઠ ફેરવવા (પરિયટ્ટણા) જોઈએ.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) પ્રતિક્રમણનો ચોથો પાઠ શેના વિશેનો છે ? (૨) જ્ઞાનના પાઠના અતિચાર કેટલા છે ? કયા કયા ?

## પ્રતિક્રમણ પાઠ ૫ : દર્શન સમ્યક્ત્વનો પાઠ

**પ્ર-૧ : પ્રતિક્રમણના પાંચમા પાઠમાં શેનું સ્વરૂપ બતાવ્યું છે ?**

**ઉ-૧ :** સમકિતનું.

**પ્ર-૨ : સમકિત એટલે શું ?**

**ઉ-૨ :** સુદેવ, સુગુરુ અને તેમના દ્વારા પ્રરૂપિત નવ તત્ત્વ આદિ સુધર્મ પ્રત્યે યથાર્થ શ્રદ્ધા કરવી તે સમકિત છે.

**પ્ર-૩ : આપણો જૈન ધર્મ કોણે બતાવેલો છે ?**

**ઉ-૩ :** રાગ-દ્વેષ રહિત, કેવલજ્ઞાની જિનેશ્વર ભગવંતોએ જૈન ધર્મ બતાવેલો છે.

**પ્ર-૪ : પરમાર્થ કોને કહે છે ? 'પરપાખંડ' એટલે શું ?**

**ઉ-૪ :** નવતત્ત્વ આદિ વિસ્તૃત સમજણને પરમાર્થ કહે છે. 'પરપાખંડ' એટલે જિનેશ્વરે બતાવેલા ધર્મ સિવાયના ધન્ય ધર્મો.

**પ્ર-૫ : પરમાર્થને જાણવાવાળાઓના પરિચયથી શું લાભ થાય છે ?**

**ઉ-૫ :** (૧) નવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. (૨) શંકાઓનું નિવારણ થાય છે. (૩) અતિચાર શુદ્ધિ થાય છે. (૪) જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ નિર્મળ તથા દઢ બને છે.

**પ્ર-૬ : જિન વચનમાં શંકા કરાય ? કારણ આપો.**

**ઉ-૬ :** ના, ન કરાય, કારણ કે શંકા જ્ઞાનાવરણીય કર્મ તથા મોહનીય કર્મના ઉદયે બુદ્ધિની અલ્પતાથી થાય છે. જ્યારે જિન વચન તો જેઓ રાગ-દ્વેષ રહિત છે તેવા કેવલજ્ઞાની જિનેશ્વરે કહેલ છે, તે જ યથાર્થ છે, તે સત્ય છે, માટે જિનવચનમાં શ્રદ્ધા કરી પોતાની શંકા દૂર કરવી.

**પ્ર-૭ : પરપાખંડીની પ્રશંસા કે પરિચય શા માટે ન કરવો ?**

**ઉ-૭ :** પરપાખંડીના ધર્મમાં આડંબર, પૂજા કે ચમત્કારમાં છકાય જીવોની હિંસા થાય છે. જ્યાં હિંસા હોય ત્યાં ધર્મ હોઈ શકે નહિ. જીવહિંસા દ્વારા જીવને દુર્ગતિ અને અશાતા જ મળે છે. માટે મોક્ષપ્રાપ્તિની ઈચ્છાવાળાઓએ પરપાંખડીની પ્રશંસા કે પરિચય ન કરવો.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) પ્રતિક્રમણનો પાંચમો પાઠ શેના વિશેનો છે ? (૨) સમકિતના અતિચાર કેટલા ? કયા કયા ?

# પાઠ ૯ : અહિંસા અણુવ્રત

**પ્ર-૧ : વ્રત એટલે શું ?**

ઉ-૧ : વ્રત એટલે વિરતિ-નિયમ-મર્યાદામાં આવવું.

**પ્ર-૨ : પ્રથમ વ્રતને પ્રાણાતિપાત શા માટે કહે છે ? જીવોની હિંસા સંબંધી હોવાથી જીવાતિપાત કેમ નથી કહેવાતું ?**

ઉ-૨ : ત્રસ કે સ્થાવર જીવોના દસ પ્રાણમાંથી આયુષ્ય પ્રાણનો નાશ (હિંસા) કરવો તેને પ્રાણાતિપાત કહે છે. જીવ તો અજર અમર છે. તેનો નાશ કરી શકાતો નથી માટે આ વ્રતને પ્રાણાતિપાત કહે છે.

**પ્ર-૩ : સૂક્ષ્મ એકેન્દ્રિયને હણવાના પચ્ચક્ખાણ શા માટે કરવામાં આવે છે ?**

ઉ-૩ : તે જીવો આપણાથી માર્યા મરતા નથી, બાળ્યા બળતા નથી, પણ તેમની હિંસાના પચ્ચક્ખાણ ન કરેલ હોય, તો અપચ્ચક્ખાણની ક્રિયા દ્વારા પાપ લાગે છે માટે.

**પ્ર-૪ : પ્રથમ અણુવ્રત શેના વિશેનું છે ?**

ઉ-૪ : બેઈન્દ્રિય, તેઈન્દ્રિય આદિ ત્રસ જીવોની હિંસાથી નિવર્તવાનું (ત્યાગનું) છે.

**પ્ર-૫ : શ્રાવક ત્રસ જીવોની હિંસાનો ત્યાગ શા માટે કરે છે ?**

ઉ-૫ : શ્રાવકને પૃથ્વીકાય આદિ પાંચ સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ કરવાની ઈચ્છા હોવા છતાં પણ તે હિંસા સંપૂર્ણ છોડી શકતો નથી. જ્યારે ત્રસજીવોમાં સ્થાવર જીવો કરતા ઈન્દ્રિય, યોગ, પ્રાણ વગેરે વધારે હોય છે, તેથી તેને મારવાથી વધુ દુઃખ થાય છે. તેથી તેમની હિંસાથી વધુ પાપ લાગે છે. માટે શ્રાવક ત્રસ જીવોની હિંસાથી બચવાનો પ્રયત્ન કરે છે.

**પ્ર-૬ : શરીરને પીડાકારીનાં ઉદાહરણ આપો ?**

ઉ-૬ : કૃમિ, વાળો, જૂ, લીંખ વગેરે.

**પ્ર-૭ : આકુટ્ટિ હણવા નિમિત્તે હણવાના પચ્ચક્ખાણ એટલે શું ?**

ઉ-૭ : કષાયવશ, નિર્દયતાપૂર્વક પ્રાણરહિત કરવાં, મારવાની ઈચ્છાથી મારવું, તેને **આકુટ્ટિથી મારવું** કહેવાય છે, તેના પચ્ચક્ખાણ શ્રાવક કરે છે.

**પ્ર-૮ : જીવને મારવાવાળાને પાપ શા માટે લાગે છે ?**

ઉ-૮ : મારવાની દુષ્ટ ભાવના અને દુષ્ટ પ્રવૃત્તિથી જીવને મારનારને પાપ લાગે છે. માટે દરેક કાર્ય જતનાપૂર્વક (ઉપયોગથી) હિંસા ન થાય તે રીતે કરવા.

**પ્ર-૯ : અહિંસા વ્રતના પાલનથી કયા ગુણો પ્રાપ્ત થાય છે ?**

**ઉ-૯ :** કરુણા, ક્ષમા, દયા, કોમળતા, મૈત્રી આદિ અનેક ગુણો પ્રાપ્ત થાય છે.

**પ્ર-૧૦ : પહેલા વ્રતની કોટિ કેટલી ?**

**ઉ-૧૦ :** પહેલું વ્રત ૨ કરણ અને ૩ યોગથી (દુવિહં તિવિહેણં) પચ્ચક્ખાણ લઈ કરી શકાય છે. ૨ કરણ × ૩ યોગ = ૬ કોટિ છે.

**પ્ર-૧૧ : પ્રથમ વ્રતના અતિચાર કેટલા ? કયા કયા ?**

**ઉ-૧૧ :** પ્રથમ વ્રતના અતિચાર પાંચ છે. બંધે થી ભત્તપાણવોચ્છેએ સુધી.

**પ્ર-૧૨ : પ્રથમ અણુવ્રત કેટલા સમયનું છે ?**

**ઉ-૧૨ :** પ્રથમ અણુવ્રત જાવજ્જીવ = જીવું ત્યાં સુધીનું છે.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) જૈનોની કુળ દેવી કઈ ? (૨) પહેલા વ્રતની કોટિ કેટલી ? (૩) પ્રથમ વ્રતના અતિચાર કેટલા ? કયા કયા ? (૪) પ્રથમ અણુવ્રત કેટલા સમયનું છે ?

## પ્રતિક્રમણ પાઠ ૭ : સત્ય અણુવ્રત

**પ્ર-૧ : બીજું અણુવ્રત શેના વિશેનું છે ?**

**ઉ-૧ :** મોટા જૂઠથી નિવૃત્ત થવાનું છે.

**પ્ર-૨ : મોટા જૂઠ કેટલા પ્રકારના છે ? કયાં કયાં ?**

**ઉ-૨ :** મોટાં જૂઠ પાંચ પ્રકારનાં છે : કન્નાલિક, ગોવાલિક, ભોમાલિક, થાપણમોસો, મોટકી કૂડી શાખ.

**પ્ર-૩ : બીજા અણુવ્રતમાં આવતા ઈત્યાદિ શબ્દથી કયું જૂઠ સમજવું જોઈએ ?**

**ઉ-૩ :** ખોટો આરોપ લગાવવો, વિશ્વાસઘાત કરવો, ભગવાનના ખોટા સોગંદ ખાવા, ખોટો ઉપદેશ આપવો, રાજકીય મોટું જૂઠ બોલવું વગેરે.

**પ્ર-૪ : સત્ય વ્રતના પાલનથી કયા ગુણો પ્રાપ્ત થાય ?**

**ઉ-૪ :** નીડરતા, બીજાનો વિશ્વાસ પ્રાપ્ત થાય, લોકોમાં પ્રિય બને, આદેય નામકર્મની પ્રાપ્તિ થાય આદિ અનેક લાભ થાય છે.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) બીજા વ્રતની કોટિ કેટલી ? (૨) બીજા વ્રતના અતિચાર કેટલા ? કયા કયા ? (૩) બીજું અણુવ્રત કેટલા સમયનુ છે ?

## પ્રતિક્રમણ પાઠ ૮ : અચૌર્ય અણુવ્રત

**પ્ર-૧ : અદત્તાદાન એટલે શું ?**

**ઉ-૧ :** કોઈપણ વસ્તુને તેના માલિકની આજ્ઞા વિના લેવી તે અદત્તાદાન, એટલે કે ચોરી છે.

**પ્ર-૨ : ત્રીજા વ્રતમાં કેટલા પ્રકારની ચોરીનો ત્યાગ છે ?**

**ઉ-૨ :** ત્રીજા વ્રતમાં મુખ્ય ચાર પ્રકારની મોટી ચોરીનો ત્યાગ છે : (૧) ખાતર પાડી - દીવાલમાં બાકોરું પાડી ઘરમાં ઘૂસવું અથવા શસ્ત્રથી કે બળથી મુસાફરોને કે ઘરને લૂંટવા. (૨) ખિસ્સાં કાપવાં. (૩) તાળાં તોડવાં. (૪) કોઈની પડી ગયેલી વસ્તુ ઉઠાવીને પોતે લઈ લેવી.

**પ્ર-૩ : ત્રીજા વ્રતમાં સગાં સંબંધીને સ્થાન શા માટે આપવામાં આવ્યું છે ?**

**ઉ-૩ :** સગાં સંબંધીની સાથે ઓળખાણને કારણે જરૂર પડ્યે રોજની વપરાશની વસ્તુઓ તેમને પૂછ્યા વિના લેવી, તાળું ખોલવું વગેરે કરવામાં આવે છે. આવું કાર્ય ચોરી કહેવાતું નથી. માટે તેનો આગાર રાખવામાં આવ્યો છે.

**પ્ર-૪ : મોટી ચોરી કોને કહે છે ? નાની ચોરી શું છે ?**

**ઉ-૪ :** પૂછ્યા વિના કોઈની એવી ચીજ લેવી કે જેનાથી તેને દુઃખ થાય, લોકનિંદા થાય, રાજદંડ મળે, તેને મોટી ચોરી કહે છે. ચોરીની ભાવના વગર પોતાના ઉપયોગ માટે આજ્ઞા વિના કાગળ, પેન્સિલ જેવી સામાન્ય કે તુચ્છ વસ્તુ લેવી, તે નાની ચોરી છે.

**પ્ર-૫ : અચૌર્ય વ્રતનાં પાલનથી કયા ગુણો પ્રાપ્ત થાય ?**

**ઉ-૫ :** લોકોને વિશ્વાસપાત્ર થાય, સ્નેહીજન પ્રેમાળ મળે, યશકીર્તિ મળે, નિર્ભયતા આદિ ગુણો મળે.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) ત્રીજા વ્રતની કોટિ કેટલી ? (૨) ત્રીજા વ્રતના અતિચાર કેટલા ? કયા કયા ? (૩) ત્રીજું અણુવ્રત કેટલા સમયનું છે ?

## પ્રતિક્રમણ પાઠ ૯ : બ્રહ્મચર્ય અણુવ્રત

**પ્ર-૧ : સ્વસ્ત્રી સંતોષ કેટલા પ્રકારનો હોય છે ?**

**ઉ-૧ :** અનેક પ્રકારનો હોય છે. જેમ કે એક વિવાહ પછી બીજાની સાથે વિવાહ નહિ કરું. પત્નીના સ્વર્ગવાસ પછી અન્ય સાથે વિવાહ નહિ કરતાં પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરીશ. અમુક તિથિઓ, પર્વો અને શ્રાવણ મહિનામાં બ્રહ્મચર્યનું પાલન કરીશ વગેરે.

**પ્ર-૨ : બ્રહ્મચર્યના પાલન માટે શી રીતે ચિંતન કરવું જોઈએ ?**

**ઉ-૨ :** બ્રહ્મચર્ય એ શ્રેષ્ઠ તપ છે. બ્રહ્મચારીને દેવતા પણ નમસ્કાર કરે છે. કામભોગ ઝેર જેવાં ઘાતક છે, તેનાથી શરીરમાં ભયંકર રોગોની ઉત્પત્તિ થાય છે, નરક આદિ દુર્ગતિ પ્રાપ્ત થાય છે. બ્રહ્મચર્યના પાલક જમ્બૂકુમાર, મલ્લિનાથજી, રાજેમતિ વગેરેનું જીવન કેવું ઉજ્જવળ અને સુંદર બન્યું હતું ! તેવું ચિંતન કરવું જોઈએ.

**પ્ર-૩ : બ્રહ્મચર્યનું પાલન કરવા શું કરવું જોઈએ ?**

**ઉ-૩ :** (૧) સિનેમા, ટી.વી. જોતા અભ્યાસ કરવો નહીં. (૨) મર્યાદાવાળા વસ્ત્રો પહેરવા જોઈએ, (૩) મહાપુરુષોના જીવનની વાર્તાના પુસ્તકો વાંચવા જોઈએ.

**પ્ર-૪ : બ્રહ્મચર્યના પાલનથી શું લાભ થાય ?**

**ઉ-૪ :** બ્રહ્મચર્યના પાલનથી (૧) શરીર નિરોગી, (૨) હૃદય બળવાન, (૩) ઈન્દ્રિયો સતેજ, (૪) બુદ્ધિ તીક્ષ્ણ, (૫) ચિત્ત સ્વસ્થ રહે છે. (૬) કષાયોની અને વિકારોની ઉપશાંતતા, (૭) મોહભાવમાં ઘટાડો, (૮) વ્રત નિયમ-સંયમની વૃદ્ધિ, (૯) ભૌતિક અને આત્મિક અનેક લાભો થાય છે.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) ચોથા વ્રતની કોટિ કેટલી ? (૨) ચોથા વ્રતના અતિચાર કેટલા ? કયા કયા ? (૩) ચોથું અણુવ્રત કેટલા સમયનું છે ?

## પ્રતિક્રમણ પાઠ ૧૦ : અપરિગ્રહ અણુવ્રત

**પ્ર-૧ : પાંચમું અણુવ્રત શેના વિશે છે ?**

**ઉ-૧ :** વર્તમાન સમયે પોતાની પાસે જેટલો પરિગ્રહ છે, તેટલો કે તેનાથી વધુ કે ઓછા પરિગ્રહની મર્યાદા કરવા વિશેનું છે.

**પ્ર-૨ : પરિગ્રહ એટલે શું ?**

**ઉ-૨ :** પરિગ્રહ એટલે મૂર્ચ્છા, (આસક્તિ) મમત્વ (મારાપણું).

**પ્ર-૩ : પરિગ્રહ કેટલા ? કયા કયા ?**

**ઉ-૩ :** તે ૯ છે, ખેત્ત, વત્થુ, હિરણ્ણ, સુવણ્ણ ધન, ધાન્ય, દુપદ, ચઉપ્પદ, કુવિય.

**પ્ર- ૪: પરિગ્રહની મર્યાદા કેવી રીતે કરશો ?**

**ઉ-૪ :** પોતાની રોજિંદી કે વાર્ષિક જરૂરિયાતની વસ્તુઓ કરતા થોડીક વધારે છૂટ રાખીને પરિગ્રહની મર્યાદા કરવી. જેમ કે વર્ષમાં ૧૦ જોડ કપડાં વાપરતાં હોય તો ૧૩ જોડથી વધારે રાખવા નહિ તેવી મર્યાદા કરવી. (આમ તો પોતાની

જરૂરિયાત ઘટાડવાની ભાવના રાખવી જોઈએ. પરંતુ જ્યાં સુધી તેમ ન કરી શકે ત્યાં સુધી ઉપર પ્રમાણે મર્યાદાઓ કરી લેવી.)

**પ્ર-૫ : અપરિગ્રહવ્રતનું પાલન કરવાથી શું લાભ થાય છે ?**

**ઉ-૫ :** પરિગ્રહ એ પાપનું કારણ છે, તેને માટે જીવ-હિંસા, સાચું-ખોટું, કાવાદાવા, ચોરી વગેરે કરી જીવ પાપ વધારે છે, માટે અપરિગ્રહવ્રતનું પાલન કરવું જોઈએ. તેનાથી (૧) ખરાબ વિચારોથી મુક્તિ મળે છે. (૨) વસ્તુઓમાં આસક્તિ ઓછી થાય છે. (૩) જીવ સંતોષી બને છે. (૪) કાવાદાવા, ઝઘડા વગેરે ટળે છે. (૫) ધીરે ધીરે સંપૂર્ણ અપરિગ્રહી પણ બની શકાય છે.

**પ્ર-૬ : આ વ્રતમાં અતિચાર અને અનાચાર કેવી રીતે લાગે ?**

**ઉ-૬ :** જે જે બોલની જેટલી મર્યાદા કરી હોય, તેનું બેકાળજીથી, અજાણ્યો હિસાબ, કિતાબ નહિ મેળવવાથી ઉલ્લંઘન થયું હોય, તો આ બધી મર્યાદાઓ **તે અતિચાર** છે. લોભ આદિને કારણે જાણી જોઈને ધારેલી મર્યાદાનું પાલન ન કરવું **તે અનાચાર** છે.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) પાંચમા વ્રતની કોટિ કેટલી ? (૨) પાંચમા વ્રતના અતિચાર કેટલા ? કયા કયા ? (૩) પાંચમું અણુવ્રત કેટલા સમયનું છે ?

## પાઠ ૧૧ : દિશા પરિમાણ વ્રત

**પ્ર-૧ : છઠ્ઠું વ્રત શેના વિશેનું છે ?**

**ઉ-૧ :** છઠ્ઠું વ્રત દિશાઓની મર્યાદા કરવાનું છે.

**પ્ર-૨ : દિશાની મર્યાદા કેટલા પ્રકારે કરાય છે ?**

**ઉ-૨ :** દિશાઓ છ છે. જે દિશામાં જેટલું જવું પડે તેમ હોય તેટલી મર્યાદા કરવી. જેમ કે ઊંચા પર્વત કે હવાઈ જહાજથી અમુક કિ.મી.થી વધુ ઊંચે જવું નહિ. ભોંયરામાં કે ઊંડી ખાણમાં અમુક કિ.મી.થી વધુ નીચે જવું નહિ. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર કે દક્ષિણ દિશાઓમાં (તિર્છું) અમુક કિ.મી.થી આગળ જવું નહિ. આમ ઊંચી, નીચી અને તિર્છી દિશાની મર્યાદા કરાય છે.

**પ્ર-૩ : દિશા પરિમાણ(મર્યાદા)થી શું લાભ થાય છે ?**

**ઉ-૩ :** લોક અસંખ્યાત યોજન ક્રોડાક્રોડી વિસ્તારવાળો છે. દિશાઓની મર્યાદા કરવાથી મર્યાદાની બહાર જવાનો ત્યાગ થવાથી તે જગ્યાએ થતી હિંસા આદિ પાપોનો મોટો કર્મબંધ અટકે છે.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) છટ્ઠા વ્રતની કોટિ કેટલી ? (૨) છટ્ઠા વ્રતના અતિચાર કેટલા ? કયા કયા ? (૩) છટ્ઠું અણુવ્રત કેટલા સમયનું છે ? (૪) પ્રથમ ગુણવ્રત કયું છે ?

# પ્રતિક્રમણ પાઠ ૧૨ : ઉપભોગ-પરિભોગ પરિમાણવ્રત

**પ્ર-૧ : ઉપભોગ-પરિભોગ કોને કહે છે ?**

**ઉ-૧ :** જે પદાર્થ ફક્ત એક જ વખત વાપરી શકાય છે, તે ઉપભોગ કહેવાય છે. જેમકે અનાજ, પાણી વગેરે. જે વારંવાર વાપરી શકાય તેવા પદાર્થને પરિભોગ કહેવાય છે. જેમ કે વસ્ત્ર, આભૂષણ, શય્યા વગેરે.

**પ્ર-૨ : ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રત એટલે શું ?**

**ઉ-૨ :** ઉપભોગ-પરિભોગ યોગ્ય વસ્તુઓની મર્યાદા કરવી. સાતમા વ્રતમાં બતાવેલ ૨૬ બોલોની મર્યાદા કરવી તથા ૧૫ કર્માદાનનો ત્યાગ કરવો.

**પ્ર-૩ : સચેત્ત ત્યાગથી શું લાભ થાય છે ?**

**ઉ-૩ :** (૧) સ્વાદ પર જીત. (૨) જ્યાં અચેત્ત વસ્તુ ખાવાની સુવિધા ન હોય ત્યાં સંતોષ. (૩) સાધુ-સાધ્વીઓને સૂઝતાં નિર્દોષ, અચેત આહાર પાણી વહોરાવી શકાય. (૪) તિથિ અને પર્વના દિવસોમાં ઘરમાં લીલોતરી આદિનો આરંભ ન થાય. જીવો પ્રત્યે વિશેષ અનુકંપા વધે.

**પ્ર-૪ : કર્માદાન કોને કહે છે ?**

**ઉ-૪ :** જે ધંધા અને કાર્યોમાં વિશેષ હિંસા આદિ કારણોથી કર્મોનો વિશેષ બંધ થાય છે, તેને કર્માદાન કહે છે.

**પ્ર-૫ : પાંચમું અને સાતમું વ્રત એક કરણ અને ત્રણ યોગથી શા માટે ગ્રહણ કરાય છે ?**

**ઉ-૫ :** શ્રાવક પાંચમા અને સાતમા વ્રતની મર્યાદા પોતાની જરૂરિયાત જેટલી જ કરી શકતો હોવાથી પોતે મન, વચન, કાયાથી કરું નહિ તેવા પચ્ચક્ખાણ લઈ શકે છે. પણ પરિવાર આદિની જવાબદારીને કારણે પરિગ્રહ આદિ મન, વચન, કાયાથી કરાવું નહિ, અનુમોદું નહિ તેવા પચ્ચક્ખાણ લે તો વ્રત ભંગ થવાની શક્યતા રહેલી હોય છે. માટે એક કરણ ત્રણ યોગથી પચ્ચક્ખાણ લે છે.

**પ્ર-૬ : રાત્રિભોજનનો ત્યાગ કયા વ્રતમાં આવે છે ?**

**ઉ-૬ :** રાત્રિભોજનનો ત્યાગ અપેક્ષાથી સાતમા વ્રતમાં રહેલો છે. ઉપભોગ-અને પરિભોગની કાળ આશ્રિત (રાત્રીની) મર્યાદા કરે, તો તે પાલન થઈ શકે.

**પ્ર-૭ : ઉપભોગ-પરિભોગની વસ્તુઓની મર્યાદાથી શું લાભ થાય છે ?**

**ઉ-૭ :** (૧) ઇચ્છા ઓછી થાય છે, આવશ્યકતાઓ ઘટે છે, (૨) જીવન સંતોષી અને ત્યાગી બને છે. (૩) ધર્મ આચરણ માટે વધુ સમય મળે છે. (૪) ઘણો મોટો કર્મબંધ અટકે છે.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) સાતમા વ્રતની કોટિ કેટલી ? (૨) ભોજન સંબંધી અતિચાર કેટલા ? કયા કયા ? (૩) સાતમું અણુવ્રત કેટલા સમયનું છે ? (૪) બીજું ગુણવ્રત કયું છે ?

## પ્રતિક્રમણ પાઠ ૧૩ : અનર્થ દંડ વિરમણ વ્રત

**પ્ર-૧ : દંડ કોને કહે છે ? અનર્થ દંડ એટલે શું ?**

**ઉ-૧ :** મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિ કે જેનાથી આત્મા દંડાય, તેને દંડ કહે છે. જે કાર્ય પોતાના કે પરિવારના કોઈ હિતનું ન હોય, જેનું કોઈ પ્રયોજન ન હોય અને જેના કારણે વ્યર્થ હિંસા થવાથી આત્મા પાપોથી દંડિત થાય, તેને અનર્થદંડ કહે છે.

**પ્ર-૨ : આત્માને અનર્થદંડનું પાપ લાગે તેવાં કાર્યો જણાવો.**

**ઉ-૨ :** જેમ કે વિકથા કરવી, ખરાબ ખોટો ઉપદેશ આપવો, પાણીના નળ ખુલ્લાં મૂકવાં, જરૂર વિના વસ્તુઓની ખરીદી કરવી વગેરે પ્રવૃત્તિઓ અનર્થ દંડ કહેવાય છે.

**પ્ર-૩ : અનર્થ દંડ કેટલા પ્રકારના છે ? કયા કયા ?**

**ઉ-૩ :** અનર્થદંડ ચાર પ્રકારના છે. (૧) અવજ્ઝાણાચરિયં (૨) પમાયાચરિયં (૩) હિંસપ્પયાણં (૪) પાવકમ્મોવએસં.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) આઠમા વ્રતની કોટિ કેટલી ? (૨) આઠમા વ્રતના અતિચાર કેટલા ? કયા કયા ? (૩) આઠમું અણુવ્રત કેટલા સમયનું છે ? (૪) ત્રીજું ગુણવ્રત કયું છે ?

## પ્રતિક્રમણ પાઠ ૧૪ : સામાયિક વ્રત

**પ્ર-૧ : સાધુની અને શ્રાવકની સામાયિકમાં શો ફેર છે ?**

**ઉ-૧ :** (૧) સાધુની સામાયિક જાવજ્જીવની હોય છે. શ્રાવકની અમુક સમયની (બે ઘડી, ચાર ઘડી વગેરે) હોય છે. (૨) સાધુની સામાયિક ૩ કરણ અને ૩ યોગથી એમ ૯ કોટિથી લેવામાં આવે છે. શ્રાવકની સામાયિક સામાન્ય રીતે બે કરણ અને ત્રણ યોગથી એમ ૬ કોટિથી અથવા ૮ કોટિથી લેવામાં આવે છે. (૮ કોટિનો પાઠ - કરંતં પિ અન્નં ન સમણુજાણામિ, વયસા, કાયાસા - શબ્દો બોલવામાં આવે છે.)

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) સાવદ્ય યોગ કોને કહે છે ? (૨) નવમા વ્રતના અતિચાર કેટલા ? કયા કયા ? (૩) સામાયિક કેવડી ? (૪) પ્રથમ શિક્ષાવ્રત કયું છે ?

## પ્રતિક્રમણ પાઠ ૧૫ : દેશાવગાસિક વ્રત

**પ્ર-૧ : દેશાવગાસિક વ્રત કોને કહે છે ?**

**ઉ-૧ :** પહેલાનાં બધાં વ્રતોમાં જે મર્યાદાઓ આજીવન માટે કરી હતી, તેને ટૂંકાવી હજી પણ વધુ મર્યાદા પ્રતિદિન માટે કરવી, તે દેશાવગાસિક વ્રત છે.

**પ્ર-૨ : વર્તમાનમાં આ વ્રત સંક્ષેપમાં શી રીતે કરવામાં આવે છે ?**

**ઉ-૨ :** વર્તમાન ચૌદ નિયમોથી કરવામાં આવે છે :

(૧) સચેત - ખાવા પીવાની સચેત વસ્તુની મર્યાદા.
(૨) દ્રવ્ય - ખાવા-પીવાનાં કુલ દ્રવ્યોની મર્યાદા.
(૩) વિગય - દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, ખાંડની મર્યાદા.
(૪) સ્નાન - સ્નાનની સંખ્યા તથા તેમાં પાણીની મર્યાદા.
(૫) પગરખાં - બૂટ - ચંપલની સંખ્યાની મર્યાદા.
(૬) દિશા - રહેઠાણની ચારે દિશામાં જવાની મર્યાદા.
(૭) શયન - સૂવા - બેસવાના પલંગ, સોફા, ખુરશી વગેરેની મર્યાદા.
(૮) બ્રહ્મચર્ય - યથાશક્તિ બ્રહ્મચર્ય પાળવું.
(૯) કુસુમ - ફૂલ તથા સુગંધી દ્રવ્યોની મર્યાદા.
(૧૦) વિલેપન - શરીરે લગાવવાના ક્રીમ, પાઉડર, તેલ વગેરેની મર્યાદા.
(૧૧) વાહન - વાહનની સંખ્યાની મર્યાદા.

(૧૨) વસ્ત્ર - રોજના પહેરવાનાં/વાપરવાનાં વસ્ત્રોની મર્યાદા.

(૧૩) ભોજન - દિવસમાં કેટલીવાર તથા કેટલો આહાર વાપરવો તેની મર્યાદા.

(૧૪) મુખવાસ - મુખવાસ કેટલી જાતના અને કેટલા વાપરવા તેની મર્યાદા.

ઉપરોક્ત ધારણા પ્રમાણે પચ્ચક્ખાણ એગવિહં, તિવિહેણં, ન કરેમિ, મણસા, વયસા, કાયસા, તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

**પ્ર-૩ : છઠ્ઠા વ્રત અને દશમા વ્રતમાં શું ફરક છે ?**

**ઉ-૩ :** છઠ્ઠા વ્રતમાં દિશાની મર્યાદાના જાવજ્જીવના પચ્ચક્ખાણ કરવામાં આવે છે. દશમા વ્રતમાં એક દિવસ-એક રાત્રિ માટે દિશા અને ભોગ-ઉપભોગની મર્યાદા કરવામાં આવે છે.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) દશમા વ્રતના અતિચાર કેટલા ? કયા કયા ? (૨) દશમું વ્રત કેટલી કોટિથી ગ્રહણ કરવામાં આવે છે ? (૩) એક અહોરાત્રિ એટલે કેટલો સમય ? (૪) મુનિજીવનનાં સેમ્પલનું વ્રત કયું ? (૫) દશમું વ્રત લેવાની તથા પારવાની વિધિ શું ? (પ્રતિક્રમણના પુસ્તકના આધારે તૈયાર કરવી.) (૫) બીજું શિક્ષાવ્રત કયું છે.

## પ્રતિક્રમણ પાઠ ૧૬ : પરિપૂર્ણ પૌષધવ્રત

**પ્ર-૧ : પૌષધવ્રત એટલે શું ?**

**ઉ-૧ :** જ્ઞાન, દર્શન અને ચારિત્ર વડે આત્માને પોષણ આપવું તે.

**પ્ર-૨ : પ્રતિલેખન, પ્રમાર્જન એટલે શું ?**

**ઉ-૨ :** વસ્ત્ર આદિ ઉપયોગમાં આવનાર બધાં ઉપકરણોમાં કોઈ જીવ છે કે નહિ, તેનું નિરીક્ષણ (જોવું) કરવું, તે પ્રતિલેખન છે. જીવ આદિ દેખાય તો તેને જતનાપૂર્વક હળવા હાથે પૂંજણી કે રજોહરણથી સુરક્ષિત સ્થાને મૂકવું, તે પ્રમાર્જન છે.

**પ્ર-૩ : પૌષધમાં કે દશમા વ્રતમાં પ્રતિલેખન કે પ્રમાર્જન શેનું શેનું કરવું જોઈએ ?**

**ઉ-૩ :** પૌષધમાં કે દશમા વ્રતમાં પહેલા (૧) મુહપત્તિ, પછી (૨) ગુચ્છો, (૩) રજોહરણ, (૪) વસ્ત્ર, (આટલું ક્રમથી) (૫) સંથારિયું, (૬) પૌષધશાળા,

(૭) પરઠવાની ભૂમિ, (૮) ગોચરીના પાત્ર અને (૯) પુસ્તક આદિ ઉપયોગમાં લેવાતી/લીધેલી દરેક વસ્તુઓનું પ્રતિલેખન કરવું જોઈએ.

**પ્ર-૪ : પૌષધવ્રતમાં શેના શેના પચ્ચક્ખાણ કરવામાં આવે છે ?**

**ઉ-૪ :** (૧) ચારે આહારનાં, (૨) અબ્રહ્મ ન સેવવાનાં, (૩) ઝવેરાત અને સુવર્ણ સાથે ન રાખવાના, (૪) ફૂલની માળા ન પહેરવાના, (૫) ચંદન આદિનું વિલેપન નહિ કરવાના, (૬) શસ્ત્ર, સાંબેલાં વગેરેથી થતાં ૧૮ પ્રકારનાં પાપકારી કાર્ય નહિ કરવાના પચ્ચક્ખાણ કરવામાં આવે છે.

(પૌષધવ્રત ગ્રહણ કરવાની તથા પારવાની વિધિ પ્રતિક્રમણના પુસ્તકના આધારે તૈયાર કરવી.)

**પ્ર-૫ : પ્રહર એટલે શું ? પૌષધ કેટલા પ્રહરનો કરાય છે ?**

**ઉ-૫ :** પ્રહર એટલે દિવસ કે રાત્રિનો ચોથો ભાગ. (અંદાજે પોણા ત્રણથી ત્રણ કલાક) તેને પોરસી પણ કહે છે. સંપૂર્ણ પૌષધ આઠ પ્રહરનો થાય છે. માત્ર રાત્રિનો પૌષધ ગ્રહણ કરવો હોય, તો ચાર પ્રહરનો રાત્રિપૌષધ ગ્રહણ કરી શકાય છે.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) ૧૧મું વ્રત કેટલી કોટિથી ગ્રહણ કરવામાં આવે છે ? (૨) અગિયારમા વ્રતના અતિચાર કેટલા ? કયા કયા ? (૩) અગિયારમું વ્રત કેટલા સમય માટે (અથવા પ્રહર માટે) ગ્રહણ કરવામાં આવે છે ? (૪) ત્રીજું શિક્ષાવ્રત કયું છે ?

## પ્રતિક્રમણ પાઠ ૧૭ : અતિથિ સંવિભાગ વ્રત

**પ્ર-૧ : અતિથિ સંવિભાગ વ્રત એટલે શું ?**

**ઉ-૧ :** ગૃહસ્થીના પોતાના ઉપયોગમાં લેવાતા હોય તેવા આહાર આદિ ૧૪ પ્રકારની વસ્તુઓ જેના આવવાની કોઈ તિથિ કે સમય નક્કી ન હોય, તેવા પંચમહાવ્રતધારી સાધુઓને ફકત આત્મકલ્યાણની ભાવનાથી વહોરાવવું, તેને અતિથિ સંવિભાગ વ્રત કહે છે. દરેક શ્રાવકે આવો લાભ લેવાની રોજ ભાવના ભાવવી જોઈએ.

**પ્ર-૨ : પાઢિયારી અને અપાઢિયારી વસ્તુઓ કોને કહે છે ?**

**ઉ-૨ :** જે વસ્તુઓને સાધુ-સાધ્વી વહોરી લીધાં પછી પાછી આપતાં નથી, તેને **અપાઢિયારી વસ્તુઓ** કહે છે. જે વસ્તુઓને સાધુ-સાધ્વીજી વહોરી લીધાં પછી પોતાના ઉપયોગમાં લઈને પાછી આપી દે છે, તેને **પાઢિયારી** કહે છે.

**પ્ર-૩ : સાધુ-સાધ્વીજીને કેટલી વસ્તુ વહોરાવી શકાય ? તેમાં પાઢિયારી અને અપાઢિયારી વસ્તુઓ કઈ કઈ ?**

**ઉ-૩ :** સાધુ-સાધ્વીજીને ૧૪ પ્રકારની વસ્તુ વહોરાવી શકાય :

અપાઢિયારી વસ્તુઓ ૮ છે. તેનાં નામ : (૧) આહાર, (૨) પાણી, (૩) મેવા-મીઠાઈ, (૪) મુખવાસ, (૫) વસ્ત્ર, (૬) પાત્ર, (૭) કાંબળી, (૮) રજોહરણ.

પાઢિયારી વસ્તુઓ ૬ છે, તેનાં નામ : (૧) બાજોઠ, પાટલા આદિ. (૨) પાટ, પાટિયું, (૩) શય્યા, મકાન, (૪) સંથારિયું, (૫) ઔષધ, (૬) ભેષજ.

**પ્ર-૪ : ઔષધ અને ભેષજમાં શો ફેર છે ?**

**ઉ-૪ :** સૂંઠ, હળદર, આંબળા, હરડે, લવિંગ વગેરે એક એક દ્રવ્ય **'ઔષધ'** કહેવાય છે. હિંગાષ્ટક ચૂર્ણ, ત્રિફળા વગેરે અનેક દ્રવ્યવાળી વસ્તુઓ **'ભેષજ'** કહેવાય છે.

**પ્ર-૫ : શું સાધુ-સાધ્વીને વહોરાવવા લાયક વસ્તુઓ ૧૪ જ છે ?**

**ઉ-૫ :** આ ૧૪ વસ્તુઓ મુખ્યત્વે સાધુઓને કામમાં આવે છે, તેથી તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના સિવાય ધર્મ ઉપયોગી પુસ્તકો, સોય, કાતર વગેરે સમજી લેવું.

**પ્ર-૬ : શું સાધુ-સાધ્વીઓ જ દાનને પાત્ર છે ?**

**ઉ-૬ :** સાધુ-સાધ્વીજીને દાન દેવું એ સુપાત્રદાન છે, તેથી આ વ્રતમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રતિમાધારી શ્રાવક, વ્રતધારી શ્રાવક અને સ્વધર્મીને પણ દાન કરી શકાય છે. તે સિવાય બીજાને અપાતું દાન તે અનુકંપાથી થતું દાન છે.

**પ્ર-૭ : તીર્થંકરને ૧૪ દાનમાંથી કેટલાં અને કયાં દાન દેવાય ?**

**ઉ-૭ :** તીર્થંકર વસ્ત્ર, પાત્ર, કંબલ અને રજોહરણ ન રાખતા હોવાથી તે ૪ દાન સિવાયનાં ૧૦ દાન તેમને આપી શકાય.

**પ્ર-૮ : બારમા વ્રતને ધારણ કરનારે મુખ્યત્વે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ ?**

**ઉ-૮ :** (૧) રસોઈ બનાવનારે અને જમનારે સચિત્ત વસ્તુઓ દૂર રાખીને બેસવું જોઈએ. (૨) ઘરમાં પણ સચેત અને અચેત વસ્તુઓને અલગ અલગ રાખવાની વ્યવસ્થા કરવી જોઈએ. (૩) કાચા પાણીના છાંટા, લીલી વનસ્પતિ, શાકભાજીનો કચરો ઘરની જમીન પર ફેલાયેલો ન રાખવો. (૪) અચેત પાણી બનાવ્યું હોય તો તે સાંજ સુધી રાખી મૂકવું. (૫) ગોચરીના સમયે ઘરના

દરવાજા ખુલ્લાં રાખવા વિવેક રાખવો. (૬) પોતે સૂઝતા હોય તો પોતાના હાથે વહોરાવવાની ઉત્કૃષ્ટ ભાવના રાખવી. (૭) ગોચરીની વિધિની જાણકારી સાધુ-સાધ્વીજી પાસેથી જાણી લેવી તથા તે જ્ઞાનમાં વધારો કરતા રહેવું. (૮) પોતે સૂઝતા કે અસૂઝતા હોય, તો જે હોય તે સાચું બોલવું.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) કરણ, કોટિ વગરનું વ્રત કયું ? (૨) બારમા વ્રતના અતિચાર કેટલા ? કયા કયા ? (૩) બારમા વ્રતમાં શેની ભાવના ભાવવામાં આવે છે ? (૪) ચોથું શિક્ષાવ્રત કયું છે ?

## ૧૨ વ્રત અને સંથારાના કરણ, યોગ અને કોટિને સમજાવતું કોષ્ટક

| વ્રત | કરણ | યોગ | કોટિ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૬ | દુવિહં તિવિહેણં |
| ૨ | ૨ | ૩ | ૬ | દુવિહં તિવિહેણં |
| ૩ | ૨ | ૩ | ૬ | દુવિહં તિવિહેણં |
| ૪ | ૨ | ૩ | ૬ | દેવતા સંબંધી દુવિહં તિવિહેણં |
| | ૧ | ૧ | ૧ | મનુષ્ય, તિર્યંચ સંબંધી એગવિહં એગવિહેણં |
| ૫ | ૧ | ૩ | ૩ | એગવિહં તિવિહેણં |
| ૬ | ૨ | ૩ | ૬ | દુવિહં તિવિહેણં |
| ૭ | ૧ | ૩ | ૩ | એગવિહં તિવિહેણં |
| ૮ | ૨ | ૩ | ૬ | દુવિહં તિવિહેણં |
| ૯ | ૨ | ૩ | ૬ | દુવિહં તિવિહેણં |
| ૧૦ | ૨ | ૩ | ૬ | દ્રવ્યાદિકની મર્યાદાની બહાર દુવિહં તિવિહેણં |
| | ૧ | ૩ | ૩ | દ્રવ્યાદિકની મર્યાદાની અંદર એગવિહં તિવિહેણં |
| ૧૧ | ૨ | ૩ | ૬ | દુવિહં તિવિહેણં |
| ૧૨ | ૦ | ૦ | ૦ | કરણ, કોટિ વિનાનું વ્રત |
| સંથારો | ૩ | ૩ | ૯ | તિવિહં તિવિહેણં |

**પ્ર- : મહાવ્રત અને અણુવ્રત વચ્ચેનો તફાવત લખો.**

**ઉ- :** મહાવ્રત અને અણુવ્રત વચ્ચનો તફાવત :

| મહાવ્રત | અણુવ્રત |
|---|---|
| (૧) સાધુ ધારણ કરે છે. | (૧) શ્રાવક ગ્રહણ કરે છે. |
| (૨) ૩ કરણ અને ૩ યોગ એમ ૯ કોટિથી ધારવામાં આવે છે. (૩ કરણ છે : કરવું, કરાવવું અને અનુમોદના કરવી. ૩ યોગ છે : મન, વચન અને કાયા) | (૨) શ્રાવકનાં વ્રતો ૨ કરણ અને ૩ યોગ અથવા ૧ કરણ અને ૧ યોગથી અથવા ૧ કરણ અને ૩ યોગથી એમ ૬ કોટિથી અથવા એક કોટિથી અથવા ૩ કોટિથી ગ્રહણ કરાય છે. |
| (૩) જાવજ્જીવ માટે ધરાય છે. | (૩) એક વરસથી જાવજ્જીવ સુધી કે પોતાની મરજી પ્રમાણે વ્રત ધરાય છે. |
| (૪) સર્વ જીવહિંસા, સર્વ જૂઠ, સર્વ ચોરી, સર્વ મૈથુન તથા સર્વ પરિગ્રહનો ત્યાગ કરાય છે. | (૪) સ્થૂલ જીવહિંસા, સ્થૂલ જૂઠ, સ્થૂલ ચોરી, સ્થૂલ મૈથુન તથા સ્થૂલ પરિગ્રહનો ત્યાગ કરાય છે. |
| (૫) મહાવ્રત પાંચ છે. | (૫) અણુવ્રત પાંચ, ગુણવ્રત ૩ અને શિક્ષાવ્રત ૪ એમ કુલ ૧૨ વ્રતો છે. |
| (૬) પાંચ મહાવ્રતની ભાવના ૨૫, અતિચાર ૧૨૫ છે. | (૬) ૧૨ વ્રતના કુલ અતિચાર ૭૫ છે. કુલ અતિચાર ૯૯ છે. |
| (૭) મહાવ્રતધારી સાધુના ગુણસ્થાન ૬ થી ૧૪ છે. | (૭) અણુવ્રતધારી શ્રાવકનું ગુણસ્થાન પાંચમું છે. |
| (૮) એકથી પાંચ નરકમાંથી નીકળેલ આત્મા પંચમહાવ્રત-ધારી સાધુ બની શકે છે. | (૮) પહેલીથી છઠ્ઠી નરકથી નીકળેલ આત્મા અણુવ્રત ધારી શ્રાવક બની શકે છે. |
| (૯) જઘન્ય અષ્ટપ્રવચન (પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ)નું જ્ઞાન હોય છે. | (૯) નવ તત્ત્વનું જ્ઞાન અને શ્રદ્ધા હોય છે. જઘન્ય નવકારશી વ્રત કરતા હોય છે. |
| (૧૦) સાધુ કાળ કરી વૈમાનિક દેવ-માં પાંચ અનુત્તર વિમાન સુધી તથા મોક્ષમાં જઈ શકે છે. | (૧૦) શ્રાવક વૈમાનિકના ૧૨ દેવલોક, ૯ લોકાંતિક સુધી જાય છે. |

# તત્ત્વ-સંસ્કાર વિભાગ

**(નોંધ :** વિદ્યાર્થીઓએ ૩૫ બોલનો થોકડો તથા સમજણ બંને કંઠસ્થ કરવાના રહેશે. પરંતુ વિશેષ સમજણ થોકડાની નીચે લીટી કરીને મૂકવામાં આવી છે. તેના આધારે માત્ર ચોથી શ્રેણીની પરીક્ષામાં પ્રશ્નો પૂછાશે નહિ, પરંતુ આગળની શ્રેણીના અભ્યાસને સમજવા માટે ઉપયોગી થશે.)

## પાંત્રીસ બોલ

**પહેલે બોલે★ - ગતિ ચાર :** (૧) નરક, (૨) તિર્યંચ, (૩) મનુષ્ય, (૪) દેવતા (ગતિ એટલે ગમન કરવું)

**બીજે બોલે : જાતિ પાંચ :** (૧) એકેન્દ્રિય, (૨) બેઈન્દ્રિય, (૩) તેઈન્દ્રિય, (૪) ચૌરેન્દ્રિય, (૫) પંચેન્દ્રિય.

(જીવોના જુદા જુદા વિભાગને જાતિ કહે છે. જાતિ નામકર્મથી એકેન્દ્રિય આદિપણું મળે છે.)

**ત્રીજે બોલે : કાય છ :** (૧) પૃથ્વીકાય, (૨) અપકાય, (૩) તેઉકાય, (૪) વાઉકાય, (૫) વનસ્પતિકાય, (૬) ત્રસકાય,

(કાય એટલે શરીર અથવા સમૂહ)

**ચોથે બોલે : ઈન્દ્રિય પાંચ :** (૧) શ્રોત્રેન્દ્રિય, (૨) ચક્ષુરિન્દ્રિય, (૩) ઘ્રાણેન્દ્રિય, (૪) રસનેન્દ્રિય, (૫) સ્પર્શનેન્દ્રિય.

(રૂપી પદાર્થોને આંશિક રીતે જાણવામાં સહાયભૂત થાય, તેને ઈન્દ્રિય કહે છે. તે ઈન્દ્રિયો શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ એકેક વિષયને ગ્રહણ કરે છે.)

**પાંચમે બોલે★ : પર્યાપ્તિ છ :** (૧) આહાર, (૨) શરીર, (૩) ઈન્દ્રિય, (૪) શ્વાસોચ્છ્વાસ, (૫) ભાષા, (૬) મન. **પર્યાપ્તિ** = જીવની પૌદ્ગલિક

---

★ **બોલ-૧ :** નરક - તિર્યંચ ગતિમાં જીવ અનંતા દુઃખોને ભોગવે છે. નરકમાં ૧૦ પ્રકારની ક્ષેત્ર વેદના ભોગવે છે તે અનંત (૧) ઠંડી, (૨) ગરમી, (૩) ભૂખ, (૪) તરસ, (૫) ખુજલી અને (૬) પરાધીનતા (૭) ભય, (૮) ચિંતા, (૯) જરા, (૧૦) રોગ, બાહ્ય સુખની અપેક્ષાએ દેવગતિ સારી છે, પરંતુ મનુષ્ય ગતિમાંથી જ મોક્ષ મળે છે, માટે મનુષ્ય ગતિ સર્વથી શ્રેષ્ઠ છે.

★ **બોલ-૫ :** જીવ ઓછામાં ઓછી ચાર ત્રણ પર્યાપ્તિ બાંધે છે. પ્રથમ પર્યાપ્તિને એક સમય, બાકીની પાંચ પર્યાપ્તિને ૧-૧ અંતર્મુહૂર્તનો અલગ અલગ સમય લાગે છે છતાં કુલ છ પર્યાપ્તિ બાંધતાં અંતર્મુહૂર્ત્તનો સમય લાગે છે. એકેન્દ્રિયને પ્રથમની ચાર, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને પ્રથમ પાંચ તથા સંજ્ઞી પંચેન્દ્રિયને છ પર્યાપ્તિ હોય છે.

શક્તિ જેના દ્વારા જીવ આહારાદિનાં પુદ્‌ગલોને શરીર, ઈન્દ્રિય આદિ રૂપમાં બદલાવવાની ક્રિયા પૂર્ણ કરે તેને **પર્યાપ્તિ** કહે છે અને તેની અપૂર્ણતાને **અપર્યાપ્તિ** કહે છે. જે જીવને જેટલી પર્યાપ્તિ બાંધવાની હોય, તેટલી પૂરેપૂરી બાંધી ન લે ત્યાં સુધી તેને **અપર્યાપ્તો** કહે છે. જ્યારે જેટલી પર્યાપ્તિ મળવાની હોય તેટલી પર્યાપ્તિ પૂર્ણ બાંધી લે ત્યાર પછી તેને **પર્યાપ્તો** કહેવાય છે.)

**છટ્ઠે બોલે★ : પ્રાણ દશ :** (૧) શ્રોત્રેન્દ્રિય બલપ્રાણ (૨) ચક્ષુરિન્દ્રિય બલપ્રાણ (૩) ઘ્રાણેન્દ્રિય બલપ્રાણ (૪) રસનેન્દ્રિય બલપ્રાણ (૫) સ્પર્શનેન્દ્રિય બલપ્રાણ (૬) મન બલપ્રાણ (૭) વચન બલપ્રાણ (૮) કાય બલપ્રાણ (૯) શ્વાસોચ્છ્‌વાસ બલપ્રાણ (૧૦) આયુષ્ય બલપ્રાણ.

[**પ્રાણ** એટલે જેના સંયોગે સંસારી જીવોને શ્રોત (સાંભળવું, જોવું) આદિ ક્રિયા થાય છે] - પ્રાણ=જીવનશક્તિ - જેના વડે જીવ જીવે છે - તેને પ્રાણ કહેવાય છે. તેના બે પ્રકાર છે- (૧) દ્રવ્ય પ્રાણ - જેના યોગે આત્માનો શરીર સાથે સંબંધ ટકી રહે છે. (૨) ભાવપ્રાણ - જીવની સાથે તાદાત્મ્યથી જે જ્ઞાનાદિ ગુણો રહેલા છે તે ભાવપ્રાણ. દ્રવ્યપ્રાણ ૧૦ પ્રકારના અને ભાવપ્રાણ ચાર પ્રકારના છે. જ્ઞાન-દર્શન-સુખ અને વીર્ય.

**સાતમે બોલે : શરીર પાંચ :** (૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) આહારક, (૪) તૈજસ, (૫) કાર્મણ - (શીર્યતે ઈતિ શરીર - જે શીર્ણ-વિશીર્ણ - નાશ થવાના સ્વભાવવાળું છે, તેને શરીર કહે છે)

**આઠમે બોલે : યોગ પંદર :** (૧) સત્ય મનયોગ, (૨) અસત્ય મનયોગ, (૩) મિશ્ર મનયોગ, (૪) વ્યવહાર મનયોગ, (૫) સત્ય વચનયોગ, (૬) અસત્ય વચનયોગ, (૭) મિશ્ર વચનયોગ, (૮) વ્યવહાર વચનયોગ, (૯) ઔદારિક શરીર કાયયોગ, (૧૦) ઔદારિક શરીર મિશ્ર કાયયોગ, (૧૧) વૈક્રિય શરીર કાયયોગ, (૧૨) વૈક્રિય શરીર મિશ્ર કાયયોગ, (૧૩) આહારક શરીર કાયયોગ, (૧૪) આહારક શરીર મિશ્ર કાયયોગ, (૧૫) કાર્મણ કાયયોગ. (યોગ એટલે મન, વચન અને કાયાની પ્રવૃત્તિ, વ્યાપાર મનના ૪, વચનના ૪, કાયાના ૭ એમ કુલ ૧૫ યોગ છે. )

---

★ **બોલ-૬ :** એકેન્દ્રિયને ચાર, બેઈન્દ્રિયને છ, તેઈન્દ્રિયને સાત, ચૌરેન્દ્રિયને આઠ, અસંજ્ઞી પંચેન્દ્રિયને નવ, સંજ્ઞી પંચેન્દ્રિયને દશ પ્રાણ હોય છે.

**નવમે બોલે★ : ઉપયોગ ૧૨ :** (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મન:પર્યવજ્ઞાન, (૫) કેવળજ્ઞાન, (૬) મતિઅજ્ઞાન, (૭) શ્રુતઅજ્ઞાન, (૮) વિભંગજ્ઞાન, (૯) ચક્ષુદર્શન, (૧૦) અચક્ષુદર્શન, (૧૧) અવધિદર્શન, (૧૨) કેવળદર્શન.

((૧) જ્ઞાન એટલે જેનાથી વસ્તુને વિશેષ રૂપે જાણવી તે.

(૨) દર્શન એટલે જેનાથી વસ્તુના સામાન્ય સ્વરૂપને જોવું તે.

(૩) જ્ઞાન, દર્શનમાં આત્માની પ્રવૃત્તિને ઉપયોગ કહે છે.)

**દશમે બોલે★ : કર્મ આઠ :** (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુષ્ય, (૬) નામ, (૭) ગોત્ર, (૮) અંતરાય.

(મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગના કારણે જીવ સાથે જે બંધાય છે તેને કર્મ કહે છે.)

**અગિયારમે બોલે : ગુણસ્થાન ૧૪ :** (૧) મિથ્યાત્વ, (૨) સાસ્વાદન, (૩) મિશ્ર, (૪) અવિરતિ સમ્યક્ દૃષ્ટિ, (૫) દેશવિરતિ (શ્રાવક), (૬) પ્રમત્ત સંજતિ (સાધુ), (૭) અપ્રમત્ત સંજતિ, (૮) વૃર્ત્તિ બાદર, (૯) અનિવૃર્ત્તિ બાદર, (૧૦) સૂક્ષ્મ સંપરાય, (૧૧) ઉપશાંત મોહનીય, (૧૨) ક્ષીણ મોહનીય, (૧૩) સયોગી કેવળી, (૧૪) અયોગી કેવળી.

(મોહ અને યોગના કારણે આત્માની જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ગુણોની તારતમ્યતા (ઓછી, વધુ) વાળી અવસ્થાને ગુણસ્થાન કહે છે.)

**બારમે બોલે : પાંચ ઈન્દ્રિયના વિષય ૨૩ :**

શ્રોત્રેન્દ્રિયના ૩ વિષય : જીવ શબ્દ, અજીવ શબ્દ તે મિશ્ર શબ્દ.

ચક્ષુરિન્દ્રિયના ૫ વિષય - કાળો, નીલો, લાલ, પીળો, સફેદ. પાંચ વર્ણ.

ઘ્રાણેન્દ્રિયના ૨ વિષય - સુરભિગંધ, દુરભિગંધ.

રસનેન્દ્રિયના ૫ વિષય - તીખો, કડવો, કસાયેલો (તૂરો), ખાટો, મીઠો.

સ્પર્શનેન્દ્રિયના ૮ વિષય - સુંવાળો, ખરબચડો, હલકો, ભારે, ઉષ્ણ, શીત, લૂખો (રૂક્ષ), ચોપડ્યો (સ્નિગ્ધ).

★ **બોલ-૯ :** જ્ઞાનના બે પ્રકાર છે - જ્ઞાન અને અજ્ઞાન. કેવલજ્ઞાનીનાં વચનોને યથાર્થ સ્વરૂપે જાણે તે જ્ઞાન, કેવલજ્ઞાનીનાં વચનોને ઓછાં, અધિક કે વિપરીત સ્વરૂપે જાણે તે અજ્ઞાન. **મિથ્યાદૃષ્ટિને અજ્ઞાન અને સમ્યક્દૃષ્ટિને જ્ઞાન હોય છે.**

★ **બોલ-૧૦ :** લોકમાં અનંતા પુદ્‌ગલો છે, તેમાંથી અમુક પુદ્‌ગલો જીવ ગ્રહણ કરી શકે તેવા છે. તેવા પુદ્‌ગલોના સમૂહને વર્ગણા કહે છે. તેમાં કર્મ રૂપે બની શકે તેવાં કાર્મણ પુદ્‌ગલોના સમૂહને કાર્મણવર્ગણા કહે છે. તે કાર્મવર્ગણાનાં પુદ્‌ગલો જ્યારે આત્મપ્રદેશે લાગે ત્યારે તે **દ્રવ્યકર્મ** કહેવાય છે, મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગરૂપ ભાવોને **ભાવકર્મ** કહે છે.

(આત્મા ઈન્દ્રિયો દ્વારા જે પદાર્થોને ગ્રહણ કરે છે, તેને તે ઈન્દ્રિયોના વિષયો કહે છે.)

**તેરમે બોલે : પચ્ચીસ પ્રકારનું મિથ્યાત્વ : (પ્રતિક્રમણની બુકમાં છે તે પ્રમાણે)**

**ચૌદમે બોલે : નવ તત્ત્વના જાણપણાના ૧૧૫ બોલ :**

જીવના ૧૪ ભેદ : સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય. તે સાતના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળી ૧૪.

અજીવના ૧૪ ભેદ - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય એ ત્રણેના સ્કંધ, દેશ, પ્રદેશ એમ ૯ તથા ૧૦મો ભેદ કાળ, પુદ્‌ગલના સ્કંધ, સ્કંધ દેશ, સ્કંધ પ્રદેશ ને પરમાણુ એ ૪ મળીને ૧૪ ભેદ.

પુણ્યના ૯ ભેદ - (૧) અન્ન પુન્ને, (૨) પાણ પુન્ને, (૩) લયણ પુન્ને, (૪) સયણ પુન્ને, (૫) વત્થ પુન્ને, (૬) મન પુન્ને, (૭) વચન પુન્ને, (૮) કાય પુન્ને, (૯) નમસ્કાર પુન્ને.

પાપનાં ૧૮ ભેદ - તે અઢાર પાપ સ્થાનક. (પ્રતિક્રમણની પુસ્તક પ્રમાણે)

આશ્રવના ૨૦ ભેદ - (૧) મિથ્યાત્વ, (૨) અવ્રત, (૩) પ્રમાદ, (૪) કષાય, (૫) અશુભયોગ, (૬) પ્રાણાતિપાત, (૭) મૃષાવાદ, (૮) અદત્તાદાન, (૯) મૈથુન, (૧૦) પરિગ્રહ, (૧૧) શ્રોત્રેન્દ્રિય, (૧૨) ચક્ષુરિન્દ્રિય, (૧૩) ઘ્રાણેન્દ્રિય, (૧૪) રસનેન્દ્રિય, (૧૫) સ્પર્શનેન્દ્રિય, (૧૬) મન, (૧૭) વચન, (૧૮) કાયા તે ૮ ને (૧૧ થી ૧૮ મોકળા મૂકવા,) (૧૯) ભંડ ઉપકરણની અયત્ના કરે, (૨૦) શુચિ કુસગ્ગ કરે. અર્થાત્ સોયના અગ્રભાગ જેટલી પણ જીવહિંસા કરે.

સંવરના ૨૦ ભેદ : (૧) સમકિત, (૨) પ્રત્યાખ્યાન, (૩) અપ્રમાદ, (૪) અકષાય, (૫) શુભયોગ, (૬) જીવદયા, (૭) સત્ય વચન, (૮) અદત્તાદાન ત્યાગ, (૯) બ્રહ્મચર્ય, (૧૦) અપરિગ્રહ, ૧૧ થી ૧૮ પાંચ ઈન્દ્રિય અને ત્રણ યોગનું સંવરવું, (૧૯) ભંડ ઉપકરણની યત્ના કરે, (૨૦), શુચિ કુસગ્ગ ન કરે. જીવની દયા પાળે

નિર્જરાના ૧૨ ભેદ - (૧) અણસણ,(૨) ઉણોદરી, (૩) વૃત્તિસંક્ષેપ, (૪) રસપરિત્યાગ, (૫) કાયક્લેશ, (૬) પ્રતિસંલીનતા, (૭) પ્રાયશ્ચિત્ત, (૮) વિનય, (૯) વૈયાવચ્ચ, (૧૦) સજ્ઝાય, (૧૧) ધ્યાન, (૧૨) કાઉસ્સગ્ગ.

બંધના ૪ ભેદ - (૧) પ્રકૃતિ બંધ, (૨) સ્થિતિ બંધ, (૩) અનુભાગ બંધ, (૪) પ્રદેશ બંધ.

મોક્ષના ૪ ભેદ - (૧) જ્ઞાન, (૨) દર્શન, (૩) ચારિત્ર, (૪) તપ.

(તત્ત્વ એટલે જેનું સદાકાળ હોવાપણું છે તે.)

**પંદરમે બોલે : આત્મા ૮ :** (૧) દ્રવ્ય આત્મા, (૨) કષાય આત્મા, (૩) યોગ આત્મા, (૪) ઉપયોગ આત્મા, (૫) જ્ઞાન આત્મા, (૬) દર્શન આત્મા, (૭) ચારિત્ર આત્મા, (૮) વીર્ય આત્મા.

(આત્મા જે ગુણોમાં પ્રવર્તે તે ગુણના નામથી આત્મા ઓળખાય છે માટે જ્યારે કષાય ભાવમાં હોય ત્યારે કષાય આત્મા. એમ આઠે આત્મા માટે સમજવું.)

**સોળમે બોલે : દંડક ૨૪ :** સાત નરકનો ૧ દંડક; ૧૦ ભવનપતિના ૧૦ દંડક તે (અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર), પાંચ સ્થાવરના પાંચ તે પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, ૩ વિકલેન્દ્રિયના ૩ તે (બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય), ૧ તિર્યંચ પંચેન્દ્રિયનો, ૧ મનુષ્યનો, ૧ વાણવ્યંતર દેવનો, ૧ જ્યોતિષી દેવનો, ૧ વૈમાનિક દેવનો.

(જ્યાં જીવ ઉત્પન્ન થઈને કર્મનો દંડ ભોગવે તેને દંડક કહે છે.)

**સત્તરમે બોલે : લેશ્યા છ★ :** (૧) કૃષ્ણ લેશ્યા, (૨) નીલ લેશ્યા, (૩) કાપોત લેશ્યા, (૪) તેજો લેશ્યા, (૫) પદ્મ લેશ્યા, (૬) શુક્લ લેશ્યા.

(કષાય અને યોગની પ્રવૃત્તિથી ઉદ્‌ભવતા આત્માના શુભ-અશુભ પરિણામને લેશ્યા કહે છે. છ લેશ્યામાં પ્રથમ ત્રણ અપ્રશસ્ત (અશુભ) અને પાછળની ત્રણ પ્રશસ્ત (શુભ) છે.)

**અઢારમે બોલે : દૃષ્ટિ ત્રણ :** (૧) સમકિત દૃષ્ટિ, (૨) મિથ્યાત્વ દૃષ્ટિ, (૩) મિશ્ર દૃષ્ટિ.

(તત્ત્વ વિચારણાની પદ્ધતિને 'દૃષ્ટિ' કહે છે.)

**ઓગણીસમે બોલે : ધ્યાન ચાર :** (૧) આર્ત્તધ્યાન, (૨) રૌદ્રધ્યાન, (૩) ધર્મધ્યાન, (૪) શુક્લધ્યાન. (કોઈપણ એક જ વિષય ઉપર મનની એકાગ્રતા કરવી તેનું નામ ધ્યાન છે.)

**વીસમે બોલે : છ દ્રવ્યના ત્રીસ બોલ :**

**ધર્માસ્તિકાયના પાંચ :** ધર્માસ્તિકાય દ્રવ્યથી - એક, ક્ષેત્રથી - લોક પ્રમાણે, કાળથી - અનાદિઅનંત, ભાવથી અરૂપી, ગુણથી ચલણસહાય.

---

**★ બોલ-૧૭ :** દ્રવ્યલેશ્યા : પરિણામના (અધ્યવસાય) કારણે આત્મા તે પ્રકારનાં પુદ્‌ગલોને ગ્રહે છે, તે દ્રવ્યલેશ્યા છે તે રૂપી છે.

**ભાવ લેશ્યા :** આત્માનાં પરિણામો (અધ્યવસાય) તે ભાવલેશ્યા. તે અરૂપી છે.

**અધર્માસ્તિકાયના પાંચ :** અધર્માસ્તિકાય દ્રવ્યથી - એક, ક્ષેત્રથી - લોક પ્રમાણે, કાળથી - અનાદિઅનંત, ભાવથી - અરૂપી, ગુણથી - સ્થિર સહાય.

**આકાશાસ્તિકાયનાં પાંચ :** આકાશાસ્તિકાય દ્રવ્યથી - એક, ક્ષેત્રથી - લોકાલોક પ્રમાણે, કાળથી - અનાદિ અનંત, ભાવથી - અરૂપી, ગુણથી - અવગાહનાદાન (જગ્યા આપવી.)

**કાળના પાંચ :** કાળ દ્રવ્યથી - અનંત, ક્ષેત્રથી - અઢીદ્વીપ પ્રમાણ, કાળથી - અનાદિઅનંત, ભાવથી - અરૂપી, ગુણથી - વર્તનાનો ગુણ (નવાને જૂનું કરે).

**પુદ્ગલના પાંચ :** પુદ્ગલ દ્રવ્યથી - અનંત, ક્ષેત્રથી - લોક પ્રમાણે, કાળથી - અનાદિ અનંત, ભાવથી - રૂપી, ગુણથી - ગળે ને મળે. સડન પડન વિધ્વંસન.

**જીવના પાંચ :** જીવ દ્રવ્યથી - અનંત, ક્ષેત્રથી - આખા લોક પ્રમાણે, કાળથી - અનાદિ અનંત, ભાવથી - અરૂપી, ગુણથી - ચૈતન્યગુણ.

(જે સદાયકાળ રહે છે, જેમાં અનંત ગુણ અને અનંત પર્યાયો રહેલી હોય છે, તેને દ્રવ્ય કહે છે. પ્રદેશોનો સમૂહને **અસ્તિકાય** કહે છે. કાળને કોઈ પ્રદેશ નથી.)

**(૧) ધર્માસ્તિકાય :** જીવ અને પુદ્ગલ જેના વડે ગતિ કરી શકે તે ધર્માસ્તિકાય. દા.ત. જેમ માછલી પોતાની મેળે ચાલી શકે છે, પણ પાણી તેની ગતિમાં સહાયક થાય છે.

**(૨) અધર્માસ્તિકાય :** જીવ અને પુદ્ગલ જેના વડે સ્થિર થઈ શકે તે અધર્માસ્તિકાય. દા.ત. જેમ થાકેલા મુસાફરને છાંયો સ્થિર થવામાં ઉપકારક નીવડે છે.

**(૩) આકાશાસ્તિકાય :** જે બધાં દ્રવ્યોને ખાલી જગ્યા, આકાશ આપે તે આકાશાસ્તિકાય. દા.ત. જેમ નક્કર દીવાલમાં ખીલી નાંખતાં અંદર પ્રવેશી જાય છે.

**(૪) કાળ :** જેનાથી નવા-જૂનાની ઓળખ થાય છે. સૂર્ય અને ચંદ્રની ગતિથી કાળ (દિવસ, રાત્રિ વગેરે) માપવામાં આવે છે.

**(૫) પુદ્ગલાસ્તિકાય** - જેનો સ્વભાવ સડન, પડન, વિધ્વંસન છે, તેવા જડ પદાર્થો.

**(૬) જીવ** - જેનામાં ચેતના છે તે જીવ.

**એકવીસમે બોલે : રાશિ બે. જીવ રાશિ, અજીવ રાશિ.**

(તે તે પ્રકારના પદાર્થના સમૂહને રાશિ કહે છે.)

**બાવીસમે બોલે : શ્રાવકનાં વ્રત ૧૨.** તેના ભાંગા ૪૯.

**ત્રેવીસમે બોલે : સાધુના પાંચ મહાવ્રત.** તેના ભાંગા ૨૫૨.

**ચોવીસમે બોલે : પ્રમાણ ચાર.** પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન. (જેનાથી અર્થ, પદાર્થ જાણી શકાય તેને પ્રમાણ કહે છે.)

**પચ્ચીસમે બોલે : ચારિત્ર પાંચ :** (૧) સામાયિક ચારિત્ર, (૨) છેદોપસ્થાનીય ચારિત્ર, (૩) પરિહાર વિશુદ્ધ ચારિત્ર, (૪) સૂક્ષ્મ સંપરાય ચારિત્ર, (૫) યથાખ્યાત ચારિત્ર.

(ચારિત્ર એટલે જે આવતાં કર્મોને રોકે છે. સંયમરૂપ આચરણ).

**છવ્વીસમે બોલે : સાત નય :** (૧) નૈગમનય, (૨) સંગ્રહનય, (૩) વ્યવહાર નય, (૪) ઋજુસૂત્રનય, (૫) શબ્દનય, (૬) સમભિરૂઢનય, (૭) એવંભૂતનય.

(પ્રત્યેક પદાર્થના અનેક ધર્મ છે તેના અંશ (ગુણ કે પર્યાયના) જ્ઞાનને નય કહે છે.)

**સત્તાવીશમે* બોલે : નિક્ષેપા ચાર :** (૧) નામ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય અને (૪) ભાવ.

(વસ્તુને સમજવા માટે વસ્તુ ઉપર આક્ષેપ (ઉપચાર) કરવો અથવા વસ્તુને સમજવા માટેનો દૃષ્ટિકોણ નિક્ષેપા છે.)

**અટ્ઠાવીસમે બોલે : સમકિત પાંચ :** (૧) ઉપશમ સમકિત, (૨) ક્ષયોપશમ સમકિત, (૩) ક્ષાયિક સમકિત, (૪) સાસ્વાદન સમકિત, (૫) વેદક સમકિત.

(સુદેવ, સુગુરુ અને તેમના દ્વારા પ્રરૂપિત નવ તત્ત્વ આદિ સુધર્મ પ્રત્યે યથાર્થ શ્રદ્ધા કરવી તે સમકિત છે.)

**ઓગણત્રીસમે બોલે : રસ નવ :** (૧) શૃંગારરસ, (૨) વીરરસ, (૩) કરુણરસ, (૪) હાસ્યરસ, (૫) રૌદ્રરસ, (૬) ભયાનક રસ, (૭) અદ્‌ભુત રસ, (૮) બિભત્સ રસ, (૯) શાંતરસ.

(જેમાં આપણે ઓતપ્રોત થઈ જઈએ કે એકમેક થઈ જઈએ તેને રસ કહે છે.

---

★ **બોલ-૨૭ : નામ નિક્ષેપ :** જીવ કે અજીવનું કોઈ નામ પાડવું તે. **સ્થાપના** - જીવ કે અજીવની આકૃતિ કરવી તે. **દ્રવ્ય** - ભૂતકાળ કે ભવિષ્યકાળની સ્થિતિને વર્તમાનમાં કહેવી તે. **ભાવ** - સંપૂર્ણ ગુણયુક્ત વસ્તુને વસ્તુ રૂપે માનવી તે.

**ત્રીસમે બોલે : ભાવના બાર :** (૧) અનિત્ય ભાવના, (૨) અશરણ ભાવના, (૩) સંસાર ભાવના, (૪) એકત્વ ભાવના, (૫) અન્યત્વ ભાવના, (૬) અશુચિ ભાવના, (૭) આશ્રવ ભાવના, (૮) સંવર ભાવના, (૯) નિર્જરા ભાવના, (૧૦) લોકસ્વરૂપ ભાવના, (૧૧) બોધિ ભાવના, (૧૨) ધર્મ ભાવના.

(જેમાં આત્માના પ્રશસ્ત (સારા) ભાવો પ્રગટ થાય તેને ભાવના કહે છે.)

**એકત્રીસમે બોલે : અનુયોગ ચાર :** (૧) દ્રવ્યાનુયોગ, (૨) ગણિતાનુયોગ, (૩) ચરણકરણાનુયોગ, (૪) ધર્મકથાનુયોગ.

(વસ્તુનાં વિશેષ સ્પષ્ટીકરણને અનુયોગ કહે છે.)

**બત્રીસમે બોલે★ : તત્ત્વ ત્રણ :** (૧) દેવ, (૨) ગુરુ અને (૩) ધર્મ.

**તેત્રીસમે બોલે+ : સમવાય પાંચ :** (૧) કાળ, (૨) સ્વભાવ, (૩) નિયતિ, (૪) કર્મ (પૂર્વકૃત) (૫) પુરુષાર્થ - પુરુષાકાર (ઉદ્યમ).

(જેના સમન્વયથી કાર્ય થાય તે સમવાય છે.)

**ચોત્રીસમે બોલે : પાખંડીના ૩૬૩ ભેદ :** (૧) ક્રિયાવાદીના ૧૮૦, (૨) અક્રિયાવાદીના ૮૪, (૩) વિનયવાદીના ૩૨, (૪) અજ્ઞાનવાદીના ૬૭.

(મોક્ષમાર્ગને વીતરાગ વાણીથી ઓછું, અધિક અને વિપરીત માને તેને પાખંડી કહેવાય.)

**પાંત્રીસમે બોલે : શ્રાવકના ૨૧ ગુણ :** (૧) અક્ષુદ્ર, (૨) યશવંત, (૩) સૌમ્ય પ્રકૃતિવાળો,(૪) લોકપ્રિય, (૫) અક્રૂર, (૬) પાપભીરુ, (૭) શ્રદ્ધાવંત, (૮) ચતુરાઈયુક્ત, (૯) લજ્જાવાન, (૧૦) દયાવંત, (૧૧) માધ્યસ્થ દૃષ્ટિ, (૧૨) ગંભીર, (૧૩) ગુણાનુરાગી, (૧૪) ધર્મોપદેશ કરનાર, (૧૫) ન્યાયપક્ષી, (૧૬) શુદ્ધ વિચારક, (૧૭) મર્યાદાયુક્ત વ્યવહાર કરનાર, (૧૮) વિનયશીલ, (૧૯) કૃતજ્ઞ, (૨૦) પરોપકારી, (૨૧), સત્કાર્યમાં સાવધાન.

(જે શ્રાવક પર્યાયને પ્રાપ્ત કરવા જે જે વિશિષ્ટ આચરણ પ્રગટ કરવા પડે અથવા સહજતાથી પ્રગટ થાય, તેને ગુણ કહે છે.)

---

★ **બોલ-૩૧ : (૧) દ્રવ્યાનુયોગ** - જીવ, અજીવ, ચૈતન્ય, કર્મ આદિ દ્રવ્યના સ્વરૂપનું જે આગમમાં વર્ણન હોય તે. **(૨) ગણિતાનુયોગ** - જેમાં ક્ષેત્ર, પહાડ, નદી, દેવલોક આદિના ગણિતના માપનું વર્ણન હોય તે, **(૩) ચરણકરણાનુયોગ** - જેમાં સાધુ, શ્રાવકના આચાર, ક્રિયાનું વર્ણન હોય તે, **(૪) ધર્મકથાનુયોગ** - જેમાં ધર્મ સંબંધી કથા હોય તે.

+ **બોલ-૩૩ : ક્રિયાવાદી** - તે ક્રિયાને માને, જ્ઞાનને માને નહિ. **અક્રિયાવાદી** - ક્રિયાને ન માને. **વિનયવાદી** - બધાનો વિનય કરવાનું માને. **અજ્ઞાનવાદી** - અજ્ઞાનમાં જ સુખને માને.

## પાઠ ૨ : ફટાકડા : સમય, શક્તિ અને સંપત્તિનો વ્યય

તહેવારો બે પ્રકારના છે. - **લૌકિક અને લોકોત્તર,** આત્માને ધર્મ કરવામાં જાગૃત કરે તથા આત્માનું પોષણ કરવામાં જોડે તે લોકોત્તર તહેવાર છે.

આત્માને પાંચ ઈન્દ્રિયના વિષયમાં અને ૧૮ પાપના કાર્યમાં જોડે તે લૌકિક તહેવાર છે. દિવાળી, લગ્ન, ક્રિકેટ જેવાં પ્રસંગોએ ફટાકડા ફોડી આનંદ મેળવવાના પ્રયત્નમાં જીવો **સમય, શક્તિ અને સંપત્તિનો વ્યય કરે છે,** પણ તેવું કરતાં પહેલાં તેનાં નુકસાનોને જાણી લો... !

**(૧)** ફટાકડામાં ગંધક (પૃથ્વીકાય) વપરાય છે. તેને કાગળમાં ભરવામાં આવે છે. આ કાગળ વનસ્પતિને ભીંજવીને બનાવવામાં આવે છે. ફટાકડાં બનાવતાં કે ફોડતાં તેની દુર્ગંધ, પ્રકાશ અને અવાજથી અગ્નિ, વાયુ અને નાના મચ્છર આદિ જીવોનો નાશ થાય છે.

**(૨)** સળગતા ફટાકડા માટી પર પર પડતાં **પૃથ્વીકાયની,** પાણીના ટાંકા, પીપ કે ગટર પર પડવાથી અપ્કાયની, બળવાથી **અગ્નિકાયની,** હવાને અગ્નિ લાગવાથી **વાઉકાયની,** ઝાડ કે ઘાસ પર પડવાથી **વનસ્પતિકાયના** જીવોની હિંસા થાય છે.

**(૩) અચાનક કબૂતર, ચકલીનાં ઈંડાં ફૂટે** - ફટાકડાનો અવાજ થતાં પક્ષીઓ અંધારામાં અથડાય, તેથી તેમના ઈંડા ફૂટી જાય તેથી, તે દુઃખી થાય. ઈલેક્ટ્રિક વાયર પર બેસતાં, શોક લાગતાં પક્ષી ગંભીર રીતે મરે.

**(૪)** ફટાકડાથી ઝેરી ધુમાડાથી **ફેફસાં બગડે, પ્રદૂષણ વધે.** કાનમાં બહેરાશ આવે, ગભરામણથી હાર્ટએટેક આવે, ગળા વગેરેના રોગો થાય.

**(૫)** સળગતો ફટાકડો જો રૂની ગાંસડી, લાકડાની વખાર, ઝૂંપડા પર કે પક્ષીના માળામાં પડે તો આગ લાગે, હજારો કે લાખો માણસ કમોતે મરે અને ઘર વગરનાં થઈ જાય. લાખો રૂપિયાનું નુકસાન થાય. પશુ, પક્ષી કે મનુષ્ય દાઝી પણ જાય છે.

**(૬)** અક્ષર બળવાથી **જ્ઞાનાવરણીય** કર્મ, જીવોનાં અંગોપાંગ નાશથી **દર્શનાવરણીય** કર્મ, જીવોને દુઃખ અને પીડા થવાથી **અશાતાવેદનીય** કર્મ, આનંદ માણવાથી **મોહનીય** કર્મ, જીવોનાં નાશથી **નરક અને તિર્યંચનું આયુષ્ય કર્મ,** શરીર નાશથી **અશુભ નામ કર્મ,** સંપત્તિનું અભિમાન કરવાથી **નીચ ગોત્ર કર્મ,** સુખશાંતિમાં ખલેલ પહોંચાડવાથી **અંતરાય** કર્મનો બંધ થાય છે.

**(૭) દયા અને પરોપકારના સંસ્કાર નાશ પામે.** પુણ્યનો નાશ થાય અને પાપનો બંધ થાય.

હું જૈન છું માટે પ્રતિજ્ઞા કરું છું કે ફટાકડાં ફોડવાની આવી પાપકારી અને હિંસક પ્રવૃત્તિ કરીશ નહિ, કરાવીશ નહિ અને અનુમોદના કરીશ નહિ.

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) ફટાકડા ફોડવાથી ૮ કર્મ કેવી રીતે બંધાય ? (૨) ફટાકડાથી છકાયની હિંસા કેવી રીતે થાય ? (૩) ફટાકડાથી કયા રોગો થાય ? (૪) ફટાકડાથી કઈ કઈ નુકસાની થાય ? (૫) ફટાકડાથી કબૂતરને શું નુકસાન થાય ?

## પાઠ ૩ : ટી.વી. એક દૂષણ

ટી.વી. વર્તમાન યુગમાં અનર્થોની પરંપરા ઊભી કરનારાં અનેક સાધનોમાંથી એક સાધન છે. આ રહ્યાં તેનાથી થતાં નુકસાનો...!

**(૧) શારીરિક નુકસાન** - આંખને ચશ્મા આવવાથી આંખનું કૅન્સર સુધીના અનેક રોગો થાય છે. શરીર પર તેનાં કિરણોની અસર થવાથી કૅન્સર પણ થાય છે.

(૨) ટી.વી. જોવાથી **સમયની બરબાદી** થાય છે. જૈનશાળા તથા નિશાળના અભ્યાસ પર ધ્યાન દેવાતું નથી, તેથી જ્ઞાનમાં બાધા પડે છે. માતા-પિતા, વડીલોનો વિનય કરવાના સંસ્કાર આવતા નથી. સાચા ધર્મના સંસ્કારના અભાવે જીવ દુર્ગતિમાં જાય છે.

(૩) સિનેમાના હીરો-હીરોઈનની નકલ કરવાથી **પૈસાનો તેમજ સભ્યતાનો નાશ** થાય છે. વિચારો બગડે છે. દિવસ-રાત ખરાબ વિચાર આવે છે, તેથી નજીવા કારણમાં પણ **ઝઘડા, કંકાસ અને દુશ્મનાવટ** ઊભી થાય છે.

(૪) ટી.વી., સિનેમાના કલાકારો માટે માંસ, માછલી, ઈંડા, વગેરે અભક્ષ્ય વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે. આપણે તે વસ્તુઓ ખાતા નથી, છતાં તેની **હિંસાની અનુમોદનાનું** ભયંકર પાપ આપણને લાગે છે.

(૫) ટી.વી.ના કાર્યક્રમોનું આયોજન કરવા માટે સ્ટુડિયો બાંધવાથી **પૃથ્વીકાયના જીવોની હિંસા** થાય છે. નદી, સરોવર, સ્વિમિંગ પુલ, સમુદ્ર, પર્વત, બગીચા આદિ કુદરતી સૌંદર્યનાં દૃશ્યો બતાવવા માટે **પાણી તથા વનસ્પતિના જીવોની હિંસા થાય** છે. ટી.વી. જોવા માટે જે વીજળીની જરૂર પડે છે, તે પાણીના ધોધમાંથી ઉત્પન્ન કરાય છે. તે ધોધમાં માછલાં, પોરાં, મગરમચ્છ વગેરે ત્રસજીવો હોવાથી તેમની હિંસા થાય છે. આ બધી ભયંકર હિંસાના પાપના આપણે જાણ્યે-અજાણ્યે ભાગીદાર બનીએ છીએ.

(૬) ટી.વી.માં આવતાં મારામારી, ખૂન, ફાંસી વગેરે દૃશ્યો જોતાં વખતે જોનારાં બધા સહુ ખુશ થઈને તાળી પાડે, સીટીઓ વગાડે, મનમાં આનંદ પામે ત્યારે **સામુદાયિક કર્મ બંધાય છે. જેનાં ફળ રૂપે રેલવે-પ્લેન-બસ અકસ્માત્, ધરતીકંપ, વાવાઝોડું વગેરે આપત્તિઓમાં તે જીવો એકસાથે મૃત્યુ પામે છે.**

**સમજૂતી :** હું આત્મા છું. મારામાં અનંતુ સુખ રહેલું છે. જગતની કોઈપણ વસ્તુમાં મને સુખી બનાવવાનો સ્વભાવ નથી. પાંચ ઈન્દ્રિયના ૨૩ વિષયમાં સુખ હોતું નથી, છે નહિ અને હોઈ શકે નહિ. હૃદયમાં આ શ્રદ્ધા મજબૂત કરી ચાલો, આપણે આજથી જ ટી.વી. જોવાનો સંપૂર્ણ ત્યાગનો નિયમ કરી, આપણો આત્મા, ઘર અને સમાજને દૂષણથી બચાવીએ.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) ટી.વી.નાં શારીરિક નુકસાન કયાં ? (૨) ટી.વી.થી હિંસાની અનુમોદનાનું પાપ કેવી રીતે લાગે ? (૩) ટી.વી.થી છકાયની હિંસા કઈ રીતે થાય ? સમજાવો. (૪) સામુદાયિક કર્મનું ફળ શું ? (૫) ટી.વી.ની નુકસાનીઓ ટૂંકમાં લખો. કોઈપણ ત્રણ.

# પાઠ ૪ : જૈન ધર્મ એ જ શ્રેષ્ઠ ધર્મ

(૧) વસ્તુના સ્વભાવને **ધર્મ** કહે છે. જગતમાં રહેલા અનેકવિધ ધર્મમાં જૈન ધર્મનું અનેરું સ્થાન છે.

(૨) જૈન **ધર્મ કેવળજ્ઞાનીઓએ** બતાવેલ છે. તેઓ રાગ, દ્વેષ રહિત અને ત્રણે કાળના સર્વ ભાવોને જાણનાર હોય છે.

(૩) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુમાં જીવ છે, તેવું એક માત્ર જૈન ધર્મ માને છે, અન્ય નહિ.

(૪) નવ તત્ત્વ, સુદેવ, સુગુરુ, સુધર્મનું સત્ય સ્વરૂપ જૈન ધર્મમાં બતાવ્યું છે.

(૫) અન્ય ધર્મ કહે છે **'જીવો અને જીવવા દો.' જ્યારે જૈન ધર્મ કહે છે - 'જીવો અને જીવવા દો. તમે કષ્ટ સહીને પણ બીજાને જીવવા દો.' Live and let live, Co-oparate to live others.**

(૬) અન્ય ધર્મો ફક્ત નરક અને સ્વર્ગને માને, વળી સ્વર્ગ અને મોક્ષ એક જ માને છે. જ્યારે જૈન ધર્મ દરેક જીવ પરમાત્મા થઈ શકે છે તેવું સમજાવી મોક્ષમાં જવાનો માર્ગ બતાવે છે.

(૭) જે **ધર્મ આત્માને કર્મ** રહિત બનાવી મોક્ષ અપાવે તે જ શ્રેષ્ઠ ધર્મ છે. તેથી **જૈન ધર્મ એ જ શ્રેષ્ઠ ધર્મ.**

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) જૈન ધર્મ કોણે બતાવેલ છે ? (૨) ધર્મ એટલે શું ? (૩) જૈન ધર્મે શેમાં શેમાં જીવ છે તેમ બતાવ્યું છે ? (૪) શ્રેષ્ઠ ધર્મ કયો ? (૫) મોક્ષ જવાનો માર્ગ કયો ધર્મ બતાવે છે ?

# પાઠ ૫ : દ્વેષનું સ્વરૂપ - માન અને ક્રોધ

## ● માન એટલે અભિમાન

અભિમાન કોઈનું ક્યારેય કાયમ ટકતું નથી.

અભિમાની પોતાની પ્રશંસાથી ફુલણશી બની જાય છે.

અભિમાન કરનાર પોતાના મિત્રો અને પ્રેમ ગુમાવે છે.

- ✿ મનગમતી ચીજ-વસ્તુઓ મળી જાય ત્યારે, આવી વસ્તુઓ મારી પાસે જ છે, બીજાની પાસે નથી, તેવો અહંકાર-અભિમાન ક્યારેક જાગે છે.
- ✿ મારા મિત્રો કરતાં તમારી પાસે કાંઈક વિશેષ છે, તેવું બતાવતા તમે અભિમાની બની જાવ છો.
- ✿ કોઈને સુંદરતાનું અભિમાન આવી જાય છે.
- ✿ કોઈને પરીક્ષામાં વધારે માર્ક્સ મળી જાય ત્યારે અભિમાન આવી જાય છે.
- ✿ કોઈ રમત-ગમતમાં બળવાન થઈને જીતે ત્યારે અભિમાન આવી જાય છે.
- ✿ કોઈને કેપ્ટન યા મોનિટર બનાવે ત્યારે સત્તા મળતાં અભિમાન આવી જાય છે.
- ✿ કોઈને પૈસા યા મનગમતી ચીજ-વસ્તુ મળી જાય ત્યારે અભિમાન આવી જાય છે.
- ✿ આવા અભિમાનને કારણે તમારા સાચા મિત્રો તમારાથી દૂર ભાગતા રહે છે.
- ✿ કેટલાક કહેવાતા મિત્રો તમને મસ્કો મારીને તમારી ખુશામત કરીને તમારા અભિમાનને વધારે ફુલાવે છે.

✿ આવા લોકો જ તમારી પાછળ તમારી નિંદા કરતા હોય છે, તેથી અભિમાનીને નુકસાન પહોંચે છે.

✿ ખુશામત હંમેશાં સ્વાર્થ ભરેલી હોય છે, અને અપ્રામાણિક હોય છે. પ્રશંસા હંમેશાં પ્રામાણિક હોય છે.

✿ નમ્રતા રાખવાથી અભિમાન દૂર થાય છે તે માટે...

(૧) તમારાથી કોઈ સુંદર હોય તો તેની સુંદરતાની પ્રશંસા કરો.

(૨) તમારાથી કોઈ વધારે હોશિયાર હોય તો તેની આવડતની પ્રશંસા કરો.

(૩) પ્રશંસા કરવાથી તમને સાચા મિત્રો મળે છે.

સામી વ્યક્તિમાંથી સાચા ગુણો શોધી કાઢીને તેના વખાણ કરવા, તેને પ્રશંસા કહે છે. સાચા ગુણોની પ્રશંસા કરવાથી આપણામાં તે ગુણો આવે છે.

✿ પ્રશંસાને ધર્મની ભાષામાં **'ગુણાનુરાગ'** કહે છે.

બાળકો નીચેનું સૂત્ર યાદ રાખીને હંમેશાં તેનું રટણ કરજો.

✿ 'નમ્રતા' રાખીને હું 'માન'નો નાશ કરીશ.

## ● ક્રોધ એટલે ગુસ્સો

(૧) ક્રોધી - ગુસ્સાને કારણે પોતાની તંદુરસ્તી ગુમાવે છે.

(૨) ક્રોધી - ગુસ્સાને કારણે વેર-ઝેર ઊભા કરે છે.

(૩) ક્રોધી - ગુસ્સાના આવેશમાં ક્યારેક હત્યા પણ કરી બેસે છે.

✿ છેતરપિંડી કરતાં પકડાઈ જઈએ ત્યારે આબરૂ જાય છે અને આપણને ગુસ્સો આવે છે. આપણી સાથે કોઈ છેતરપિંડી કરે ત્યારે પણ ગુસ્સો આવે છે.

✿ આપણું ધાર્યું ન થાય, આપણું જોઈતું ન મળે ત્યારે ગુસ્સો આવે છે.

✿ અભિમાન કરીને કોઈની ઉપર 'રોફ' પાડવા જઈએ અને કોઈ આપણને ગણકારે નહિ ત્યારે ગુસ્સો આવે છે. કોઈ અભિમાનથી આપણી ઉપર 'રોફ' કરવા આવે ત્યારે ગુસ્સો આવે છે.

* 'ઈર્ષા-અદેખાઈ'થી પણ ક્યારેક ગુસ્સો આવે છે. કોઈને આપણા કરતાં પરીક્ષામાં વધારે માર્કસ મળે, રમતગમતમાં આપણાથી શક્તિશાળી હોય તેનાથી હારી જઈએ, કોઈ આપણા કરતાં વધારે હોશિયાર હોય અને તેને કેપ્ટન કે મોનિટર બનાવાય, આવાં કારણોથી આપણને ઈર્ષા-અદેખાઈ આવે ત્યારે ગુસ્સો આવી જાય છે.
* 'ગુણાનુરાગી' થવાથી 'ઈર્ષા-અદેખાઈ'ને જીતી શકાય છે.
* ગુસ્સાના આવેશમાં લોકો ગાળો બોલે છે, મારામારી કરે છે અને ક્યારેક હિંસા કરી બેસે છે.
* જે સામા માણસની લાગણી દુભવે, દુઃખી કરે, તેને પણ ભગવાને હિંસા કહી છે.
* ગુસ્સો કરનાર લોકો સાથે સંબંધ બગાડે છે, અને વેર-ઝેર ઊભા કરી લોકોને દુશ્મન બનાવે છે.
* ગુસ્સાનો આવેશ ઊતરી જાય ત્યારે પસ્તાવો થાય છે, પણ ગુસ્સાનું પાપ થઈ ગયું હોય છે.
* પાપનો સમય ચાલતો હોય ત્યારે કોઈ નિમિત્ત બની આપણને છેતરી જાય. કોઈ નિમિત્ત બની આપણું અપમાન, કરે કોઈ નિમિત્ત બની આપણને પીડા આપી દુઃખી કરે.
* આવા પ્રસંગોએ આપણે નિમિત્તોને દોષીત માની તેમની ઉપર ગુસ્સો કરીએ છીએ.
* સત્ય હકીકત એ છે કે આપણે જ કરેલાં પાપ આપણે ભોગવવાં પડે છે. આપણને દુઃખી કરનાર નિમિત્તો તો માત્ર કારણરૂપ છે.
* નિમિત્તોને ક્ષમા આપવી જોઈએ.
* ગુસ્સાના આવેશથી ગુસ્સો કરનારને જ નુકસાન થાય છે. (૧) ગુસ્સાથી આંખો અને મોઢું લાલચોળ થઈ જાય છે. (૨) શરીર ધ્રૂજવા માંડે છે. (૩) ક્યારેક બ્લડપ્રેશર વધી જાય છે યા 'હાર્ટ-એટેક' આવી શકે છે. (૪) લોકો સાથે 'વેર-ઝેર' ઊભા થાય છે. (૫) મિત્રો દૂર ભાગે છે. (૬) ગુસ્સો કરનારને કોઈ પ્રેમ કરતું નથી.

- ✿ 'ગુસ્સા'ને ધર્મની ભાષામાં **'ક્રોધ'** કહે છે.
- ✿ 'રાગ'ને જીતવો સૌથી વધારે જરૂરી છે.
- ✿ 'રાગ'ના કારણથી 'માયા' અને 'લોભ' થાય છે.
- ✿ 'દ્વેષ'ના કારણથી 'ક્રોધ' અને 'અભિમાન' આવે છે.
- ✿ 'લોભ' અને 'માયા'થી 'ક્રોધ' અને 'અભિમાન' આવે છે.
- ✿ એટલે 'રાગ'ના કારણથી જ 'દ્વેષ' થાય છે.
- ✿ 'રાગ'ને જીતવાથી 'દ્વેષ' જીતાઈ જાય છે.

બાળકો નીચેનું સૂત્ર યાદ રાખીને હંમેશાં તેનું રટણ કરજો.

- ✿ 'ક્ષમા' રાખીને હું 'ક્રોધ'નો નાશ કરીશ.

- **આ ચાર કષાયોને જીતે તેને પરમાત્મા કહે છે.**

- ✿ અરિહંત અને સિદ્ધ પરમાત્મા હંમેશાં 'સમતા-ભાવ'માં રહે છે. તેઓએ રાગદ્વેષ અને કષાયોને સંપૂર્ણ રીતે જીતી લીધા છે, તેથી તેમના મુખ પર શાંતિ, આનંદ અને પ્રસન્નતા જોવા મળે છે.
- ✿ તેઓ અહિંસક હોવાથી તેમની આંખોમાં જગતના સર્વ જીવો માટે દયા-અનુકંપા અને કરુણા જોવા મળે છે.
- ✿ રાગદ્વેષને સંપૂર્ણપણે તેઓએ જીતી લીધા હોવાથી આખા જગતનું તેમને જ્ઞાન છે, તેને **'કેવળજ્ઞાન'** કહે છે.
- ✿ **'કેવળદર્શન'**થી તેઓ આખા જગતને જોઈ શકે છે. જોવા માટે આંખની જરૂર પડતી નથી.

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) દ્વેષના કેટલા ભેદ ? કયા ? (૨) અભિમાન ક્યારે ક્યારે આવે છે ? (૩) અભિમાનથી શું નુકસાન થાય ? (૪) અભિમાન દૂર કરવા શું શું કરવું ? (૫) પ્રશંસાનું બીજું નામ શું ? (૬) ક્રોધ ક્યારે ક્યારે આવે છે ? (૭) ક્રોધથી શું નુકસાન થાય ? (૮) ક્રોધ દૂર કરવા શું કરવું ? (૯) કેવળજ્ઞાન એટલે શું ? (૧૦) કેવળદર્શન એટલે શું ? (૧૧) અરિહંતે શું જીત્યું છે ?

# કથા વિભાગ

## કથા ૧ : મહારાજા મેઘરથ

**જંબૂદ્વીપના પૂર્વ મહાવિદેહક્ષેત્રમાં પુષ્પકલાવતી** નામની વિજયમાં સીતા નદીના કિનારે **પુંડરિકિણી** નામની નગરી હતી. ધનરથ નામે મહાબલી રાજા ત્યાં રાજ્ય કરતો હતો. **તેની પ્રિયમતી અને મનોરમા** આ બે મહારાણીઓ હતી. તે રાણીઓના એક એક દીકરા હતા. તેમનું નામ **'મેઘરથ' અને 'દઢરથ'** હતા. બંને ભાઈઓને એકબીજા પર બહુ પ્રેમ હતો.

મેઘરથ યુવાન થતાં તેમના લગ્ન **સુમંદિરપુર**ના રાજા **નિહતશત્રુ**ની દીકરીઓ **'પ્રિયમિત્રા' અને 'મનોરમા'** સાથે થયા. સમય જતાં રાજા ધનરથે યુવરાજ મેઘરથને રાજા બનાવી તથા દઢરથને યુવરાજની પદવી આપીને પોતે જૈન દીક્ષા લીધી. મહારાજા મેઘરથ પણ જૈન ધર્મના નિયમોનું ચુસ્તપણે પાલન કરતા હતા. મહારાજા મેઘરથ નીતિ અને ન્યાયપૂર્વક રાજ્યસંચાલન કરતા હતા. અનેક રાજાઓ તેમની આજ્ઞામાં રહેતા હતા.

એક દિવસ મહાપરાક્રમી અને દયાસાગર મહારાજા પૌષધશાળામાં પૌષધ અંગીકાર કરીને બેઠા હતા અને જિનપ્રરૂપિત ધર્મનું વ્યાખ્યાન આપી રહ્યા હતા. તે સમયે એક ભયભીત કબૂતર આવીને તેમના ખોળામાં બેસી ગયું. તે ખૂબ જ ગભરાયેલું હતું અને ધ્રૂજી રહ્યું હતું. તેનું હૃદય જોરજોરથી ધબકી રહ્યું હતું. તે મનુષ્યની બોલીમાં બોલ્યું "મને અભયદાન આપો, મને બચાવો." આ સાંભળીને રાજાએ કહ્યું, "તું નિર્ભય થઈ જા, અહીં તને કોઈ પ્રકારનો ભય નહિ રહે." તેથી કબૂતરને મનમાં ખૂબ જ શાંતિ થઈ.

થોડી ક્ષણ પછી એક બાજ પક્ષી આવ્યું અને કબૂતરને રાજાના ખોળામાં બેઠેલું જોઈને માનવ ભાષામાં બોલ્યું, "મહારાજ ! કબૂતરને છોડી દો. આ મારો ખોરાક છે. હું એને જ શોધતો શોધતો અહીં આવ્યો છું." મહારાજા મેઘરથે બાજને સમજાવતાં કહ્યું. "અરે, બાજ! હવે આ કબૂતર તને મળી શકશે નહિ, એ મારા શરણમાં છે. ક્ષત્રિય પુત્ર શરણે આવેલાની રક્ષા કરે છે. તારે પણ આવું હિંસાનું કામ ન કરાય. તું માંસભક્ષણ કરે છે, પરંતુ એ તને લાખો વર્ષોનું નરકનું દુઃખ આપશે. જો તારે ભૂખ મટાડવી હોય તો તને બીજું સારું સારું ભોજન મળી શકશે."

"મહારાજા ! આપ વિચારો. જે રીતે આ કબૂતર મૃત્યુના ભયથી બચવા આપની પાસે આવ્યું છે, તેમ હું પણ ભૂખથી પીડાઈને આવું છું. મારું જીવન કેવી રીતે બચાવું ? આપ કબૂતરની રક્ષા કરો છો તો મારી પણ રક્ષા કરો. મને ભૂખથી તરફડીને મરતો બચાવો. આ કબૂતર મારું ભક્ષ્ય છે. હું તાજું માંસ જ

ખાઉં છું. એનાથી જ મને સંતોષ થાય છે. માટે આપ કબૂતર મને સોંપી દો.'' બાજે પોતાની રજૂઆત કરી.

''શું તું માંસ જ ખાય છે ? બીજું કાંઈ ખાઈ શકતો નથી ? જો આમ જ હોય તો લે હું તારી ઈચ્છા પૂરી કરવા તૈયાર છું. આ કબૂતરના માંસ જેટલું મારા શરીરનું તાજું માંસ હું તને આપું છું, તે ખાઈ તારી ઈચ્છા પૂરી કર.'' મહારાજ મેઘરથજીએ ધૈર્ય અને શાંતિપૂર્વક કહ્યું.

બાજે રાજાની વાત સ્વીકારી લીધી. રાજાએ છરી અને ત્રાજવું મંગાવ્યું. ત્રાજવાના એક પલ્લામાં કબૂતરને બેસાડ્યું અને મહારાજ પોતાના શરીરનું માંસ કાપીને બીજા પલ્લામાં મૂકવા લાગ્યા. આ જોઈને રાજ્યમાં અને પરિવારમાં હાહાકાર ફેલાઈ ગયો.

રાણીઓ અને રાજકુમારો વગેરે આક્રંદ કરવા લાગ્યાં. મંત્રીઓ, સામંતો અને મિત્રો રાજાને આવું ન કરવા વિનવવા લાગ્યા. મહારાજા મેઘરથજી પોતાના હાથેથી પોતાના શરીરનું માંસ કાપીને ત્રાજવામાં મૂકવા લાગ્યા. પરંતુ કબૂતરનું પલ્લું ઊંચું થયું જ નહિ. તેઓ છરાથી પોતાનું માંસ કાપીને મૂકતાં જતાં અને લોકો રડતાં જતાં હતાં. પરંતુ કબૂતરનું પલ્લું ભારે જ રહ્યું. શરીરના કેટલાય ભાગોનું માંસ કાપી કાપીને મૂકી દીધું. અંતે પોતે આખા ત્રાજવામાં બેસી ગયા.

આ દૃશ્ય જોઈને એક મંત્રી બોલ્યા ''મહારાજ ! આ દગો છે. કોઈ માયાવી શત્રુદેવ ષડયંત્ર રચીને આપનું જીવન ખતમ કરવા ઈચ્છે છે. જો આમ ન હોત તો આટલું બધું માંસ મૂકી દીધા પછી પણ કબૂતરનું પલ્લું ભારે કેવી રીતે રહે ?''

મંત્રીએ આ પ્રમાણે કહ્યું ત્યાં જ એક દિવ્ય મુગટ-કુંડલ વગેરે આભૂષણધારી દેવ પ્રગટ થયો અને મહારાજાનો જયજયકાર કરતો બોલ્યો, ''જય થાઓ, વિજય થાઓ. શરણાગત રક્ષક મહામાનવ રાજા મેઘરથનો જય થાઓ. આપણી ગુણગાથા તો બીજા દેવલોકમાં ઈશાનેન્દ્ર દ્વારા થઈ રહી હતી. હું પણ તે દેવસભામાં હતો. મને આપની પ્રશંસા સાંભળીને વિશ્વાસ ન આવ્યો, માટે પરીક્ષા કરવા અહીં આવ્યો.

માર્ગમાં આ બે પક્ષીઓને લડતાં જોઈને હું તેઓમાં પ્રવેશ કરીને આપની પાસે આવ્યો અને આપની મહાન અનુકંપા, શરણાગતની સુરક્ષા તથા દૃઢ આત્મબળની પરીક્ષા કરી. મારા આ કાર્યથી આપને કષ્ટ થયું, તેથી હું આપની ક્ષમા માગું છું. મને આપ ક્ષમા આપો.'' આમ માફી માંગી મેઘરથરાજાને પહેલાના જેવા જ સ્વસ્થ બનાવી તે દેવ પાછો ફરી ગયો.

સમય જતાં ગ્રામાનુગ્રામ વિચરણ કરતાં તેમના **પિતા તીર્થંકર ધનરથજી** રાજા મેઘરથના ગામમાં પધાર્યા. તેમની વાણી સાંભળીને વૈરાગ્ય થતાં રાજા મેઘરથે પણ દીક્ષા લીધી. વિશુદ્ધ સંયમ અને ઉગ્ર તપ કરતાં કરતાં તેમણે એક લાખ પૂર્વ વરસ સુધી દીક્ષા પાળી અને તીર્થંકર નામ ગોત્રકર્મ ઉપાર્જી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થયા.

૩૩ સાગરનું આયુષ્ય ભોગવી સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી ચ્યવીને (નીકળીને) મહારાજા વિશ્વસેનની પ્રિય રાણી અચિરાદેવીની કુક્ષિમાં ઉત્પન્ન થયા. તેઓ ગર્ભમાં આવતાં જ રાજ્યમાં મરકીનો રોગ થયો હતો, તે શાંત થઈ ગયો. તેથી તેમનો જન્મ થતાં તેમનું નામ 'શાંતિનાથ' રાખવામાં આવ્યું. મોટા થઈ તેઓ જૈનોના સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ સ્વામી બન્યા.

ધન્ય હો રાજા મેઘરથની અહિંસા ભાવનાને !

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) મેઘરથનાં લગ્ન કોની સાથે થયાં ? (૨) મહારાજા મેઘરથના ખોળામાં કબૂતર આવ્યું પછી શું બન્યું ? (૩) કબૂતરને બચાવવા રાજાએ શું કર્યું ? (૪) મહારાજાની પ્રશંસા ક્યાં થઈ હતી ? (૫) રાજાની અહિંસાભાવનાને ટૂંકમાં વર્ણવો. (૬) મેઘરથ મરીને ક્યાં ગયા ? ભવિષ્યમાં તે આપણા શું બન્યા ?

## કથા ૨ : રોહિણેય ચોર

**રાજગૃહી** નામની એક સુંદર અને વૈભવશાળી નગરી હતી. તે નગરીની પાસે **વૈભારગિરિ** પર્વત હતો. આ પર્વતની ગુફામાં **રોહિણેય ચોર** પોતાની ચોરટોળી સાથે રહેતો હતો. રોહિણેય ચોરીનો ધંધો પોતાના પિતા પાસેથી શીખ્યો હતો. સાથે સાથે બીજી અનેક વિદ્યાઓ શીખવાથી તે બુદ્ધિમાન પણ હતો.

રોહિણેય ચોરે પોતાના ચોર પિતાને તેમના મૃત્યુ વખતે એક વચન આપ્યું હતું કે 'રોહિણેય પોતે મહાવીર પ્રભુની વાણી કદી પણ નહિ સાંભળે.'

પિતાના મૃત્યુ બાદ તે રાજગૃહી નગરીમાં જઈને મોટી મોટી ચોરી કરતો અને લોકોને ખૂબ રંજાડતો. દિવસે દિવસે તેનો ત્રાસ વધવા લાગ્યો. તે એટલો બધો ચાલાક અને ચપળ હતો કે તે રાજાના સિપાહીઓને હાથે પકડાતો ન હતો.

પ્રજાજનોએ શ્રેણિક મહારાજાને ચોરીની ફરિયાદ કરી અને ચોરના ત્રાસમાંથી સહુને શીઘ્ર છોડાવવા વિનંતી કરી. ચોરને બુદ્ધિશાળી અને ચબરાક જાણીને રાજાએ તેને પકડવાનું કામ પોતાના પુત્ર અને રાજ્યના મંત્રી અભયકુમારને આપ્યું. મંત્રીએ નગરના દરવાજા પર સખ્ત પહેરો ગોઠવી દીધો અને કોઈ નવો માણસ દાખલ થાય કે બહાર નીકળે તો તેનું ખાસ ધ્યાન રાખવા કહી દીધું. સિપાહીઓ અને નગરનો કોટવાળ છૂપી રીતે દરવાજા પર ધ્યાન રાખતા થઈ ગયા.

રોહિણેય ચોરને પણ અભયકુમારે ગોઠવેલી વ્યવસ્થાની જાણકારી તેના માણસો પાસેથી થઈ ગઈ. તેણે અભયકુમારને પણ છેતરવાનો નિશ્ચય કર્યો. તે માટે તે યોગ્ય સમયની રાહ જોતો રહ્યો.

એક વખત, શ્રી મહાવીર પ્રભુ વિહાર કરતા કરતા રાજગૃહી નગરીમાં પધાર્યા અને નગરીની બહારના ઉદ્યાનમાં બિરાજ્યા. પ્રભુ નગરીની બહાર પધાર્યા છે તેવું જાણીને નગરજનો તેમનાં દર્શન કરવાં અને ઉપદેશ સાંભળવાં ઉદ્યાનમાં ભેગાં થયાં. મહાવીર પ્રભુને વંદન કરીને સૌ નગરજનો તેમની પવિત્ર, મીઠી, આનંદકારી વાણી સાંભળવા બેઠા. દેવતાઓએ રચેલા સમવસરણમાં પ્રભુ દેશના આપવા લાગ્યા.

તે જ દિવસે રોહિણેય ચોર પણ પર્વતની ગુફામાંથી નીકળીને રાજગૃહી તરફ જતો હતો. તે નગર બહારના ઉદ્યાન પાસેથી નીકળ્યો. નગરમાં પ્રવેશ કરવાનો તે ટૂંકો માર્ગ હતો. બીજા રસ્તે થઈને જાય તો સમય વધારે લાગી જાય તેમ હતું, તેથી તે આ જ માર્ગ પર ચાલવા લાગ્યો.

મહાવીર પ્રભુની દિવ્ય અને તેજસ્વી વાણી ચાલુ હતી. પોતાના પિતાને આપેલું વચન ભંગ ન થાય તે માટેનો માર્ગ રોહિણેયે વિચાર્યો. તે પોતાના પગરખાં બગલમાં દબાવી, બંને કાનમાં આંગળીઓ ખોસીને, ઉદ્યાનની પાસે જઈને ઝડપથી દોડ્યો. પણ, જેવો તે સમવસરણની પાસેથી નીકળ્યો ત્યારે જ તેના પગમાં કાંટો વાગ્યો.

તેણે વિચાર્યું કે 'જો હમણાં કાંટો કાઢવા પ્રયત્ન કરીશ તો કાનમાં ખોસેલી આંગળીઓ કાઢવી પડશે અને પ્રભુનાં વચનો કાનમાં જશે, તો પિતાને આપેલું વચન તૂટી જશે. એટલે કાંટાવાળા પગે જ તેણે દોડવાનું ચાલું રાખ્યું. પરંતુ કાંટો પગમાં જોરથી વાગ્યો હતો અને પગમાં ખૂબ પીડા થતી હતી, તેથી હવે તેનાથી સહેજ પણ દોડાય તેમ ન હતું. પગમાંથી કાંટો કાઢવા નાછૂટકે તેને કાનમાંથી આંગળી કાઢી નીચે નમવું પડ્યું.

તે વખતે પ્રભુ દેવતાઓના સ્વરૂપનું વર્ણન કરતા હતા. તેમના મુખમાંથી નીકળતી અમૃત સમાન વાણીનાં વચનો તેના કાન પર પડ્યાં. "(૧) દેવોનો શ્વાસાચ્છ્વાસ સુગંધવાળો હોય છે. (૨) તેમના ડોકની માળાઓ કરમાતી નથી. (૩) તેમની આંખો અપલક જ રહે છે. (૪) તેઓ જમીનથી ચાર આંગળ અધ્ધર જ રહે છે, એટલે કે તેમના પગ જમીનને સ્પર્શતા નથી. આટલા વાક્યો તેના કાનમાં પડ્યાં બાદ રોહિણેય પગનો કાંટો કાઢી નાંખીને, કાનમાં આંગળાં ખોસીને ઝડપથી આગળ દોડી ગયો. મહાવીર પ્રભુનાં વચનો જે તેના કાને પડેલા તેને ભૂલી જવા તેણે ઘણો પ્રયત્ન કર્યો, પણ તે ભૂલી શક્યો નહિ.

તેના ખરાબ નસીબે તે દિવસે તેને નગરમાં પ્રવેશ કરતી વખતે કોટવાળે પકડી લીધો અને બાંધીને શ્રેણિક રાજા પાસે લઈ આવ્યો. અભયકુમારને પણ બોલાવવામાં આવ્યા. અભયકુમારે કોટવાળને પૂછ્યું, "ચોર પાસેથી ચોરેલી વસ્તુ હાથ આવી છે ? નક્કર સાબિતી વિના તેને શિક્ષા થઈ શકે નહિ." કોટવાળે કહ્યું, "અમે તો તેને નગરમાં દાખલ થતાં જ શકના આધારે પકડી લીધો છે, તેથી તેની પાસેથી કાંઈ મળ્યું નથી."

રાજા શ્રેણિકે ચોરને પૂછ્યું, "તારું નામ શું છે ? તું કયા ગામમાં રહે છે ?" ચોરે જવાબ આપ્યો, "મારું નામ દૂર્ગચંડ છે, હું શાલિગ્રામમાં રહું છું." રાજાએ આગળ પૂછ્યું, "તું શો ધંધો કરે છે ?" ચોરે કહ્યું, "હું જાતે કણબી છું. ખાસ કામ માટે અહીં આવ્યો છું. મને આવતાં મોડું થયું એટલે કોટવાળે મને પકડ્યો." રાજાએ શાલિગ્રામમાં તપાસ કરાવી પણ ત્યાં ચોરના જ માણસો હોવાથી જેવું ચોરે કહેલું તેવું જ વર્ણન ગામલોકોએ પણ કહ્યું.

અભયકુમાર મંત્રીએ વિચાર્યું કે 'આ ચોર ઘણો જ હોશિયાર છે, એટલે બુદ્ધિથી કામ લેવું જોઈએ. આથી તેમણે ચોરને કહ્યું, "ભાઈ, તું ગભરાઈશ નહિ. થોડા દિવસ તું મારી સાથે જ મારો મહેમાન બનીને રહેજે." એમ કહીને ચોરને તેણે પોતાની સાથે રાખ્યો.

અભયકુમાર મંત્રી હોવા છતાં શ્રાવકનાં વ્રતોનું ચુસ્તપણે પાલન કરતા હતા. તેઓ રોજ સામાયિક પણ કરતાં. પર્વ તિથિએ, પૌષધ આદિ વિશેષ ધર્મ આરાધના કરતા. રોહિણેય પણ તેમની સાથે રહીને તેમનું અનુકરણ કરતો, તેથી તે ચોર છે તેવો કોઈ અણસાર ન મળ્યો.

છેવટે અભયકુમારે એક યુક્તિ કરી. મહેલના એક વિશાળ ખંડમાં તેમણે અનેક પ્રકારના ઝુમ્મર, ચંદરવા અને ધજાઓ બંધાવી. દરવાજે શોભાયમાન તોરણો લટકાવ્યાં. ઓરડામાં અગર, ચંદન આદિ સુગંધિત દ્રવ્યો મુકાવ્યાં. શયનખંડમાં સુંદર રીતે શણગારેલી શય્યા પથરાવી. અત્યંત સ્વરૂપવાન દાસીઓને સુંદર શણગાર સજાવી, તેમણે હાથમાં મૃદંગ અને વાજિંત્રો આપી તે ઓરડામાં ઊભી રખાવી. આ બધું જાણે સાક્ષાત્ દેવલોકને ધરતી પર ઉતાર્યું હોય તેવું લાગતું હતું.

અભયકુમારે રોહિણેયને તે દિવસે વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ, રુચિકર અને સુગંધી વાનગીઓ જમાડી. પછી ભોજનમાં નશો કરે તેવી મદિરા (દારૂ) પિવડાવી દીધી. મદિરાપાનથી રોહિણેયને ખૂબ નશો ચડ્યો અને તે ઘસઘસાટ નિદ્રામાં પડી ગયો. તે વખતે તેને મહેલના પેલા શણગારેલા ઓરડામાં શય્યા પર સુવડાવી દીધો.

થોડા વખત પછી ચોરને ભાન આવ્યું અને આશ્ચર્યથી તે ચારે બાજુ જોવા લાગ્યો. જીવનમાં ક્યારેય ન જોયું હોય તેવું દૃશ્ય તેની નજર સામે ખડું હતું. તે વખતે દેવી જેવી લાગતી દાસીઓએ સુંદર હાવભાવ કરીને અને મધુર સ્વરોમાં તેને પૂછ્યું, "હે સ્વામીનાથ ! તમે ખૂબ ભાગ્યશાળી છો, તમારો જન્મ દેવલોકમાં થયો છે. તમે એવાં તે કયાં પુણ્યનાં કામ કર્યાં છે કે જેથી અમારા સ્વામી થયા અને દેવલોકમાં ઉત્પન્ન થયા છો ?" આવું સાંભળીને ચોર વિચારમાં પડી ગયો કે 'મેં એવાં કોઈ પુણ્ય કર્યાં નથી કે હું દેવલોકમાં ઉત્પન્ન થાઉં !' તે જ સમયે તેને મહાવીર પ્રભુએ દેવતાઓ વિશે કરેલું વર્ણન યાદ આવી ગયું.

દેવોનો શ્વાસોચ્છ્વાસ સુગંધવાળો હોય છે. તેમના ડોકની માળાઓ કરમાતી નથી. તેમની આંખો અપલક જ રહે છે. તેઓ જમીનથી ચાર આંગળ અધ્ધર જ રહે છે એટલે કે તેમના પગ જમીનને સ્પર્શતા નથી.

તેણે દેવી જેવી લાગતી સુંદરીઓનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું તો ખ્યાલ આવ્યો કે 'આ સ્ત્રીઓ તો જમીન પર પગ મૂકીને ચાલે છે, તેમની આંખો પટપટે છે, તેમના ડોકની માળાઓનાં અમુક ફૂલો મૂરઝાયેલાં છે.' આ જોતાં તેને સમજાઈ ગયું કે 'આ ચાલાક અભયકુમારની તેને ફસાવવા માટેની ચાલ છે, તેથી જ તેમણે આ ખોટું નાટક ઊભું કર્યું છે. હવે મારે પણ નાટક સામે નાટક કરવું પડશે.'

તે દેવીઓને કહેવા લાગ્યો, "દેવીઓ ! મેં મનુષ્યના ભવમાં દાન, ધર્મ, પુણ્ય, નિયમ, વ્રતોનું પાલન કરીને અને સાત મોટાં વ્યસનો રહિત જીવન જીવીને પુષ્કળ પુણ્ય કમાણી કરી છે, તેથી જ તમારા સ્વામી તરીકે હું ઉત્પન્ન થયો છું." દેવીઓએ સામે પ્રશ્ન કર્યો, "હે નાથ ! તમારી પુણ્યકરણી તો અમે સાંભળી, પણ તમે કાંઈ, પાપ પણ કર્યાં હશે, તે પણ અમને તમે સંભળાવો..." ચોરે કહ્યું, "મે મનુષ્ય ભવમાં કેવળ ધર્મ જ કર્યો છે, પરંતુ પાપ તો એકપણ કર્યું નથી."

રોહિણેય ચોર અને દાસીઓ વચ્ચેની આ વાતો અભયકુમાર ગુપ્ત રીતે સાંભળતા હતા. તેમણે જાણ્યું કે આ ચોર ખૂબ બુદ્ધિમાન છે, તેના જેવા બુદ્ધિમાન તો કો'ક જ હોય. શ્રેણિક રાજાને બધી ઘટનાની જાણ કરી અભયકુમારે ચોરને છોડી મૂક્યો.

છૂટીને ઘરે પાછા ફરતી વખતે રોહિણેય ચિંતને ચડ્યો : 'આજે તો જીવન અને મોતની વાત બની ગઈ. મહાવીર પ્રભુની થોડીક જ વાણી મારા કાને પડી તો આજે તેના સહારે અભયકુમાર જેવા બુદ્ધિનિધાન મહામંત્રીના હાથમાંથી આબાદ બચી ગયો. એટલે તે વાણી મારા માટે મહાન ઉપકારક બની ગઈ. જો મહાવીર પ્રભુનાં આટલાં વચનોથી હું એક ભવમાં બચી જાઉં તો તેમની અમૃતતુલ્ય વાણીને વધારે સાંભળું તો કેટલો ફાયદો થાય ? હું હવે પાપનો ધંધો છોડીને તેમને શરણે જાઉં અને દુઃખોમાંથી બચવાનો માર્ગ જાણી લઉં.'

આવું ચિંતન કરતો કરતો તે ચોર મહાવીર પ્રભુ પાસે પહોંચ્યો. પ્રભુનાં ચરણોમાં ભાવપૂર્વક વંદન કરીને તે બોલ્યો, "હે પ્રભુ ! આપની અમૃતવાણીના થોડાક શબ્દોએ મારી આ જિંદગી બચાવી છે, તેથી હવે તે જિંદગી આપને સમર્પિત કરવાની ભાવના રાખું છું. કૃપા કરીને મને સુખી થવાનો માર્ગ બતાવો."

મહાવીર પ્રભુએ તેને ધર્મનો માર્ગ બતાવ્યો. શ્રાવકધર્મ અને સાધુધર્મનું પાલન કરવાનું સમજાવ્યું અને તેમાંય શ્રેષ્ઠ એવા સાધુધર્મના પાલનથી આ ભવ અને ભવોભવનાં સર્વ દુઃખ દૂર થઈ જાય છે તે બતાવ્યું. રોહિણેય ચોરે ભગવાન

પાસે દીક્ષા લેવાની ભાવના પ્રગટ કરી અને કહ્યું, "હે પ્રભુ ! હું શ્રેણિક રાજાને મળીને પાછો આવીને આપની પાસે દીક્ષા લઈશ."

રોહિણેય ચોર રાજા શ્રેણિક પાસે આવ્યો અને પોતાના જીવનમાં આવેલા પરિવર્તનની રાજાને જાણ કરી. પોતે નગરમાંથી ચોરેલું ધન જ્યાં જ્યાં રાખેલ ત્યાંથી અપાવી દીધું. રાજા, અભયકુમાર અને પ્રજાજનો તેના પરિવર્તનથી ખૂબ જ આનંદિત થયા. રોહિણેયે પોતાના કુટુંબીજનોને તથા પોતાના સાથીઓને પણ સદ્‌બોધ આપ્યો. તે સહુની રજા લઈ મહાવીર પ્રભુ પાસે આવીને તેણે દીક્ષા ગ્રહણ કરી.

સાધુ જીવનમાં ઊંચું ચારિત્ર પાળીને, જીવનના અંતિમ સમયે સંથારો કરીને મૃત્યુ પામીને રોહિણેય દેવલોકમાં ઉત્પન્ન થયા.

મહાવીર પ્રભુને માર્ગે ચાલનાર અને જીવનને અજવાળનાર એ રોહિણેયને ધન્ય હો !

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) રોહિણેય ચોરે મહાવીર પ્રભુની શું દેશના સાંભળી ? (૨) રોહિણેયને ફસાવવા અભયકુમારે મહેલના ઓરડામાં શું કરાવ્યું ? (૩) રોહિણેય ચોરે અભયકુમારના નાટકની સામે કેવું નાટક કર્યું ? (૪) નિર્દોષ છૂટી જવા પર રોહિણેયે શું વિચારો કર્યા ? (૫) દીક્ષાનો નિર્ણય લીધા બાદ રોહિણેયે શું કર્યું ? (૬) અભયકુમારની ચાલાકીની જાણ રોહિણેયને કઈ રીતે થઈ ? (૭) પિતાને આપેલા વચનને પાળવા માટે રોહિણેયે શું કર્યું ? (૮) રોહિણેયને રાજાએ તેનું નામ અને ગામ પૂછ્યું તો તેણે શું જવાબ આપ્યો ? (૯) આ વાર્તા પરથી તમને શું બોધપાઠ મળ્યો ?

## કથા 3 : શાલિભદ્ર

**રાજગૃહ** નગરની પાસે **શાલિગ્રામમાં 'ધન્યા'** નામની સ્ત્રી રહેતી હતી. તેનો **'સંગમ'** નામે એક પુત્ર હતો. તે બંને સિવાય તેમના પરિવારમાં કોઈ ન હતું. ધન્યા લોકોનાં કામ કરતી અને સંગમ ગાયોને ચરાવવાનું કામ કરતો હતો.

ગામમાં એકવાર મોટો પર્વનો દિવસ હોવાથી ઘણા લોકોના ઘરે ખીર બનાવવામાં આવી હતી. લોકોને ખીર ખાતાં જોઈને સંગમને પણ ખીર ખાવાનું મન થયું. સંગમે ઘરે આવીને માતાને ખીર બનાવવા કહ્યું. પરંતુ તેની માતા ખૂબ ગરીબ હોવાથી ખીર બનાવી શકે તેમ નહોતી. સંગમે ખીર ખાવા માટે જીદ કરી, તેથી તેની માતા પોતાની ગરીબીનો વિચાર કરતાં કરતાં જોરથી રોવા માંડી.

આજુબાજુના લોકોએ તેને રડવાનું કારણ પૂછતાં માતાએ કહ્યું, "મારો દીકરો ખીર ખાવા માંગે છે, પણ હું બહુ દુર્ભાગી છું. જ્યાં સૂકો રોટલો ખાવા નથી મળતો ત્યાં ખીર તો હું ક્યાંથી બનાવી શકું ?" પડોશમાં રહેવાવાળી

સ્ત્રીઓને તેના પ્રત્યે કરુણા ઉત્પન્ન થઈ, તેથી તેમણે ભેગા થઈને ધન્યા માતાને ખીર બનાવવાનો સામાન આપ્યો. ધન્યાએ રાજી થઈને સંગમ માટે ખીર બનાવી અને એક થાળીમાં ગરમ ખીર ખાવા આપી પોતાના કામે લાગી ગઈ.

તે જ સમયે એક મહાન તપસ્વી જૈન સાધુ માસક્ષમણના પારણે (૩૦ ઉપવાસ) ધન્યાની ઝૂંપડી જોઈ અને ત્યાં ગોચરી લેવા પધાર્યા. સંગમ થાળીની ખીર ઠંડી થવાની રાહ જોતો બેઠો હતો. સંગમે તપસ્વી સંતને જોયા અને તેના હૃદયમાં શુભ ભાવો ઉત્પન્ન થયા, તે ખૂબ આનંદિત, હર્ષિત થયો. તેણે વિચાર્યું 'ધન્ય ભાગ્ય મારા ! મારા ઘરે તપસ્વી જૈન સંત પધાર્યા. સંત તો કલ્પવૃક્ષ સમાન છે. મારા ઘરે આજે સોનાનો સૂરજ ઊગ્યો. સારું થયું કે આ સંત અત્યારે જ મારા ઘરે પધાર્યા. કારણ કે અત્યારે મારી પાસે વહોરાવવા માટે ખીર પણ છે.' આ પ્રકારે વિચાર કરીને સંગમે શુદ્ધ હૃદયના ભાવથી ખીર સંતને વહોરાવી દીધી અને પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યો.

તપસ્વી સંત પાછા ગયા પછી થોડીવારે તેની માતા પોતાનું કામ પતાવીને બહારથી આવી. તેણે જોયું કે સંગમ બધી ખીર ખાઈ ગયો છે. માટે તપેલીમાંથી બચેલી બીજી થોડી ખીર તેને ખાવા આપી. સંગમે ખૂબ જ આનંદ સાથે ખીર ખાધી, પરંતુ તેને ખીરનું અજીર્ણ (પાચન ન થવું) થતાં તેના શરીરમાં ઉગ્ર રોગ ઉત્પન્ન થયો. સંગમનાં મનમાં તો તપસ્વી સંતને ખીર વહોરાવવાનો આનંદ આનંદ હતો. તે જ વિચારોમાં તેનું આયુ પૂર્ણ થઈ ગયું.

તે સંગમનો જીવ રાજગૃહ નગરમાં ગોભદ્ર શેઠની ભદ્રા નામની પત્નીનાં ગર્ભમાં ઉત્પન્ન થયો. ગર્ભના પ્રભાવથી માતાએ સ્વપ્નમાં પાકેલી શાલિનું ક્ષેત્ર જોયું, તેમજ માતાને દાન કરવાની ઈચ્છા પણ ઉત્પન્ન થઈ. માતાએ શાલિનું સ્વપ્ન જોયેલું, તેથી પોતાને ઉત્પન્ન થયેલ બાળકનું નામ 'શાલિભદ્ર' રાખ્યું.

શાલિભદ્રને વિદ્યા-અભ્યાસ કરાવીને યુવાન થતા યોગ્ય સમયે બત્રીસ સુંદર, સુશીલ કન્યાઓ સાથે તેના લગ્ન કર્યાં. સુંદર પત્નીઓ પ્રાપ્ત થતાં શાલિભદ્ર રંગરાગમાં અને સંસારના રંગમાં રંગાઈ ગયો.

તેમના પિતાશ્રી ગોભદ્ર શેઠે ભગવાન મહાવીર સ્વામીનો ઉપદેશ સાંભળીને દીક્ષા લીધી. તેઓ તપ, સંયમનું પાલન કરીને કાળધર્મ પામીને મોટા દેવ થયા. ગોભદ્ર શેઠનો વેપાર-ધંધો માતા ભદ્રા સંભાળવા લાગી. દેવ બનેલ ગોભદ્ર પોતાના પુત્ર શાલિભદ્ર પ્રત્યે વાત્સલ્યભાવી હોવાથી રોજ દિવ્ય વસ્ત્ર, અલંકાર વગેરે દેવલોકથી મોકલવા લાગ્યા.

એકવાર રાજગૃહ નગરમાં દૂર દેશમાંથી એક વેપારી રાજા શ્રેણિકને રત્નકંબલ વેચવા આવ્યો. રત્નકંબલો ખૂબ મોંઘા હોવાથી રાજાએ તે ખરીદી નહિ. આથી વેપારી નિરાશ થઈને નગરના અન્ય શ્રીમંત શેઠ-શ્રેષ્ઠિને ત્યાં ફરતો ફરતો ભદ્રા માતા પાસે પહોંચ્યો. ભદ્રા માતાએ મોંમાંગ્યું ધન આપી તે રત્નકંબલો ખરીદી

લીધી. ભદ્રા માતાએ તે રત્નકંબલો ઓછી હોવાથી શાલિભદ્રની ૩૨ પત્નીઓને અડધા ટુકડા કરીને પગલૂછણિયા તરીકે વાપરવા આપી દીધી. શ્રેણિક રાજાને આ વાતની તેના સેવકો દ્વારા ખબર પડી. તેમને વિચાર થયો કે 'અહો ! હું રાજા જે એક રત્નકંબલ ન ખરીદી શક્યો તે એક વેપારીની પત્નીએ બધી કંબલો ખરીદી લીધી, તો તેઓ કેટલા ધનવાન અને પુણ્યવાન હશે.' તેમણે પોતાના એક સેવકને શાલિભદ્રને રાજદરબારમાં બોલાવવા મોકલ્યા ત્યારે ભદ્રા માતા પોતે રાજદરબારમાં આવ્યાં અને રાજાને કહ્યું કે "શાલિભદ્ર તો ઘરની બહાર ક્યારેય નીકળ્યા જ નથી, તો આપ જ અમારે ઘેર પધારી દર્શન દેવાની કૃપા કરો."

રાજા શ્રેણિકે માતા ભદ્રાનું આમંત્રણ સ્વીકારી લીધું અને સ્વયં શાલિભદ્રને ઘેર મળવા ગયા. ભદ્રા માતા શાલિભદ્રને બોલાવવા તેમના ખંડમાં ગયા અને કહ્યું, "બેટા ! શ્રેણિક મહારાજા પધાર્યા છે, તમે નીચે આવો." ત્યારે શાલિભદ્રએ માતાને કહ્યું, "વેપાર તો આપ જુઓ છો માટે જે વસ્તુ હોય તે મૂલ્ય ચૂકવીને ભંડારમાં મુકાવી દો." ભદ્રામાતાએ હસતાં હસતાં કહ્યું, "બેટા ! શ્રેણિક તો આપણા સ્વામી છે, નાથ છે, ખરીદ-વેચાણ કરવાની વસ્તુ નથી, આપણે તેની પ્રજા છીએ, તે આપણી રક્ષા કરે છે, તેમને આદર દેવો તે આપણું કર્તવ્ય છે." માતાની આ વાત સાંભળીને શાલિભદ્ર વિચારમાં પડી ગયા કે 'મારા માથે પણ સ્વામી છે ? મારા માથે નાથ છે ? હું સંપૂર્ણ સ્વતંત્ર અને સુરક્ષિત નથી ?' આમ વિચારતાં તે રાજા પાસે આવ્યો. તેમણે પ્રણામ કર્યા. પરંતુ હવે તેમનું મન સંસારથી વિરક્ત, ઉદાસ થઈ ગયું હતું. હવે તેઓ પણ પિતાના રસ્તે ચાલીને સ્વતંત્રતા પ્રાપ્ત કરવા ઇચ્છતા હતા.

સદ્‌ભાગ્યે એક દિવસ તે નગરમાં ચાર જ્ઞાનના ધારક આચાર્ય ધર્મઘોષ મુનિ પધાર્યા. તેમની વૈરાગ્ય વાણી સાંભળીને શાલિભદ્ર આનંદિત થઈ ગયા. તેમનો વૈરાગ્ય કૂદકા મારવા લાગ્યો.

ઘરે આવીને તેમણે માતાને કહ્યું, "માતા ! આજે મેં નિર્ગ્રંથ ગુરુ પાસે ધર્મ ઉપદેશ સાંભળ્યો છે, ધર્મ સંસારનાં સર્વ દુઃખોથી મુક્ત કરાવનાર છે, મને તે ધર્મ પ્રત્યે રુચિ અને શ્રદ્ધા થઈ છે, તેથી હું પણ મારા પિતાના પંથે ચાલીને દીક્ષા લેવા માંગું છું."

માતા ભદ્રાએ તેને સંયમનાં કષ્ટોનું વર્ણન કરતાં કહ્યું, "બેટા ! તારો વિચાર તો ઉત્તમ છે. તારો ઉછેર તો ખૂબ ભોગ-વિલાસ અને પુણ્યમાં થયો છે, તો તું સંયમનાં કષ્ટોને સહન નહિ કરી શકે ! લોખંડના ચણા ચાવવા, તલવારની ધાર પર ચાલવું, મહાસાગરને હાથેથી તરીને પાર કરવો જેમ કઠણ છે, તેવો સંયમ પાળવો પણ કઠણ છે. તારાથી સંયમની વિશુદ્ધ સાધના કેવી રીતે થશે?"

શાલિભદ્રે શાંત ચિત્તે કહ્યું, "માતા ! જેણે સાધના અને સંયમનો દૃઢ નિર્ણય કરી લીધો છે, તેણે દુઃખો અને પરિષહોને આમંત્રણ આપી દીધું છે. કાયર હોય છે તે જ દુઃખથી ડરે છે. હું સર્વ કષ્ટો અને પરિષહોને સહન કરીશ. માટે આપ આજ્ઞા આપો." માતાએ કહ્યું, "બેટા ! તું દીક્ષા લેવા ઈચ્છે છે તો પહેલાં થોડોકત્યાગી બન. પછી સર્વત્યાગી બનજે !" માતાની વાત સ્વીકારી શાલિભદ્ર રોજ એક એક પત્નીનો ત્યાગ કરવા લાગ્યા.

આ સમાચાર શાલિભદ્રની બહેનસુભદ્રાને મળતાં તે અત્યંત દુઃખી થઈ ગઈ અને પતિ ધન્નાને સ્નાન કરાવતાં આંસુની ધાર વહેવા લાગી. કારણ જાણતાં ધન્નાએ કહ્યું, "ત્યાગ કરવો હોય તો સિંહની જેમ એકસાથે છોડવું જોઈએ. આ તો કાયરતા કહેવાય."

પતિનો વ્યંગ સાંભળી અને પત્ની બોલી, "જો ત્યાગી બનવું સરળ છે તો તમે જ કેમ સર્વસ્વ ત્યાગી દીક્ષા નથી લેતા ?" બસ, ધન્નાજી તરત જ ઊઠ્યા અને કહ્યું, "મેં અત્યારે જ તમને બધાંને ત્યાગી દીધાં. હું દીક્ષા લેવા જાઉં છું." પતિને જતાં જોઈ પત્નીઓ પણ દીક્ષા લેવા તૈયાર થઈ ગઈ અને બધાએ એકસાથે ભગવાન પાસે આવી દીક્ષા લીધી. જ્યારે શાલિભદ્રને આ સમાચાર મળ્યા તો તેઓ પણ તુરંત દીક્ષા લેવા તૈયાર થઈ ગયા.

અંતે સુંદર સંયમ પાલન કરી આયુષ્ય પૂર્ણ કરી તેઓ બંને સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થયા. ત્યાંથી પાછો મનુષ્ય ભવ પ્રાપ્ત કરી, દીક્ષા લઈ, સાધના કરી મોક્ષ જશે.

ધન્ય હો ધન્ના અને શાલિભદ્રના ત્યાગી તપોમય જીવનને !

### ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) સંગમ કોણ હતો ? (૨) સંતને જોઈ સંગમે શું વિચાર્યું ? (૩) સંગમ મરીને શું બન્યો ? (૪) 'શાલિભદ્ર' નામ શાથી પડ્યું ? (૫) રત્નકંબલ કોણે કેટલા ખરીદ્યા ? કોણે ન ખરીદ્યા ? (૬) શ્રેણિકનું નામ સાંભળી શાલિભદ્રે શું વિચાર્યું ? (૭) ધન્નાજી કેમ દીક્ષા લેવા નીકળ્યા ? (૮) તેઓ બંને મૃત્યુ પામીને ક્યાં ગયા ?

## કથા ૪ : ધર્મરુચિ અણગાર

**ચંપા** નામની એક સુંદર નગરી હતી. તે નગરીમાં ત્રણ બ્રાહ્મણ ભાઈઓ રહેતા હતા. તેમના નામ હતા **સોમ, સોમદત્ત અને સોમભૂતિ.** તેઓ ખૂબ પૈસાદાર, ચાર વેદના જાણનારા તથા અન્ય કર્મોમાં પણ કુશળ હતા, તે ત્રણ ભાઈઓની પત્નીઓનાં નામ અનુક્રમથી **નાગશ્રી, ભૂતશ્રી અને યશશ્રી** હતાં. તે ત્રણે ખૂબ આનંદ અને સંપથી રહેતી હતી.

એક દિવસ ત્રણે ભાઈઓએ નક્કી કર્યું કે 'ત્રણે ભાઈઓના ઘરે વારાફરતી ભોજન બનાવીને બધાંએ સાથે બેસીને જમવું.' એકવાર નાગશ્રીનો જમાડવાનો વારો હતો. તેણે ઘણાં બધાં પ્રકારનાં પકવાનો બનાવ્યાં. 'બધાં ભાઈઓની પત્નીઓ કરતાં પોતાની રસોઈ સારી છે' તેવું બતાવવાની તેને ઘણી હોંશ હતી.

તેણે રસોઈમાં ઋતુને અનુરૂપ એવું તુંબડીનું શાક બનાવ્યું હતું. રસોઈ બનાવવાની ઉતાવળમાં તે તુંબડું ચાખવાનું ભૂલી ગઈ હતી. શાક તૈયાર થઈ ગયા પછી તેણે તે શાકનું એક ટીપું હાથમાં લઈને ચાખ્યું તો કડવું, ન ખાવા જેવું અને ઝેર જેવું લાગ્યું.

'હવે શું કરવું ? હમણાં જ બધા આવશે અને શાક જોશે તો મારી મશ્કરી કરશે. મારે આ શાકનો નિકાલ કરી અને બીજું શાક બનાવી લેવું જોઈએ.' આવો વિચાર કરીને તે પોતાના કામમાં વ્યસ્ત થઈ ગઈ.

ધર્મઘોષ નામે આચાર્ય તે ચંપા નગરીમા તેમનાં શિષ્ય સમુદાય સાથે પધાર્યા હતા. તેમના ધર્મરુચિ નામના એક ઉગ્ર તપસ્વી શિષ્ય હતા. તેઓ માસક્ષમણના પારણે માસક્ષમણની અતિ કઠોર તપશ્ચર્યા કરતા હતા.

આજે ધર્મરુચિના માસક્ષમણ તપમાં પારણાનો દિવસ હતો. તેથી તેઓ પોતાના ગુરુની આજ્ઞા મેળવીને ચંપા નગરીમાં ગૌચરી લેવા માટે એક ઘરેથી બીજા ઘરે ફરતા ફરતા નાગશ્રી બ્રાહ્મણીને ઘરે પહોંચી ગયા. ધર્મરુચિ અણગારને પોતાના આંગણે આવેલા જોઈને નાગશ્રીને છૂપા આનંદની લાગણી થઈ. પોતાની ભૂલ છુપાવવા તેણે 'આ મુનિનું શું થશે ?' તેવું વિચાર્યા વિના, તુંબડીનું બધું શાક તે મુનિના પાત્રામાં વહોરાવી દીધું. 'આટલો આહાર મને પૂરતો છે' તેવું વિચારીને ધર્મરુચિ અણગાર પોતાના સ્થાને પાછા આવી ગયા.

ધર્મરુચિએ વહોરીને લાવેલ શાક ગુરુદેવ ધર્મઘોષ મુનિને બતાવ્યું. ગુરુએ શાકની ગંધ પરથી અને એક ટીપું ચાખીને તે શાક કડવું, ઝેરી અને ન ખાવા જેવું જાણી ધર્મરુચિ અણગારને આજ્ઞા કરતાં કહ્યું, ''જો તમે આ શાક ખાશો તો જરૂરથી મૃત્યુ પામશો. માટે હે મુનિરાજ ! તમે આ શાકને અચેત ભૂમિ પર જતનાપૂર્વક (જોઈને) પરઠી દો અને બીજો નિર્દોષ આહાર લાવીને વાપરો.''

ગુરુ આજ્ઞા થતાં જ ધર્મરુચિ અણગારે દૂર જઈને નિર્દોષ ભૂમિ જોઈને એક ટીપું શાક જમીન પર મૂક્યું. શાક ભારે ગંધાતું હોવાથી તરત જ ત્યાં હજારો કીડીઓ ઉભરાવા લાગી. તે કીડીઓએ જેવું તે શાક ખાધું કે તરત જ ઘણી બધી કીડી મરણને શરણ થઈ ગઈ. ધર્મરુચિ અણગાર આ દૃશ્ય જોઈને કંપી ઊઠ્યા. તેમણે વિચાર્યું, 'જો શાકના એક ટીપામાં હજારો કીડી મરી ગઈ, તો હું બધું શાક પરઠી દઉં તો ઘણી જ હિંસા થશે. ઘોર હિંસાનું કેટલું મોટું પાપ મારા શિરે આવે !' જૈન મુનિઓ તો દયાળુ હોય છે, બીજાના દોષ તરફ દૃષ્ટિ પણ નાંખતા નથી અને અહિંસાના પાલન માટે પ્રાણ દેતાં પણ અચકાતાં નથી. તેવી જ રીતે ધર્મરુચિ અણગારે પણ નાગશ્રીનો મનથી પણ વાંક કાઢ્યો નહિ અને વિચાર

કર્યો કે 'જ્યાં એક પણ કીડીનું મૃત્યુ ન થાય તેવું નિરવદ્ય સ્થાન તો મારું પેટ જ છે. માટે આ બધું શાક હું ખાઈ જાઉં કે જેથી આવા અનેક જીવો બચી જાય.' આવું વિચારીને તેઓ બધું શાક ખાઈ ગયા.

કડવા અને ઝેરી શાકના પ્રભાવે તેમના શરીરમાં વેદના ઉત્પન્ન થઈ. તે વેદના કર્કશ અને ન સહેવાય તેવી હતી, છતાં તેઓ સમભાવે સહન કરતા રહ્યા. તેઓએ જીવન પર્યંતનાં પાપોની આલોચના, પ્રતિક્રમણ કરી અને સમાધિપૂર્વક કાળધર્મ (મૃત્યુ) પામ્યા ધર્મરુચિનો આત્મા સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ રૂપે ઉત્પન્ન થયો.

ધર્મરુચિને આવતાં મોડું થતાં તેમના ગુરુએ પોતાના શિષ્યોને તેમની શોધ કરવા મોકલ્યાં. તપાસ કરતા કરતા શિષ્યોને ધર્મરુચિ કાળધર્મ પ્રાપ્ત થયાની જાણ થઈ. તેઓએ આ સમાચાર પોતાના ગુરુને આપ્યા. ગુરુએ પોતાના જ્ઞાનના બળે આ કૃત્ય નાગશ્રીનું છે તેવું જાણ્યું.

લોકોને આ વાતની ધીમે ધીમે ખબર પડી ગઈ અને લોકો તેને ધિક્કારવા લાગ્યા. પોતાની ભૂલ છુપાવવા જતાં તેની આબરુના કાંકરા થયા. ત્રણે ભાઈઓએ ભેગા થઈને તેને ઘરમાંથી બહાર કાઢી મૂકી. તે ભીખ માંગીને ગુજરાન ચલાવવા લાગી. તેના શરીરમાં ૧૬ રોગો ઉત્પન્ન થયા, તેથી તે ખૂબ પીડા પામવા લાગી. જીવનના અંત સમય સુધી પીડિત થઈને તે છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થઈ.

જે જીવ બીજાનું બૂરું ઇચ્છે છે, તેનું પોતાનું જ બૂરું થાય છે. જે જીવ બીજાનું ભલું ઇચ્છે છે, તેનું પોતાનું પણ ભલું થાય છે.

ધર્મરુચિ અણગારનો આત્મા સર્વાર્થસિદ્ધ દેવલોકથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જઈને સર્વ કર્મ ખપાવી સિદ્ધ (મોક્ષ) થઈ ગયો.

ધન્ય છે એવા ઉત્તમ જૈન મુનિઓને કે જેમણે અનેક જીવોની રક્ષા માટે પોતાના પ્રાણ અર્પણ કરી મોક્ષ સુખને પામી ગયા !

(ધર્મરુચિ અણગારનો અધિકાર જ્ઞાતાધર્મકથા સૂત્રમાં આવે છે.)

## ❖ અપેક્ષિત પ્રશ્નો ❖

(૧) નાગશ્રીએ કયું ખરાબ કામ કર્યું ? (૨) ધર્મરુચિ અણગાર કયા કારણોસર જૈન ધર્મના ઈતિહાસમાં અમર થઈ ગયા ? (૩) ધર્મરુચિ અણગારનો અધિકાર કયા સૂત્રમાં આવે છે ? (૪) ધર્મરુચિ અણગારના ગુરુનું નામ શું હતું ? (૫) નાગશ્રી મરીને ક્યાં ગઈ ? (૬) ધર્મરુચિ અણગારે શું વિચાર કર્યો ? (૭) નાગશ્રીએ શા માટે ધર્મરુચિને બધું શાક વહોરાવી દીધું ? (૮) શાક પરઠી આવવાનું કોણે કોને કહ્યું ? (૯) ચંપા નગરીમાં કેટલા બ્રાહ્મણ ભાઈઓ રહેતા હતા ? તેમનાં તથા તેમની પત્નીનાં શું નામ હતાં ? (૧૦) ધર્મરુચિનો આત્મા હાલ ક્યાં છે ?

# કાવ્ય વિભાગ

## ૧. રત્નાકર પચ્ચીસી (૧૩ થી ૨૫ કડી)

આવેલ દૃષ્ટિ માર્ગમાં મૂકી મહાવીર ! આપને
મેં મૂઢધીએ હૃદયમાં ધ્યાયા મદનના ચાપને,
નેત્ર બાણો ને પયોધર નાભિ ને સુંદર કટિ
શણગાર સુંદરીઓ તણાં છટકેલ થઈ જોયા અતિ... ૧૩

મૃગનયણી સમ નારી તણા મુખચંદ્ર નિરખવાવતી
મુજ મન વિશે જે રંગ લાગ્યો અલ્પ પણ ગૂઢો અતિ,
તે શ્રુતરૂપ સમુદ્રમાં ધોયાં છતાં જાતો નથી
તેનું કહો કારણ તમે બચું કેમ હું આ પાપથી... ૧૪

સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણ તણો નથી
ઉત્તમ વિલાસ કળા તણો દેદીપ્યમાન પ્રભા નથી,
પ્રભુતા નથી તો પણ પ્રભુ અભિમાનથી અક્કડ ફરું
ચોપાટ ચાર ગતિ તણી સંસારમાં ખેલ્યા કરું... ૧૫

આયુષ્ય ઘટતું જાય તો પણ પાપ બુદ્ધિ નવ ઘટે
આશા જીવનની જાય પણ વિષયાભિલાષા નવ મટે,
ઔષધ વિશે કરું યત્ન તો પણ ધર્મને હું નવ ગણું
બની મોહમાં મસ્તાન હું પાયા વિનાના ઘર ચણું... ૧૬

આત્મા નથી પરભવ નથી વળી પુણ્ય પાપ કશું નથી
મિથ્યાત્વીની કટુ વાણી મેં ધરી કાન પીધી સ્વાદથી,
રવિ સમ હતા જ્ઞાને કરી પ્રભુ આપશ્રી તો પણ અરે !
દીવો લઈ કૂવે પડ્યો ધિક્કાર છે મુજને ખરે !... ૧૭

મેં ચિત્તથી નહિ દેવની કે પાત્રની પૂજા ચહી
ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહિ,
પામ્યો પ્રભુ નરભવ છતાં રણમાં રળ્યા જેવું થયું
ધોબી તણાં કૂત્તા સમું મમ જીવન સહુ એળે ગયું... ૧૮

હું કામધેનુ કલ્પતરુ ચિંતામણિના પ્યારમાં
ખોટાં છતાં ઝંખ્યો ઘણું બની લુબ્ધ આ સંસારમાં,
જે પ્રગટ સુખ દેનાર તારો ધર્મ પણ સેવ્યો નહિ
મુજ મૂર્ખ ભાવોને નિહાળી નાથ કર કરુણા કંઈ... ૧૯

મેં ભોગ સારા ચિંતવ્યા પણ રોગ સમ ચિંતવ્યા નહિ
આગમન ઈચ્છ્યું ધન તણું પણ મૃત્યુ ને પ્રીછ્યું નહિ,
નહિ ચિંતવ્યું મેં નર્ક કારાગ્રહ સમી છે નારીઓ
મધુબિંદુની આશા મહીં ભય માત્ર હું ભૂલી ગયો... ૨૦

હું શુદ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો
કરી કામ પર ઉપકારના યશ પણ ઉપાર્જન નવ કર્યો,
વળી તીર્થના ઉદ્ધાર આદિ કોઈ કાર્યો નવ કર્યાં
ફોગટ અરે ! આ લક્ષ ચોરાશી તણાં ફેરા ફર્યા... ૨૧

ગુરુ વાણીમાં વૈરાગ્ય કેરો રંગ લાગ્યો નહિ અને
દુર્જન તણાં વાક્યો મહીં શાંતિ મળે ક્યાંથી મને ?
તરું કેમ હું સંસાર આ અધ્યાત્મ તો છે નહિ જરી
તૂટેલ તળિયાનો ઘડો જળથી ભરાયે કેમ કરી ?... ૨૨

મેં પરભવે નથી પુણ્ય કીધું ને નથી કરતો હજી
તો આવતા ભવમાં કહો ક્યાંથી થશે હે નાથજી ?
ભૂત ભાવિને સાંપ્રત ત્રણે ભવ નાથ હું હારી ગયો
સ્વામી ત્રિશંકુ જેમ હું આકાશમાં લટકી રહ્યો... ૨૩

અથવા નકામું આપ પાસે નાથ શું બકવું ઘણું ?
હે દેવતાના પૂજ્ય ! આ ચરિત્ર મુજ પોતાતણું,
જાણો સ્વરૂપ ત્રણ લોકનું ત્યાં મારું તો શું માત્ર આ ?
જ્યાં ક્રોડનો હિસાબ નહિ ત્યાં પાઈની તો વાત ક્યાં ?... ૨૪

(શાર્દૂલવિક્રીડિત છંદ)

તારાથી ન સમર્થ અન્ય દિનનો ઉદ્ધારનારો પ્રભુ
મારાથી નહિ અન્ય પાત્ર જગમાં જોતાં જડે હે વિભુ !
મુક્તિ મંગલ સ્થાન તો ય મુજને ઈચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્રત્ન શ્યામ જીવને તો તૃપ્તિ થાયે ઘણી.... ૨૫

## સાધુ વંદના (કડી ૧ થી ૧૫)

નમું અનંત ચોવીસી, ઋષભાદિક મહાવીર
જેણે આર્યક્ષેત્રમાં ઘાલી ધર્મની શીર...૧

મહા અતુલ્ય બળી નર, શૂર વીર ને ધીર
તીર્થ પ્રવર્તાવી, પહોંચ્યા ભવ જળ તીર...૨

સીમંધર પ્રમુખ, જઘન્ય તીર્થંકર વીસ
છે અઢી દ્વીપમાં, જયવંતા જગદીશ...૩

એકસોને સિત્તેર, ઉત્કૃષ્ટ પદે જગીશ
ધન્ય મોટા પ્રભુજી, તેમને નમાવું શીશ...૪

કેવળી દોય ક્રોડી, ઉત્કૃષ્ટા નવ ક્રોડ
મુનિ દોય સહસ્ત્ર ક્રોડી, ઉત્કૃષ્ટા નવ સહસ્ત્ર ક્રોડ...૫

વિચરે વિદેહે, મોટા તપસ્વી ઘોર
ભાવે કરી વંદું, ટાળે ભવની ખોડ...૬

ચોવીસે જિનના, સઘળા એ ગણધર
ચૌદસો ને બાવન, તે પ્રણમું સુખકાર...૭

જિન શાસન નાયક, ધન્ય શ્રી વીર જિણંદ
ગૌતમાદિક ગણધરે, વર્તાવ્યો આનંદ...૮

શ્રી ઋષભ દેવના, ભરતાદિક સો પુત્ર
વૈરાગ્ય મન આણી, સંયમ લિયો અદ્‌ભુત...૯

કેવળ ઉપાજર્યું, કરી કરણી કરતૂત
જિનમત દીપાવી, સઘળા મોક્ષ પહુંત...૧૦

શ્રી ભરતેશ્વરના, હુઆ પટોધર આઠ
આદિત્ય જશાદિક, પહોંચ્યા શિવપુર વાટ...૧૧

શ્રી જિન અંતરના, હુઆ પાટ અસંખ્ય
મુનિ મુક્તે પહોંચ્યા, ટાળી કર્મના વંક...૧૨

ધન્ય 'કપિલ' મુનિવર, નમું 'નમિ' અણગાર
જેણે તત્ક્ષણ ત્યાગ્યો, સહસ્ત્ર રમણી પરિવાર...૧૩

મુનિવર હરિકેશી, 'ચિત્ત' મુનીશ્વર સાર
શુદ્ધ સંયમ પાળી, પામ્યા ભવનો પાર...૧૪

વળી 'ઈષુકાર' રાજા, ઘેર 'કમળાવતી' નાર
'ભૃગુ' ને 'યશા', તેમના દોય કુમાર...૧૫

**॥ શ્રેણી ૪ અભ્યાસક્રમ સમાપ્ત ॥**



**જૈન પાઠાવલી પુસ્તક-૧ સમાપ્ત**